Barcode - 99999990876003
Title - Amrutvani Ane Amar Fal
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 249
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087600

શ્રી

# અમૃતવાણી અને અમરફળ

પ્રગટકર્તા :

શાસ્ત્રી મોતીરામ રમાશંકર સંસ્કૃતભૂષણ ગણદેવીવાળા

ઠે. પંજાખડકી, નવસારી

गुजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૧૫૬૧ किमत

ग्रंथनाम અમૃતવાણી અને આરાધના

वर्गांक [illegible]

શ્રી

# અમૃતવાણી અને અમરફળ

"આ ગ્રન્થના સર્વહક્ક ગ્રન્થકર્તાને સ્વાધીન છે."



પ્રગટકર્તા :

શાસ્ત્રી મોતીરામ રમાશંકર સંસ્કૃતભૂષણ ગણદેવીવાળા

ઠે. પંડ્યાખડકી, નવસારી

ગુજરાતી કોપીરાઈટ સંગ્રહ

| | |
|---|---|
| પહેલા અધ્યાયનું ફળ | સંસારસાગરમાંથી પાર થવું. |
| બીજા અધ્યાયનું ફળ | મોક્ષપ્રાપ્તિ |
| ત્રીજા અધ્યાયનું ફળ | પ્રેતજાતિમાંથી છુટકારો, નરકમાં ગયેલા પૂર્વજોનો ઉદ્ધાર અને વિષ્ણુલોકની પ્રાપ્તિ. |
| ચોથા અધ્યાયનું ફળ | સ્થાવર જાતિમાંથી છુટકારો અને પોતાના સ્થાનની પ્રાપ્તિ. |
| પાંચમા અધ્યાયનું ફળ | ગીતાના પાંચમા અધ્યાયનો પાઠ કરનાર બ્રહ્મચારીના શબ્દના સ્પર્શથી પાપીનો છુટકારો પાપીની મુક્તિ. |
| છઠ્ઠા અધ્યાયનું ફળ | બ્રહ્મતેજ પ્રાપ્તિ. |
| સાતમા અધ્યાયનું ફળ | દુર્ગતિમાંથી ઉદ્ધાર. |
| આઠમા અધ્યાયનું ફળ | દુર્ગતિમાંથી છુટકારો અને મોક્ષપ્રાપ્તિ. |
| નવમા અધ્યાયનું ફળ | કાળપુરૂષ જેવા મહાદાનના ઉગ્ર પાપમાંથી રક્ષણ. |
| દશમા અધ્યાયનું ફળ | સ્વસ્વરૂપની પ્રાપ્તિ અથવા જીવન્મુક્તિ. |
| અગીયારમા અધ્યાયનું ફળ | મૃતસંજીવન અને વૈકુણ્ઠગમન. |
| બારમા અધ્યાયનું ફળ | મૃતસંજીવન અને સદ્ગતિ પ્રાપ્તિ. |
| તેરમા અધ્યાયનું ફળ | સર્વ પાપનાશ અને દિવ્યદેહ પ્રાપ્તિ. |
| ચૌદમા અધ્યાયનું ફળ | સર્વ પાપનાશ અને દિવ્યદેહ પ્રાપ્તિ. |
| પંદરમા અધ્યાયનું ફળ | સમગ્ર પાપનો નાશ અને દિવ્ય લોકની પ્રાપ્તિ. |
| સોળમા અધ્યાયનું ફળ | નિર્ભયતા. |
| સત્તરમા અધ્યાયનું ફળ | રોગશાન્તિ અને દિવ્યલોક પ્રાપ્તિ. |
| અઢારમા અધ્યાયનું ફળ | ઈન્દ્રાસન પ્રાપ્તિ અને સાયુજ્ય મુક્તિ. |




પ્રભુ ધ્યાન નિમગ્ન શા. ઠાકોરદાસ ગુલાબદાસ જરીવાળા. નાણાવટ-સુરત.

## અર્પણ પત્રિકા.

શ્રી નારાયણ ગુણાનુરાગી દાનવીર ભક્તિપ્રિય ધર્માત્મા

**શેઠ ઠાકોરદાસ ગુલાબદાસ જરીવાલા.**

નાણાવટ મું સુરત.

આપ શ્રીનારાયણ પ્રભુના મહાન્ ભક્ત છો. આપનું અન્તઃકરણ ભકિતરસથી ભરપૂર છે આપના રોમરોમમાં ભકિત પ્રકાશે છે. આપના મુખમાંથી સદા સર્વકાલ શ્રી નારાયણ પ્રભુનું નામ સ્મરણ અખંડિત ચાલે છે. આ આપના ભકિતભાવથી આકર્ષાઈ આપના હૃદયમાં સદા શ્રી નારાયણનો વાસ રહે અને ભકિતની પરાકાષ્ઠાને પામો એ હેતુથી પદ્મપુરાણ ઉત્તર ખંડમાં આવેલા લક્ષ્મીનારાયણના સંવાદરૂપે મહાત્મ્યની સાથે તૈયાર કરેલું આ લઘુ પુસ્તક "અમૃતવાણી અને અમર ફળ" શ્રી નારાયણની પ્રેરણાથી હું આપને અર્પણ કરી શ્રી નારાયણ પ્રભુની પાસે આપ સહકુટુંબની સુખ સંપત્તિ દીર્ઘાયુની પ્રાર્થના કરી હું વિરમું છું.

લી૦ આપના શુભચિન્તક,

શાસ્ત્રી મોતીરામ રમાશંકર.

સંસ્કૃતભૂષણ ગણદેવીવાળાના સપ્રેમ

જયશ્રીકૃષ્ણ (મું. સુરત.)

## ......નામ......

ગીતા શ્રીકૃષ્ણ પરમાત્માના મુખારવિન્દમાંથી નીકળેલી અમૃતવાણી ગીતા ભવસાગરમાંથી તારનારી પાર ઉતારનારી સુવર્ણનૌકા ગીતા સર્વનું કલ્યાણ કરનારી જગજ્જનની ભગવતી માતા ગીતા સંસાર મોહરૂપી અન્ધકારનો નાશ કરનાર પ્રત્યક્ષ સૂર્ય શાસ્ત્રકારોએ ગીતા એ નામના ઉચ્ચારણનું ગીતાના શ્લોકના એક ચરણનું અર્ધા શ્લોકનું એક શ્લોકનું અધ્યાયનું અથવા સંપૂર્ણ ગીતાના પાઠ પારાયણનું સર્વોત્તમ ફળ બતાવ્યું છે. તો એ ફળ શું હશે સર્વને જાણવાની આતુરતા છે. એના માહાત્મ્યને જાણ્યા સિવાય ખરો આનંદ પ્રાપ્ત થતો નથી તેથી અમૃતવાણી અને અમર ફળ એ નામ આપી લઘુ પુસ્તક સર્વના કલ્યાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે એમાં મૂળગીતા દરેક અધ્યાયના ઉપદેશનું સૂક્ષ્મ રહસ્ય અને પદ્મ પુરાણ ઉત્તરખંડમાં આવેલા લક્ષ્મીનારાયણના સંવાદરૂપે મહાત્મ્યનું સૂક્ષ્મ તાત્પર્ય બતાવ્યું છે.

**શાસ્ત્રી મોતીરામ રમાશંકરના જયશ્રીકૃષ્ણ.**

---

: પ્રકાશક :

શાસ્ત્રી મોતીરામ રમાશંકર


મુ. નવસારી.

• મુદ્રક •

ગણપતરાવ નારાયણરાવ નીકમ

નારાયણરાવ એલ. નીકમ એન્ડ સન્સ,

શ્રી 'શંકર' પ્રિન્ટિંગ પ્રેસ, ચૌટાપૂલ–સુરત



શાસ્ત્રી મોતીરામ રમાશંકર સંસ્કૃતભૂષણ ગણદેવીવાળા

# ગીતાના પ્રારંભનું કારણ

રાજા પાણ્ડુ અને રાજા ધૃતરાષ્ટ્ર એ બે ભાઈ હતા. પાણ્ડુ રાજાને બે સ્ત્રી હતી–કુન્તી અને માદ્રી. રાણી કુન્તીને ત્રણ પુત્ર–યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ. રાણી માદ્રીના બે પુત્ર નકુળ અને સહદેવ. પાણ્ડુ રાજાના પાંચ પુત્ર પાંડવ નામે જગતમાં પ્રસિદ્ધ થયા. રાજા ધૃતરાષ્ટ્રની સ્ત્રીનું નામ ગાન્ધારી હતું તેના સો પુત્ર હતા તેમાં દુર્યોધન વડો હતો. એ બધા કૌરવ નામે જગતમાં પ્રસિદ્ધ થયા. રાજા ધૃતરાષ્ટ્ર જન્માન્ધ હતા તેથી વડા છોકરા દુર્યોધન રાજ કારભાર ચલાવતા. કાળે કરીને પાણ્ડવ અને કૌરવ એ બેમાં દ્વેષ ફેલાયો વેર થયું અને તેથી પરસ્પર લડાઈની તૈયારી થઈ કુરૂક્ષેત્ર એ પાણ્ડવ કૌરવની યુદ્ધભૂમી હતી બેઉ રાજા તરફના વીર સૈનિકો હસ્તિનાપુરથી નીકળી કુરૂક્ષેત્રમાં એકઠા થયા સૈનિકો યુદ્ધના ઉત્સાહથી સામસામા ગોઠવાયા. વીર અર્જુનને સૈનિકો જોવાની ઈચ્છા થઈ. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથિ હતા તેથી બે સેનાના મધ્ય ભાગમાં પોતાના રથને લઈ જવા માટે અર્જુને ભગવાનની પ્રાર્થના કરી. ભગવાને બે સેનાના મધ્યમાં રથ ઉભો રાખ્યો. અર્જુને સૈનિકો તરફ દૃષ્ટિ નાંખી. લડવા ઉભેલા સગા સંબન્ધી ગુરૂ જનને જોયા તેથી અર્જુન ખેદ પામ્યો. લડવાની ના કહી શસ્ત્ર મૂકયું. નીચુ મુખ કરી બેઠો અર્જુનની સ્થિતિ જોઈ તેનું અજ્ઞાન દૂર કરવા ગીતાનો ઉપદેશ આપ્યો. અજ્ઞાનવશ થયેલા અર્જુનને ખેદ થવો એજ ગીતાના પ્રારંભનું મુખ્ય કારણ.

## યુદ્ધવાર્તા જાણવાની રાજા ધૃતરાષ્ટ્રની આતુરતા અને તેનો ઉપાય

રાજા ધૃતરાષ્ટ્રે યુદ્ધની વાત સાંભળી ત્યારે યુદ્ધ જોવાને આતુર થયા પણ અન્ધ હતા તેથી નિરૂપાય થયા. યુદ્ધની વાત જાણવાને રાજા ધૃતરાષ્ટ્ર ઘણા આતુર હતા તેથી વેદ-વ્યાસે કહ્યું, હે રાજન્ આપનો સારથિ સંજય એ મારો શિષ્ય છે ભકત છે તેને હું વરદાન આપું છું તેથી કુરૂક્ષેત્રમાં ચાલતા યુદ્ધની તમામ વાર્તા તમારા આગળ કહી સંભળાવશે એ સાંભળી સંજયે હાથ જોડી વ્યાસજીને કહ્યું હે ભગવન્ હમો હસ્તિનાપુરમાં છીએ અને યુદ્ધ કુરૂક્ષેત્રમાં ચાલશે તો દૂર હોવાથી યુદ્ધસમાચાર કેવી રીતે જાણીશ? અને શ્રીમાન્ રાજાને કહીશ? ત્યારે વ્યાસજીએ સંજયને વરદાન આપ્યું, હે સંજય તમે ચતુર છો, મારા પરમભકત છો તેથી તમને વરદાન આપું છું. "તમને દિવ્ય દૃષ્ટિ થાઓ" હે સંજય હવે તમને બુદ્ધિ નેત્રદ્વારા કુરૂક્ષેત્રમાં ચાલતું યુદ્ધ અહીં દેખાશે અને તમે રાજાને કહી શકશો.

વ્યાસજીના વરદાનથી સંજયને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ. બુદ્ધિ તીવ્ર થઈ. નજર આગળ યુદ્ધ જોવા લાગ્યા, હસ્તિના-પુરમાં મહેલમાં બેઠા બેઠા રાજાની આગળ યુદ્ધનું સર્વ વૃત્તાંત કહેવા શરૂ કર્યું. સંજયે કહ્યું–હે રાજન્ પાણ્ડવોની સેના સાત અક્ષોહિણી છે અને દુર્યોધનની ( કૌરવોની ) સેના અગીયાર અક્ષોહિણિ છે. પાણ્ડવ કૌરવો મોટા મોટા વીર સૈનિકોની સાથે યુદ્ધ માટે કુરૂક્ષેત્રમાં એકત્ર થયા છે.

# ગીતા

"ગીતા" એ ભગવાનના મુખમાંથી નીકળેલી મધુરી અમૃતવાણી—

। ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્ર વિસ્તરૈઃ ।
। યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માત્ વિનિસૃતા ॥

શ્રી વેદવ્યાસજીના મુખારવિંદનો આ પવિત્ર ઉપદેશ છે.

ગીતાને સારી રીતે અભ્યાસ કરી ભણવી જોઈએ. જો ખાસ કરીને ગીતાનો સારી રીતે અભ્યાસ કરવામાં આવે તો પછી બીજા અનેક શાસ્ત્રોના વિસ્તારથી પણ શું લાભ? અર્થાત્ અનેક શાસ્ત્રોના બહોળા જ્ઞાન કરતાં પણ ગીતાનું સારૂં જ્ઞાન સંપાદન કરી પાઠ પારાયણ સદા કરવામાં આવે તો મનુષ્યનું પરમ કલ્યાણ પ્રાપ્ત થાય છે. કારણકે ગીતા એ સ્વયં ભગવાનના મુખમાંથી નીકળેલી મધુરી અમૃતવાણી છે. એના મહિમાનું વર્ણન થઈ શકે જ નહિ. શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમલના અંગુઠામાંથી નીકળેલી શ્રી ગંગાજીનો મહિમા. તો સ્મરણ કરો.—

। ગંગા ગંગેતિ યો બ્રૂયાત્ યોજનાનાં શતૈરપિ ।
। મુચ્યતે સર્વ પાપેભ્યો વિષ્ણુ લોકં સગચ્છતિ ॥

ગંગાની પાસેના સર્વ કોઈ મનુષ્ય ગંગા હમારૂં કલ્યાણ કરો. "ગંગા હમારૂં કલ્યાણ કરો" એમ પોકાર કરે છે પણ શાસ્ત્ર કહે છે કે ગંગાની પાસે જઈને નહીં પણ ચારસો કોસ દૂર રહીને પણ જો મનુષ્ય "ગંગા હમારૂં કલ્યાણ કરો" એવી રીતે મુખમાંથી અવાજ કાઢે એક વખત પણ મુખમાંથી બોલે તો તે મનુષ્ય બધા પાપમાંથી છુટો થઈ પવિત્ર બને છે પુણ્યશાળી

બને છે અને છેવટે તે વિષ્ણુલોકમાં જાય છે. હે ભાઈઓ! જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલના અંગુઠામાંથી નીકળેલી ગંગાનો આવો મહિમા છે તોપછી શ્રીકૃષ્ણ ભગવાનના મુખારવિન્દમાંથી નીકળેલી મધુરી અમૃતવાણી ગીતાને એક વખત જો યાદ કરી હોય ગીતઃ એ પ્રમાણે મુખમાંથી અવાજ કાઢયો હોય ગીતાના એક ચરણનો અર્ધા શ્લોકનો એક શ્લોકનો એક અધ્યાયનો સંપૂર્ણ ગીતાનો અથવા મનુષ્યથી બની શકે તે પ્રમાણે પાઠ પારાયણ કરવામાં આવે તો તેના પુણ્યનું શું વર્ણન કરી શકાય ? એ પુણ્યનું વર્ણન થઈ શકે એમ છેજ નહિ માટે જેમ બને તેમ સમય કાઢી પોતાના કલ્યાણ માટે મનુષ્યએ ભક્તિ અને શ્રદ્ધાથી રોજ રોજ ગીતાનો બની શકે તેટલો પાઠ કરવો જોઈએ અભ્યાસ કરવો જોઈએ પારાયણ કરવું જોઈએ અનુષ્ઠાન કરવું જોઈએ.

## શ્રીકૃષ્ણ ભગવાનની વાઙ્મયી પ્રત્યક્ષ મૂર્તિ ગીતા

એક વખતે શ્રી આદિ નારાયણ ભગવાન શેષ શય્યામાં સૂતા હતા લક્ષ્મીજી પ્રભુની સેવામાં બેઠા હતા ધીમે ધીમે પગ દબાવતા હતા શ્રી નારાયણ ભગવાન આંખ બંધ કરી આનંદમાં જાણે ઉંઘતા હોય એમ જોવામાં આવ્યું ત્યારે લક્ષ્મીજીએ પ્રશ્ન કર્યો હે ભગવન્ આપ તો જગતના નાથ છો ઈશ્વર છો તો શું આપને પણ આલસ્ય નિદ્રા આવે છે કે ?

શ્રી નારાયણે કહ્યું હે દેવિ મને નિદ્રા આવતી નથી પણ હું શાન્ત ચિત્તથી ગીતાના ગૂઢ તત્વનો વિચાર કરૂં છું અને આનંદમાં મગ્ન છું. ગીતાના ગૂઢ તત્વનો વિચાર કરવાથી

મનુષ્યના તમામ ક્લેશ તથા દુઃખો નાશ પામે છે. જે પ્રમાણે મારા અનેક અવતાર છે તેજ પ્રમાણે આ ગીતા શાસ્ત્રને અવતાર સમજો.

ગીતાના પવિત્ર નામ અઢાર છે.

ગીતા ગંગા ચ ગાયત્રી સીતા સત્યા સરસ્વતી,
૧ ૨ ૩ ૪ ૫ ૬
બ્રહ્મવિદ્યા બ્રહ્મવલ્લી ત્રિસંધ્યા મુક્તગેહિની.
૭ ૮ ૯ ૧૦
અર્ધમાત્રા ચિદાનન્દા ભવઘ્ની ભયનાશિની,
૧૧ ૧૨ ૧૩ ૧૪
વેદત્રયી પરા નન્તા તથા તત્વાર્થ મંજરી.
૧૫ ૧૬ ૧૭ ૧૮

અને તેથી ગીતાના અધ્યાય પણ અઢાર રાખવામાં આવ્યા છે હે દેવિ એ અઢાર અધ્યાય મારા શરીરના અંગો છે. હે દેવિ હું સર્વનો આત્મા છું મારા બે પ્રકારના સ્વરૂપ છે પહેલું પર સ્વરૂપ અને બીજું અપર સ્વરૂપ જે મારૂં પર સ્વરૂપ છે તે સાક્ષીરૂપે રહેલું છે નિર્ગુણ છે અમાયિક (માયા વિનાનું) છે સ્વયંપ્રકાશ છે અને સર્વનું કલ્યાણ કરનારૂં મોક્ષ આપનારૂં છે અને બીજું મારૂં અપર સ્વરૂપ છે તે પંચવત્કે છે પાંચ મુખવાળું છે પંચવત્કે સ્વરૂપ પણ બે પ્રકારનું છે પહેલું શબ્દરૂપે રહેલું છે અને બીજું અર્થરૂપે રહેલું છે શબ્દરૂપે રહેલા મારા પંચવત્કે સ્વરૂપને ગીતા એવું નામ આપ્યું છે ગીતા વાઙ્મયી મારી પ્રત્યક્ષ મૂર્તિ છે અને અર્થ રૂપે રહેલું પંચવત્કે સ્વરૂપ જેને મહેશ્વર એવું નામ આપ્યું છે. મનુષ્ય જેને જાણવાથી મારા પર રૂપ એટલે નિર્ગુણ સ્વયંપ્રકાશ સ્વરૂપને પણ જાણી શકે છે. મારૂં પંચવક્ત્ર જે મહેશ્વર સ્વરૂપ છે તે પાંચ મુખવાળું

દશભુજાવાળું એક ઉદરવાળુ અને બે પગવાળુ મારૂં સુન્દર સ્વરૂપ છે અને તેજ પ્રમાણે અઢાર અધ્યાય ગીતા પણ મારી વાંઙ્મયી પ્રત્યક્ષ મૂર્તિ છે હે દેવિ ક્રમથી પહેલા પાંચ અધ્યાય એ મારા પાંચ મુખ છે આગળના દશ અધ્યાય એટલે છઠ્ઠા અધ્યાયથી પંદરમાં અધ્યાય સૂધીના દશ એ મારા હાથ છે અને સોળમો અધ્યાય એ મારૂં ઉદર છે અને સત્તરમો અને અઢારમો અધ્યાય એ બે મારા પગ છે આ પ્રમાણે ગીતા એ મારી વાઙ્મયી પ્રત્યક્ષમૂર્તિ છે. મનુષ્યે પહેલાં મારી વાઙ્મયી મૂર્તિને જાણવી એટલે ગીતાના શ્લોકો સારી રીતે શીખવા પછી તેના અર્થ સમજવા એટલે મહેશ્વરના સ્વરૂપને જાણવું અને ભક્તિ ઉપાસના કરવી અને ત્યારબાદ નિર્ગુણ સ્વયંપ્રકાશ સ્વરૂપને જાણવા માટે પ્રયત્ન કરવો. નિર્ગુણ સ્વરૂપને જાણવા માટે ગીતારૂપી દાદરના અઢાર અધ્યાય એ અઢાર પગથીઆ સમજવા જેમ દાદરને પગથીયે પગથીયે ચઢી જેમ માળ ઉપર જઈ શકાય છે તેમ ગીતાના પાઠ પારાયણ અભ્યાસ અને અર્થતત્ત્વ જાણવાથી મનુષ્ય નિર્ગુણ સ્વયંપ્રકાશ સ્વરૂપને જાણી અનુભવી શકે છે અને સંસારમાંથી મુક્ત થાય છે. સંસારપાશને છેદી નાંખવાને માટે ગીતાતત્ત્વ એ ઉત્તમ પ્રકારનું સાધન છે, શસ્ત્ર છે. હે દેવી! હું સદા તે તત્ત્વનું મનન કરૂં છું, હું કંઈ નિદ્રા કરતો નથી, ઉંઘતો નથી. હે દેવી! તમે જાણુતા હશો કે હું નારાયણના પગ દાબુ છું, પ્રભુની સેવા કરૂં છું તેથી પ્રભુ ઊંઘે છે, પણ એમ નથી. હું તો સદા ગીતાતત્ત્વનો વિચાર કરૂં છું. ગીતાતત્ત્વના વિચારમાં મારૂ ચિત્ત મગ્ન રહે છે. ગીતાતત્ત્વનો વિચાર એનેજ સર્વોત્તમ આનંદ માનું છું.

હે દેવિ ! ગીતાના શ્લોકના એક ચરણનો અર્ધા શ્લોકનો, એક શ્લોકનો, પાંચ શ્લોકનો, એક અધ્યાયનો સંપૂર્ણ ગીતાનો અથવા મનુષ્યથી બની શકે તે પ્રમાણે ગીતાનો પાઠ કરવામાં આવે, તેના અર્થ વિચારવામાં આવે, અભ્યાસ કરવામાં આવે તો મનુષ્ય જરૂર આ સંસારબન્ધનમાંથી મુક્ત થાય છે એમાં કંઈપણ સંશય નથી.

## ગ્રન્થકર્તાના બે બોલ

કેમ ભાઈ આજે તમે દુઃખી દેખાઓ છો ? શું પીડા છે ?=અરે શું કહું. આ સંસાર કરવત સમાન છે. જતાંએ વહેરે અને આવતાંએ વહેરી નાંખે. એને જીતવો બહુ જ મુશ્કેલ છે. અણધારી અનેક પીડા આવી પડે છે કે માણસને જરાએ ચેન પડતું નથી. રોજનેરોજ કંઈ દુઃખ તો ખરૂં જ. એમાંથી કેવી રીતે મુક્ત થવાય એ કંઈ સુઝતું નથી. અરે ભાઈ આ શું બોલ્યા ! સંસાર જીતવો સહેલો છે. કેમ તમે વેદના વચનો સાંભળ્યા નથી ? ચાલો ત્યારે સંભળાવું. આ સંસાર જીતવાનો સહેલામાં સહેલો ઉપાય એજ કે "પુત્રેણાયં લોકોજય્યઃ ।" "આ સંસાર પુત્રથી જીતી શકાય છે." એક પુત્રરત્ન પેદા થાય એટલે સંસાર જીતી ચુકયા, બસ બેડોપાર થયો. સંસારમાંથી છુટ્યા.

શું એમ ! અહહહહ ચાલો ત્યારે બબલાના સુખની બાધા રાખીયે અને પુત્ર પેદા કરીયે એટલે સંસારમાંથી છુટ્યા, બસ બેડોપાર થયો કેમ ખરૂંને ?=નહિ નહિ તમે આવો સંકુચિત અર્થ ન કરો. જરા વિચારદૃષ્ટિથી જુઓ. વેદ ભગવાનના વચનનો અર્થ ઘણો ગંભીર છે અને વિશાળ છે. વેદે

કહ્યું તે સાચું છે. પુત્રમાં પણ મુક્તિ આપવાનું સામર્થ્ય છે પણ તે પુત્ર કયો તે માત્ર જાણવું જોઈએ.

પુંનામ્નઃ નરકાત્ ત્રાયતે ઇતિ પુત્રઃ નરકમાંથી જે બચાવે છે રક્ષણ કરે છે નરકમાંથી ઉદ્ધાર કરે છે તે પુત્ર કહેવાય છે, નરક એટલે મોટામાં મોટું દુઃખ એ ત્રણ પ્રકારનું ૧ ભૂતપ્રેત પિશાચરૂપી દુર્ગતિ થાય તો તે પણ નરક દુઃખ (૨) રૌરવાદિ ભયંકર નરકકુંડમાં સડ્યા કરવું તે પણ નરક દુઃખ (૩) વારે-ઘડીએ ગર્ભવાસ થવો, વારેઘડીએ જન્મમરણ પામવું એ પણ નરક દુઃખ. કરીયાતાનો કાવો પીધો એટલે તાવ દૂર થયો. કપાળે સૂંઠ ચોપડી એટલે માથાનો દુખાવો બંધ થયો. પણ એવી અનેક દવા આપીયે કે ડાકટરોના ઈન્જેકશન ઉપાયો કરીયે તો ભૂતપ્રેત પિશાચાદિ દુર્ગતિનું દુઃખ મટતું નથી. એ દુઃખ મટાડવાને તો શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરવી પડે છે. એ શ્રાદ્ધાદિ ક્રિયા માટે યોગ્ય પુત્રનું સુખ હોય તો તે પુત્ર શ્રાદ્ધાદિ ક્રિયા કરી પોતાના પૂર્વજોને દુર્ગતિમાંથી તારી શકે ત્યારે એ ખરો પુત્ર. પુત્ર પણ ત્રણ પ્રકારના જેવો રોગ તેવી દવા. તાવને માટે કરીયાતાનો કાવો. તે કાવો સંન્નિપાતાદિ રોગ ઉપર ચાલે નહીં. સન્નિપાત માટે તો માત્રાની જ જરૂર પડે. તેજ પ્રમાણે દુઃખના સ્વરૂપો જુદાં. દુઃખનું મૂળ કારણ પાપ. પાપના પરિ-ણામે દુઃખો આવે છે. કોઈ પાપથી ભૂતપ્રેત પિશાચાદિ જાતિ ભોગવવી પડે છે તેજ પ્રમાણે કોઈ પાપના ફળરૂપે નરકમાં કીડા થવું પડે છે, અને તેજ પ્રમાણે ઉંચી નીચી જાતીમાં ગર્ભવાસ ભોગવવો પડે છે. પુત્ર જો શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરે તો તેથી ભૂતપ્રેતાદિ દુર્ગતિમાંથી પૂર્વજોનો ઉદ્ધાર થાય છે. એ પુત્રને વ્યાવહારિક પુત્ર કહેવામાં આવે છે, પણ એ પુત્ર રૌરવાદિ

નરકના દુઃખો દૂર કરતો નથી, તેને માટે તો "ધર્મેણ પાપ મપનુદતિ" ધર્મથી પાપ દૂર થાય છે. અને દુઃખનું મૂળ પાપ દૂર થયું, એટલે, દુઃખ પણ આપોઆપ દૂર થાય છે. અર્થાત્ રૌરવાદિ નરકના દુઃખનું મૂળ પાપ છે, તેને દૂર કરવાને માટે ધર્મરૂપી પુત્ર પણ મેળવવો જોઇએ. ત્યારે ધર્મરૂપી પુત્ર તે બીજો પુત્ર યજ્ઞ દાન તપ સ્વાધ્યાય એ બધા ધર્મ છે. સદા તેનું પાલન કરવું જોઇએ. પણ પહેલો વ્યાવહારિક અને બીજો ધર્મરૂપી પુત્ર એ બેથી કંઈ જન્મ મરણરૂપી દુઃખો ગર્ભવાસ રૂપી દુઃખ દૂર થતાં નથી, તો પછી શું કરવું ? તેને માટે જ્ઞાનરૂપી પુત્ર પણ પ્રાપ્ત કરવો જોઇએ. "તરતિ શોકમાત્મવિત્". જ્ઞાની સંસારસાગરને તરે છે. જન્મ મરણરૂપી દુઃખમાંથી મુકત થાય છે, અર્થાત્ ગર્ભવાસરૂપી દુઃખમાંથી મુકત કરનાર જ્ઞાનરૂપી પુત્ર છે. મનુષ્ય જે પ્રમાણે વ્યાવહારિક પુત્રના સુખને ભોગવે છે, તો તેથી શ્રાદ્ધાદિ ક્રિયાઓ ચાલુ રહેવાથી દુર્ગતિ સંભવતી નથી, તેજ પ્રમાણે ધર્મરૂપી પુત્રના સુખને અનુભવે, યજ્ઞ દાન તપ હોમ સ્વાધ્યાયરૂપી ધર્મ સંપાદન કરે તો રૌરવાદિ દુઃખ પણ દૂર થાય અને તેજ પ્રમાણે જ્ઞાનરૂપી પુત્રના સુખને જો અનુભવે એટલે ગુરૂશરણ લઈ જ્ઞાન મેળવે તો આ સંસાર બન્ધનમાંથી મુકત થાય. તેને ગર્ભવાસ ભોગવવો પડતો નથી. અર્થાત્ ત્રણ પ્રકારના પુત્ર સુખને અનુભવનાર જરૂર આ સંસારને જીતે છે, સંસાર બન્ધનમાંથી મુકત થાય એમાં કંઈ સંશય નથી. ભાઇઓ કોઇને વ્યાવહારિક પુત્રનું સુખ નથી, કોઈને પુત્રનું સુખ છે, પણ જાતે નિર્ધન હોવાથી યજ્ઞ દાન સ્વાધ્યાય યાગાદિ ધાર્મિક કાર્યો કરી શકે નહીં, અને કોઈ માણસ જ્ઞાન મેળવવાની ઇચ્છા હોવા છતાં જ્ઞાનનો સહેલો ઉપાય

મળતો નથી. એટલે, પાછો હઠે છે, તો શું કરવું, ભાઈઓ ગભરાવું નહિં, ધીરજ રાખો, સહનશીલ બનો, સદા ગીતા પાઠ કરો, તેના અર્થનો વિચાર કરો, તેનું અનુષ્ઠાન કરો, તો આ લોકમાં પણ સુખ વૈભવ ભોગવી અન્તે અવશ્ય મુક્ત થશો. ગીતા દુર્ગતિમાંથી બચાવનારી છે, ગીતા રૌરવાદિ નરકના દુઃખોમાંથી રક્ષણ કરનારી છે, ગીતા એ જ્ઞાન આપનારી છે, ગીતા મનના મનોરથો પૂર્ણ કરનારી કામદુઘા છે, ગીતા એ સંજીવની લતા છે, ગીતા ભગવાનની અમૃતવાણી છે. એમાં શું સામર્થ્ય નથી ? બધું છે. અમૃતવાણીના અમરફળને વાંચો, એટલે ગીતાના અગાધ સામર્થ્યનો ખ્યાલ આવશે. ગીતા સદા વાંચો, વિચારો, તેના અર્થનું મનન કરો, ગીતા એ મનુષ્યની માતા છે, માતાના ખોળામાં સુતેલો બાળક સદા સુખ અને આનંદને ભોગવે છે. તેજ પ્રમાણે, ગીતાનું શરણ લેનાર મનુષ્ય સદા સુખ અને આનંદને જ અનુભવે છે.

આ સંસારમાં અહુંતા મમતા દૃઢ થવાથી પાલનહાર પ્રભુને પણ ભૂલી ગયા અને આપણે પોતાને સર્વસ્ત્ર માની બેઠા અને તેથી જ વારેઘડીયે આપણે જન્મ લઇએ છીયે અને મરણ પામીએ છીયે. જો આપણું આ અજ્ઞાન દૂર થાય તો આપણે જન્મ મરણરૂપી રેંટમાળમાંથી મુકત થઇએ એમાં સંશય નથી. ગીતા એ અજ્ઞાનરૂપી અન્ધકારને નાશ કરનારી સૂર્ય છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનનું અજ્ઞાન નાશ કરવા અર્જુનને ઉપદેશ આપ્યો અને સંસારનું કલ્યાણ કર્યું. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને સત્તર બોધ પાઠ ભણાવ્યા તેથી અર્જુનનો મોહ નાશ પામ્યો.

 ૨૧૬૬૯

| | |
|---|---|
| પહેલો બોધ પાઠ | સાંખ્ય યોગનો |
| બીજો બોધ પાઠ | કર્મ યોગનો |
| ત્રીજો બોધ પાઠ | કર્મ બ્રહ્માર્પણ યોગ |
| ચોથો બોધ પાઠ | કર્મ સંન્યાસ યોગ |
| પાંચમો બોધ પાઠ | આત્મસંયમ યોગ |
| છઠ્ઠો બોધ પાઠ | જ્ઞાનવિજ્ઞાન યોગ |
| સાતમો બોધ પાઠ | અક્ષરબ્રહ્મ યોગ |
| આઠમો બોધ પાઠ | રાજવિદ્યા રાજગુહ્ય યોગ |
| નવમો બોધ પાઠ | વિભૂતિ યોગ |
| દશમો બોધ પાઠ | વિશ્વરૂપદર્શન યોગ |
| અગીયારમો બોધ પાઠ | ભકિત યોગ |
| બારમો બોધ પાઠ | ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગ યોગ |
| તેરમો બોધ પાઠ | ગુણત્રય વિભાગ યોગ |
| ચૌદમો બોધ પાઠ | પુરૂષોત્તમ યોગ |
| પંદરમો બોધ પાઠ | દૈવાસુર સંપદ્ વિભાગ યોગ |
| સોળમો બોધ પાઠ | શ્રદ્ધાત્રય વિભાગ યોગ |
| સત્તરમો બોધ પાઠ | સંન્યાસ યોગ |

આ સત્તર પાઠ ભગવાને અર્જુનને ઉપદેશ આપી સમજાવ્યા. આ સત્તર પાઠના નામને છેડે યોગ શબ્દ મુકવામાં આવ્યો છે. યોગ શબ્દનો અર્થ જોડાઈ જવું. યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ ચિત્તની વૃત્તિનો નિરોધ કરવો તેનું નામ યોગ. બહાર ચારેતરફ ભટકતા ચિત્તને પ્રભુના ચરણમાં જોડી દેવું તેનું નામ યોગ. અર્થાત્ જોડાઈ જવું એકરૂપ થઈ જવું. ઈશ્વરની સાથે એવા જોડાઈ જવું કે જેથી આપણે મુકત થઇએ.

ઇશ્વર સાથે જોડાઈ જવું એકરૂપ થવું એ સહેલું નથી. એ પણ શીખવું પડે છે. ગુરૂ પાસે જઈ શીખ્યા સિવાય એકરૂપ થવાતું નથી. શિક્ષણના નિયમ પ્રમાણે મનુષ્ય કંઈ કેટલાં વર્ષો શીખવામાં ગાળે છે, ત્યારે તે ઉન્નતિ મેળવે છે. તેજ પ્રમાણે આ ગીતાના સત્તર પાઠનો સારી રીતે અભ્યાસ પાઠ પારાયણ કરવામાં આવે, એને સારી રીતે સમજીયે, તોજ આપણે પોતાના જીવનને સાર્થક કરી શકીયે, ભગવાને તો અર્જુનને સત્તર પાઠ ભણાવ્યા અર્જુને શીખ્યા. સારી રીતે સમજ્યા જેથી તેનો મોહ નાશ પામ્યો. મનુષ્ય આ સત્તર પાઠ સારી રીતે શીખે સમજે તો તેનો પણ મોહ નાશ પામે. એમાં જરાપણ સંશય નથી. ચાલો ભાઈઓ, આપણે પહેલો પાઠ સમજીયે. શિક્ષણના નિયમ પ્રમાણે બાળકને પહેલો પાઠ શીખવતાં મા બા ભૂ પા એમ શીખવાય છે. બાળકને બી. એ. ના જ્ઞાનનો ઉપદેશ કરવો તેના જેવી કઠીન વાત છે. ધર્મ તથા ઉપાસનાદ્વારા જેનું અન્તઃકરણ શુદ્ધ થયું હોય તો તેને જ્ઞાનનો ઉપદેશ અપાય છે. એવો ક્રમ છે પણ તે ક્રમને તજી ભગવાને તો પહેલાંજ જ્ઞાનનો ઉપદેસ શરૂ કર્યો એનું શું કારણ? આતુર ન થાઓ, ગભરાઓ નહીં, શાન્ત થાઓ, ચિત્ત સ્થિર કરો, અને વિચારો, એટલે આપોઆપજ રહસ્ય બહાર આવશે. ભાઈઓ કાર્ય બે પ્રકારના છે એક વ્યક્તિ વિષયક કાર્ય અને બીજું સામાજીક કાર્ય, જે કાર્યમાં મનુષ્ય પોતાનું જ હિત કરી શકે તે કાર્યને વૈયક્તિક અથવા વ્યક્તિ વિષયક કાર્ય કહેવામાં આવે છે, અને જે કાર્યમાં મનુષ્ય સમાજનું હિત કરી શકે તેને સામાજીક કાર્ય કહેવામાં આવે છે જ્યાં બે કાર્ય આવ્યાં હોય ત્યાં પહેલું કયું કાર્ય કરવું?

વ્યક્તિ કાર્ય પહેલું કરવું ? કે સામાજીક કાર્ય પહેલું કરવું ? ભગવાને અર્જુનને પહેલા ઉપદેશ આપી અને જણાવ્યું કે જેમ બને તેમ સામાજીક કાર્ય પહેલું કરો, જો ભગવાન અર્જુનને ઉદ્દેશીને જ ઉપદેશ આપે તો ભગવાન સ્વાર્થી છે. ભગવાનમાં પોતાનું અને પારકું એવો ભેદ જણાય તે દોષ દૂર કરવા માટે અર્જુનના બહાનાથી સંસારને જ ઉપદેશ આપ્યો અને જેમ બને તેમ સામાજીક કાર્ય પહેલું કરવું એમ સૂચવ્યું. આ સંસારમાં વૈદ્ય ડાકટરો ઘણા. ગલ્લી ગલ્લીએ વૈદ્ય અને ડાકટર. પણ તેઓ જે રોગીને દવા આપે તેનો રોગ દૂર થાય બીજાનો નહીં. આ સંસારમાં એવા કોઈ વૈદ્ય ડાકટર નથી કે એક મનુષ્યને એક જ પડીકું આપ્યું કે જેથી તેની સાથે દુનીયાના તમામ માનવીનું દુઃખ જાય. ભાઈ આ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તો વૈદ્યના પણ વૈદ્ય છે, ભગવાને તો અર્જુનને એક પડીકું એવું આપ્યું કે અર્જુનના રોગની શાન્તિની સાથે દુનીયાના તમામ માણસના રોગો દુઃખો દૂર કરી શકાય. અર્જુનને બે પ્રકારના વ્યાધિ હતા. પહેલો વ્યાધિ શરીર એ અનાત્મ વસ્તુ છે શરીર કંઈ આત્મા નથી છતાં શરીરને જ આત્મા માનવો એ એક વ્યાધિ. અર્જુનને આ વ્યાધિ હતો, તે શરીરને આત્મા માની વાત કરતો હતો. બીજો વ્યાધિ અર્જુન ક્ષત્રિય હતા, તેણે યુધ્ધમાં લડવું, એ તેનો ધર્મ હતો. તોપણ યુદ્ધરૂપી પોતાના ધર્મને અધર્મ માન્યો, યુદ્ધમાંથી પાછી પાની કરી, શસ્ત્ર મૂકી દીધાં. અને લડવું નથી એમ કહ્યું. ભીક્ષા માગી જીવન ચલાવવું, એ ઉત્તમ માન્યું. અને નીચું જોઇ બેઠા. ત્યારે પોતાના ધર્મને અધર્મ સમજવો. અને સંન્યાસીનો ભીક્ષારૂપી ધર્મને, પોતાનો ધર્મ માની વાત કરવી,

અર્થાત સ્વધર્મમાં અધર્મ બુદ્ધિ અને અધર્મમાં ધર્મ બુદ્ધિ થવી એ બીજો વ્યાધિ અર્જુનને આ બીજો વ્યાધિ પણ હતા, હવે શું દવા આપવી? ભાઈઓ તમે જાણો છો. આખા ગામમાં કોલેરા ફાટ્યો હોય તો ડાક્ટરે શું કરવું? ગામની હવા સુધારવી કે, કોલેરામાં સપડાયલા માણસને સુધારવા? દાક્ટરો ગામની હવા સુધારવા પહેલો પ્રયત્ન કરે છે ત્યાર બાદ વ્યક્તિને તપાસે છે. એવો નિયમ છે, વૈદ્ય રોગીને તપાસે છે, તેમાં મૂળ ભયંકર વ્યાધિ કયો છે? તે પ્રથમ તપાસે અને પછી તેની સાથે બીજા વ્યાધિને દબાવવા પ્રયત્ન કરે છે. એ નિયમ છે. ખાંસીને દબાવવા પ્રયત્ન કરે તો તાવ ન જાય, અને તાવને દબાવવા પ્રયત્ન કરે ખાંસી ન જાય ત્યારે મૂળ કયું છે? અને પાછળથી કયા પેદા થયા એ બાબતનો વિચાર કરી એવી દવા આપે કે ધીમે ધીમે તમામ રોગ દૂર થાય અને દરદીને સુખ મળે તેજ પ્રમાણે ભગવાને પણ વિચાર કરી ઉપદેશ આપ્યો. અર્જુનને સ્વધર્મમાં જે અધર્મ બુદ્ધિ છે તેને જ દૂર કરવાને જો ઉપદેશ આપવામાં આવે તો અર્જુનનો રોગ શાન્ત થતો નથી. અને પોતાનું સ્વાર્થીપણું જણાય કેમકે શરીરને જ આત્મા માનવો એ એક મૂળ ભયંકર વ્યાધિ છે. આ વ્યાધિ જેવો અર્જુનને છે તેજ પ્રમાણે દુનીયામાં તમામ ઠેકાણે ફેલાયલો છે, તો શું કરવું? અર્જુનનો ભયંકર વ્યાધિ જો દૂર થાય, તો બીજો ધર્મમાં અધર્મ બુદ્ધિરૂપી જે વ્યાધિ તે પણ અનાયાસે દૂર થાય એમ છે, એમ સમજી અર્જુનનું વ્યકિતગત કાર્ય તજી દીધું. અને સારી દુનિયાના ભયંકર રોગને દૂર કરવાને માટે અર્જુનના બહાનાથી સામાજીક કાર્ય સ્વીકાર્યું. તમામના કલ્યાણને માટે જ્ઞાનનો ઉપદેશ આપ્યો

અને તે જ્ઞાનોપદેશરૂપી એવી માત્રા આપી કે બેઉ વ્યાધિ એક સાથેજ દૂર થાય અને તેની સાથે સંસાર સમાજને નીતિ શીખવી કે એક વ્યકિતનું કામ તજી સામાજીક કામ કરવાને જેમ બને તેમ તત્પર રહેવું.

## અમૃતવાણીના અમરફળ

લક્ષ્મીજીએ શ્રીનારાયણુ ભગવાનને પૂછયું હે ભગવન્ ગીતાના પાઠપારાયણુથી પ્રાપ્ત થતાં ફળો મને કહો.

શ્રીનારાયણુ ભગવાને કહ્યું હે દેવિ ગીતાના અઢાર અધ્યાયના જે ફળો છે તે તમને કહું છું સાંભળો. જે સાંભળવાથી મનુષ્યને ભકિત ઉત્પન્ન થાય છે, શ્રદ્ધા દૃઢ થાય છે અને તેથી મનુષ્ય ભક્તિશ્રદ્ધાથી પાઠપારાયણુ કરી આ સંસાર માંથી મુક્તિ મેળવે છે તથા ઇચ્છિત ફળ પ્રાપ્ત કરે છે.


| | |
|---|---|
| પહેલા અધ્યાયનું ફળ | સંસારસાગરમાંથી પાર થવું. |
| બીજા અધ્યાયનું ફળ | મોક્ષ પ્રાપ્તિ |
| ત્રીજા અધ્યાયનું ફળ | પ્રેતજાતિમાંથી મુક્તિ–નરકમાં ગયેલા પૂર્વજોનો ઉદ્ધાર અને વિષ્ણુલોકની પ્રાપ્તિ |
| ચોથા અધ્યાયનું ફળ | સ્થાવર જાતિમાંથી છુટકારો અને પોતાના સ્થાનની પ્રાપ્તિ |
| પાંચમા અધ્યાયનું ફળ | ગીતાના પાંચમા અધ્યાયનો પાઠ કરનાર બ્રહ્મચારીના શબ્દના સ્પર્શથી પાપીનો છુટકારો–પાપીની મુક્તિ |
| છઠ્ઠા અધ્યાયનું ફળ | બ્રહ્મતેજની પ્રાપ્તિ. |

સાતમા અધ્યાયનું ફળ  દુર્ગતિમાંથી ઉદ્ધાર.
આઠમા અધ્યાયનું ફળ  દુર્ગતિમાંથી છુટકારો અને મોક્ષપ્રાપ્તિ
નવમા અધ્યાયનું ફળ  કાળપુરૂષ જેવા મહાદાનના ઉગ્ર પાપમાંથી રક્ષણ.
દશમા અધ્યાયનું ફળ  સ્વસ્વરૂપની પ્રાપ્તિ અથવા જીવન્મુક્તિ
અગીયારમા અધ્યાયનું ફળ—મૃતસંજીવન અને વૈકુણ્ઠગમન.
બારમા અધ્યાયનુ ફળ  મૃતસંજીવન અને સદ્‌ગતિપ્રાપ્તિ.
તેરમા અધ્યાયનું ફળ  સર્વપાપનાશ અને દિવ્યદેહપ્રાપ્તિ
ચૌદમા અધ્યાયનું ફળ  સર્વપાપનાશ અને દિવ્યદેહપ્રાપ્તિ
પંદરમા અધ્યાયનું ફળ  સમગ્ર પાપનો નાશ અને દિવ્યલોકની પ્રાપ્તિ
સોળમા અધ્યાયનું ફળ  નિર્ભયતા
સત્તરમા અધ્યાયનું ફળ  રોગશાન્તિ અને દિવ્યલોકપ્રાપ્તિ
અઢારમા અધ્યાયનું ફળ  ઇન્દ્રાસનપ્રાપ્તિ અને સાયુજ્યમુક્તિ

## પહેલા અધ્યાયનું મહાત્મ્ય સમજવાની કુંચી

નારાયણભગવાને લક્ષ્મીજીને કહ્યું હે દેવી, હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્. ચમકતા પદાર્થોથી સત્ય વસ્તુનું મૂળ ઢંકાયલું છે. ચમકતા પદાર્થો સોનું, ચાંદી, હીરા, મોતી, માણુકની લાલચમાં પડી મનુષ્ય કેવા કેવા નિન્દિત કાર્ય કરે છે. દ્રવ્યને માટે કોઈના પ્રાણુ લે છે દ્રવ્યને માટે ખોટી સાક્ષીઓ પુરે છે. દ્રવ્યને માટે પરસ્પર ભાઇઓમાં કજીઓ થાય છે. અને કોઈના રાજ્ય પણુ છીનવી લે છે જગતમાં જુઠા અનેક છળકપટ પ્રપંચો દ્રવ્યને માટેજ થાય છે સંસારના મિથ્યા સુખને સાચું માની અજ્ઞાનતાથી દુર્યોધનાદિએ પાંડવોને જરાસરખું

શોકથી વ્યાકુળ ચિત્તે પાર્થ એવું વદી રણે,
રથ માંહે આવી બેઠો, તજી દૈ શર ચાપને.



કાયર ન બન, હે પાર્થ! આ શોભા ન દે તુજને અહો!
ત્યજ તુચ્છ દુર્બળતા હૃદયની, થા પરંતપ! તું ઉભો.

રાજ્ય આપવાની ના કહી. જેનું પરિણામ મહાભારત યુદ્ધ થયું. જ્યારે અર્જુનને વિષાદ થયો અને લડવાની ના કહી. એટલામાં લક્ષ્મીજી બોલી ઉઠ્યાં, હે ભગવન્ અર્જુને ઠીક કર્યું. કારણ કે રાજ્યવૈભવના લોભમાં પડી સ્વજનોની હત્યા કરવી અર્જુનને ન ગમી. શ્રી નારાયણભગવાને કહ્યું, હે દેવી ! અર્જુનની મોટી ભૂલ હતી. તેણે પોતાનો ધર્મ જાણ્યો નહીં. તેથી શસ્ત્ર તજ્યાં અને લડવા ના કહી. વેદમાં કહ્યું છે કે બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્ બાહૂ રાજન્યઃ કૃતઃ ઉરૂતદસ્યયત્ વૈશ્યઃ પદ્ભ્યા શૂદ્રોઽઅજાયત જે પ્રમાણે શરીરના મુખ્ય અંગ શીર–બાહુ–ઉદર અને પગ. તેજ પ્રમાણે મનુષ્યજાતિના ચાર મુખ્ય અંગ-બ્રાહ્મણ, ક્ષત્રિય વશ્ય અને શૂદ્ર. જ્યારે મનુષ્યને પેટમાં ભૂખ લાગે છે ત્યારે મગજમાં માથામાં ભૂખ દૂર કરવાની ચિન્તા પેદા થાય છે. ભૂખ દૂર કરવાની સામગ્રીનું સ્થાન કાનથી સાંભળે છે અને અને તેથી તે સામગ્રી લેવા માટે પગથી દોડતો જાય છે. જો સામગ્રી મળે છે તો આંખથી પરીક્ષા કરી જુએ છે તપાસે છે. જો સારી હોય છે તો હાથથી ઉંચકે છે. તેજ પ્રમાણે નાક પણ તેના સુગન્ધ દુર્ગંધ સડેલા બગડેલાની પરીક્ષા કરી પછી ખાવામાં આવે છે. જ્યાં વસ્તુ મુખમાં પહોંચી, એટલે જીભ પણ ખાટા ખારા તીખા કડવા વગેરે રસોની પરીક્ષા કરે છે અને ખાય છે. વસ્તુ પેટમાં ગઈ એટલે ત્યાં તેનું પરિણામ થાય છે પાચનક્રિયા ચાલે છે અને તેના અનેક રસો બને છે અને તે તે ઠેકાણે પહોંચાડવામાં આવે છે તેથી શરીર નિરોગી રહે છે અર્થાત્ શરીરને નિરોગી રાખવા માટે શરીરના બધા અંગ ગુણકર્મને અનુસરી મળીને કામ કરે છે. શીર જ્ઞાનપ્રધાન હોવાથી આખા શરીરમાં મુખ્ય અંગ ગણાય છે.

સંપૂર્ણજ્ઞાનેન્દ્રિયો શિરસ્થાનમાં એકત્રિત છે. જે કાર્યનો નિશ્ચય થાય કે તે કાર્યની પૂર્તિ તે અંગથી કરવામાં આવે છે તે અંગ પોતે સ્વયં કામમાં લાગે છે. શરીરના કોઈપણ અંગ ઉપર જો ફટકો પડવાનો હોય તો તેનું જ્ઞાન ક્ષણમાત્રમાં પહેલાથી થાય છે અને હાથ એકદમ રક્ષણ કરવા તૈયાર થાય છે. જો હાથથી રક્ષણ ન કરી શકાય તો પગ શરીરને લઈ દોડી જાય છે. અર્થાત્ જે અંગથી રક્ષણ થતું હોય તે અંગથી રક્ષણ કરવામાં આવે છે. શરીરના રક્ષણ માટે પ્રધાનઅંગ હાથ છે અને સર્વની સેવા માટે પ્રધાનઅંગ પગ છે. આ બધા અંગો શરીરની રક્ષા માટે બનાવ્યા છે. તેજ પ્રમાણે મનુષ્યજાતિની રક્ષા માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર પ્રકારના પ્રધાનઅંગ છે. બ્રાહ્મણનું કર્તવ્યજ્ઞાન શિખવું શિખવવું. ક્ષત્રિયનું કર્તવ્ય હાથની માફક સર્વનું રક્ષણ કરવું. વૈશ્યનું કર્તવ્ય પેટની માફક આવેલાં પ્રાપ્ત થયેલા દ્રવ્યનો તમામ જાતિની રક્ષા માટે ઉપયોગ કરવો અને શૂદ્રનું કર્તવ્ય સર્વની સેવા કરવી. હે દેવી અર્જુન એ ક્ષત્રિય એટલે એણે લડવું જોઇએ. યુદ્ધ કરવું એ ક્ષત્રિયનું કર્તવ્ય છે, મોહમાં પડી યુદ્ધથી હઠવું, કાયર બનવું એ ક્ષત્રિયનું કર્તવ્ય નથી. અર્જુનનો ધર્મ હતો કે ધર્મની રક્ષા માટે અધર્મી અને લોભી શત્રુઓને મારવા હતા. આ પ્રમાણે ગીતાના પ્રથમ અધ્યાયનું મહાત્મ્ય સમજી સ્વધર્મપરાયણ થાય અને પહેલા અધ્યાયનો નિત્ય પાઠ કરે તો તે અવશ્ય સંસાર-દુખમાંથી મુક્ત થાય અને સુખ મેળવે.

સુશર્મા એ બ્રાહ્મણ હતા તેણે મોહથી બ્રાહ્મણધર્મ તજ્યો. અધર્મી થયા. પશુજાતિનાં દુઃખો ભોગવ્યાં અને કંઈક પુણ્યથી બ્રાહ્મણ જન્મ્યા અને સ્વધર્મપરાયણ થયા. ગીતાના પ્રથમ

અધ્યાયનો પાઠ સદા કરતા હતા તેથી સંસારબન્ધનમાંથી મુક્ત થયા. એ પ્રમાણે જે મનુષ્ય સ્વધર્મપરાયણ રહી ગીતા-પાઠપારાયણ કરે તો તે અવશ્ય સંસારબન્ધનમાંથી છુટે છે. એ પ્રમાણે દરેક અધ્યાયના મહાત્મ્યનું રહસ્ય સમજી પાઠ કરવાથી યથાર્થ ફળ પ્રાપ્ત થાય છે. એમાં સંશય નથી.

## અર્જુન વિષાદ અને જ્ઞાનોપદેશ માટે ગુરૂશરણ

જન્મ મરણનું કારણ મોહ છે. મોહ એજ બંધન છે મોહથી સંસાર ઉત્પન્ન થયો છે મોહથી જીવાત્મા ઊંચી નીચી જાતિમાં જઈ અનેક પ્રકારના સુખદુઃખો ભોગવ્યા કરે છે ત્યારે મોહને દૂર કરવો જોઈએ. મોહનો નાશ થવો મોહ દૂર કરવો એજ મોક્ષ છે એજ મુકિત છે જ્ઞાન સિવાય મોહ દૂર થાય નહીં શ્રીભગવાન્ ગીતાનું શરણ લીધ સિવાય જ્ઞાન પ્રાપ્ત થતું નથી. શ્રીભગવાન્ ગીતા એ મોહ અન્ધકાર નાશ કરનારી પ્રત્યક્ષ સૂર્ય છે. અજ્ઞાની મનુષ્યો મોહ કારણથી આ ભવસાગરમાં આમ તેમ અથડાય છે. આ મારો છોકરો, આ મારી સ્ત્રી, આ મારૂં ધન આ મારો પરિવાર આ મારા બાગ બગીચા આ મારા ગાડીઘોડા મોટર નોકર ચાકર હું જ પેદા કરૂં છું ત્યારે તમે બધા ખાઓ પીઓ અને મઝા કરો છો. હું પેદા ન કરૂં તો તમે બધા ભૂખે મરો હું ધન કમાઉં છું. મેં વેપાર કીધો તેથી હું ધન કમાયો હવે વળી પણ હું કાર્ય કરીશ મારા સિવાય જરા પણ ચાલે એમ નથી. આ પ્રમાણે જે અહંતા મમતાવાળા વચનો નીકળે છે અને મનુષ્ય પોતાને જ સર્વસ્વ માની બીજાને દબાવે છે એજ મોહનું

સ્વરૂપ અને એ જ અજ્ઞાનતા કહેવાય છે. શ્રીમદ્ભગવદ્ગીતા મોહને નાશ કરે છે અજ્ઞાન દૂર કરે છે. શ્રીમદ્ભગવદ્-ગીતાની ઉત્પત્તિ મોહ નાશ કરવા માટે થઈ છે. કૌરવ અને પાંડવ ભાઈઓ હતા. કૌરવોની સંખ્યા સો હતી. જ્યારે પાંડવો પાંચ હતા. કૌરવો અભિમાની હતા. અને કહેતા હતા કે હમો બધા શકિતવાળા છીયે. હમો ઘણા છીયે. હમે જે કરીએ તે જ થાય આ રાજ્ય હમારૂં છે આ ધન પણ હમારૂં છે આ પ્રજા પણ હમારી છે. હવે પાંડવો હમારી આગળ તમારૂં કંઈ પણ ચાલી શકે તેમ નથી જ્યારે પાંડવો નિરઅ-ભિમાની હતા. પાંડવો કૃષ્ણને જ સર્વસ્વ માનતા અને કહેતા હતા કે કૃષ્ણ હમારા નાથ સ્વામી છે કૃષ્ણ એ સર્વના ઈશ્વર છે કૃષ્ણ જે કરશે તે જ થશે હમો થોડા એટલે પાંચ જ છીયે તેથી શું થયું? હમારા માથા ઉપર આનન્દઘન શ્રીકૃષ્ણ ઈશ્વર છે એથી બધુ પરીપૂર્ણ છે. એક તરફ કૌરવોમાં પ્રત્યક્ષ અભિમાનની મૂર્તિ દુર્યોધન અને બીજી તરફ શ્રીકૃષ્ણ પરમાત્માને સર્વસ્વ માનનાર ધર્મ અવતાર ધર્મરાજ યુધિષ્ટિર અને નરાવતાર સાક્ષાત્ પરાક્રમની પ્રત્યક્ષ મૂર્તિ અર્જુન કુરૂક્ષેત્ર રણભૂમિ બે પક્ષના સૈનીકોથી ગાજી રહી છે સૈનીકો ગોઠવાયા દુર્યોધને પોતાના રથ ઉપર અહંકારને બેસાડ્યો અને અભિમાનથી કહ્યું દેવતાઓનો પરાજય કરનાર ભીષ્મ-પીતામહ મારા પક્ષમાં છે. દીક્પાલોને કંપાવનાર આ દ્રોણાચાર્ય મારા પક્ષમાં છે એ સંસારને જીતનાર વીર કર્ણ મારા પક્ષમાં છે મારી સેના અગીયાર અક્ષૌહિણી છે બસ પરીપૂર્ણ છે આપણે બધા જીતીશું. પરાજય કોઈથી પણ થઈ શકે તેમ નથી. થોડા સરખા પાંડવો શું કરવાના કૃષ્ણનું શરણ લેનાર

પાંડવોએ કહ્યું હમારા પક્ષમાં કોઈ રાજા મહારાજ તથા વીર યોદ્ધા ન હોય તેની હમને પરવા નથી. હમે થોડા છીયે. હમારી સેના થોડી છે તેથી હમને ભય નથી. બસ હમારા પક્ષમાં કેવળ એકલા શ્યામસુન્દર કૃષ્ણ પરમાત્મા જગતના નાથ ઈશ્વર છે તો પરીપૂર્ણ છે. હમારો બેડો પાર થયો હમારાં કાર્યો સિદ્ધ થયાં હમો જીતી ચુકયા. કૃષ્ણ ભગવાન વાસુદેવ હમારા રથપર બેસે એટલે હમારૂં કામ પાર પડયું. ભગવાન ભકતવત્સલ છે. તે જે કરવા માગે તે થઈ શકે છે. અર્જુને ભગવાન કૃષ્ણચંદ્રની પ્રાર્થના કરી બસ તરતજ કૃષ્ણ ભગવાન અર્જુનના સારથી થયા રથમાં બેઠા ઘોડાની રાશ એક હાથમાં લીધી. બીજા હાથમાં ચાબુક પકડી. બે સૈનિકોમાં રણશીંગા રણવાર્જિત્રો વાગવા લાગ્યાં. દિશાઓ ગાજી ઉઠી. સૈનિકોમાં ચારે તરફ વીરતા પ્રગટ થઈ. સૈનિકોએ હાથમાં ધનુષબાણ લીધાં અને એકબીજા તરફ બાણ છોડવાની તૈયારીમાં આવ્યા એટલામાં તો અર્જુનને મોહ થયો વિચારમાં પડયો શોક કરવા લાગ્યો. અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું બસ બે સેનાના મધ્યમાં મારો રથ ઉભો રાખો. મારે પહેલાં સૈનિકોને જોવા છે. ભગવાને મધ્યમાં રથ ઉભો રાખ્યો. અર્જુને સૈનિકો તરફ દ્રષ્ટિ ફેરવી. તમામ સગાસંબંધી ગુરૂજનને જોયાં. મોહ પામ્યો. અર્જુનના મોહનું સ્વરૂપ તો તપાસો. ભગવાન જ્યાં રથમાં બેઠા હવે ચિન્તા કેવી ? ફીકર શાની ? જેની ચિન્તા ન કરવી જોઇએ તેની જો ચિન્તા કરવામાં આવે તો તે મોહ કહેવાય અજ્ઞાન કહેવાય. ભગવાન સારથી હોવા છતાં અર્જુન વિચારમાં પડયો એજ મોહ. તેથી અર્જુન કહે છે હે ભગવન્ જેની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો છું તે સર્વ

મારા ભાઇઓ સગાસંબંધી ગુરૂજન છે. તેની સાથે લડવામાં મારી હાની છે એનો નાશ થવાથી કુળધર્મનો નાશ થાય છે. કુળધર્મ નાશ થવાથી અધર્મ વધે અધર્મ વધવાથી સ્ત્રી દુષ્ટાચારિણી થાય છે અને તેથી વર્ણસંકર પ્રજા થશે. પ્રજા વર્ણસંકર થવાથી પિતૃઓ પિણ્ડાદિ શ્રાદ્ધ ક્રિયા ગ્રહણ કરશે નહીં તેથી તે પિતૃઓ નરકમાં જશે તેથી મારે યુદ્ધ કરવું નથી. ભલે મારે ભિક્ષા માંગી જીવન ગુજારવું પડે તો તે હું શ્રેષ્ટ માનું છું. પણ સર્વ સગાસંબંધી ભાઇઓને મારી રાજ્યવૈભવ ભોગવવા એ મને ઈષ્ટ નથી. હે ભગવન્ આ સગાસંબંધી ભાઇઓને જોઈ મારા અવયવો નિર્બલ બને છે. મારૂં મુખ કરમાય છે મારા શરીરમાં કંપારો થાય છે અને આ ગાંડીવ ધનુષ પણ નીચે પડે છે મને ઉભા રહેવાને પણ સામર્થ્ય નથી આ ઠેકાણે મારૂં મન ભમે છે. લડવાથી મારૂં કલ્યાણ નથી. મને રાજ્યવૈભવની ઇચ્છા નથી. માટે લડવાનું માંડી વાળો એમ કહી અર્જુને પોતાના ધનુષબાણ એક ખુણામાં મુકયાં અને નીચું જોઈ શાન્તીથી બેઠો. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનની વાત સાંભળી. અર્જુને આ વાત મોહથી કહી હતી પોતાને કર્તા માની આ વાત કરી હતી. અર્જુનની વાણી પંડિત જેવી હતી પણ મોહથી અજ્ઞાનથી ભરેલી હતી. એમાં કંઈ સત્ય પ્રેમ હતો નહીં જયાં પ્રેમ છે ત્યાં મોહ નથી અને જયાં મોહ છે ત્યાં પ્રેમ નથી. મોહ અને પ્રેમ એ બેમાં તફાવત છે. સત્ય પ્રેમમાં સંસારી ઈન્દ્રિય સુખની કોઈ ઇચ્છા નથી અને મોહમાં સંસારી ઇન્દ્રિય સુખની ઇચ્છા ભાવના થાય છે જો મોહમાંથી સંસારી ઇન્દ્રિય સુખની ભાવના નીકળી જાય તો મોહ પણ પ્રેમ બને અર્જુનને મોહ થયો તેથી આ વાત

કોઈ બીજાને કહી નહીં પણ ભગવાનને જ કહી સંભળાવી અને તે પણ દીનતાથી. સત્ય ધર્મને જાણુવાની ઈચ્છાથી કહી શિષ્યસ્તેહું શાધિમાંત્વાં પ્રપન્નમ્ હું તમારો શિષ્ય છું આપને શરણે આવ્યો છું. યત્શ્રેયઃ સ્યાન્નિશ્ચિતંબ્રૂહિ તન્મે જે કલ્યાણ-કારક હોય તે મને ઉપદેશ આપી સમજાવો. મારૂં અજ્ઞાન દૂર કરો અને જ્ઞાનોપદેશ આપો ધર્મનું રહસ્ય ઉપદેશથી સમજાવો. બસ અર્જુને આવા કાયરતાના વચનો કહ્યા તે સાંભળી ભગવાન જરા હસ્યા અને અર્જુનને કહ્યું કે હે અર્જુન જેનો શોક ન કરવો જોઇએ તેનો તું શોક કરે છે અને પંડિત જેવી વાત કરે છે પંડિત લોક તો પ્રાણ જાય તો તેનો અથવા પ્રાણ રહે તો તેનો શોક કરતા નથી અર્થાત્ પંડિતોને તો જન્મ મરણની ફીકર નથી.

એ પ્રમાણે કહી ઉપદેશ વચનો સંભળાવે છે અહીંથી શ્રીકૃષ્ણ ભગવાનની અમૃતવાણી ગીતા શરૂ થાય છે. ભાઇઓ ગીતા જ્ઞાનની પ્રાપ્તિ શ્રદ્ધાથી થાય છે. યજ્ઞથી કે તપ વગેરેથી થતી નથી. શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્ ભગવાને કહ્યું છે કે શ્રદ્ધાવાળા મનુષ્યને ગીતાજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભાઇઓ ગીતા જ્ઞાન મેળવવું હોય તો શ્રદ્ધા રાખો સદા અધ્યયન કરો હમેશાં પાઠ કરો ભગવાને સર્વને ગીતાજ્ઞાન મેળવવાને અધિકાર આપ્યો છે. કોઇને મના કરી નથી માટે જેમ બને તેમ ગીતાના પાઠ પારાયણ કરવા માટે તેમજ ભણુવા અને જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

॥ શ્રી ॥

## ફળ ૧ લું

## સંસારસાગરમાંથી પાર થવું.

પાર્વતી બોલ્યા—હે મહાદેવ તમારી પાસેથી મેં અનેક પ્રકારના ધર્મ સાંભળ્યાં. હે પ્રભો, કૃપા કરી ભક્તિ વધારનારૂં ગીતાનું મહાત્મ્ય મને કહી સંભળાવો.

મહાદેવે કહ્યું, હે દેવી આ બાબતમાં શ્રીનારાયણ ભગવાને લક્ષ્મીને જે કંઈ કહ્યું હતું તેજ કહી સંભળાવું છું. સાંભળો, લક્ષ્મીજી શ્રીનારાયણ ભગવાનની સેવા કરતા હતા તે વખતે લક્ષ્મીએ ભગવાનને કહ્યું હે ભગવન્ ગીતાનું મહાત્મ્ય મને સંભળાવો.

શ્રીનારાયણ બોલ્યા—હે દેવી ગીતાના મહાત્મ્યનો પાર નથી તોપણ ગીતાના દરેક અધ્યાયનું મહાત્મ્ય કહી સંભળાવું છું.

લક્ષ્મીજી બોલ્યા—હે ભગવન્ એક એક અધ્યાયનો પાઠ કરવાથી અથવા અભ્યાસ કરવાથી જેઓ મુક્ત થયા હોય સંસાર બંધનથી છુટયા હોય તેઓના ઉદાહરણ આપો તો જગતના ઉપર મહાન ઉપકાર થશે.

શ્રીનારાયણે કહ્યું—હે દેવી સુશર્માનો ઇતિહાસ કહું છું તે સાંભળો. જે સુશર્મા પહેલા અધ્યાયના પાઠથી અથવા અભ્યાસથી આ સંસાર બન્ધનમાંથી છુટ્યા હતા. હે દેવી સુશર્મા નામના એક બ્રાહ્મણ હતા. તે પાપી દુરાચારી અધર્મી હતા. ક્રૂર કર્મ કરનારા અધર્મી બ્રાહ્મણના વંશમાં ઉત્પન્ન થયા હતા. તે સુશર્મા કોઈ દિવસ દાન આપતા નહિ જપ કરતા

# શ્રીમદ્ભગવદ્ગીતા

## પ્રથમોઽધ્યાયઃ

ધૃતરાષ્ટ્ર ઉવાચ ।

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।
મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥૧॥

સંજય ઉવાચ ।

દૃષ્ટ્વા તુ પાંડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા ।
આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત્ ॥૨॥
પશ્યૈતાં પાંડુપુત્રાણાં આચાર્ય મહતીં ચમૂમ્ ।
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥૩॥
અત્ર શૂરા મહેષ્વાસા ભીમર્જુનસમાયુધિ ।
યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥૪॥
ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્ ।
પુરુજિત્ કુંતિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુંગવઃ ॥૫॥
યુધામન્યુશ્ચ વિક્રાંત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।
સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ ॥૬॥
અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।
નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે ॥૭॥
ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિંજયઃ ।
અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥૮॥
અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।
નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ ॥૯॥
અપર્યાપ્તં તદસ્માકં બલં ભીમાભિરક્ષિતમ્ ।
પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્ ॥૧૦॥
અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ ।
ભીષ્મમેવાભિરક્ષંતુ ભવંતઃ સર્વ એવ હિ ॥૧૧॥

તસ્ય સંજયનન્‌ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।
સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શંખં દધ્મૌ પ્રતાપવાન્‌ ॥૧૨॥
તતઃ શંખાશ્ચ ભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।
સહસૈવાભ્યહન્યંત સ શબ્દસ્તુમુલોભવત્‌ ॥૧૩॥
તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યંદને સ્થિતૌ ।
માધવઃ પાંડવશ્ચૈવ દિવ્યૌ શંખૌ પ્રદધ્મતુઃ ॥૧૪॥
પાંચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનંજયઃ ।
પૌંડ્રં દધ્મૌ મહાશંખં ભીમકર્મા વૃકોદરઃ ॥૧૫॥
અનંતવિજયં રાજા કુંતીપુત્રો યુધિષ્ઠિરઃ ।
નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥૧૬॥
કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખંડી ચ મહારથઃ ।
ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ ॥૧૭॥
દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।
સૌભદ્રશ્ચ મહાબાહુઃ શંખાન્‌ દધ્મુઃ પૃથક્પૃથક્‌ ॥૧૮॥
સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્‌ ।
નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્‌ ॥૧૯॥
અથ વ્યવસ્થિતાન્‌ દૃષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્‌ કપિધ્વજઃ ।
પ્રવૃત્તે શસ્ત્રસંપાતે ધનુરુદ્યમ્ય પાંડવઃ ॥૨૦॥
હૃષીકેશં તદા વાક્યં ઇદમાહ મહીપતે ।

અર્જુન ઉવાચ ।

સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેચ્યુત ॥૨૧॥
યાવદેતાન્નિરીક્ષેહં યોદ્ધુકામાનવસ્થિતાન્‌ ।
કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્‌ રણસમુદ્યમે ॥૨૨॥
યોત્સ્યમાનાનવેક્ષેહં ય એતેત્ર સમાગતાઃ
ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥૨૩॥

એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।
સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥૨૪॥
ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।
ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરૂનિતિ ॥૨૫॥
તત્રાપશ્યત્સ્થિતાન્ પાર્થઃ પિતૄનથ પિતામહાન્ ।
આચાર્યાન્માતુલાન્ભ્રાતૄન્ પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા ॥૨૬॥
શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।
તાન્ સમીક્ષ્ય સ કૌંતેયઃ સર્વાન્બંધૂનવસ્થિતાન્ ॥૨૭॥
કૃપયા પરયાવિષ્ટો વિષીદન્ ઈદમબ્રવીત્ ।

અર્જુન ઉવાચ ।

દ્રષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥૨૮॥
સીદંતિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥૨૯॥
ગાંડીવં સ્રંસતે હસ્તાત્ ત્વક્ ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥
નિમિત્તાની ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।
ન ચ શ્રેયોનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥૩૧॥
ન કાંક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।
કિં નો રાજ્યેન ગોવિંદ કિં ભોગૈર્જીવિતેન વા ॥૩૨॥
યેષામર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।
ત ઈમેવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ॥૩૩॥
આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્ તથૈવ ચ પિતામહાઃ ।
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃસંબંધિનસ્તથા ॥૩૪॥
એતાન્ ન હંતુમિચ્છામિ ઘ્નતોપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ॥૩૫॥

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્ નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાતતાયિનઃ ॥૩૬॥
તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાંધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥૩૭॥
યદ્યપ્યેતે ન પશ્યંતિ લોભોપહતચેતસઃ ।
કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥૩૮॥
કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્નિવર્તિતુમ્ ।
કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્જનાર્દન ॥૩૯॥
કુલક્ષયે પ્રણશ્યંતિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નં અધર્મોઽભિભવત્યુત ॥૪૦॥
અધર્માભિભવાત્ કૃષ્ણ પ્રદુષ્યંતિ કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ ॥૪૧॥
સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।
પતંતિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદકક્રિયાઃ ॥૪૨॥
દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।
ઉત્સાદ્યંતે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥૪૩॥
ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।
નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥
અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।
યદ્રાજ્યસુખલોભેન હંતું સ્વજનમુદ્યતાઃ ॥૪૫॥
યદિ મામપ્રતીકારં અશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્ તન્મે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥

સંજય ઉવાચ ।

એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥૪૭॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અર્જુનવિષાદયોગો નામ પ્રથમોઽધ્યાય ।૧।

નહિ, હોમ કરતા નહિ અતિથિ પૂજન કરતા નહિ પણ કેવળ વિષયલંપટ થઈ જીવન ગુજારતા. ખેતી કરતા હતા. પાંતરાં વેચતા હતા અને જીવિકા ચલાવતા. છેવટે મદ્ય, માંસ ભોજન કરવા લાગ્યા, પાપી અધર્મી બન્યા, એક વખતે સુશર્મા પાંતરાં લેવા માટે કોઇએક રૂષિના બગીચામાં ગયા ત્યાં તે સુશર્માને સાપ કરડ્યો અને મરી ગયા. તેના પાપકર્મને લઈ તેણે ઘણાં દુઃખો વેઠ્યાં આખરે બળદની જાતિમાં જન્મ થયો. કોઇએક લંગડા માણસે તે બળદને વેચાતો લીધો. તે બળદે પોતાની પીઠ ઉપર ઘણો ભાર ઉઠાવી દુઃખ ભોગવ્યું. એ પ્રમાણે સાત આઠ વર્ષ વીતાવ્યાં. એક વખતે તે લંગડાએ બળદની પીઠ ઉપર હદથી વધારે ભાર લાદયો. બળદથી ભાર ઉઠાવી ચાલી શકાયું નહીં. છેવટે મૂર્છા પામ્યો, એકદમ પડ્યો, બળદના મુખમાંથી ફીણ નીકળવા લાગ્યું. ડોળા ચઢી ગયા, બેભાન થયો. ઘણાં માણસો ત્યાંથી જતા હતા. તેઓએ આ બનાવ જોયો. બળદ મરતો નથી તેમ જીવી બેઠો થતો નથી. માણસોને દયા આવી, એક ધર્માત્માએ તે બળદને થોડું પુણ્ય આપ્યું. સંકલ્પ કરી તેના મુખમાં પાણી રેડયું. તે જોઈ બીજા માણસોએ પણ પોતાના પુણ્યમાંથી થોડા પુણ્યનો સંકલ્પ કર્યો. તેના મુખમાં પાણી રેડયું થોડું પુણ્ય આપ્યું. એટલામાં એક વેશ્યા ત્યાં આવી પહોંચી. પોતાના પુણ્યને જાણતી ન હતી. જાતે વેશ્યા હતી, તોપણ તે વેશ્યાએ પોતાના પુણ્યમાંથી થોડું પુણ્ય આપ્યું અને સંકલ્પ કરી તેના મુખમાં પાણી રેડયું કે તરતજ તે બળદ મરી ગયો. યમદૂતો તેને યમરાજા પાસે લઈ ગયા, યમરાજાએ તપાસ્યું. વેશ્યાએ આ બળદને પુણ્યદાન આપ્યું છે. તેથી પવિત્ર બન્યો. વેશ્યાના આપેલા પુણ્ય પ્રભાવે

પાપમાંથી છુટો થયો. તેથી તે પૃથ્વી લોકમાં આવ્યો. કુલીન સારા સ્વભાવવાળા બ્રાહ્મણને ત્યાં જન્મ પામ્યો. તેને પોતાની પૂર્વ જાતિનું સ્મરણ હતું, થોડો વખત ગયા બાદ તેને કલ્યાણ મેળવવાની ઈચ્છા થઈ. તેથી વેશ્યા પાસે ગયો અને તેને પુછ્યું કે તમે મને બળદની જાતિમાં શું પુણ્યદાન આપ્યું હતું? તે કહો. ત્યારે વેશ્યાએ કહ્યું કે મારો પોપટ પાંજરામાં બેઠો બેઠો કંઈ સ્તોત્ર ભણે છે, રોજ હું તે સ્તોત્ર સાંભળું છું. તેથી હું પવિત્ર બની છું. તેનું પુણ્યદાન તમને આપ્યું. હે બ્રહ્મદેવ પોપટ શું ભણે છે તે હું જાણુતી નથી તેમ મારૂં પુણ્ય શું છે તે પણ મને ખબર નથી. એ સાંભળી બ્રાહ્મણ અને ગણિકા બેઉ જણા પોપટ પાસે ગયા અને પુછ્યું હે પોપટ, તું શું બોલે છે? તું શું ભણે છે? બધું તારૂં વૃત્તાંત સંભળાવ. ત્યારે પોપટે કહ્યું કે પૂર્વમાં હું વિદ્વાન બ્રાહ્મણ જાતિનો હતો. પણ મારામાં રાગ દ્વેષ હતા. વિદ્વાનો સાથે અદેખાઇ કરતો હતો કાળે કરીને મરણ પામ્યો અને ખરાબ જાતિના દુઃખો ભોગવી છેવટે પોપટ જાતિમાં આવ્યો, મારા માતા પીતાએ મને તજ્યો. ઉન્હાળાનાં તાપમાં દુઃખી થતો, માર્ગમાં પડેલો હતો તે વખતે દયાળુ રૂષિઓએ મને આશ્રમમાં લાવી પાંજરામાં પાળ્યો આશ્રમમાં રૂષિ બાલકો ગીતાના પહેલા અધ્યાયનો અભ્યાસ કરતા હતા, તે હું સાંભળતો, મને પણ તે ગીતાનો પહેલો અધ્યાય મુખપાઠ થયો. હું સદા ગીતાના પહેલા અધ્યાયનો પાઠ કરૂં છું. તેથી હું પવિત્ર બન્યો છું. સદા પાઠ કરતો એ સાંભળતાં કોઈ એક પારધી આવ્યો અને મને આશ્રમમાંથી ચોરી લઈ ગયો અને આ ગણિકાને ત્યાં વેચ્યો. અહીં પણ

પાંજરામાં બેઠો બેઠો પહેલા અધ્યાયનો પાઠ કરૂં છું. તેથી મારા સંપૂર્ણ પાપ દૂર થયા, અને પવિત્ર બન્યો છું. પોપટે પોતાનું બધુ વૃત્તાન્ત કહી સંભળાવ્યું. ભગવાને કહ્યું. હે દેવી આ પ્રમાણે બ્રાહ્મણે અને ગણિકાએ પોપટ પાસેથી ગીતાના પહેલા અધ્યાયનું મહાત્મ્ય સાંભળ્યું અને વખાણ કરવા લાગ્યા હમેશાં ગીતાના પહેલા અધ્યાયનો પાઠ કરવા લાગ્યા અને છેવટે સંસાર બન્ધનમાંથી છૂટયા અને મુકત થયા. હે દેવી જે માણુસ ભકિત અને શ્રદ્ધાથી ગીતાના પહેલા અધ્યાયનું શ્રવણ કરે છે અથવા તેનો પાઠ કરે છે અને તેનો અભ્યાસ કરે છે તો તે માણુસ આ સંસાર સાગરમાંથી પાર થાય છે. એમાં સંશય નથી.

---

શ્રીકૃષ્ણભગવાને અર્જુનને પહેલા પાઠમાં જ્ઞાનનો ઉપદેશ આપ્યો.

## બોધપાઠ ૧લો સાંખ્યયોગ

યોગ એટલે જોડાઈ જવું એક થવું. સાંખ્ય એટલે જ્ઞાન. જ્ઞાન એટલે જાણવું. શું જાણવું? આત્માને જાણવો. શરીર એ આત્મા નથી, તેમજ તેના અવયવ પણ આત્મા નથી. શરીર અને તેના અવયવોથી આત્મા બીલકુલ જુદો છે. એવી રીતે સમજવું તેનું નામ જ્ઞાન. ભગવાને અર્જુનને કહ્યું, હે અર્જુન તું કોનો શોક કરે છે? સામા ઉભેલા સગા સંબંધી ગુરૂજનનો? તેમાંથી એક વ્યકિત લઈ વિચાર કર, આ ભીષ્મપિતામહનો, જેને તું ભીષ્મપિતામહ કહે છે, તેમાં બે તત્ત્વ છે. એક તો પાંચ મહાભૂતનું બનેલું શરીર, અને બીજું ચેતન તત્વ આત્મા. હે અર્જુન બોલ આ ભીષ્મપિતામહના શરીરનો શોક કરે છે? નહિ, નહિ, એ શરીરનો

શોક કરવાનો નથી. એ શરીર તો એક દીવસે નાશ પામવાનુંજ, બળીને ખાખ થવાનુંજ. એ તો તું પ્રત્યક્ષ અનુભવી રહ્યો છે. તમારા વડાવા સગા સંબંધીઓ કુંઈ કેટલા મરી ગયા. તેના શરીર કયાં છે? હમણાં પણ મરતાં જુએ છે એથી નક્કી થાય છે કે શરીર તો અવશ્ય નાશ પામવાનું છે. એનો શોક કરવા જેવો નથી. હે અર્જુન શરીરમાં રહેલા આત્માનો તું શોક કરે છે? નહી, નહી, એનો શોક કરવો જોઇએ નહિ. કારણ કે આત્મા અવિનાશી છે. આત્મા કોઈ દિવસ નાશ પામતો નથી. શરીર છેદાય, તો પણ આત્મા છેદાતો નથી. શરીર બળી જાય છે પણ આત્મા અગ્નિથી બળી શકતો નથી. શરીર સૂકાય છે પણ આત્મા સૂકાતો નથી. આત્મા નિર્વિકાર છે, અને શરીરથી જુદો છે. પગથી માથા સુધીના રચાયલા આકારને શરીર કહીએ છીએ. શરીરમાં અનેક અયવવો છે. હાથ, કાન, પગ, નાક વગેરે અવયવો કહેવાય છે. અવયવો એક ઉપર એક વ્યવસ્થિત ગોઠવાયા એટલે આ શરીર કહેવાયું. એક માણુસ ટોપી પહેરી આવ્યો, એ સામે ઉભો. તેને પૂછયું કે આ ટોપી કોની? તેણે જવાબ આપ્યો, એ ટોપી મારી. અર્થાત્ ટોપી એ તેની મીલ્કત વસ્તુ છે, અને તે ટોપીનો માલિક છે. તે માણુસ જાતે ટોપી નથી. તેજ પ્રમાણે એક માણુસને કાન પકડી અને પૂછયું કે આ શું છે? તેણે કહ્યું, એ કાન છે. એ કાન કોનો છે? તેણે કહ્યું, એ કાન મારો છે એથી જણાયું કે કાન એ તેની વસ્તુ છે. અને તે કાનનો માલીક છે. તે જાતે કુંઈ કાન નથી. નાક પકડી પૂછયું આ શું છે? તેણે કહ્યું એ નાક છે. એ નાક કોનું છે? એ નાક મારૂં છે. તેણે જવાબ આપ્યો. તેથી સાબીત થાય

છે કે નાક એ તેની વસ્તુ છે અને તે નાકનો માલિક છે. તે જાતે કંઈ નાક નથી. તેજ પ્રમાણે તમામ અવયવો સંબન્ધી પ્રશ્ન કરવામાં આવતા જવાબ એજ મળશે કે એ બધા અવયવો મારા છે. એથી સમજાશે કે હાથ, પગ, માથુ વગેરે અવયવો એ તેની વસ્તુ અને તે તમામ અવયવોનો માલિક અર્થાત્ તે જાતે કંઈ અવયવો નથી. તેમજ શરીર માટે તમને પૂછવામાં આવે તો પણ એવોજ જવાબ કે આ શરીર મારૂં છે. શરીર એ તમારી વસ્તુ અને તમે શરીરના માલીક. તમે જાતે કંઈ શરીર નથી. નાક કાન હાથ પગ અવયવો આત્મા નથી, તેમ શરીર આત્મા નથી. હવે આગળ ચાલો. સામે પતવાળી પીરસી છે. અનેક વસ્તુ તમે ચાખો છો, ખાઓ છો, તે વસ્તુ પેટમાં જાય છે, અન્દર ગયેલી વસ્તુનું શું થાય છે? તે બધું કયાં ગયું? તેનો વિકાર કેવી રીતે બન્યો? એ તમે જાણો છો? જવાબ મળશે કે ના તે હમે જાણુતા નથી. મારી બુદ્ધિ એ બાબત સમજી શકતી નથી. એ વાકય નીકળતાંજ સાબીત થાય છે બુદ્ધિ એ તમારી વસ્તુ અને તમે બુદ્ધિના માલિક, તમે જાતે કંઈ બુદ્ધિ નથી બુદ્ધિથી તમે નિરાળા છો. સંતાપ કરતા તમને જોઈ કદાચ કોઈ મનુષ્ય તમારી સાથે વાતચીત કરે તો તમે તરતજ બોલી ઉઠો છો કે મારૂં મન ઉદાસ છે મને વાત કરવી ગમતી નથી. તેથી જણાશે કે મન એ તમારી વસ્તુ અને તમે મનનાં માલીક પણ તમે જાતે કંઈ મન નથી. મનથી તમે નીરાળા છો તમે કોઈક વખતે બોલો છો કે મારૂં ચિત્ત ગભરાય છે. મારૂં ચિત્ત એકાગ્ર થતું નથી તેથી જણાય છે કે ચિત્ત એ તમારી વસ્તુ અને તમે ચિત્તના માલીક તમે જાતે કંઈ ચિત્ત

નથી. ચિત્તથી તમે નિરાળા છો. હે અર્જુન હું શરીર નથી હું હાથ પગ માથુ વગેરેમાંથી કોઈ પણ અવયવ નથી. હું મન નથી હું બુદ્ધિ નથી. હું ચિત્ત પણ નથી હું તેથી પણ પર કંઈક છું આગળ વિચારો જોનારો પણ હું ખાનારો પણ હું કામ કરનારો પણ હું ધ્યાન કરનારો પણ હું અને આ શરીરમાં તમામ ક્રિયાઓ જે ચાલે છે તેનું કારણ પણ હું જ છું જાગીયે છૈયે ત્યારે જાગનારો પણ હું સ્વપ્ન આવે છે ત્યારે સ્વપ્નને જોનારો પણ હું અમે ઘસઘસાટ ઉંઘીયે છૈયે ત્યારે તે વખતે કંઈ પણ જાણવામાં આવતું નથી ;અને જાણે મરણ પામ્યા હોઇએ તેમ પડયા હોઈએ તો પણ મરણ પામતા નથી શ્વાસોશ્વાસ ચાલે છે તે વખતે મન બુદ્ધિ ખુંટીયે મુકેલા ધોતીયાની માફક બાજુએ હોય છે કામ કરતા નથી અને જ્યારે સવારના ઉઠીયે ત્યારે કહીયે છીયે કે ગઇ રાત્રે એવી આનંદમાં ઊંઘ આવી કે હું કંઇ પણ જાણી શકયો નહીં અને એકદમ સવાર થયું દુનીયાનું ભાન ન હતું પણ હું તો ઊંઘમાં પણ હતો જ તેથી જણાય છે કે મનબુદ્ધિથી પણ આત્મા જુદી જ વસ્તુ છે. મન બુદ્ધિ ઊંઘી ગયાં હતાં પણ આત્મા તો ઊંઘતા જ નથી તે સદા સર્વકાળ જીવતો છે આપણે બોલીયે છીયે કે હું બાળક હતો ત્યારે ઝોળીમાં સૂતો હતો મારી માતા મને ઝોળીમાં હીંચકાવતી હતી જ્યારે કુમારાવસ્થામાં આવ્યો ત્યારે રમવા લાગ્યો નાચતો કુદતો છોકરાઓ સાથે રમત રમતો હતો જ્યારે મોટો થયો ત્યારે નીશાળે જતો ભણતો અને ફરવા જતો અને જુવાન થયો ત્યારે પરણ્યો સ્ત્રી સાથે રમત ગમત ક્રીડા કરી છોકરાંછૈયાં-વાળો થયો ધન કમાવા લાગ્યો સ્ત્રી સાથે દુનીયાદારીની

મોજમઝા ભોગવી અને જેમ ઉંમર વધી એટલે ઘરડો થયો ત્યારે ઇન્દ્રિયો શિથીલ થઈ શરીર નિર્બળ બન્યું મન બુદ્ધિ મંદ પડયા ડોળા ઉંડા ગયા ચામડી લટકવા લાગી સાઠે બુદ્ધિ નાઠી જેવી અવસ્થા થઈ અને મરણના વાજીંત્રો વાગવા લાગ્યાં આ પ્રમાણે પહેલી અવસ્થાથી સ્મરણ કરી વર્ણન કરીયે છીયે ત્યારે માલૂમ પડે છે કે બાલ્યાવસ્થા કુમારવસ્થા યુવાનવસ્થા વૃદ્ધાવસ્થા બદલાતી ગઇ પણ તેમાં હું તેજ છું બદલાયો નથી ત્યારે અનુભવ ઉપરથો સાબીત થાય છે કે અહુંમ્ અહુંમ્ હું હું એ પ્રમાણે સ્ફુરે છે તેજ મારૂં વાસ્તવિક સત્ય સ્વરૂપ શરીર મન બુદ્ધિ અવસ્થાદિથી બીલકુલ નીરાળું છે સદા એક-રૂપ નિર્વિકાર છે. દુનીયાની તમામ વસ્તુઓમાં છ પ્રકારના વિકારો જોવામાં આવે છે ૧ ઉત્પન્ન થવું. ૨ છે અથવા હોવું ૩ વધવું. ૪ રૂપાન્તર થવું. ૫ ક્ષય પામવું અથવા ઘસાઈ જવું ૬ નાશ પામવું. બીજ વાવ્યું એટલે તેમાંથી રોપ ઉત્પન્ન થયો એ પહેલો વિકાર ઉત્પન્ન થયો એટલે કહેવામાં આવે છે કે રોપ (ફણગો) છે. બીજો વિકાર તે વધવા લાગ્યો એટલે કહે-વામાં આવે છે કે રોપ વધે છે. ત્રીજો વિકાર જો પાંદડું પીળું પડયું મૂળનો લીલો રંગ બદલાઈ ગયો તો કહેવામાં આવે છે કે પાંદડું પીળુ થયું તેનો લીલો રંગ બદલાયો ચોથો વિકાર પાણી ન મળવાથી પાંદડુ અથવા ઝાડ કે રોપ જરા સૂકાવા માંડે નીરસ બને તો કહેવામાં આવે છે કે હવે ઝાડ અથવા રોપ સૂકાય છે. તે પાંચમો વિકાર અને ધીમે ધીમે તમામ રસ ઉડી ગયો, ઝાડ અથવા રોપ સૂકાઈ ગયાં અને છેવટે પાંદડાં ખરી પડયા અને બળતણ બાળવાના કામમાં લીધા એટલે કહેવાય છે કે ઝાડ નાશ પામ્યું એ છઠ્ઠો વિકાર

આ છ વિકાર વસ્તુ માત્રમાં છે. શરીરમાં પણ છે, પણ આત્મામાં બીલકુલ નથી તેથી આત્મા નિર્વિકાર છે માટે હે અર્જુન શરીર એ અવશ્ય નાશ પામે છે એનો શોક કરવો જોઈએ નહીં. અને આત્મા અવિનાશી છે, નિર્વિકારી છે, શરીરથી જુદો છે અને એકરૂપ છે. તો પછી તેનો પણ શોક કરવો જોઈએ નહીં. હે અર્જુન તમે ક્ષત્રિય છો ક્ષત્રિયનો ધર્મ શું? યુદ્ધ કરવું એ ધર્મ. તો પોતાનો ધર્મ એમ સમજી લડવું જોઇએ પાછી પાની કરવી નહીં હે અર્જુન જો ન લડો તો પછી આજસુધી જગતમાં તમે વીર કહેવાયા. હવે આજે તમે તમારી વીરતા ઉપર પાણી ફેરવ્યું એમ કહેવાશે. લોકો તમને બીકણ કહેશે બાયલો કહેશે તમારી નીન્દા થશે કીર્તિનો નાશ થશે. હે અર્જુન આવી સ્થિતિમાં જીવવું એ મરણ કરતાં પણ વિશેષ ખરાબ. પોતાના ક્ષત્રિય ધર્મને તજવાથી આલોકમાં પણ દુઃખ અને પરલોકમાં પણ નરકના દુઃખોજ ભોગવવાના. માટે હે અર્જુન વિચાર કરો સ્વધર્મ પાળો નિષ્કામ કર્મ કરો ક્ષત્રિયના યુદ્ધધર્મને સ્વીકારો શસ્ત્ર હાથમાં પકડો ઉભા થાઓ અને વીરતા પ્રગટ કરો હે અર્જુન જય થાય કે પરાજય થાય એની પરવા ન કરો ફળની આશા ન રાખો કાર્ય કરવાને તૈયાર થાઓ કમર બાંધો. હે અર્જુન ઇશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવાં. પણ કૃપણ મનુષ્યની માફક ફળની ઇચ્છા રાખવી નહીં માટે બુદ્ધિને સ્થિર કરો સહનશીલ અનો ઇન્દ્રિયને વશ કરો મનને દ્રઢ બનાવો મારૂં શરણ લઈ કાર્ય કરવાને તત્પર થાઓ કાયરતાને તજી દો, કાયર પુરૂષો કંઈ પણ કાર્ય કરી શકતા નથી વીર પુરૂષોજ કાર્ય સિદ્ધ કરે છે. પૃથ્વીનું રાજ્ય લેવામાં કાયર પુરૂષોનું કામ નથી.

વીર પુરૂષોજ પૃથ્વીનું સામ્રાજ્ય ભોગવે છે વીર ભોગ્યાહિ વસુન્ધરા માટે ઉત્સાહી બનો અને વીરતા પ્રકટ કરો કાયર પુરૂષો આ સંસારના અવનવા પદાર્થો જોઈ તેને લેવા માટે લલચાય છે અને પોતે પરાધીન થઈ પોતાનો નાશ કરે છે તેવા કાયર પુરૂષો પરાધીનતાની સાંકળમાંથી કોઈ દીવસ પણ છૂટી શકતા નથી મનુષ્ય સંસારના પદાર્થનું ચિન્તન કરે છે તેથી તેમાં આસક્ત થાય છે. તેમાંજ જોડાયલો રહે છે તે પદાર્થને લેવા માટે ઇચ્છા થાય છે. ઇચ્છિત પદાર્થ ન મળવાથી ક્રોધ ઉપજે છે. જ્યાં ક્રોધ ઉત્પન્ન થયો એટલે શું કરવું અને શું ન કરવું એ બાબતનો વિચાર આવતો નથી અને સ્મરણ-શકિત નાશ પામે છે. નીતિના ઉપદેશ વચન યાદ આવતા નથી અને છેવટે બુદ્ધિ નાશ પામે છે. જેથી મનુષ્ય કોઈપણ પ્રકારે પુરૂષાર્થ સિદ્ધ કરી શકતો નથી એટલે તેવા મનુષ્યને તો જીવતાંજ મુવેલો સમજવો, જે મનુષ્યને રાગ અથવા દ્વેષ નથી જેણે પોતાની ઇન્દ્રિયને જીતી છે જેણે પોતાના મનને વશ કર્યું છે એવા મનુષ્ય સંસારી હોવા છતાં પણ પરીપૂર્ણ શાન્તિ મેળવે છે અને તેના સર્વ દુઃખો નાશ પામે છે. જે મનુષ્યનું મન વશ થયું નથી તેને બુદ્ધિમાં નિશ્ચય પેદા થતો નથી જેનું મન વશ થયું નથી તેની ભાવના પણ શુદ્ધ થતી નથી અને જ્યાંસુધી ભાવના શુદ્ધ નથી ત્યાંસુધી શાન્તિ અથવા સુખ મળતાં નથી માટે હે અર્જુન મનને વશ કરો ઇન્દ્રિયોને જીતો બુદ્ધિમાં નિશ્ચય પેદા કરો નિશ્ચયી થાવ. કાર્ય કરવામાં ઉત્સાહી અને દ્રઢ બનો અહંકાર તજો મમતા છોડી દો બુદ્ધિ સ્થિર કરો અને પોતાના ધર્મમાંજ કલ્યાણ છે એમ સમજી તેમાં પ્રેમ રાખો અને ઇશ્વરાર્પણ બુદ્ધિથી કાર્ય કરો પોતાનો ધર્મ પાળો શસ્ત્ર હાથમાં પકડો અને લડવાને તૈયાર થાઓ.

## ફળ ૨ જું.

## મોક્ષ પ્રાપ્તિ.

શ્રી નારાયણે કહ્યું હે લક્ષ્મીજી હવે બીજા અધ્યાયનું મહાત્મ્ય સાંભળો, દક્ષિણ દિશામાં પુરંદર નામનું એક શહર હતું, તેમાં દેવશર્મા નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તે વિદ્વાન હતા ધાર્મિક હતા. યજ્ઞયાગાદિ કાર્ય કરતા હતા, તો પણ તેના ચિત્તને શાન્તિ મળતી નહતી, તેને પૂર્ણ સુખ અથવા શાન્તિની ઈચ્છા હતી, તેથી સત્પુરૂષોની સેવા કરતા હતા. એ પ્રમાણે કેટલોક સમય વિતાડયો, એક સમયે શાન્ત-ચિત્તવાળા વિદ્વાન એક બ્રહ્મચારી આવ્યા, દેવશર્મા તેના ચરણમાં નમ્યા. વિધિ પ્રમાણે અતિથિપૂજન કર્યું અને આસન આપી બેસાડયા. હાથ જોડી વિનંતિ કરવા લાગ્યા. હે અતિથિ દેવ મને પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય એવો ઉપદેશ આપો ત્યારે તે અતિથિએ કહ્યું હે બ્રાહ્મણ અહીંથી થોડે દૂર પુર નામનું એક નગર છે તેમાં મિત્રવાન નામનો એક ભરવાડ રહે છે તેની પાસે જાઓ, તે તમને ઉપદેશ આપશે. દેવશર્મા તે મિત્રવાન પાસે ગયા. તે વખતે મિત્રવાન ધ્યાનમાં બેઠા હતા. તેનો આશ્રમ સુશોભિત હતો. વાઘ બકરી સાથે રહેતા હતા. તે આશ્રમમાં કોઈપણ પ્રાણીને વૈરભાવ હતું નહીં. આશ્રમમાં ફૂલવાળા તથા ફૂલવાળા ઝાડો હતાં. જયારે મિત્રવાનનું ધ્યાન પુરૂં થયું ત્યારે બહાર આવ્યા અને અતિથિ દેવશર્માનું સ્વાગત કર્યું. દેવશર્માએ તેના પગમાં નમસ્કાર કર્યા અને કહ્યું હે ભગવન્ હું આત્મજ્ઞાન મેળવવાને ઇચ્છા રાખું છું. આપને શરણે આવ્યો છું. મને ઉપદેશ આપો કે જેથી પરમસુખની

## અધ્યાય ૨

### સંજય ઉવાચ ।

તં તથા કૃપયાવિષ્ટં અશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।
વિષીદંતમિદં વાક્યં ઉવાચ મધુસુદનઃ ॥૧॥

### શ્રી ભગવાનુવાચ ।

કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।
અનાર્યજુષ્ટમસ્વર્ગ્યં અકીર્તિકરમર્જુન ॥૨॥
ક્લૈબ્યં માસ્મ ગમઃ પાર્થ નૈતત્વય્યુપપદ્યતે ।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરંતપ ॥૩॥

### અર્જુન ઉવાચ ।

કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન ।
ઇષુભિઃ પ્રતિયોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન ॥૪॥
ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્ શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે ।
હત્વાર્થકામાંસ્તુ ગુરૂનિહૈવ ભુંજીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ॥૫॥
ન ચૈતદ્ વિદ્મઃ કતરન્નો ગરીયો યદ્વા જયેમ યદિવા નો જયેયુઃ ।
યાનેવ હત્વા ન જિજીવિષામસ્ તેવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ॥૬॥
કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં ધર્મસંમૂઢચેતાઃ ।
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે શિષ્યસ્તેહું શાધિ માં ત્વાં પ્રપન્નમ્ ।
ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્ યચ્છોકમુચ્છોષણમિંદ્રિયાણામ્ ।
અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ ॥૮॥

### સંજય ઉવાચ ।

એવમુક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરંતપઃ ।
ન યોત્સ્ય ઇતિ ગોવિંદં ઉક્ત્વા તૂષ્ણીં બભૂવ હ ॥૯॥
તમુવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત ।
સેનયોરુભયોર્મધ્યે વિષીદન્તમિદં વચઃ ॥૧૦॥

### શ્રી ભગવાનુવાચ ।

અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ ॥૧૧॥

ન ત્વેવાહં જાતું નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।
ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥૧૨॥
દેહિનોસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।
તથા દેહાંતરપ્રાપ્તિર્ ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥૧૩॥
માત્રાસ્પર્શાસ્તુ કૌંતેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।
આગમાપાયિનો નિત્યાઃસ્ર તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥૧૪॥
યં હિ ન વ્યથયંત્યેતે પુરુષં પુરુષર્ષભ ।
સમદુઃખસુખં ધીરં સોમૃતત્વાય કલ્પતે ॥૧૫॥
નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।
ઉભયોરપિ દૃષ્ટોંતસ્ ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥૧૬॥
અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્ ।
વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ॥૧૭॥
અંતવંત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।
અનાશિનો પ્રમેયસ્ય તસ્માદ્ યુધ્યસ્વ ભારત ॥૧૮॥
ય એનં વેત્તિ હંતારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।
ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હંતિ ન હન્યતે ॥૧૯॥
ન જાયતે મ્રિયતે વા કદાચિન્ નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥
વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ ।
કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હંતિ કમ્ ॥૨૧॥
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ અન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥૨૨
નૈનં છિંદંતિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયંત્યાપો ન શોષયતિ મારુતઃ ॥૨૩॥
અચ્છેદ્યોયમદાહ્યોયમ્ અક્લેદ્યોશોષ્ય એવ ચ ।
નિત્યઃ સર્વગતઃ સ્થાણુર્ અચલોયં સનાતનઃ ॥૨૪॥

અવ્યક્તોયમચિંત્યોયં અવિકાર્યોયમુચ્યતે ।
તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુમર્હસિ ॥૨૫॥
અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ ।
તથાપિ ત્વં મહાબાહો નૈનં શોચિતુમર્હસિ ॥૨૬॥
જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥૨૭॥
અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।
અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥૨૮॥
આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેનમ્
આશ્ચર્યવદ્ વદતિ તથૈવ ચાન્યઃ ।
આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શૃણોતિ
શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્ ॥૨૯॥
દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત ।
તસ્માત્ સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ॥૩૦॥
સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકંપિતુમર્હસિ ।
ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ॥૩૧॥
યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્ ।
સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભંતે યુદ્ધમીદૃશમ્ ॥૩૨॥
અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ ।
તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ ॥૩૩॥
અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યંતિ તેવ્યયામ્ ।
સંભાવિતસ્ય ચાકીર્તિર્ મરણાદતિરિચ્યતે ॥૩૪॥
ભયાદ્રણાદુપરતં મંસ્યંતે ત્વાં મહારથાઃ ।
યેષાં ચ ત્વં બહુમતો ભૂત્વા યાસ્યસિ લાઘવમ્ ॥૩૫॥
અવાચ્યવાદાંશ્ચ બહૂન્ વદિષ્યંતિ તવાહિતાઃ ।
નિંદંતસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ॥૩૬॥

હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।
તસ્માદુત્તિષ્ઠ કૌંતેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥૩૭॥
સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।
તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥૩૮॥
એષા તેભિહિતા સાંખ્યે બુદ્ધિર્યોગે ત્વિમાં શૃણુ ।
બુદ્ધયા યુક્તો યયા પાર્થ કર્મબંધં પ્રહાસ્યસિ ॥૩૯॥
નેહાભિક્રમનાશોસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥૪૦॥
વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનંદન ।
બહુશાખા હ્યનંતાશ્ચ બુદ્ધયો વ્યવસાયિનામ્ ॥૪૧॥
યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદંત્યવિપશ્ચિતઃ ।
વેદવાદરતાઃ પાર્થ નાન્યદસ્તીતિ વાદિનઃ ॥૪૨॥
કામાત્માનઃ સ્વર્ગપરા જન્મકર્મફલપ્રદામ્ ।
ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ ॥૪૩॥
ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાપહૃતચેતસામ્ ।
વ્યવસાયાત્મિકા બુદ્ધિ સમાધૌ ન વિધીયતે ॥૪૪॥
ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।
નિર્દ્વંદ્વો નિત્યસત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥૪૫॥
યાવાનર્થ ઉદપાને સર્વતઃ સંપ્લુતોદકે ।
તાવાન્ સર્વેષુ વદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥૪૬॥
કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોસ્ત્વકર્મણિ ॥૪૭॥
યોગસ્થઃ કુરુ કર્માણિ સંગં ત્યક્ત્વા ધનંજય ।
સિદ્ધયસિદ્ધયોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥૪૮॥
દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનંજય ।
બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥૪૯॥

બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।
તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥૫૦॥
કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણઃ ।
જન્મબંધવિનિર્મુક્તાઃ પદં ગચ્છંત્યનામયમ્ ॥૫૧॥
યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।
તદા ગંતાઽસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ॥૫૨॥
શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા ।
સમાધાવચલા બુદ્ધિસ્ તદા યોગમવાપ્સ્યસિ ॥૫૩॥

અર્જુન ઉવાચ ।

સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।
સ્થિતધીઃ કિ પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥૫૪॥

શ્રી ભગવાનુવાચ ।

પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્ ।
આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥૫૫॥
દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૫૬॥
યઃ સર્વત્રાનભિસ્નેહસ્ તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।
નાભિનંદતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥
યદા સંહરતે ચાયં કૂર્મોંગાનીવ સર્વશઃ ।
ઇંદ્રિયાણીંદ્રિયાર્થેભ્યસ્ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥
વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥૫૯॥
યતતો હ્યપિ કૌંતેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।
ઇંદ્રિયાણિ પ્રમાથીનિ હરંતિ પ્રસભં મનઃ ॥૬૦॥
તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।
વશે હિ યસ્યેંદ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૧॥

ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।
સંગાત્સંજાયતે કામઃ કામાત્ ક્રોધોભિજાયતે ॥૬૨॥
ક્રોધાદ્ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણુશ્યતિ ॥૬૩॥
રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિંદ્રિયૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥૬૪॥
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૬૫॥
નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।
ન ચાભાવયતઃ શાંતિઃ અશાંતસ્ય કુતઃ સુખમ્ ॥૬૬॥
ઇંદ્રિયાણાં હિ ચરતાં યન્મનોનુવિધીયતે ।
તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવાંભસિ ॥૬૭॥
તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।
ઇંદ્રિયાણીંદ્રિયાર્થેભ્યસ્ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૮॥
યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥૬૯॥
આપૂર્યમાણમચલપ્રતિષ્ઠમ્ સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ ।
તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે
સ શાંતિમાપ્નોતિ ન કામકામી ॥૭૦॥
વિહાય કામાન્યઃસર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।
નિર્મમો નિરહંકારઃ સ શાંતિમધિગચ્છતિ ॥૭૧॥
એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્યવિમુહ્યતિ ।
સ્થિત્વાસ્યામંતકાલેપિ બ્રહ્મ નિર્વાણમૃચ્છતિ ॥૭૨॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મ-
વિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગો
નામ દ્વિતીયોધ્યાયઃ ॥૨॥

પ્રાપ્તિ થાય. મિત્રવાને કહ્યું ગોદાવરીના કિનારા ઉપર પ્રતિષ્ઠાન નામનું એક નગર હતું. તેમાં દુર્દમ નામનો એક બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણ રોજ દાન લેવાનું સમજતો. પ્રતિગ્રહદાન લઈ જીવન ગુજારતો. કાળે કરી મરણ પામ્યો. અનેક દુઃખ ભોગવ્યાં. આખરે દુરાચારી બ્રાહ્મણકુળમાં જન્મ લીધો. લાયક ઉમર થતાં વિવાહ થયો. ગૃહસ્થાશ્રમી થયો. તેની સ્ત્રીનું નામ દુર્ધર્ષા હતું. પોતાના પતિની ગરીબાઈને લીધે દુર્ધર્ષાને પતિ તરફ સ્નેહ હતો નહીં અને દુરાચરણી થઈ, છેવટે, કામુક ચાણ્ડાલના સંબન્ધમાં આવી પોતાનું જીવન બગાડયું, ગર્ભવતી થઈ, એક કન્યા ઉત્પન્ન થઈ આખરે દુર્ધર્ષા મરણ પામી, ડાકણ થઈ દુઃખ ભોગવવા લાગી. તે ડાકણે એક વખતે અરણ્યમાં ફરતા ફરતા એક શિકારીને મારી નાંખ્યો અને તેનું લોહી પીધું. શીકારી મરણ પામવાથી વાઘનો જન્મ લઈ જંગલમાં ફરવા લાગ્યો, સમય આવતાં ડાકણ પણ મરણ પામી. નરકના અનેક દુઃખો ભોગવ્યાં અને બકરીરૂપે જન્મ પામી મારે ત્યાં આવી. હું બકરાંના ટોળાને જંગલમાં ચરાવતો હતો. એક વખતે વાઘને જંગલમાં આવતો જોયો, બકરાં ગભરાવા લાગ્યાં. નાશભાગ કરવા લાગ્યાં. હું પણ ભય પામ્યો બુમાબુમ કરવા માંડી અને વાઘ નાસી ગયો વાઘ નદીકિનારે ઉભો હતો. પૂર્વનું વેર યાદ કરી બકરી નિર્ભય થઇ તેની પાસે જઈ પહોંચી. વાઘ તેને ખાતો નથી. શાન્તિથી ઉભો રહી બકરીને જુએ છે. બકરી શાન્તિથી ઉભી છે, બકરી બોલી. હે વાઘ, મને કેમ ખાતો નથી ? ? શાન્તિથી કેમ ઉભો છે? હું તારૂં ભક્ષ્ય છું અને તું મારો ભક્ષક છે. તો પણ ખાતો નથી એનું કારણ શું છે ? વાઘે કહ્યું, હે બકરી આ સ્થાનમાં આવતાં આપણું બેનું વેર દૂર થયું, ભૂખતરસ

ચાલી ગઈ, તેથી તું પાસે હોવા છતાં પણ તને મારવાની ઈચ્છા થતી નથી. બકરીએ કહ્યું, હે વાઘ! તમને જોતાં મને ભય થવો જોઈએ પણ હું નિર્ભય થઈને ઉભી છું એનું કંઈ કારણ હોય તો મને કહો. ત્યારે વાઘે કહ્યું, હે બકરી? હું જાણતો નથી પણ આ સામે આશ્રમમાં મહાન પુરુષ છે તેને પુછીએ. એ વિચારી હે દેવશર્મા તે બે મારી પાસે આવ્યા અને પુછવા લાગ્યા. હું આશ્ચર્ય પામ્યો, ત્યાં એક વાનર હતો તેની પાસે હમે ત્રણે ગયા અને મેં તે વાનરને પૂછયું, ત્યારે વાનરે મને કહ્યું હે મિત્રવાન્! તમે સામે આ વનમાં આવેલા દેવાલયને જુઓ, અહીં મહાદેવનું લિંગ છે, બ્રહ્મદેવે એની સ્થાપના કરી છે. સુકર્મા નામના એક તપસ્વી સદા એની પૂજા કરે છે, અહીં આ ઠેકાણે આ એક નદી વહે છે. એ નદીના પાણીથી મહાદેવને સ્નાન કરાવે છે અને સારા સુંદર પુષ્પો લાવી તેની પુજા કરે છે, થોડો સમય વિત્યા બાદ એક તપસ્વી આવ્યા, તે અતિથિ હતા. સુકર્માએ તે અતિથિનું સ્વાગત કર્યું, બેસાડયા, વનમાંથી થોડા ફળ લાવી સામે મૂકયાં અને સત્કાર કર્યો તેથી પ્રસન્ન થઈ અતિથિએ કહ્યું, હે બ્રાહ્મણ તમે અહીં શું કરો છો? આ પૂજનવિધિનું શું ફળ છે? પરંપરાથી ચાલી આવેલી રૂઢી સમજી કરો છો? કે કંઈ ફળની ઈચ્છા છે? ત્યારે બ્રાહ્મણે કહ્યું, દેવ, આ કાર્યનું શું ફળ છે? તે હું બીલકુલ જાણતો નથી. પણ જ્ઞાનની ઈચ્છાથી હું આ શંકરની સેવા પૂજા કરૂં છું, ત્યારે અતિથિએ એક વિશાળ પત્થર ઉપર ગીતાનો બીજો અધ્યાય લખી આપ્યો અને કહ્યું, તમે સદા આ ગીતાના બીજા અધ્યાયનો પાઠ કરજો એટલે તમારા મનોરથ પૂર્ણ થશે. એટલું કહી

અતિથિ અંતર્ધ્યાન થયા. તે જોઈ સુકર્મા આશ્ચર્ય પામ્યા. અતિથિના ઉપદેશથી ગીતાના બીજા અધ્યાયનો પાઠ કરવા લાગ્યા અનુષ્ઠાન શરૂ કર્યું પવિત્ર આત્મા બન્યા. ગીતાના બીજા અધ્યાયના પાઠના પ્રભાવથી સુકર્માનો પ્રતાપ વધ્યો સુકર્મા જે ઠેકાણે જાય તે સુંદર તપોવન બને, સુકર્મા જે ઠેકાણે રહે તે ઠેકાણે પ્રાણીઓને ભૂખ તરસ લાગતી નથી અને વેરભાવવાળા પ્રાણીઓ પણ વેર તજે છે અને નિર્ભય બને છે મિત્રવાને કહ્યું જ્યારે આ વાત સાંભળી ત્યારે તેની આજ્ઞા લઈ હું પણ બકરીવાઘને લઈ ત્યાં ગયો પત્થર ઉપર લખેલા ગીતાના બીજા અધ્યાયને વાંચ્યો તેનો પાઠ હમેશાં કરવા લાગ્યો તેથી હું હલકી જાતિનો હોવા છતાં મહાન પુણ્યશાળી તપસ્વી બન્યો. હે દેવશર્મા બ્રાહ્મણ તમે પણ ગીતાના બીજા અધ્યાયનો સદા સર્વકાળ પાઠ કરો તો તમને પૂર્ણ શાન્તિ મળશે સુખી થશો અને છેવટે મુક્ત થશો જ્યારે મિત્રવાને દેવશર્માને આ પ્રમાણે કહ્યું ત્યારે દેવશર્માએ મિત્રવાનની પૂજા કરી નમસ્કાર કર્યા અને પોતાના નગરમાં ગયા ત્યાં જઈ કોઈ દેવાલયમાં ગયા તે દેવાલયમાં આત્મજ્ઞાની મહાત્મા બેઠા હતા તેની આગળ બધી વાત કહી સંભળાવી. ગીતાનો બીજો અધ્યાય ભણ્યા તેનો હમેશાં પાઠ કરવાનો નિયમ લીધો પવિત્ર બન્યા અને ગીતાના બીજા અધ્યાયના પાઠ પારાયણ વીચારથી છેવટે મોક્ષપદવી પામ્યા. હે દેવી જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના બીજા અધ્યાયનો પાઠ કરે તેનું શ્રવણુ કરે તેના અર્થનો વિચાર કરે તો તે માણુસ મોક્ષપદવી મુક્તિફળ મેળવે છે.

## અધ્યાય ૩

### અર્જુન ઉવાચ

જ્યાયસી ચેત્કર્મણુસ્તે મતાબુદ્ધિર્જનાર્દન ।
તત્કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ ॥૧॥
વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયસીવ મે ।
તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયો હમાપ્નુયામ્ ॥૨॥

### શ્રીભગવાનુવાચ-

લોકેસ્મિન્ દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ ।
જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્ ॥૩॥
ન કર્મણામનારંભાન્ નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।
ન ચ સંન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥૪॥
ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।
કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ॥૫॥
કર્મેંદ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।
ઇંદ્રિયાર્થાન્ વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥૬॥
યસ્ત્વિંદ્રિયાણિ મનસા નિયમ્યારભતેર્જુન ।
કર્મેંદ્રિયૈઃ કર્મયોગમ્ અસક્તઃ સ વિશિષ્યતે ॥૭॥
નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।
શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધયેદકર્મણઃ ॥૮॥
યજ્ઞાર્થાત્કર્મણોન્યત્ર લોકોયં કર્મબંધનઃ ।
તદર્થં કર્મ કૌંતેય મુક્તસંગઃ સમાચર ॥૯॥
સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।
અનેન પ્રસવિષ્યધ્વમ્ એષ વોસ્ત્વિષ્ટકામધુક્ ॥૧૦॥

દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયંતુ વઃ ।
પરસ્પરં ભાવયંતઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥૧૧॥
ઇષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યંતે યજ્ઞભાવિતાઃ ।
તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુંક્તે સ્તેન એવ સઃ ॥૧૨॥

યજ્ઞ શિષ્ટાશિનઃ સંતો મુચ્યંતે સર્વકિલ્બિષૈઃ ।
ભુંજતે તે ત્વઘં પાપા યે પચંત્યાત્મકારણાત્ ॥૧૩॥

અન્નાદ્ભવંતિ ભૂતાનિ પર્જન્યાદન્નસંભવઃ ।
યજ્ઞાદ્ ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥૧૪॥
કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષર સમુદ્ભવમ્ ।
તસ્માત્ સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ ॥૧૫॥

એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।
અઘાયુરિંદ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥૧૧॥
યસ્ત્વાત્મરતિરેવ સ્યાદ્આત્મતૃપ્તશ્ચ માનવઃ ।
આત્મન્યેવ ચ સંતુષ્ટસ્ તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧૭॥
નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।
ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ॥૧૮॥
તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર ।
અસક્તો હ્યાચરન્ કર્મ પરમાપ્નોતિ પૂરુષઃ ॥૧૯॥
કર્મણૈવ હિ સંસિદ્ધિમ્ આસ્થિતા જનકાદયઃ ।
લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ ॥૨૦॥

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્ તત્તદેવેતરો જનઃ ।
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥૨૧॥
ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥૨૨॥

યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતંદ્રિતઃ ।
મમ વર્ત્માનુવર્તંતે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૨૩॥
ઉત્સાદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।
સંકરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥૨૪॥
સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વંતિ ભારત ।
કુર્યાદ્વિદ્વાંસ્તથાસક્તસ્ ચિકીર્ષુર્લોકસંગ્રહમ્ ॥૨૫॥
ન બુદ્ધિભેદં જનયેદ્ અજ્ઞાનાં કર્મસંગિનામ્ ।
જોષયેત્ સર્વ કર્માણિ વિદ્વાન્ યુક્તઃ સમાચરન ॥૨૬॥
પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।
અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥૨૭॥
તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।
ગુણા ગુણેષુ વર્તન્ત ઇતિ મત્વા ન સજ્જતે ॥૨૮॥
પ્રકૃતેર્ગુણસંમૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ ।
તાનકૃત્સ્નવિદો મંદાન્ કૃત્સ્નવિન્ન વિચાલયેત્ ॥૨૯॥
મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥૩૦॥
યે મે મતમિદં નિત્યમ્ અનુતિષ્ઠંતિ માનવાઃ ।
શ્રદ્ધાવંતોનસૂયંતો મુચ્યંતે તેપિ કર્મભિઃ ॥૩૧॥
યે ત્વેતદભ્યસૂયંતો નાનુતિષ્ઠંતિ મે મતમ્ ।
સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્ વિદ્ધિ નષ્ટાનચેતસઃ ॥૩૨॥
સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।
પ્રકૃતિં યાંતિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥૩૩॥
ઇંદ્રિયસ્યેંદ્રિયસ્યાર્થે રાગદ્વેષૌવ્યવસ્થિતૌ ।
તયોર્ન વશમાગચ્છેત્ તૌ હ્યસ્ય પરિપંથિનૌ ॥૩૪॥

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેય : પરધર્મો ભયાવહ : ॥૩૫॥

અર્જુન ઉવાચ ।

અથ કેન પ્રયુક્તોયં પાપં ચરતિ પુરુષ : ।
અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિત : ॥૩૬॥

શ્રી ભગવાનુવાચ ।

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવ : ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમિહ વૈરિણમ્ ॥૩૭॥

ધૂમેનાવ્રિયતે વહ્નિર્ યથાદર્શો મલેન ચ ।
યથોલ્બેનાવૃતો ગર્ભસ્ તથા તેનેદમાવૃતમ્ ॥૩૮॥

આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।
કામરૂપેણ કૌંતેય દુષ્પૂરેણાનલેન ચ ॥૩૯॥

ઇંદ્રિયાણિ મનો બુદ્ધિર્અસ્યાધિષ્ઠાનમુચ્યતે ।
એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥૪૦॥

તસ્માત્ ત્વમિંદ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।
પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ ॥૪૧॥

ઇંદ્રિયાણિ પરાણ્યાહુર્ ઇંદ્રિયેભ્યઃ પરં મનઃ ।
મનસસ્તુ પરાબુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥૪૨॥

એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।
જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ॥૪૩॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મયોગો નામ તૃતીયોધ્યાયઃ ॥૩॥

## બોધપાઠ ૨જો કર્મયોગ

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને બીજા પાઠમાં કર્મનો ઉપદેશ આપ્યો. કર્મ એટલે કરવું. શું કરવું? જ્ઞાન પ્રાપ્ત કરવામાં ચિત્ત અન્તઃકરણને શુદ્ધ કરનારા કર્મ કરવાં તે કર્મ કયા? ફળની આશાથી જો કાર્ય કરવામાં આવે તો અન્તઃકરણ વધારે મલીન થાય છે. માટે ફળની ઇચ્છા ન રાખી જો કર્મ કરવામાં આવે તો તે કાર્યો અન્તઃકરણને સ્વચ્છ કરી શકે માટે અન્તઃકરણને સ્વચ્છ કરનારા નિષ્કામ કર્મો કરવા. નિષ્કામ કર્મ. કર્મ એટલે કર્મ કાર્ય અને નિષ્કામ એટલે ફળ વગરના. ફળની ઈચ્છા રાખવા વિના જે કર્મ કરવામાં આવે તે બધાં નિષ્કામ કર્મ કહેવાય છે.

ભગવાને અર્જુનને પહેલા પાઠમાં શરીર અને આત્મા એ બે એકબીજાથી જુદા છે. શરીર નાશવંત છે વિકારી છે જડ છે જ્ઞાન વગરનું છે. પરાધીન છે જ્યારે આત્મા અવિનાશી છે. નિર્વિકાર છે. ચેતન છે અને સ્વતંત્ર છે જ્ઞાનવાન છે. એ પ્રમાણે સમજાવી જ્ઞાનનો ઉપદેશ ભણાવ્યો અને પાછળથી પોતાનો ધર્મ પાલન કરવા કહ્યું. નિષ્કામ કર્મ કરવા કહ્યું ત્યારે અર્જુને વિચાર કર્યો. કર્મ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે કર્મ કરવામાં ઘણી હિંસા થાય ઘણી સામગ્રી જોઈએ કડાકુટ ઘણી. અને જ્ઞાનમાં હિંસા નહિ અને કડાકુટ નહી માટે જ્ઞાન મેળવવું એ સારૂં એમ સમજી અર્જુને ભગવાનને કહ્યું હે ભગવન્ કર્મ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે તો પછી મને કર્મ કરવા માટે કેમ આગ્રહ કરો છો? ત્યારે ભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન આ સંસારમાં મનુષ્યો જુદા જુદા સ્વભાવના છે. કોઈને તીખા પદાર્થ ઉપર પ્રીતિ તો કોઈને ખટાશ ઉપર

પ્રીતિ તો કોઇને ગળપણ ઉપર પ્રીતિ. તેજ પ્રમાણે કોઇનું અન્તઃકરણ શુદ્ધ થયું હોય તો તે મનુષ્યને જ્ઞાન ઉપર પ્રીતિ હોય છે અને તે જ્ઞાનમાર્ગ સ્વીકારે છે. જ્યારે કોઇનું અન્તઃકરણ શુદ્ધ ન થયું હોય તો તેને કર્મ કરવામાં પ્રીતિ ઉપજે છે અને કર્મ માર્ગ સ્વીકારે છે અને કોઈ મનુષ્ય ચિત્તને એકાગ્ર કરવા ભક્તિ અથવા ઉપાસના માર્ગને સ્વીકારે છે જ્ઞાનનો આધાર ચિત્તની શુદ્ધિ ઉપર છે કોઇપણ પ્રકારનું કર્મ અનુષ્ઠાન કરવામાં ન આવે કર્મ તજી દઇ હાથ જોડી બેસી રહે તો તેથી જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી હે અર્જુન હવે તમે કર્મની વ્યાખ્યાનો વિચાર કરો. કર્મ એટલે કરવું. શું કરવું ? હું બોલું એ પણ એક પ્રકારનું કર્મ હું લખું એ પણ કર્મ તમે સાંભળો એ પણ કર્મ તે જુએ. તે પણ કર્મ, કોઈ રડે તે પણ કર્મ, કોઈ હસે તે પણ કર્મ, કોઈ ચાલે તે પણ કર્મ, કોઈ ગાયન કરે તે પણ કર્મ, કોઈ ખાય તે પણ કર્મ, કોઇ ઊંઘે છે તે પણ કર્મ અને કોઇ મુગા મૌન ધારણ કરી હાથપગ જોડી કેવળ બેસી રહે તે પણ કર્મ, કોઈ મનોરાજ્ય કરે તે પણ કર્મ. આ સંસારમાં કોઈપણ મનુષ્ય કર્મ વિનાનો જોવામાં આવતો નથી. કર્મ બે પ્રકારના: ૧ શરીરની હીલચાલ કરવામાં આવે છે તે શારીર કર્મ કહેવાય, અને ૨ બીજું મનમાં અનેક પ્રકારના તરંગો, વિચારો મનોરાજ્ય ચાલે છે છે માનસ કર્મ. કોઈ મનુષ્ય શરીરથી કર્મ કરે છે, જ્યારે કોઈ મનુષ્ય મનન વ્યાપાર ચલાવે છે, તો પણ કર્મ તો ખરૂં. એટલે કર્મ વિનાનો કોઈ મનુષ્ય નથી. કોઈ મનુષ્ય મૌન ધારણ કરી ઉપરથી શરીરની તમામ હીલચાલ છોડી દે અને અને અદપ પલાઠી વાળી

મૌની બાવા બની અને બેસે. મનથી લોકોને ઠગવાને વિચાર ચલાવે તો તેને દંભી સમજવો જોઇએ. તેથી અધોગતિ થાય. આ રીતે દંભી થવું અથવા ઢોંગ કરવા એ કુંઈ કલ્યાણકારક નથી. આ પ્રાણુ આખી જીન્દગી સુધી વ્યાવહારિક કર્મો કર્યા કરે તો તેથી શું ફાયદો? કુંઈજ નહી. આવાં લૌકિક કર્મોથી કલ્યાણુ નથી, ઉન્નતિ નથી પણુ અધોગતિ થાય છે. ત્યારે કર્મની વ્યાખ્યા શું? જે કર્મો કરવાથી અન્તઃકરણુની શુદ્ધિ થઈ આત્મલાભ થાય તેવાં નિષ્કામ કર્મો એજ કર્મ ગણાય છે. તેવાં કર્મો કરવા જોઇએ કે જેથી ચિત્તની શુદ્ધિ થઈ શકે. જે માણુસે ઇન્દ્રિયોને વશ કરી મનને જીત્યું ફળની ઈચ્છા ન રાખી અને કેવળ કૃષ્ણુાર્પણુ બુદ્ધિથી કર્મ કરે છે તો તે ઉત્તમ કહેવાય છે તે દંભી કહેવાતો નથી, ઢોંગી કહેવાતો નથી, તે પરીપૂર્ણ જ્ઞાનનો અધિકારી બને છે માટે હે અર્જુન ફળની ઈચ્છા ન રાખી ઈશ્વરાર્પણુ બુદ્ધિથી કર્મ કરવા તૈયાર થા પોતાના ધર્મનું પાલન કર આસક્તિ તજી દે. બ્રહ્મદેવે સૃષ્ટિ સરજી ત્યારથી લોકોના કલ્યાણુને માટે કર્મો પણુ સરજ્યાં. તમામ પ્રજાને આજ્ઞા કરી કે તમારે અવશ્ય કર્મ કરવા. સરજેલી વસ્તુમાંથી દેવોને બલિદાન અર્પણુ કરવાં અને દેવોને પ્રસન્ન કરવા. તેથી પ્રસન્ન થયેલા દેવો તમારા મનોરથો પૂર્ણ કરશે. જો તમે મનુષ્યો અને દેવો પરસ્પરની કલ્યાણુની ઈચ્છા રાખશો તો પરસ્પરનું ઉત્તમ કલ્યાણુ થશે અને ઉત્તમ પ્રકારનું કલ્યાણુ મેળવશો અને જો તમે દેવોને સરજેલા પદાર્થો આપ્યા સિવાય ઉપભોગ કરશો અને દેવોને ઠગશો તો તમારા મનોરથો પૂર્ણ થશે નહીં. ઇશ્વરની સરજેલી વસ્તુ ઇશ્વરને અર્પણુ કર્યા સિવાય જો ઉપભોગ કરશો તો

જરૂર ચોર ગણાશો. કોઈપણ દિવસ સુખ મળશે નહી. દુઃખી થશો. શ્રીકૃષ્ણભગવાને આ ઠેકાણે અર્જુનના બહાનાથી મનુષ્યને પરસ્પર કલ્યાણની ભાવના કેળવવાને ઉપદેશ આપ્યો. ભાવના એટલે વિચાર. ભાવના એટલે ઇચ્છા. ભાવના એટલે કલ્પના. ભાવનાના અનેક અર્થો છે. ભાવના ત્રણ પ્રકારની છે. ૧ દૈવી ભાવના. ૨ કૂટ ભાવના. ૩ આસૂરી ભાવના.

દૈવી ભાવના એટલે પરસ્પરની કલ્યાણ ભાવના. જ્યારે જ્યારે રામચંદ્રજી રાજ્ય કરતા હતા તે વખતે પ્રજામાં કોઈ પણ આધિવ્યાધિ ઉપાધિઓ ન હતી. અને રાજા પ્રજા સુખી હતા. રસ્તામાં પડેલી વસ્તુ પણ કોઈ લેતું નહીં અને તે વસ્તુ તેના માલીકને મળતી એવી સ્થિતિ હતી. તેનું કારણ એજ કે પ્રજા તથા રાજાનો એવો સંબન્ધ હતો કે એકબીજાના કલ્યાણમાં રાજી હતા તેથી અનુપમ સુખ ભોગવતા. તેવી સ્થિતિ જો કોઇ સ્થાને જોવામાં આવે તો "આ તો રામરાજ્ય છે" એમ હજી પણ કહેવામાં આવે છે. પૂર્વમાં બ્રાહ્મણ તથા યજમાનોની પણ તેવીજ સ્થિતિ હતી. બ્રાહ્મણ નિર્લોભી હતા. પોતાના કર્મમાં રહી પવિત્ર જીવન ગુજારતા. યજમાનોનું કલ્યાણ ચાહતા. યજમાન કદાચ નિર્ધન હોય તોપણ તેનું કર્મ પરિપૂર્ણ થતું હતું અને યજમાન પણ બ્રાહ્મણનું સુખ કલ્યાણ ઇચ્છતા. પ્રસંગે તેના કાર્યોમાં મદદ કરતાં અને તેના તરફ પૂજ્યભાવ ધરાવતા અને માન આપતા, અને મનુષ્યોમાં પણ પરસ્પર એવી ભાવના હતી. મનુષ્યો પણ પ્રસંગે એક-બીજાને મદદ કરતા. આપતા લેતા. ઉછીનું પણ આપવા લેવાનો વ્યવહાર એવો ચાલતો કે કોઇને માલમ પડતું નહીં અને આનંદમાં પ્રસંગો ઉજવાતા અને સુખી રહેતા.

ધીમે ધીમે કલ્યાણભાવના ફેરવાતી ગઈ અને કૂટભાવના દાખલ થવા લાગી. કૂટભાવના એટલે રંકથી રાજા સુધી ચાહે બ્રાહ્મણયજમાનનો સંબન્ધ હોય કે ચાહે મૈત્રી સંબન્ધ હોય કે ચાહે સગપણસંબન્ધ હોય તોપણ કપટવૃત્તિ દાખલ થઈ. આસુરીભાવના એટલે નાશભાવના. આધુનિક સમયમાં વાતાવરણ જોતાં અનુવમાં આવે છે કે નાશભાવનાએ પોતાનું સામ્રાજ્ય ફેરવ્યું. મનુષ્યમાં સ્વાર્થ દાખલ થયો. સ્વાર્થમાં અન્ધ બની સાથે બેઠેલાને પણ મારવામાં જરા ભય પામતાં નથી. ધર્મનો બીલકુલ ઉચ્છેદ થવા લાગ્યો. ચારે તરફ એકતા ચાલી. લક્ષ્મીનો લોભ વળગ્યો. પૈસા માટે જુઠું, પૈસા માટે દંભ પૈસા માટે ઢોંગ, પૈસા માટે તપ, પૈસા માટે જરાજરામાં વેર લડાઈ મારામારી અને નાશ. નર્મદાશંકરના નર્મગદ્યમાં લખેલા સુધારાનું પરિણામ આજે અનુભવમાં જણાય છે. કવિના વચન છે કે પહેલા સુધારો સુધારો થયો તેની પાછળ મોજમઝાહ. મોજમઝાહ ચાલી એટલે અનીતિ વધી અને અનીતિ વધવા લાગી એટલે છેવટે વિનાશ. પ્રાતઃસ્મરણીય કવિ નર્મદાશંકરજીના વચનામૃતનો ચિતાર ચારેતરફ પસરી રહ્યો છે. આજે આ જમાનામાં શ્રીકૃષ્ણ ભગવાનના ઉપદેશ ઉપર કોણ ધ્યાન આપે આ સંસારની ક્ષણિક મોજમઝાહમાં કલ્યાણ નથી. સુખ નથી આત્મલાભ નથી જીન્દગીભર આવાં મોજમઝાહરૂપી કર્મો કરીયે તો વિનાશજ છે. જે કર્મો કરવાથી ભાવી પણ બગડે તો તેવાં કર્મોથી શું લાભ? શ્રીકૃષ્ણ ભગવાને ઉપદેશ આપી સમજાવ્યું કે ભાવના સુધારો જેવી ભાવના તે પ્રમાણે ક્રિયા જે પ્રમાણે ક્રિયા કરીયે તે પ્રમાણે તેના સંસ્કાર અને જેવો સંસ્કાર તે પ્રમાણે સ્વભાવ અને જેવો સ્વભાવ તેજ પ્રમાણે

ભાવના ઉત્પન્ન થાય અને જેવી ભાવના તે પ્રમાણુ કર્મ કરવામાં આવે છે. આ પ્રમાણે ભાવનાનું ચક્ર સદા ચાલ્યાજ કરે છે. માટે ભાવના સુધારો અને જેથી ચિત્ત શુદ્ધ થાય આત્મલાભ થાય તેવા કર્મ કરો બ્રહ્મદેવની આજ્ઞા માનો ઈશ્વરની સરજેલી વસ્તુ ઈશ્વરને અર્પણ કરી કલ્યાણુ પ્રાપ્ત કરો. હે અર્જુન અક્ષરબ્રહ્મથી વેદ ઉત્પન્ન થયા, વેદમંત્રોદ્વારા બ્રાહ્મણોએ કર્મની શરૂઆત કરી તેમાંથી યજ્ઞનારાયણરૂપી ધર્મ થયો તેથી વરસાદ આવે. વરસાદથી અન્ન પાકે તેથી તમામ પ્રાણી જીવે છે. ઉત્પન્ન થાય છે હે અર્જુન યજ્ઞમાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મની સ્થિતિ છે યજ્ઞ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. પ્રાણીઓના કલ્યાણુ માટે ઈશ્વરે કર્મ ચક્ર ચલાવ્યું છે જે મનુષ્ય ઈશ્વરની આજ્ઞા માને નહિ નિષ્કામ કર્મ ન કરે કર્મને તજી ખાઈપી એશ-આરામ ભોગવ્યા કરે તો તે જીવન પાપી છે નકામું છે. એવી રીતે જીવન ગુજારવાથી અધોગતિ થાય છે મોક્ષની પ્રાપ્તિ થતી નથી. હે અર્જુન જેઓ જ્ઞાની છે જેઓને આત્મસાક્ષાત્કાર થયો છે જેઓને આ સંસારમાં કંઈ કરવાનું નથી તેવા જીવન્મુક્તો જનકાદિક રાજાઓએ પણુ પોતાના કર્મ તજ્યા નથી તેઓએ પણુ કર્મ કર્યું. અન્તઃકરણુ સ્વચ્છ બનાવ્યું અને જ્ઞાન મેળવી મોક્ષરૂપી સિદ્ધિ મેળવી અને સંસારમાં જીવન્મુક્ત સિદ્ધ થયા હે અર્જુન મારા તરફ ધ્યાન આપ હું જગતનો નાથ છું ઈશ્વર છું મને આ સંસારમાં કાંઈપણુ કરવાનું રહ્યું નથી તો પણુ હું સદા કર્મ કરૂં છું. મેં કર્મ તજ્યું નથી. જો હું કર્મ ન કરૂં, કર્મ તજી દઉં તો લોકો મારો ધડો લઈ કર્મ તજે. શ્રેષ્ઠ માણુસ જેવું આચરણુ કરે તે પ્રમાણે બીજા લોકો પણુ તેનું જોઈ તે રસ્તો પકડે છે માટે સદા સારા માણુસોએ લોકોને

સારે રસ્તે લઈ જવા સારા કર્મ કરવા સદ્ધર્મને પાળવા સારૂં વર્તન રાખવું. એ નીતિ છે. માટે મેં પણ કર્મ તજ્યા નથી. જો હું કર્મ તજું તો મારૂં જોઈ લોકો કર્મ માર્ગને તજે તો પછી નીતિ ન્યાય સદાચાર ધર્મનો નાશ થતાં વર્ણસંકર પ્રજા થાય. મર્યાદા તૂટે અને અન્તે પ્રજાનો નાશ થાય તે તમામનું પાપ મારે શીર આવે, પ્રજાના નાશનું કારણ હું બનું. ત્યારે પ્રજાનો નાશ ન થાય, મર્યાદા રહે તેથી લોકોને સન્માર્ગે દોરવવા હું પણ સદા કર્મ માર્ગમાં રહું છું. તેજ પ્રમાણે લોકોને સન્માર્ગે દોરવવા હે અર્જુન તારે પણ સદા કર્મ કરવાં જોઇએ; માટે ફળની ઇચ્છા તજી દઈ કર્મ માર્ગને સ્વીકાર અને પોતાનો ધર્મ પાલન કર. હે અર્જુન જે માણસો અજ્ઞાની છે, ફળની ઇચ્છા રાખે છે તેને પણ કર્મ માર્ગમાંજોડવાને વિદ્વાન મનુષ્યએ પ્રયત્ન કરવો જોઇએ અજ્ઞાની મનુષ્યની બુદ્ધિને જ્ઞાનનો ઉપદેશ આપી ભમાવવી નહીં. પણ કર્મ માર્ગમાં જોડવા, ભલે તેઓ ફળની ઈચ્છા રાખી કર્મ કરે તો પણ હાની નથી હે અર્જુન જેઓ મારી આજ્ઞાને માનશે નહિ તેઓ અધોગતિ પામશે, અને જેઓ મારી આજ્ઞા માની કાર્ય કરશે તો જરૂર આ સંસારબંધનમાંથી મુક્ત થશે. એમાં સંશય નથી બીજાનો ધર્મ ગમે તેવો ઉપરથી સુન્દર જણાય તો પણ તે આપણે માટે હાનિકરતા છે આપણે પોતાને માટે પોતાનો ધર્મ છે તે કલ્યાણકારી છે પોતાનો ધર્મ પાળતા કદાચ મરણ નીપજે તો પણ મનુષ્યનું કલ્યાણ થાય છે. હે અર્જુન, તમામ પ્રકારના પાપનું મૂળ કામ અથવા ક્રોધ છે. કામ એટલે કામના અથવા ઈચ્છા. અને ઈચ્છા પૂરી ન પડવાથી જે મનમાં આવેશ અથવા ઝેર

ઉત્પન્ન થાય છે તે ક્રોધ. કામ અથવા ક્રોધ એ મનુષ્યનો કટ્ટો વેરી સમજવો. એ કામના ત્રણ ઠેકાણે નિવાસ કરી રહી છે. એના રહેવાના ઠેકાણા ત્રણ છે-ઇંદ્રિય, મન અને બુદ્ધિ. કામના ઇંદ્રિયમાં રહેલી છે કામના મનમાં અને બુદ્ધિમાં પણ રહે છે. એ કામનારૂપી શત્રુને જીતવાને માટે તેના રહેવાના ત્રણે સ્થાનો ઘેરી લેવા જોઇએ. પહેલા ઇંદ્રિયને જીતવી, મનને ધીમે ધીમે વશ કરવું, અને બુદ્ધિને સ્થિર કરવી અને કામનાનો નાશ કરવો અને સાથે વિચાર કરવો કે કે મારૂં કલ્યાણ શેમા છે? મને મોક્ષ પુરૂષાર્થની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય? હું સંસાર બન્ધનમાંથી કેવી રીતે છુટું? શું દેહનું લાલન પાલન રક્ષણ કરૂં તેથી મારૂં કલ્યાણ છે? શું ઇન્દ્રિયોને આધીન બની ઇન્દ્રિયસુખ ભોગવવું તેથી મારૂં કલ્યાણ છે? એટલે કલ્યાણનો વિચાર ચલાવવો અને કઈ વસ્તુનું જ્ઞાન મેળવવાથી મુક્ત થવાય એ વસ્તુ શોધવાને પ્રયત્ન કરવો આ શરીર જડ છે સ્થૂલ છે તેના કરતાં ઇન્દ્રિય શ્રેષ્ઠ છે કારણ કે તે સૂક્ષ્મ છે વિષયને ગ્રહણ કરનારી છે પછી ઇન્દ્રિયોમાં શ્રેષ્ઠ કોણ છે તેનો વિચાર કરવો. ઇન્દ્રિયોમાં મન શ્રેષ્ઠ છે કારણ કે મન ઇન્દ્રિયને ચલાવનારૂં છે મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે કારણ કે મન સંકલ્પ કરનારૂં છે પણ બુદ્ધિ નિશ્ચય કરનારી છે માટે તે શ્રેષ્ઠ છે અને બુદ્ધિ કરતાં પણ તેની પાછળ પ્રકાશ કરનાર ચૈતન્ય આત્મ તત્વ શ્રેષ્ઠ વસ્તુ છે અને તેને જાણવાથી જ મનુષ્યને કલ્યાણની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે વિચાર કરવો હે અર્જુન એ પ્રમાણે વિચાર કરી ઇન્દ્રિયને જીતી લે મન વશ કર અને દુષ્ટ કામનાનો નાશ કરવા તૈયાર થા કામના એજ જ્ઞાનમાં બાધક દુષ્ટ શત્રુ

છે. કામના કોઈપણ દિવસ ધરાતીજ નથી. અને કામનાથી જ્ઞાન ઢંકાયલું રહે છે માટે કામનાનો નાશ કરવો જોઈએ.

## ફળ ૩ જું.

## પ્રેતજાતિમાંથી મુક્તિ, નરકમાં ગયેલા પૂર્વજોનો ઉદ્ધાર અને વિષ્ણુ લોકની પ્રાપ્તિ.

શ્રી નારાયણ ભગવાને કહ્યું હે લક્ષ્મીજી હવે ગીતાના ત્રીજા અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો. હે દેવી ગોદાવરી નદીના કીનારા ઉપર એક શહેર હતું. કૌશિક વંશમાં ઉત્પન્ન થયેલો એક બ્રાહ્મણ ત્યાં રહેતો હતો તેનું નામ જડ હતું. તેની બુદ્ધિ પણ જડ હતી તેણે પોતાના બ્રાહ્મણકર્મ તજી દીધાં હતા અને વૈશ્યવૃત્તિ એટલે વેપારધંધો રોજગાર કરતો હતો. તેમાંથી જે ધન મળતું તેથી પોતાના કુટુંબનું પોષણ કરતા હતા છેવટે અનાચારી થયા. ધન બધું નાશ પામ્યું, જુગાર ખેલવા લાગ્યા, પામર બન્યા ચોરી કરવા લાગ્યા, એક દિવસે યજ્ઞયાગાદિ કાર્ય કરનાર પવિત્ર ગૃહસ્થને ત્યાંથી ચોરી કરી જડ નામના બ્રાહ્મણે ઘણું ધન ભેગું કર્યું અને તે પૈસાથી વેપાર કરવા ઉત્તર દિશા તરફ ચાલી નિકળ્યા ત્યાંથી કસ્તુરી અગરૂ સ્વચ્છ ચામર વગેરે લઈ પાછા આવતા હતા. માર્ગમાં આવતાં સાંઝ પડી, સૂર્ય અસ્ત પામ્યો, ચારે તરફ અંધારૂં છવાયું. એક ઝાડીમાં આવી પહોંચ્યા. ત્યાં બીજા ચોરો મળ્યા તે ચોરોએ આ જડ નામના વટેમાર્ગુને જોયો તેથી તેને પકડયો. તેની પાસે જે દ્રવ્ય હતું તે બધુ લુંટી લીધું. તેને મારી નાંખ્યો. આ જડ નામનો બ્રાહ્મણ ભયંકર પ્રેત

થયો. અને વનમાં ફરવા લાગ્યો એ બ્રાહ્મણને એક છોકરો હતો તે ધીમે ધીમે ધાર્મિક વિદ્વાન થયો હતો. પિતા હજી કેમ આવ્યા નહિ એ પ્રમાણે ચિન્તા કરવા લાગ્યો, આખરે શોધવા નીકળ્યો, પિતાનું શું થયું એ કંઈ ખબર પડી નહીં. છેવટે કોઈક યાત્રાળુ તરફથી પિતાના મરણની ખબર મળી. તેથી શોક કરવા લાગ્યો અને તેની શ્રાદ્ધાદિ ક્રિયા કરવા માટે કાશી જવાનો વિચાર કર્યો. કાશી જવા નીકળ્યો. રસ્તામાં સાત આઠ દિવસ વિતિ ગયા ત્યારબાદ જે ઠેકાણે પિતાનો નાશ થયો હતો તે ઠેકાણે બ્રાહ્મણ પુત્ર આવી પહોચ્યો. આ બ્રાહ્મણ પુત્ર જે ઝાડ તળે પોતાના પિતા મરણ પામ્યા હતા તે ઝાડ તળે સ્નાન કર્યા પછી સન્ધ્યા કાર્ય કરવા બેઠા, સન્ધ્યા કરી સૂર્યને નમસ્કાર કર્યા ગીતાનો પાઠ શરૂ કર્યો. જ્યાં ગીતાના ત્રીજા અધ્યાયની શરૂઆત થઈ એટલામાં તો આકાશમાં ભયંકર અવાજ થયો. બ્રાહ્મણ ભય પામ્યા. પણ ઉપર આકાશમાં જોયું તો આકાશમાંથી સુન્દર વિમાન ઉતરતું જોયું. પોતાના પિતાને જોયા. અપ્સરાઓ વિમાનમાં બેઠેલા પિતાની સેવા કરતી હતી, પિતાને જોઈ પુત્રે પ્રણામ કર્યા અને આશ્ચર્યકારક બનાવનું કારણ પુછયું ત્યારે પિતાએ કહ્યું હે પુત્ર મારા પાપ કર્મને લઈ હું દુર્ગતિમાં હતો પણ ગીતાના ત્રીજા અધ્યાયનો પાઠ તેં શરૂ કર્યો એટલે હું દુર્ગતિમાંથી છુટયો મારા પાપ બળી ગયા. નાશ પામ્યા પવિત્ર બન્યો અને દિવ્યરૂપ ધારણ કરી આવેલા વિમાનમાં બેઠો હે પુત્ર જેને માટે તું કાશી જવા ધારતો હતો તે કાર્ય અહીંજ સિદ્ધ થઈ ચુકયું છે માટે પાછો તું ઘર તરફ જા. આ સાંભળી પુત્રએ કહ્યું હે પિતાજી મારૂં કલ્યાણ થાય તેવો ઉપદેશ આપો ત્યારે

પિતાએ કહ્યું હે પુત્ર મારો ભાઈ પણ પાપી હતો. અને બીજા પૂર્વજો પણ પાપી હતા અને તેના પાપ કર્મને લઈ તેઓ નરકમાં ગયા છે, ત્યાંના દુઃખો ભોગવી રહ્યા છે તો હે પુત્ર તેમનો પણ તું ઉદ્ધાર કર. એવી મારી ઈચ્છા છે. પુત્રએ હાથ જોડી કહ્યું હે પિતાજી, તેને નરકના દુઃખોમાંથી કેવી રીતે છૂટા કરવા, એ ઉપાય બતાવો. ત્યારે પિતાએ કહ્યું હે પુત્ર મને જેનાથી તેં મુકત કર્યો તેનુંજ તું અનુષ્ઠાન કર, અને જે પુણ્ય ઉત્પન્ન થાય તે પૂર્વજોને અર્પણ કર, એટલે હું જે પ્રમાણે મુકત થયો તે પ્રમાણે તે પણ મુકત થશે. જ્યારે પિતાએ કહ્યું ત્યારે પુત્રએ તે કબુલ્યું. પિતાએ આશિર્વાદ આપ્યો અને વૈકુણ્ઠમાં ગયા પુત્ર પણ ઘર તરફ વળ્યો. ઘર તરફ આવ્યા બાદ પિતાએ જેમ કહ્યું હતું, તે પ્રમાણે ગીતાના ત્રીજા અધ્યાયનું અનુષ્ઠાન શરૂ કર્યું તેથી વિષ્ણુના દૂતો નરકમાં ગયેલા તેના પૂર્વજોને લેવા માટે યમસભામાં ગયા, યમરાજે વિષ્ણુદૂતોનો સત્કાર કર્યો અને આગમનનું કારણ પૂછ્યું. વિષ્ણુદૂતોએ તે કારણ જણાવ્યું. યમરાજાએ બ્રાહ્મણ પુત્રના પવિત્ર બનેલા પૂર્વજોને લાવી વિષ્ણુદૂતોની આગળ ઉભા રાખ્યા. તેઓએ વિષ્ણુદૂતોને નમસ્કાર કર્યા, અને વિષ્ણુદૂતોની સાથે વિમાનમાં બેઠા, અને વૈકુણ્ઠમાં ગયા. તેમની સાથે યમરાજા પણ ગયા, ત્યાં જઇ ભગવાનના દર્શન કર્યા અને સ્તુતિ કરી કહ્યું કે આપની આજ્ઞા પ્રમાણે આ લોકોને છૂટા કર્યા છે. એમ કહી ભગવાનની આજ્ઞા લઇ પોતાના કાર્ય માટે પાછા પોતાના સ્થાનમાં આવ્યા. આ પ્રમાણે ગીતાના ત્રીજા અધ્યાયના પાઠનું ફળ તમને કહી સંભળાવ્યું. હે દેવી જે માણસ ભકિત અને શ્રદ્ધાથી ગીતાના ત્રીજા અધ્યાયનો પાઠ કરે છે,

ભણે છે, ભણાવે છે અને તેના અર્થનો વિચાર કરે છે તો તેના નરકમાં ગયેલા પૂર્વજો પણ મુકત થાય છે અને પોતે પણ પણ પવિત્ર બની પાપમાંથી મુકત થઈ સદ્‌ગતિ પામે છે.

## અધ્યાય ૪

### શ્રી ભગવાનુવાચ ।

ઇમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્ ।
વિવસ્વાન્ મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવે બ્રવીત્ ॥૧॥
એવં પરંપરાપ્રાપ્તમ્ ઇમં રાજર્ષયો વિદુ : ।
સ કાલેનેહ મહતા યોગો નષ્ટ : પરંતપ ॥૨॥
સ એવાયં મયા તેદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ ।
ભક્તોસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ॥૩॥

### અર્જુન ઉવાચ ।

અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વત :
કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાનિતિ ॥૪॥

### શ્રી ભગવાનુવાચ ।

બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।
તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ॥૫॥
અજોપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોપિ સન્ ।
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥૬॥
યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૭॥
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥૮॥

જન્મ કર્મ ચ મે દિવ્યમ્એવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુન ॥૯॥
વીતરાગભયક્રોધા મન્મયા મામુપાશ્રિતા : ।
બહવો જ્ઞાનતપસા પૂતા મદ્ભાવમાગતા : ॥૧૦॥
યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યા : પાર્થ સર્વશ : ॥૧૧॥
કાક્ષન્ત : કર્મણા સિધિં યજન્ત ઈહ દેવતા : ॥
ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ભવતિ કર્મજા ॥૧૨॥
ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશ : ।
તસ્ય કર્તારમપિ માં વિદ્ધયકર્તારમવ્યયમ્ ॥૧૩॥
ન માં કર્માણિ લિંપન્તિ ન મે કર્મફલે સ્પૃહા ।
ઈતિ માં યોભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥૧૪॥
એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ ।
કુરૂ કર્મૈવ તસ્માત્ત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્ ॥૧૫॥
કિં કર્મ કિમકર્મેતિ કવયોપ્યયત્ર મોહિતાઃ ।
તત્તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેશુભાત્ ॥૧૬॥
કર્મણો હ્યપિ બોધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ।
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥૧૭॥
કર્મણ્યકર્મ યઃ પશ્યેદ્ અકર્મણિ ચ કર્મ યઃ ।
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥
યસ્ય સર્વે સમારંભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।
જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પંડિતં બુધાઃ ॥૧૯॥
ત્યક્ત્વા કર્મ ફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।
કર્મણ્યભિપ્રવૃત્તોપિ નૈવ કિંચિત્કરોતિ સઃ ॥૨૦॥

નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ ।
શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૨૧॥
યદૃચ્છાલાભસંતુષ્ટો દ્વંદ્વાતીતો વિમત્સરઃ ।
સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥૨૨॥

ગતસંગસ્ય મુકતસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।
યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવલિયતે ॥૨૩॥
બ્રહ્માર્પણં બ્રહ્મવિર્ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મ સમાધિના ॥૨૪॥

દૈવમેવાપરે યજ્ઞં યોગનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥૨૫॥
શ્રોત્રાદીનીંદ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્ય ઇંદ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥૨૬॥

સર્વાણીંદ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।
આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥૨૭॥
દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે ।
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥૨૮॥

અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણે પાનં તથાપરે ।
પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ॥૨૯॥
અપરે નિયતાહારાઃ પ્રાણાન્ પ્રાણેષુ જુહ્વતિ ।
સર્વેપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥૩૦॥
યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મસનાતનમ્ ।
નાયં લોકોસ્તિઅયજ્ઞસ્ય કુતોન્યઃ કુરુસત્તમ ॥૩૧॥
એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।
કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાન્ એવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ॥૩૨॥

શ્રેયાન્ દ્રવ્યમયાદ્યજ્ઞાજ્ જ્ઞાનયજ્ઞઃ પરંતપ ।
સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥૩૩॥

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યંતિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્ તત્ત્વદર્શિનઃ ॥૩૪॥

યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમ્ એવં યાસ્યસિ પાંડવ ।
યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ॥૩૫॥

અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ ।
સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સંતરિષ્યસિ ॥૩૬॥

યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ ભસ્મસાત્કુરુતેર્જુન ।
જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥૩૭॥

નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।
તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિંદતિ ॥૩૮॥

શ્રદ્ધાવાઁલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેંદ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમ્ અચિરેણાધિગચ્છતિ ॥૩૯॥

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥૪૦॥

યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।
આત્મવંતં ન કર્માણિ નિબધ્નંતિ ધનંજય ॥૪૧॥

તસ્માદજ્ઞાનસંભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ ।
છિત્વૈનં સંશયં યોગમ્ આતિષ્ઠોત્તિષ્ઠ ભારત ॥૪૨॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં
યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનવિભાગયોગ
નામ ચતુર્થોઽધ્યાયઃ ॥ ૪ ॥

## બોધપાઠ ૩જો કર્મબ્રહ્માર્પણયોગ

કર્મબ્રહ્માર્પણ એટલે શું? કર્મ-બ્રહ્મ-અર્પણ એ ત્રણ શબ્દો મળી એક શબ્દ થયો છે. એનો અર્થ જે કાર્યો કરીએ છીયે તે તમામ કાર્યો બ્રહ્મ એટલે ઈશ્વરને અર્પણ કરવા. એનું નામ કર્મ બ્રહ્માર્પણ. શ્રીકૃષ્ણાર્પણમસ્તુ શ્રીબ્રહ્માર્પણમસ્તુ-ઈશ્વરાર્પણમસ્તુ આ ત્રણમાંથી એક પ્રકારની ભાવના દૃઢ કરવી. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને બીજા પાઠમાં કર્મયોગનો ઉપદેશ આપ્યો. કર્મયોગ એ જ્ઞાનયોગનું સાધન છે. ફળની ઈચ્છા ન રાખી હમેશાં પોતાના ધાર્મિક કાર્યો કરીયે તો તેથી અન્તઃકરણ શુદ્ધ થાય છે અને અન્તઃકરણ સ્વચ્છ થયું ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે માટે જ્ઞાનયોગનું સાધન કર્મયોગ એ કઇ કલ્પિત નથી કોઈ મનુષ્યોએ નવો કલ્પના કરી અને રચ્યો નથી પણ ઇશ્વરથીજ પ્રાપ્ત થયો છે. ગુરૂ પરંપરાદ્વારા સંસારમાં ઉતર્યો છે હે અર્જુન એ કર્મયોગની પરંપરા શુદ્ધ છે હે અર્જુન હું જગતનો નાથ ઈશ્વર પહેલાં મેં કર્મયોગનો ઉપદેશ સૂર્યદેવને આપ્યો. સૂર્યદેવે આદિ મનુરાજાને આપ્યો અને આદિ મનુરાજાએ કર્મયોગનો ઉપદેશ ઈક્ષ્વાકુ રાજાને કહી સંભળાવ્યો. એમ ક્રમે ક્રમે પરંપરાથી ઋષિમુનિઓએ જાણ્યો, અને સંસારમાં ફેલાયો. કાળક્રમે એ કર્મયોગ નાશ પામ્યો છે જ્ઞાનનું સાધન કર્મયોગ સિવાય સંસારનું કલ્યાણ નથી. એમ સમજી હે અર્જુન તું મારો ભક્ત છે મિત્ર છે તેથી જગતના કલ્યાણને માટે કર્મયોગનું ઉત્તમ રહસ્ય ઉપદેશ આપી તને સમજાવું છું કે જેથી ધીમે ધીમે કર્મયોગનો ફેલાવો સંસારમાં થાય અને મનુષ્ય પોતાનું કલ્યાણ પ્રાપ્ત કરે, હે અર્જુન હું ઈશ્વર છું અજન્મા છું તોપણ ધર્મના રક્ષણ

માટે સાધુપુરૂષોના રક્ષણ માટે દુષ્ટોનો નાશ કરવા માટે માયાનો આશ્રય લઈ અવતાર ધારણ કરૂં છું અને ધર્મનો ફેલાવો કરૂં છું મનુષ્યો મારા સ્વસ્રૂપને જાણતા નથી. મારો જન્મ પણ અલૌકિક અને મારા કર્મો પણ અલૌકિક છે તેને કોઈ જાણતા નથી. પણ મારા જન્મ તથા કર્મોને સારી રીતે સમજી અને જાણે તો જરૂર સંસાર બંધનમાંથી છુટે ફરીથી તેને જન્મ લેવો પડતો નથી. આ સંસારની તમામ રચના મેં કરી છે. તથા તમામ વર્ણવ્યવસ્થા પણ મેં કરી છે કે જેથી હે અર્જુન સંસારની મર્યાદા જળવાય છે. જો વ્યવસ્થા ન હોય તો કાર્ય કેમ થઈ શકે. જો કોઈ સામાજીક કાર્ય કરવું હોય તો તેમાં પણ વ્યવસ્થાની જરૂર છે. તો પછી સંસાર રચનામાં વ્યવસ્થા કેમ ન હોઈ શકે? સંસારમાં પણ વ્યવસ્થા છે તેમાં કંઈ પણ ખામી નથી. લોકમાં કોઈપણ સભાનું કાર્ય કરવું હોય તો તેમાં ચાર વિભાગ રાખવામાં આવે છે. એક વિભાગ માર્ગદર્શક, બીજો રક્ષણકર્તા, ત્રીજો આર્થિક વ્યવસ્થા કરનાર, ચોથો સેવક વિભાગ. આ ચાર વિભાગ સિવાય સભાનું કામ વ્યવસ્થાસર ચાલે નહિ. માર્ગ-દર્શક એટલે પ્રમુખ. જેના ઉપદેશથી સભાનું કામ સારી રીતે ચાલે. રક્ષણકર્તા એટલે મંત્રી, કે જે તમામ પ્રકારના કાગળ હિસાબ કિતાબ વગેરે અન્તરંગ તમામ વ્યવસ્થા જાળવે છે આર્થિક વ્યવસ્થા કરનાર એટલે કોષાધ્યક્ષ જે નાણાં સંબંધી વ્યવસ્થા ચલાવે છે અને સેવક વિભાગ એટલે કાર્યવાહક મંડળ કે જે બહારના તમામ કાર્યોમાં મદદ કરે છે આ ચાર પ્રકારના દળથી સભાનું કાર્ય વ્યવસ્થાસર ચાલે છે. તેજ પ્રમાણે આ સંસાર પરમાત્માની એક મોટી સભા છે જેમાં વ્યવસ્થા જાળવવા માટે ચાર

વિભાગ રાખ્યા. ચાર વિભાગ એટલે ચાર વર્ણ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. માર્ગદર્શક પ્રમુખ, ઉપદેશક, શિક્ષણનું કાર્ય કરનાર તે બ્રાહ્મણ. બ્રાહ્મણોએ ધર્મોપદેશ કરવો અને કલ્યાણના માર્ગો બતાવવા. રક્ષણકર્તા જેઓ રક્ષણનું કાર્ય કરે છે, આવી પડેલા ઉપદ્રવ ભયમાંથી બચાવે છે તે ક્ષત્રિય, ક્ષત્રિયોએ પ્રજાનું ભયમાંથી રક્ષણ કરવું. આર્થિક વ્યવસ્થા કરનાર, જેઓ દ્રવ્યની નાણાની લેવડ દેવડ વ્યવસ્થા કરે છે, વેપાર ધંધા રોજગાર દ્વારા નાણા પૂરા પાડે છે તે વૈશ્ય. વૈશ્યોએ વેપાર ધંધા રોજગાર કરી નાણાં પૂરા પાડવા. અને સેવક વિભાગ એટલે કાર્યમાં મદદ કરનાર, સેવા કરનાર કાર્યવાહક મંડળ, તે શુદ્ર. શુદ્રો તમામ વર્ણની સેવા કરનાર છે. ઘર કામકાજમાં મદદ કરે છે. આ પ્રમાણે ચાર વર્ણોની વ્યવસ્થાથી સંસાર સભાનું કાર્ય વ્યવસ્થાસર ચાલે છે. માટે ચાર વર્ણોની આવશ્યકતા છે. એમાંથી એક પણ ઓછી હોય એટલે કે ત્રણ અથવા બે રાખવામાં આવે તો સંસારની વ્યવસ્થા બગડે. આજે તો સુધારો એવો ચાલ્યો છે કે તમામને એક કરો. સ્પર્શાસ્પર્શને કાઢી નાંખો, બધા એક થાઓ, આ વર્ણભેદ નકામાં છે. આવી ધાંધલ ચાલી રહી છે. એ પ્રલય અથવા પડતીના ચિન્હ છે. સત્વ રજ સ્તમસાં સામ્યાવસ્થા પ્રકૃતિ, પ્રકૃતિ એટલે ત્રણ ગુણની સમાન અવસ્થા ઓછાવત્તી થાય કે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. અર્થાત સમાનતા એ પ્રલયનું કારણ છે અને વિષમતા એ સૃષ્ટિનું વિકાસનું કારણ છે. ચંદ્ર સૂર્ય જુદા જુદા સ્વરૂપના છે તો વનસ્પતિઓને પોષણ વર્ધન ચાલુ રહે છે સ્ત્રી પુરૂષ બે જુદા સ્વરૂપના છે. તો સૃષ્ટિ વધે છે. એકલી સ્ત્રીઓ અથવા એકલા પુરૂષોજ રહે તો સૃષ્ટિ ક્રમ આગળ

વધે નહિ. નેગેટીવ પોઝેટીવ બે તાર જુદા જુદા તત્વના છે તો તેના સંયોગથી વિદ્યુત વિજળી પ્રકાશી રહી છે, જો બે તાર સમાન હોય તો વિજળી પ્રકાશે નહિ. ત્યારે આ સૃષ્ટિના વિકાસનું કારણ વિષમતાજ છે. પણ હવે સમાનતાનો વાયુ ચાલ્યો એટલે પ્રલય કાળના નગારા વાગવા લાગ્યા છે જે પ્રમાણે વર્ણ ચાર તેજ પ્રમાણે આશ્રમ પણ ચારેજ રાખવામાં આવ્યા છે ચારે આશ્રમમાં શિક્ષણનો અનુભવ લેવાનો છે એ કંઇ નકામ નથી. જે માણુસે પુરૂં શિક્ષણ લીધું નથી, અને તેને બી. એ.નો કલાસ લેવાને માટે કહેવામાં આવે, અથવા જે માણુસ મેટ્રીક પાસ થયો છે પણ હજુ અનુભવી નથી. તેને કોઈ ભારી કામ સોંપવામાં આવે અને કોલેજમાં દાખલ કરવામાં આવે તો તેઓથી કાર્ય થાય નહીં, અથવા કોલેજને ઉંધી વાળે. અર્થાત્ અમુક પ્રકારનું શિક્ષણ અનુભવ લઈ પછી મનુષ્ય તે કામને માટે લાયક બને છે. તેજ પ્રમાણે આપણા રૂષિ મુનિઓએ સો વર્ષના આયુષ્યના ચાર વિભાગ રાખ્યા, અને શિક્ષણ અનુભવ લેવા માટે ચાર આશ્રમની યોજના ઘડી-બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ, સંન્યાસ. પહેલાં બ્રહ્મચર્ય પાળવું, ગુરૂ ઘરને વિષે વાસ કરવો, વિર્ય શકિત જાળવવી. સહનશીલતા કેળવવી. શાસ્ત્રનું અધ્યયન કરવું અને પ્રવૃત્તિ માર્ગમાં કેવી રીતે રહેવું, ગૃહસ્થાશ્રમ કેવી રીતે નીભાવવો એ તમામ શિક્ષણ ગુરૂઘરમાં રહી કુટુંબીજનોના સહવાસથી મેળવું જોઈએ. એટલે ગૃહસ્થાશ્રમમાં જતાં એટલે પ્રવૃત્તિ માર્ગમાં દાખલ થતાં બ્રહ્મચર્યમાં પ્રાથમિક શિક્ષણ લેવું. માર્ગ બે પ્રકારના—એક પ્રવૃત્તિમાર્ગ બીજો નિવૃત્તિમાર્ગ. ગૃહસ્થાશ્રમ એટલે પ્રવૃત્તિમાર્ગ. ગૃહસ્થાશ્રમી

ગુરૂઓના ઘરમાં રહી જ્યારે બ્રહ્મચારી અધ્યન કરતાં પ્રાથમિક શિક્ષણ લે છે પછી પોતે ગૃહસ્થાશ્રમી બની તેનો અનુભવ કરે છે. ત્યારે બરોબર કેળવાય છે તેજ પ્રમાણે સંન્યાસ એટલે નિવૃત્તિમાર્ગ. નિવૃત્તિમાર્ગમાં જતાં પહેલાં વાનપ્રસ્થમાં એકાન્તવાસ. કુટુંબીજન ત્યાગ. સુખદુઃખ ટાઢ તડકો સહેવા આહાર તજવો, ફળફળાદિ ખાવા ઝુપડામાં જંગલમાં પડયા રહેવું વગેરેનો અભ્યાસ કરવો અને પછી સંન્યાસ આશ્રમમાં જઈ તેનો અનુભવ કરવો ત્યારે બ્રહ્મજ્ઞાન અને મુકિત મળે છે. આજના સુધારાના સમયમાં જ્યાં વર્ણોના ઠેકાણા નથી ત્યાં આશ્રમની વ્યવસ્થાની વાત શું કરવી? મોટી મોટી સંસ્થાઓમાં ભણવાના સમયમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ પરસ્પર પ્રેમ પાસમાં ફસાઈ ગૃહસ્થાશ્રમી બની જાય છે અને પોતાના જીવનને વગોવી નાંખે છે. આવા ઉદાહરણો આપણે સમાજમાં સાંભળીયે થીયે. એ શું આશ્રમ વ્યવસ્થા કહી શકાય? શ્રીકૃષ્ણ પ્રભુના વચન માનવા નથી. ઈશ્વરનો ભય રાખવો નથી, ઇશ્વરને માનવો નથી ઈશ્વરના પણ ઈશ્વર અને મહાત્માઓના પણ મહાત્મા બનવાને દાવો કરવો ઈશ્વરની વ્યવસ્થા તોડી મનમાની વ્યવસ્થા ઘડી ધર્મનો નાશ કરવો જ્યારે એવી સ્થિતિનું વાતાવરણ ફેલાયું હોય ત્યારે એમાં ઈશ્વરની ઇચ્છા એમ માન્યા સિવાય મનને શાન્તિ નથી. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ઉપદેશ આપી કહે છે હે અર્જુન સૃષ્ટિ રચના વર્ણવ્યવસ્થા આશ્રમવ્યવસ્થા મેં રચી છે તોપણ હું શાક્ષીરૂપે છું હું કંઈ કરતો નથી. કર્મના બાધ મને નથી તેમ કર્મના ફળની ઇચ્છા પણ નથી. સદા હુ અસંગ શાક્ષી નિર્વિકાર છું બુદ્ધિના ધર્મનો સંબન્ધ મને નથી જે માણુસ અસંગ શાક્ષીરૂપે રહેલા

અને સારી રીતે જાણે છે તે કર્મ કરવા છતાં કંઇ કરતો નથી તેમ કર્મના બન્ધન પણ નથી પૂર્વમાં જનકાદિક જીવન્મુક્તોએ પણ કર્મ કર્યા છે તેમ અન્તઃકરણની શુદ્ધિ માટે મુમુક્ષુએ પણ કર્મો કર્યા છે માટે હે અર્જુન તું પણ કર્મ કરવા તૈયાર થા. કર્મ તજવાં નહીં કર્મનું સ્વરૂપ ઘણું ઉંડું છે શું કરવું? અથવા શું ન કરવું? એ બાબતમાં રૂષિમુનિઓ પણ મોહ પામ્યા છે જેની અહુંતા નાશ પામી મમતા નાશ પામી. સર્વત્ર બ્રહ્મ દ્રષ્ટિ થઇ એવા જ્ઞાની માણસ પણ લોકના કલ્યાણને માટે કર્મ કરે છે તો પણ તે કર્મ લય પામે છે જ્ઞાનીઓના કર્મમાં જન્મ મરણ આપવાનું સામર્થ્ય નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં કર્મ તેના સાધન અગ્નિ–ઘી–તલ સરવો દર્ભ યજમાન વગેરે તમામ બ્રહ્મ સ્વરૂપ છે બ્રહ્મદૃષ્ટિથી કરેલું કાર્ય લોકોને સન્મર્ગે દોરવવા માટે છે તેમાં જન્મમરણ આપવાની શક્તિ રહેતી નથી. સર્વત્ર બ્રહ્મ દૃષ્ટિ થવી એજ જ્ઞાન. જ્ઞાનદૃષ્ટિથી કરેલું કાર્ય જ્ઞાનયજ્ઞ કહેવાય જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે જ્ઞાનીઓ સદા જ્ઞાન યજ્ઞ કરે છે. તેથી તેઓ સંસારમાંથી મુકત થાય છે. યજ્ઞો અનેક પ્રકારના છે પણ સર્વ પ્રકારના યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે અને તે સિવાયના બીજા યજ્ઞો અન્તઃકરણની શુદ્ધિ માટે છે હે અર્જુન યજ્ઞો બાર પ્રકારના છે ૧–દૈવયજ્ઞ ૨–બ્રહ્મ યજ્ઞ ૩–સંયમયજ્ઞ ૪–ઇન્દ્રિયયજ્ઞ ૫–ધ્યાનયજ્ઞ ૬–દ્રવ્યયજ્ઞ ૭–તપોયજ્ઞ ૮–યોગયજ્ઞ ૯–સ્વાધ્યાયયજ્ઞ ૧૦–જ્ઞાનયજ્ઞ ૧૧–પ્રાણાયામયજ્ઞ ૧૨–શોધનયજ્ઞ. આ પ્રમાણે બાર પ્રકારના યજ્ઞ છે.

૧ દૈવયજ્ઞ–જેમાં ઇંદ્રાદિ દેવોને આહૂતિ આપવામાં આવે છે તે દેવયજ્ઞ કહેવાય છે. આ યજ્ઞ નિષ્કામ કર્મયોગી અંતહઃકરણની શુદ્ધિ માટે છે.

૨ બ્રહ્મયજ્ઞ—જ્ઞાનીઓ સદા સર્વકાળ "અહંબ્રહ્માસ્મિ" આ પ્રમાણે બ્રહ્માનુસંધાન દ્વારા એકતા મેળવવાને જે પ્રયત્ન કરે છે તે બ્રહ્મયજ્ઞ આ યજ્ઞ જ્ઞાનીઓ માટે છે.

૩ સંયમયજ્ઞ—ધારણા—ધ્યાન—સમાધિ—આ ત્રણની એકતાને સંયમ કહે છે. નૈષ્ટિક બ્રહ્મચારીઓ ઇન્દ્રિયને રોકી સદા સંયમમાં સ્થિર રહે છે તેજ સંયમયજ્ઞ કહેવાય છે.

૪ ઇન્દ્રિયયજ્ઞ—ઇન્દ્રિયોને વિષય તરફ ન જવા દેતાં ઇન્દ્રિયોને આસક્તિરહિત બનાવવી તે ઇન્દ્રિયયજ્ઞ કહેવાય છે. ગૃહસ્થાશ્રમીઓએ સદા ઇન્દ્રિયયજ્ઞ કરવાનો છે અને એ યજ્ઞ કરનારા ગૃહસ્થાશ્રમીઓ વિષયભોગ સમયમાં પણ આસક્તિરહિત થઈ વિષયોને સેવે છે.

૫ ધ્યાનયજ્ઞ—(આત્મસંયમયજ્ઞ) ધ્યાન કરનારા મનુષ્યો ઇન્દ્રિયના તથા પ્રાણવાયુના તમામ વ્યાપારને રોકી મનની એકાગ્રતા સાધી જે ધ્યાન કરે છે તે ધ્યાનયજ્ઞ કહેવાય છે. આ યજ્ઞ હમેશાં ધ્યાન કરનારાઓનો છે.

૬ દ્રવ્યયજ્ઞ—જેમાં વ્યાવહારિક દ્રવ્યનો ત્યાગ કરવામાં આવે છે તે દ્રવ્યયજ્ઞ કહેવાય છે. વ્યાવહારિક દ્રવ્ય એટલે ધન, રૂપીયા, પૈસા, ગીની, અનાજ, વસ્ત્ર વગેરે તમામ. કોઈને દાન આપવું તે દ્રવ્યયજ્ઞ સામાજીક કાર્ય માટે જે પ્રયત્ન કરવો. વાવ, કુવા, તળાવ ખોદાવવા એ દ્રવ્યયજ્ઞ. ધર્મશાળા, દેવમંદિર, બાગબગીચા કરાવવા તે દ્રવ્યયજ્ઞ. કોઈને બ્રહ્મપુરી ઘર આપવું તે દ્રવ્યયજ્ઞ કોઈને અન્નદાન આપવું વસ્ત્ર પાત્રદાન વગેરે દાનો આપવા તે દ્રવ્યયજ્ઞ. આ યજ્ઞ ગૃહસ્થાશ્રમીઓનો અને ધનવાનોનો છે.

૭ તપોયજ્ઞ–શરીર અને મનના ઉપર કાબુ મેળવવા માટે કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિ વ્રતવ્રતાદિ જે કરવાં તે તપોયજ્ઞ. આ યજ્ઞ મુખ્ય કરીને વાનપ્રસ્થાશ્રમી એટલે વનવાસીઓને। છે.

૮ યોગયજ્ઞ–ચારેતરફ ભટકતી મનની વૃત્તિને રોકવી અને સમાધિ ચઢાવી બેસવું તે યોગયજ્ઞ કહેવાય. આ યજ્ઞ યોગીઓને। છે.

૯ સ્વાધ્યાયયજ્ઞ–વેદાદિ પવિત્ર શાસ્ત્રનું પાઠ પારાયણ મનન કરવું તે સ્વાધ્યાયયજ્ઞ કહેવાય. આ યજ્ઞ ગૃહસ્થાશ્રમીઓને। છે.

૧૦ જ્ઞાનયજ્ઞ–ઉપનિષદાદિ ગ્રન્થોનું અવલોકન કરવું વિચાર કરવો મનન કરવું જ્ઞાનપ્રાપ્તિને માટે જ્ઞાનના ગ્રન્થોની જે ચર્ચા કરવી તે જ્ઞાનયજ્ઞ કહેવાય. આ યજ્ઞ મુક્તિની ઈચ્છા કરનારા ગૃહસ્થાશ્રમી મુમુક્ષુજનોને। તથા ત્યાગીઓને। છે.

૧૧ પ્રાણાયામ યજ્ઞ–પ્રાણ અપાનની ગતિને રોકવી, અને રેચક પુરક કુંભક પ્રાણાયામો કરવા તે પ્રાણાયામ યજ્ઞ કહેવાય છે. આ યજ્ઞ પ્રાણાયામ કરનાર યોગીઓને। છે.

૧૨ શોધન યજ્ઞ–અલ્પ આહાર લઈ નિયમિત ગૃહસ્થાશ્રમમાં રહી નેતિ ધોતી બસ્તી વગેરે હઠયોગની ક્રીયાઓ કરી કફાદિ ધાતુને કાઢી નાંખી અન્દર જે શુદ્ધિ કરવી તે શોધન યજ્ઞ કહેવાય છે. આ યજ્ઞ હઠ યોગીને। છે.

આ બધા યજ્ઞોમાં જ્ઞાન યજ્ઞ શ્રેષ્ઠ છે. અને તે સિવાય બધા યજ્ઞો પાપનાશ કરી અન્તઃકરણ શુદ્ધ કરે છે. જે માણસ

આ યજ્ઞોમાંથી એક પણ યજ્ઞ કરતો નથી તો તેને આ લોકમાં પણ સુખ નહીં, અને પરલોકમાં પણ સુખ નહીં. અર્થાત્ અધોગતિમાં જાય છે. હે અર્જુન જ્ઞાન યજ્ઞ શ્રેષ્ઠ છે અને જ્ઞાનીઓને પ્રણામ કરવાથી, પ્રશ્ન પુછવાથી અને જ્ઞાની મહાત્માની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્યારે જ્ઞાન પ્રાપ્ત થયું તો પછી આ દુનીયાનો મોહ રહેતો નથી મોહ નાશ પામે છે અને મુક્ત થાય છે જ્ઞાન એ પવિત્ર વસ્તુ છે જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી કોઈ નથી. અગ્નિ જેમ કાષ્ઠને બાળી નાંખે છે તેજ પ્રમાણે જ્ઞાન પણ પ્રારબ્ધ સિવાયના કર્મોને બાળી નાંખે છે. પ્રારબ્ધકર્મ તો ભોગવેજ છુટકો થાય છે. જ્ઞાન શ્રદ્ધાથી પ્રાપ્ત થાય છે. સંશય કરવાથી પ્રાપ્ત થતું નથી. જે મનુષ્યને વેદશાસ્ત્રના વચનો પર વિશ્વાશ નથી, જે માણુસ સંશયી છે તો તે મનુષ્ય અવનતિ પામે છે તેની કોઈ દિવસ ઉન્નતિ થતી નથી માટે દૃઢ વિશ્વાસ રાખ. હે અર્જુન નિશ્ચય જાગૃત કર અડગ શ્રદ્ધા રાખ. સંશયને દૂર કર અને ફળની ઇચ્છા ન રાખી કર્મ કરવા તૈયાર થા અને કરેલાં તમામ કર્મોને ઈશ્વરના ચરણમાં અર્પણ કર. શ્રીકૃષ્ણાર્પણમસ્તુ એવી ભાવના દૃઢ કર.

## ફળ ૪ થું

## સ્થાવર જાતિમાંથી છુટકારો અને પોતાના સ્થાનની પ્રાપ્તિ

શ્રી નારાયણ ભગવાને કહ્યું હે લક્ષ્મીજી હવે ગીતાના ચોથા અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો. હે દેવી ઓરડીના

ઝાડ સ્વરૂપે આવેલી બે કન્યા ઝાડની જાતિમાંથી મુક્ત થઈ અને સ્વર્ગમાં ગઈ.

લક્ષ્મીજીએ કહ્યું, તે કન્યા કોણ હતી? બોરડીના ઝાડપણાને કેમ પામી? એ વિસ્તારથી કહી સંભળાવો. શ્રી નારાયણે કહ્યું, હે દેવી, ગંગાના કિનારા ઉપર કાશી નામનું પવિત્ર ક્ષેત્ર છે. ત્યાં ભરત નામના મુનિ રહેતા હતા. કાશીના ક્ષેત્રમાં વિશ્વેશ્વર મહાદેવનું દેવાલય છે. તે દેવાલયમાં બેસી ભરત મુનિ રોજ ગીતાના ચોથા અધ્યાયનો પાઠ કરતા હતા. મુનિ આત્મજ્ઞાની હતા. તેના મનથી સુખ, દુઃખ, ટાઢ તડકો વગેરે સમાન હતા. એક સમયે તે મુનિ ફરતા ફરતા શહેરની બહાર ગયા. તે મુનિને બગીચામાં રહેતા દેવોના દર્શનની ઇચ્છા થઇ, તેથી તે મુનિ બગીચામાં ગયા. તે બગીચામાં બોરડીના બે ઝાડ હતા. તે ઝાડ પાસે પાસે હતા. ભરત મુનિ તે બોરડીના ઝાડ પાસે ગયા. બોરડીના એક ઝાડના મૂળ ભાગ ઉપર તે મુનિએ પોતાનું માથું મૂક્યું. અને બીજા ઝાડના મૂળ ભાગ ઉપર પગ લંબાવ્યા. એ પ્રમાણે તે મુનિ બે ઝાડના મધ્ય ભાગમાં સૂતા. અને ગીતાના ચોથા અધ્યાયનો પાઠ પૂરો થયો. એટલે, તરતજ ઉભા થયા અને ચાલી નીકળ્યા. તે મુનિના ગયા બાદ તે બે ઝાડ સૂકાવા લાગ્યા, અને પાંચ છ દિવસમાં તો શાખા, પાંદડા વિનાના બની ગયા, તે ઝાડ જાતિમાંથી મુક્ત થઇ એક પવિત્ર બ્રાહ્મણને ત્યાં બે કન્યારૂપે ઉત્પન્ન થઇ, તે કન્યા સાત વર્ષની થઈ. તેઓને પૂર્વજન્મનું જ્ઞાન હતું. તે કન્યા આમ તેમ ફરતી હતી, એટલામાં તે કન્યાએ દૂરથી ભરત મુનિને જોયા. ભરત મુનિ ફરતા ફરતા પાસે આવી પહોંચ્યા. એટલે તે કન્યા તે મુનિના ચરણમાં નમી પડી અને

કહેવા લાગી, હે મુને, તમારા અનુગ્રહથી હમે બોરડીના ઝાડ જાતિમાંથી મુક્ત થઈ. હવે હમારી પર કૃપા દ્રષ્ટિ કરો. આ સાંભળી મુનિ આશ્ચર્ય પામ્યા. મુનિએ કહ્યું તમે આ ઝાડ જાતિમાં કેવી રીતે આવી? તેનું કારણુ કહી સંભળાવો. તે કન્યા કહેવા લાગી, હે મુને, ગોદાવરી નદીના કીનારા ઉપર છિન્નપાપ નામનું એક પ્રસિદ્ધ તીર્થ છે. ત્યાં સત્યતપા નામે તપસ્વી તપ કરતાં હતા. તાપ, વરસાદ, ઠંડી વગેરે સહન કરી કઠીન તપ આરંભ્યું હતું. તે મુનિ ઉન્હાળામાં પંચાગ્નિનું સેવન કરતાં હતાં, વર્ષારૂતુમાં વર્ષાદમાં બેસી તપ કરતા, શિયાળામાં ગળા સુધી પાણીમાં ઉભા રહી, તપ કરતા. આ પ્રમાણે તપ કરી પોતાના શરીરને સુકવી નાંખ્યું અને સંયમી થયા. તે મુનિએ કામ ક્રોધ લોભ વગેરે શત્રુના ઉપર વિજય મેળવ્યો તેમનું મન પવિત્ર થયું, સર્વ પ્રાણીઓ ઉપર સ્નેહ કરવા લાગ્યા. તે મુનિની ઉત્તમ તપશ્ચર્યાથી બ્રહ્મદેવ પણુ પ્રસન્ન થયા, અને દેવસભામાં તે મુનિના વખાણુ કરતા. હે ભરત મુનિ સત્યતપાના ઉત્તમ તપથી ઈન્દ્રને ભય ઉત્પન્ન થયો. સત્યતપા મુનિ મારૂં ઇન્દ્રાસન જીતી લેશે આ પ્રમાણે ઈન્દ્ર વિચાર કરવા લાગ્યા. તેથી ભય પામી હે ભરતમુને ઈન્દ્રે હમો બે અપ્સરાને બોલાવી સત્યતપા મુનિના તપમાં વિઘ્ન કરવાને કહ્યું "હે અપ્સરાઓ, તમે બે સત્યતપાના આશ્રમમાં જાઓ મારૂં પદ લેવાની ઈચ્છાથી તપ કરે છે. તેમાં વિઘ્ન નાંખો અને તપમાંથી ભ્રષ્ટ કરો." આ પ્રમાણે ઈન્દ્રની આજ્ઞાથી હમો બે અપ્સરાઓ સત્યતપાના આશ્રમમાં ગઈ. હમોએ ગાનતાન શરૂ કર્યું. નૃત્ય કરવાનું શરૂ કયુ. તે વખતે પવન પણુ મંદમંદ વાતો હતો. પુષ્પોનો સુવાસ ચારે

તરફ ફેલાયો. ગાયનનો અવાજ અને ઝાંઝરનો ઝણુકાર સાંભળ-વાથી સત્યતપા મુનિ ધ્યાનમાંથી જાગ્યા. હાવભાવ અને કટાક્ષથી હુમોએ ગાયન અને નૃત્ય ચાલુ રાખ્યું તેથી તે મુનિના મનમાં વિકાર ઉત્પન્ન થયો. તેમનું મન ચલિત થયું. તપમાં વિઘ્ન થવાથી તે મુનિને ક્રોધ ઉત્પન્ન થયો. અને હુમો અપ્સ-રાઓને સત્યતપા મુનિએ શ્રાપ આપ્યો અને કહ્યું "જાઓ, ગંગાના કિનારા ઉપર બોરડીના ઝાડરૂપે પડો" આ સાંભળી હુમોએ તેમના ચરણુમાં નમી માફી માગી. અને પ્રાર્થના કરી, અને આ શ્રાપમાંથી હુમો કયારે છુટીશું? એ જાણુવાને માંગણી કરી, ત્યારે સત્યતપા મુનિએ કહ્યું "જ્યારે ભરતમુનિ આવે, અને તમને બેઉને તે મુનિના શરીરનો સ્પર્શ થાય અને ગીતાના ચોથા અધ્યાયનો પાઠ કરે તો તમે તરતજ ઝાડ જાતિમાંથી છુટા થશો, તમને પૂર્વજન્મનું જ્ઞાન પણુ રહેશે." આ પ્રમાણે કહ્યું હતું. હુમો બોરડીના ઝાડરૂપે આવી હતી. હે મુને આપના આગમનની રાહ જોતી હતી, હે ભરત મુને આપ આવ્યા. એ ઝાડના મધ્યમાં સુવાથી હુમો બેઉને આપના શરીરનો સ્પર્શ થયો, અને ગીતાના ચોથા અધ્યાયનો પાઠ કર્યો. જેથી હુમો આ ઝાડ જાતિમાંથી છૂટી થઇ. હે ભરતમુને હવે કૃપા કરો અને આ મનુષ્ય જાતિમાંથી ઉદ્ધાર કરો. આપને શરણે આવી છૈયે. ભરત મુનિએ જ્યારે તેમની પ્રાર્થના સાંભળી ત્યારે ગીતાના ચોથા અધ્યાયનો ઉપદેશ આપ્યો અને મુનિ ત્યાંથી પોતાના આશ્રમ તરફ ગયા તે કન્યા સદા ગીતાના ચોથા અધ્યાયનો પાઠ કરવા લાગી. મનુષ્ય જાતિમાંથી મુક્ત થઈ અને અપ્સરા થઈ સ્વર્ગમાં ગઈ.

હે દેવિ જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના ચોથા અધ્યાયને પાઠ કરે છે તેને સાંભળે છે તેના અર્થને વિચાર કરે છે તો તે સ્થાવર જાતિમાં જતાં અટકે છે અને આખરે સ્વર્ગમાં જાય છે. આ ગીતાના ચોથા અધ્યાયને પાઠ સાંભળવાથી પણ ઝાડ જાતિમાંથી ગયેલા જીવો મુક્ત થાય છે તો મનુષ્ય ભક્તિ શ્રદ્ધાથી ગીતાના ચોથા અધ્યાયને પાઠ કરવાથી સંસાર બંધનમાંથી છૂટે એમાં સંશય નથી.

## અધ્યાય ૫

### અર્જુન ઉવાચ ।

સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ ।
યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ॥૧॥

### શ્રી ભગવાનુવાચ ।

સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।
તયોસ્તુ કર્મસંન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે ॥૨॥
જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ ।
નિર્દ્વંદ્વો હિ મહાબાહો સુખં બંધાત્પ્રમુચ્યતે ॥૩॥
સાંખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદંતિ ન પંડિતાઃ ।
એકમપ્યાસ્થિતઃ સમ્યગ્ ઉભયોર્વિન્દતે ફલમ્ ॥૪॥
યત્સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।
એકં સાંખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૫॥
સંન્યાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુમયોગતઃ ।
યોગયુક્તો મુનિર્બ્રહ્મ ન ચિરેણાધિગચ્છતિ ॥૬॥

યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેંદ્રિયઃ।
સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ॥૭॥
નૈવકિંચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્।
પશ્યન્ શૃણ્વન્ સ્પૃશન્ જિઘ્રન્ન શ્નન્ ગચ્છન્ સ્વપન્ શ્વસન્ ॥૮॥
પ્રલપન્ વિસૃજન્ ગૃહ્ણુન્ ઉન્મિષન્નિમિષન્નપિ।
ઇંદ્રિયાણીંદ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્ ॥૯॥
બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા ॥૧૦॥
કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિંદ્રિયૈરપિ।
યોગિનઃ કર્મ કુર્વંતિ સંગ ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥૧૧॥
યુકતઃ કર્મફલં ત્યક્ત્વા શાંતિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્।
અયુકતઃ કામકારેણ ફલે સકતો નિબધ્યતે ॥૧૨॥
સર્વ કર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી।
નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન્ ॥૧૩॥
ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ।
ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥૧૪॥
નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ।
અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જંતવઃ ॥૧૫॥
જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ।
તેષામાદિત્યવજ્ જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥૧૬॥
તદ્બુદ્ધયસ્તદાત્માનસ્ તન્નિષ્ઠાસ્તત્પરાયણુઃ।
ગચ્છંત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥૧૭॥
વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ ॥૧૮॥

ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।
નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૧૯॥
ન પ્રહૃષ્યેત્ પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્ પ્રાપ્ય ચાપ્રિયમ્ ।
સ્થિરબુદ્ધિરસંમૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ॥૨૦॥
બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિંદત્યાત્મનિ યત્સુખમ્ ।
સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષય્યમશ્નુતે ॥૨૧॥
યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।
આદ્યંતવંતઃ કૌંતેય ન તેષુ રમતે બુધઃ ॥૨૨॥
શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ।
કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥૨૩॥
યોંતઃ સુખોંતરારામસ્તથાંતર્જ્યોતિરેવ યઃ ।
સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોધિગચ્છતિ ॥૨૪॥
લભંતે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ ।
છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨૫॥
કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્ ।
અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ । ॥૨૬॥
સ્પર્શાન્ કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ ।
પ્રાણાંપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યંતરચારિણૌ ॥૨૭॥
યતેંદ્રિયમનોબુદ્ધિર્મુનિર્મોક્ષપરાયણઃ ।
વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥૨૮॥
ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાંતિમૃચ્છતિ ॥૨૯॥

ઇતિશ્રી૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણાર્જુન૦ કર્મસંન્યાસ
યોગો નામ પંચમોધ્યાયઃ ॥ ૫ ॥

## બોધપાઠ ૪થો કર્મસંન્યાસયોગ

કર્મસંન્યાસયોગ એટલે શું ? કર્મ અને સંન્યાસ એ બે શબ્દો મળી એક કર્મસંન્યાસ શબ્દ બન્યો. કર્મ એટલે કર્મ અને સન્યાસ એટલે ત્યાગ કર્મસંન્યાસ એટલે કર્મનો ત્યાગ એવો અર્થ થયો. અન્તઃકરણ સ્વચ્છ થયું નથી ત્યાંસુધી કર્મ તજવાના નથી. કર્મ કરવાં જોઇએ માટે કર્મત્યાગ એ અર્થ ન લઈ શકાય. ત્યારે ત્યાગ એટલે તજવું. શું તજવું ? કર્મના ફળને તજવું અર્થાત્ કર્મત્યાગનો અર્થ વિસ્તારથી કરવો જોઇએ. કર્મસન્યાસ એટલે કર્મના ફળને તજી દેવું. કર્મના ફળની ઇચ્છા ન રાખવી. અર્થાત્ કર્મના ફળને તજી દઈ કર્મના ફળની ઇચ્છા ન રાખો કેવળ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવાં. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ત્રીજા પાઠમાં કર્મબ્રહ્માર્પણયોગ એટલે કર્મો બ્રહ્માર્પણમસ્તુ બ્રહ્માર્પણ કરવાં એવો ઉપદેશ આપ્યો તેની સાથે કર્મયોગની પરંપરા વર્ણવ્યવસ્થા જ્ઞાનીઓની બ્રહ્મદૃષ્ટિથી કર્મ કરવાની રીતિ અનેક પ્રકારના યજ્ઞોના સ્વરૂપ. જ્ઞાનયજ્ઞની શ્રેષ્ઠતા અને જ્ઞાનની પવિત્રતા બતાવી. બ્રહ્માર્પણમસ્તુ એ ભાવના દૃઢ કરવાને ઉપદેશ આપ્યો જ્ઞાન એ પવિત્ર છે. એનું કારણ શું ? એ પણ વિચાર કરીએ. (ત્રીજો પાઠ વિશેષ ન લંબાય માટે જ્ઞાનની પવિત્રતાનો વિચાર અહીં બતાવ્યો છે) આ સંસારમાં પવિત્ર કરનારી સ્વચ્છ કરનારી શુદ્ધ કરનારી અનેક વસ્તુઓ છે. પવિત્ર કરનારા તત્ત્વો પણ અનેક છે. પણ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે હે અર્જુન જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ આ સંસારમાં કોઈ નથી. પૃથ્વી, એ પણ પવિત્ર, પાણી, એ પણ પવિત્ર, અગ્નિ, એ પણ પવિત્ર, વાયુ, એ પણ પવિત્ર, આકાશ,

એ પણ પવિત્ર, આપણે ભોજન કરી રહ્યા એટલે જેમાં ભોજન કર્યું તે પાત્ર, થાળી, વાટકા, લોટા, પવાલા એ અજીઠા થયા. અપવિત્ર થયા. ચાપાણી થયાં એટલે રકાબી પવાલા અપવિત્ર થયાં. કોઈ મનુષ્ય આવી એક પવાલામાં પાણી લઈ પવાલું મોંઢે માંડી પાણી પીધું એટલે પવાલું અજીઠું-અપવિત્ર થયું. હવે શું કરવું ? અપવિત્ર થયેલા વાસણોને રાખ માટીથી માંજી નાખ્યાં એટલે શુદ્ધ સ્વચ્છ પવિત્ર થયાં. પાછા ઉપયોગમાં આવ્યાં ત્યારે પૃથ્વી પવિત્ર કરનારી વસ્તુ છે. હવે જ્યાં માટીથી પૃથ્વીથી પવિત્રતા ન જળવાતી હોય ત્યાં પાણીનો ઉપયોગ કરવો પડે છે. કપડાં સ્વચ્છ સફેદ હતાં પણ ધૂળ ઉડવાથી ધીમે ધીમે મેલાં ગંદા અપવિત્ર થયાં. હવે તેમાં માટી ધૂળ નાંખી રગદોળીયે તો વિશેષ મેલાં ગંદા થાય પણ સ્વચ્છ થતાં નથી ત્યારે શું કરવું ? બસ સાબુરૂપી માટી કપડાંમાં નાંખી પાણીથી ખૂબ ધોઈ નાંખો એટલે કપડાં સ્વચ્છ શુદ્ધ પવિત્ર થયાં ત્યારે જ્યાં માટીથી પવિત્રતા ન જળવાતી હોય ત્યાં પાણીનો ઉપયોગ કરવો પડે છે. હવે જ્યાં પૃથ્વી પાણી બેઉથી પવિત્રતા ન જળવાતી હોય ત્યાં શું કરવું ? ત્યાં અગ્નિને લેવો પડે છે. જેમ સોનું સો ટચનું જો હોય તો શુદ્ધ કહેવાય અને તે સિવાયનું બીજું શુદ્ધ નથી. સોનામાં તાંબુ વગેરે ધાતુ મેળવવાથી સો ટચનું કહેવાતું નથી પણ મિશ્રિત છે. હલકું છે. જોઇએ તેવી સફાઈ નથી તેથી તેની કિંમત બરાબર ઉપજતી નથી અને દાગીના બરાબર સફાઇદાર થતા નથી માટે શું કરવું ? તેને શુદ્ધ બનાવો જો માટીથી રોજ માજી અને પાણીથી ધોઇ નાંખીયે તો સોટચનું થતું નથી એટલે માલમ પડે છે કે મિશ્રિત સોનું માટીથી માંજવાથી અથવા

પાણીથી ધોવાથી શુદ્ધ થાય નહીં ત્યારે તેને અગ્નિમાં નાંખો ખૂબ ફૂંકો એટલે મિશ્ર કરેલી ધાતુ બળી ખાખ થાય અને શુદ્ધ સોનું બચે પછી જુઓ તે સોનું લગડીનું ગણાયું તેની કીંમત વધી તેના દાગીના સફાઇદાર થયા ત્યારે જ્યાં પૃથ્વી પાણીથી કામ ન ચાલે ત્યાં અગ્નિથી શુદ્ધિ કરવી પડે છે પણ જ્યાં એ ત્રણથી પણ કામ ચાલતું નથી ત્યાં વાયુ તત્વનો ઉપયોગ કરવો પડે છે. એક માણસનું શરીર બગડયું રોગ લાગુ પડયો. શરીર ફીકું પડયું ધાતુ રક્ત વગેરેમાં બગાડો થયો હવે તે શરીરને સારૂં શુદ્ધ અને તન્દુરસ્ત બનાવવું હોય તો શું કરવું? રોજ માટી ચોળવાથી શુદ્ધ થતું નથી નહાવાથી વિશેષ મલીન થાય છે અને અગ્નિ પાસે બેસી તાપીચે તો અંદરનો રોગ જતો નથી ત્યારે શું કરવું? આવી સ્થિતિમાં વૈદ્ય ડાકટર દવા આપી જરા રોગ ખસ્યો કે તરત સલાહ આપે છે કે તમે હવાફેર જાઓ. માથેરાન મહાબલેશ્વર પંચગની નાસિક વગેરે સ્થળોમાં જાઓ એટલે શરીર ઠીક થશે હવાખાવા ગયા એટલે રોગ ધીમે ધીમે દૂર થયો લોહી વગેરે ધાતુ સુધરી શરીર હૃષ્ટપુષ્ટ શુદ્ધ તન્દુરસ્ત થયું. જ્યાં પાછા આવ્યા ત્યાં બધા કહે છે કે હવે તમારૂં શરીર શુદ્ધ તન્દુરસ્ત બન્યું એનું કારણ હવા. કહેવત છે કે સો દવા અને એક હવા. હવાથી પણ શુદ્ધ પવિત્ર અને તન્દુરસ્ત થાય છે ત્યારે વાયુ તત્વ એ પણ પવિત્ર કરનારો છે પણ જ્યાં એ ચારથી કામ ચાલતું ન હોય ત્યાં આકાશ તત્વનો ઉપયોગ કરવો પડે છે જ્યારે આખા ગામમાં રોગ ફાટે કોલેરો વગેરે ઉપદ્રવ શરૂ થાય ત્યારે વૈદ્ય ડાકટરો ખુલ્લા આકાશમાં માડવા નાંખી રહેવા સલાહ આપે

છે ઘરના નળીયા ઉકેલાવી મુકે છે અને ખુલ્લા મેદાનમાં રહેવાની સલાહ આપે છે એનું કારણ એજ કે આકાશ પણ પવિત્ર છે ખુલ્લા આકાશની હવા પણ પવિત્ર છે તેથી ખુલ્લા આકાશમાં રહેવાથી શરીર તન્દુરસ્ત રહે છે ત્યારે પૃથ્વી પાણી અગ્નિ વાયુ આકાશ એ બધા એક એક કરતાં પવિત્ર છે અન્તઃકરણ મનને પવિત્ર કરવામાં એ ઉપયોગી નથી. રોજ સાબુ ચોળી નાહીયે પણ અન્તઃકરણ મન પવિત્ર થતું નથી. શરીર થોડોવાર સ્વચ્છ બસ દુર્ગન્ધીથી ભરપુર શરીર થોડા વખતમાં પસીનો આવવાથી ગન્ધાતું થયું તીર્થયાત્રા જાય છે અને લોકો પવિત્ર તીર્થમાં સ્નાન કરે છે પણ અન્તઃકરણ મનનો મેલ જતો નથી. અગ્નીનો તાપ તાપો તો પણ મન પવિત્ર થતું નથી અને હવા ખાવા જાઓ તો પણ મન પવિત્ર થતું નથી પણ જેમ જેમ હવા ખાઓ તેમ શરીર તન્દુરસ્ત થાય અને મનની મસ્તી વધે. ત્યારે આ તત્વો અન્તઃકરણ મનને શુદ્ધ કરી શકતાં નથી જ્યારે કોઈ પણ પ્રકારના તત્વોથી મનની મલીનતા જતી નથી અન્તઃકરણ શુદ્ધ થતું નથી તો હવે મોક્ષ કેવી રીતે મળે ? અન્તઃકરણ મનના પાપ ધોવાને માટે જ્ઞાનનો ઉપયોગ કરવા પડે છે જ્ઞાનથી અન્તઃકરણ મન પવિત્ર થાય છે અને મોક્ષ મળે છે માટે બધી પવિત્ર વસ્તુમાં પણ જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી નથી એ પ્રમાણે ભગવાને જ્ઞાનની પવિત્રતા બતાવી.

હવે આપણે કર્મસન્યાસયોગ એટલે કર્મના ફળ તજી દઈ કેવી રીતે કર્મ કરવાં એ માર્ગનો વિચાર કરીયે. સન્યાસ ધારણ કરવો એટલે કાષાયવસ્ત્ર ધારણ કરી બહાર નીકળી

પડવું એથી કંઈ કલ્યાણ નથી મોક્ષ મળતો નથી એના કરતાં ગૃહસ્થાશ્રમી રહી. કર્મના ફળથી ઈચ્છા ન રાખી ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવાં એજ ઉત્તમ છે આ કલિયુગમાં સન્યાસના ધર્મો પાળી શકાય તેમ નથી. સંન્યાસ માર્ગ ઘણો કઠીન છે માટે શ્રી આદ્ય શંકરાચાર્યજીએ પણ કલિયુગમાં સંન્યાસ લેવાને ના કહી છે. જે ગૃહસ્થાશ્રમી માણુસ કોઈનો દ્વેષ કરે નહિ અને કશાની ઈચ્છા પણ રાખે નહિ સુખદુઃખ ટાઢ તડકો વગેરે સહન કરે અને ફળની ઈચ્છા રાખ્યા સિવાય બ્રહ્માર્પણ બુદ્ધિથી વિહિત કર્મ કરે તો તે સદા સંન્યાસી છે એના કરેલા કર્મો બન્ધનકારક થતાં નથી જે પ્રમાણે જ્ઞાનથી મોક્ષ મળે છે, તેજ પ્રમાણે બ્રહ્માર્પણ બુદ્ધિથી કર્મ કરવામાં આવે તો તેથી ચિત્તની શુદ્ધિ થાય છે ચિત્ત શુદ્ધ થવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનથી મોક્ષ મળે છે માટે ફળની ઈચ્છા ન રાખી હે અર્જુન બ્રહ્માર્પણ બુદ્ધિથીજ કર્મ કરવાં જોઈએ. જો ફળની ઈચ્છા રાખી કર્મ કરવામાં આવે તો જરૂર કર્મબન્ધન પ્રાપ્ત થાય છે. હે અર્જુન જેઓ ઈશ્વરને વિષે નિશ્ચય બુદ્ધિવાળા છે. જેઓનું મન ઈશ્વરને વિષે દૃઢ છે. જેઓ ઈશ્વરનો આશ્રય લઈ કાર્ય કરે છે તેઓ ઈશ્વર કૃપાથી જ્ઞાન મેળવી મોક્ષ પામે છે. જેઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું જેઓની ઈશ્વર દૃષ્ટિ સર્વત્ર સિદ્ધ થઈ તેની દૃષ્ટિએ ગાય પશુપક્ષી બ્રાહ્મણ વૃક્ષ વગેરે સમાનજ છે કેમકે તેવા જ્ઞાની સર્વત્ર ઈશ્વરને જ જુએ છે તેવા જ્ઞાની આ સંસારને જીતી ચુકયા. તેઓને કામ ક્રોધ હર્ષ શોક વગેરે વિકારો બાધ કરતા નથી. તેવા જ્ઞાની સદા ઈશ્વરમાં મન પરોવી જીવે છે, હરેફરે છે અને અક્ષય અવિનાશી સુખ મેળવી આ સંસાર-

માંથી મુક્ત થાય છે માટે હે અર્જુન એવા અવિનાશી આત્મ-સુખને માટે અન્તઃકરણ લાયક બનવું જોઇએ શુદ્ધ સ્વચ્છ થવું જોઇએ અને અન્તઃકરણ શુદ્ધ થવા નિષ્કામ કર્મયોગ સ્વીકારવાની જરૂર છે. માટે જેમ બને તેમ કર્મના ફળની ઈચ્છા ન રાખવી અને બ્રહ્માર્પણ બુદ્ધિથી સદા વિહિત કર્મો કરવા એજ ઉત્તમ સાધન છે માટે હે અર્જુન સ્વધર્મ પાલન કરવા તૈયાર થા.

## ફળ ૫ મું.

### ગીતાના પાંચમાં અધ્યાયનો પાઠ કરનાર બ્રહ્મચારીના શબના સ્પર્શથી પાપીની મુક્તિ

શ્રી નારાયણે લક્ષ્મીજીને કહ્યું કે હે લક્ષ્મીજી હવે તમને ગીતાના પાંચમાં અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો. હે દેવી, મદ્ર નામનો એક દેશ છે. તેમાં પુરૂકુત્સ નામનું એક શહેર છે, તેમાં પિંગલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એ બ્રાહ્મણ પવિત્ર કુળમાં ઉત્પન્ન થયો હતો. પણ તેણે પોતાના કુળ પરંપરાના આચાર વિચાર તજી દીધા. ધર્મ વિદ્યાને તજી દીધી અને સંગીત વિદ્યા શીખવા શરૂ કરી. વાજીંત્રો વગાડતાં શીખ્યો, અને પ્રસિદ્ધ ગવૈયો થયો. રાજસભામાં તે ગવયાએ ગાયન કર્યું. તેણે રાજાનો આશ્રય મેળવ્યો. અને રાજાશ્રિત થયો. પિંગલ સંગતિ દોષને લઈ વ્યભિચારી બન્યો. તે ઉન્મત્ત થયો અને પોતાના કામને માટે તેને ગર્વ થયો તે ગવૈયાની સ્ત્રીનું નામ અરૂણા હતું. તે અરૂણા હલકા કુળમાં ઉત્પન્ન થઈ હતી. પતિનો સ્નેહ પોતાને વિષે નહતો તેથી તે અરૂણા કામુક મનુષ્યની સાથે સંબંધમાં આવી અને અના-

ચાર કરવા લાગી. તે અરૂણાને એક સમયે વિચાર આવ્યો કે મારો પતિ મારા કાર્યમાં વિઘ્નરૂપ છે. કદાચ મારૂં કાર્ય જાણે તો પણ મોટો ભય છે, માટે એને ઠાર કરવો એ સારૂં એમ વિચાર કરી તે અરૂણા મધ્યરાત્રે પોતાના પતિને મારી નાંખ્યો. તેણે પોતાના પાપકર્મને લીધે નરકના અનેક દુઃખો ભોગવ્યા અને ગીધ થયો. વનમાં ફરવા લાગ્યો. તેની સ્ત્રી અરૂણાને ભગંદર નામનો રોગ થયો, તે સ્ત્રી પણ આખરે મરણ પામી અને પોતાના પાપકર્મને પરિણામે નરકના ઘણાં દુઃખ ભોગવ્યા અને છેવટે પૃથ્વી ઉપર પોપટી થઈ. તે પોપટી એક સમયે દાણા વણુતી હતી ખાતી હતી અને આમતેમ ફરતી હતી. એટલામાં ગીધે તે પોપટીને જોઈ. ગીધને પૂર્વનું વેર યાદ આવ્યું કે, "આ પોપટી પૂર્વજન્મમાં મને મારી નાંખનારી મારી સ્ત્રી હતી," પોપટીએ તે ગીધને જોયો તેથી તેને પણ પૂર્વનું સ્મરણ થયું કે "આ ગીધ પૂર્વજન્મનો મારો પતિદેવ" પૂર્વનું વેર યાદ આવવાથી ગીધે પોપટીને મારવાનો વિચાર કર્યો. પોપટીને પકડવાને દોડ્યો એટલે પોપટી નાશી ગઈ. ગીધ તેની પાછળ પડયો. છેવટે સ્મશાનભૂમિપર ગયા અને તે બે એક મુનિના શબની ખોપરીમાં પડયા. તે ખોપરી પાણીથી ભરેલી હતી. તેનો સ્પર્શ થતાં મરણ પામ્યા. યમદૂતો તે બેને લઈ ગયા યમરાજે તેના પુણ્ય તપાસ્યાં પણ પુણ્ય દેખાયું નહીં પાપ ઘણાંજ હતાં. મરણ સમયે મુનિની ખોપરીના જળનો સ્પર્શ થયો તેથી તે બેઉના પાપ નાશ પામ્યા અને પવિત્ર બન્યા તેથી યમરાજે તેઓને તેમની ઇચ્છા પ્રમાણે દિવ્યરૂપ ધારણ કરી ભોગ ભોગવવાને કહ્યું આ બે જણા આશ્ચર્ય પામ્યા અને યમરાજને નમસ્કાર કરી પૂછવા લાગ્યા. હે

યમરાજ હમો પાપી છૈયે કંઈપણ પુણ્ય કર્યું નથી. તો ઇચ્છાપૂર્વક દિવ્યભોગ ભોગવવાને હમોને કહો છો તેનું કારણ શું છે તે કહો. ત્યારે યમરાજે કહ્યું સાંભળો. ગંગાના કીનારા ઉપર એક બાળબ્રહ્મચારી હતા, તે જ્ઞાની, શાંત અને વૈરાગ્યવાળા હતા. તે એકાકી ફરતા, કોઇનો સંગ કરતા નહીં તે બ્રહ્મચારી હમેશાં ગીતાના પાંચમાં અધ્યાયનો પાઠ કરતા હતા. આ અધ્યાયનો પ્રભાવ એટલોબધો છે કે જો ગમેતેવો પાપી હોય તોપણ ગીતાના પાંચમા અધ્યાયના પ્રભાવથી તે પવિત્ર બને જ્ઞાની થાય અને સંસારમાંથી મુક્ત થાય બ્રહ્મચારી ગીતાના પાંચમા અધ્યાયના પાઠથી પવિત્ર થયા જ્ઞાની થયા તેનું શરીર છુટયું તેથી તે મુક્ત થયા. તે બ્રહ્મચારીનો દેહ પણ પવિત્ર થયો હતો તેની ખોપરી પડેલી હતી તેમાં વરસાદનું પાણી એકઠું થયું હતું. તમને બે જણાને તે ખોપરીમાં રહેલા પાણીનો સ્પર્શ થયો તેથી તમે બે પવિત્ર થયા. હવે તમે તમારી ઈચ્છા પ્રમાણે દિવ્યલોકમાં જાઓ અને દિવ્યભોગ ભોગવો. યમરાજનું આ વચન સાંભળ્યું તે બે જણે યમરાજને નમસ્કાર કર્યા અને દિવ્યરૂપ ધારણ કરી વિમાનમાં બેસી વિષ્ણુલોકમાં ગયા હે દેવિ જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના પાંચમા અધ્યાયનો પાઠ કરે છે તો તે પવિત્ર જ્ઞાની થાય છે અને સંસાર બન્ધનમાંથી છૂટે છે તે માણુસનો દેહ પણ એટલો બધો પવિત્ર થાય છે કે જો તેના સબનો પણ સ્પર્શ થાય તો બીજા ગમે તેવા પાપી હોય તો પણ તેના પાપ નાશ પામે છે. પવિત્ર થાય છે અને દિવ્યરૂપ ધારણ કરી વિષ્ણુપદને પામે છે એવો ગીતાના પાંચમાં અધ્યાયના પાઠનો પ્રભાવ છે.

## અધ્યાય ૬

### અર્જુન ઉવાચ।

અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ।
સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્નચાક્રિયઃ ॥૧॥
યં સંન્યાસમિતિ પ્રાહુર્યોગં તં વિદ્ધિ પાંડવ।
ન હ્યસંન્યસ્તસંકલ્પો યોગી ભવતિ કશ્ચન ॥૨॥
આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમુચ્યતે।
યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમુચ્યતે ॥૩॥
યદા હિ નેંદ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે।
સર્વસંકલ્પસંન્યાસી યોગારૂઢસ્તદોચ્યતે ॥૪॥
ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવાસાદયેત્।
આત્મૈવ હ્યાત્મનો બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥૫॥
બંધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ।
અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥૬॥
જિતાત્મનઃ પ્રશાંતસ્ય પરમાત્મા સમાહિતઃ।
શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ ॥૭॥
જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા કૂટસ્થો વિજિતેંદ્રિયઃ।
યુક્ત ઇત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાંચનઃ ॥૮॥
સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબંધુષુ।
સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥૯॥
યોગી યુંજીત સતતમ્આત્માનં રહસિ સ્થિતઃ।
એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥૧૦॥
શુચો દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમાસનમાત્મનઃ।
નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્ ॥૧૧॥

તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેંદ્રિયક્રિયઃ।
ઉપવિશ્યાસને યુંજ્યાદ્‌યોગમાત્મવિશુદ્ધયે ॥૧૨॥
સમં કાયશિરોગ્રીવં ધારયન્નચલં સ્થિરઃ।
સંપ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ॥૧૩॥
પ્રશાંતાત્મા વિગતભીર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ।
મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ ॥૧૪॥
યુંજન્નેવં સદાત્માનં યોગી નિયતમાનસઃ।
શાંતિં નિર્વાણપરમાં મત્સંસ્થામધિગચ્છતિ ॥૧૫॥
નાત્યશ્નતસ્તુ યોગોસ્તિ ન ચૈકાંતમનશ્નતઃ।
ન ચાતિસ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ॥૧૬॥
યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥૧૭॥
યદા વિનિયતં ચિત્તમ્આત્મન્યેવાવતિષ્ઠતે।
નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો યુક્ત ઇત્યુચ્યતે તદા ॥૧૮॥
યથા દીપો નિવાતસ્થો નેંગતે સોપમા સ્મૃતા।
યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ ॥૧૯॥
યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગસેવયા।
યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્નાત્મનિ તુષ્યતિ ॥૨૦॥
સુખમાત્યંતિકં યત્તદ્ બુદ્ધિગ્રાહ્યમતીંદ્રિયમ।
વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ ॥૨૧॥
યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ।
યસ્મિંસ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥૨૨॥
તં વિદ્યાદ્ દુઃખસંયોગવિયોગં યોગસંજ્ઞિતમ્।
સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોનિર્વિણ્ણચેતસા ॥૨૩॥

સંકલ્પપ્રભવાન્કામાંસ્ત્યક્ત્વા સર્વાનશેષતઃ ।
મનસૈવેંદ્રિયગ્રામં વિનિયમ્ય સમંતતઃ ॥૨૪॥

શનૈઃશનૈરુપરમેદ્ બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।
આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિંચિદપિ ચિંતયેત્ ॥૨૫॥

યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્ ।
તતસ્તતો નિયમ્યૈતદ્ આત્મન્યેવ વશં નયેત્ ॥૨૬॥
પ્રશાંતમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।
ઉપૈતિ શાંતરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ॥૨૭॥

યુંજન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।
સુખેન બ્રહ્મસંસ્પર્શમ્અત્યંતં સુખમશ્નુતે ॥૨૮॥
સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ।
ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ ॥૨૯॥
યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥૩૦॥
સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમાસ્થિતઃ ।
સર્વથા વર્તમાનોપિ સ યોગી મયિ વર્તતે ॥૩૧॥

આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોર્જુન ।
સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ ॥૩૨॥

અર્જુન ઉવાચ ।

યોયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૂદન ।
એતસ્યાહં ન પશ્યામિ ચંચલત્વાત્સ્થિતિં સ્થિરામ્ ॥૩૩॥
ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥૩૪॥

### શ્રી ભગવાનુવાચ ।

અસંશયં મહાબહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।
અભ્યાસેન તુ કૌંતેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥૩૫॥
અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઇતિ મે મતિઃ ।
વશ્યાત્મના તુ યતતા શકયો વાપ્તુમુપાયતઃ ॥૩૬॥

### અર્જુન ઉવાચ ।

અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાચ્ચલિતમાનસઃ ।
અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ ॥૩૭॥
કચ્ચિન્નોભયવિભ્રષ્ટશ્છિન્નાભ્રમિવ નશ્યતિ ।
અપ્રતિષ્ઠો મહાબાહો વિમૂઢો બ્રહ્મણઃ પથિ ॥૩૮॥
એતન્મે સંશયં કૃષ્ણ છેત્તુમર્હસ્યશેષતઃ ।
ત્વદન્યઃ સંશયસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે ॥૩૯॥

### શ્રી ભગવાનુવાચ ।

પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।
ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્દુર્ગતિં તાત ગચ્છતિ ॥૪૦॥
પ્રાપ્ય પુણ્યકૃતાંલ્લોકાન્ ઉષિત્વા શાશ્વતીઃ સમાઃ ।
શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોભિજાયતે ॥૪૧॥
અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ ।
એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદીદૃશમ્ ॥૪૨॥
તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદેહિકમ્ ।
યતતે ચ તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનંદન ॥૪૩॥
પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોપિ સઃ
જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દ બ્રહ્માતિવર્તતે ॥૪૪॥

પ્રયત્નાદ્યતમાનસ્તુ ચોગી સંશુદ્ધકિલ્બિષઃ ।
અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૪૫॥
તપસ્વિભ્યોધિકો ચોગી જ્ઞાનિભ્યોપિ મતોધિકઃ ।
કાર્મિભ્યશ્ચાધિકો ચોગી તસ્માદ્ ચોગી ભવાર્જુન ॥૪૬॥
ચોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાંતરાત્મનાઃ ।
શ્રદ્ધાવાન્ભજતે ચો માં સ મે યુકત તમો મતઃ ॥૪૭॥

ઇતિ શ્રીમ૦બ્રા૦ચો૦શ્રીકૃષ્ણ૦ આત્મસંયમયોગો
નામ ષષ્ઠોધ્યાયઃ ॥૬॥

---

## બોધ પાઠ ૫ મો આત્મ સંયમયોગ અથવા ધ્યાનયોગ.

આત્મસંયમ એટલે શું? આત્મા પરમાત્મા ઈશ્વર. સંયમ એટલે મનની એકાગ્રતા મન તદ્દરૂપ થવું. મન ગરક થવું. ઇશ્વરમાં મન ગરક થાય. ઈશ્વરમાં મન તદ્દરૂપ બને. ઈશ્વરમાં મન એકાગ્ર બને તેનું નામ આત્મસંયમ એટલે ધ્યાનયોગ.

શ્રીકૃષ્ણ ભગવાને ચોથા પાઠમાં અર્જુનને કર્મના ફળ તજી દેવા કર્મના ફળની ઈચ્છા ન રાખવી એવો ઉપદેશ આપ્યો અને સાથે જે ગૃહસ્થાશ્રમી સદા કુટુમ્બ પરીવાર સાથે રહી કર્મના ફળની ઈચ્છા ન રાખી સદા ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરે તો સદા સન્યાસી ત્યાગી છે પણ જે વિહિત કર્મ તજે મનથી પ્રપંચનો વિચાર કરે અને ઉપરથી શાન્ત થઈ બેસે તો તે સન્યાસી ચોગી નથી. એ પ્રમાણે કહ્યું. હવે શ્રીકૃષ્ણભગવાન અર્જુનને ધ્યાનનો માર્ગ બતાવે છે. ચોગી બે પ્રકારના એક આરૂરૂક્ષુ અને બીજો આરૂઢ એક ઉપર જવા ઈચ્છે છે અને બીજો માર્ગ ઉપર ગયો પણ ફળ સિદ્ધિ થઈ

નથી. પહેલો આરૂરૂક્ષુ અને બીજો આરૂઢ જાણવો જે આરૂરૂક્ષુ છે તેણે તો સદા ફળની ઈચ્છા રાખ્યા સિવાય વિહિત કર્મો કરવાનાજ અને જે આરૂઢ છે તેણે શાન્તિ ગુણ જાળવવો અને ધીમે ધીમે મોક્ષરૂપી ફળ સિદ્ધિ મેળવવા પ્રયત્ન કરવો, જેને વિષયો તરફથી પ્રીતિ નથી. તેમ ઇન્દ્રિયોથી વિષયોને ભોગવવા પ્રેમ પણ નથી જેના મનના સંકલ્પો શાન્ત થયા અને બ્રહ્મલોક સૂધીના ફળની ઈચ્છા પણ નાશ પામી છે અને જે સદા આત્મ લાભ માટે પ્રયત્ન કરે છે તેવા માણસને યોગારૂઢ સમજવો આરૂરૂક્ષુ યોગીએ નિષ્કામ કર્મ કરવા અને આરૂઢ યોગીએ ધ્યાન યોગ શરૂ કરવો આત્મ સાક્ષત્કાર માટે પ્રયત્ન શરૂ કરવો મનુષ્યએ જેમ બને તેમ પોતાને ઉન્નતિના માર્ગમાં લઈ જવા પ્રયત્ન કરવો જોઈએ પણ પોતાની અવનતિ થવા દેવી જોઈએ નહિં. યોગારૂઢ મનુષ્યએ ધ્યાન યોગના નિયમો પાળવા જોઈએ વ્યવસ્થાથી કોઈ પણ કાર્ય કરવામાં આવે તો કાર્ય સિદ્ધ થાય નહિ તો નહિ. હે અર્જુન સદા ધ્યાન કરવાને માટે દેશ પવિત્ર હોવો જોઈએ એકાન્ત હોવો જોઇએ. વાતાવરણ શુદ્ધ હોવું જોઈએ તે દેશ ગંગા કિનારો ગુફા અથવા દેવાલય અથવા તો ઘરમાં એક પ્રસંદ કરેલી દેવપૂજાની કોટડી ગમે તે હોય. જ્યાં દાખલ થતાંજ મનમાં પવિત્ર ભાવના ઉત્પન્ન થાય પવિત્ર વિચાર આવે ત્યાં પોતાનું આસન સ્થિર કરવું આસન ૮૪ પ્રકારના છે પોતાને સુખ થાય અને ઘણો વખત સૂધી એક સ્થિતિમાં બેસી શકાય તે પ્રમાણે શરીરને ટેવ પાડવી. તે આસન ઊંચું પણ નહિ તેમજ નીચું પણ નહિ એવી રીતે ગોઠવવું. એટલે પહેલાં દર્ભાસન તે ઉપર મૃગચર્મ અથવા વાઘચર્મ અને તે

ઉપર ગાલીચો એમ પાથરી તે ઉપર બેસવું ઇન્દ્રિયોને વિષય તરફ જવા ન દેવી મનને ભટકવા ન દેવું અને યોગનો અભ્યાસ શરૂ કરવો શરીર ગળાનો ભાગ તથા માથું સીધાં રાખવાં વાંકાવળીને બેસવું નહી તેમ કમરમાંથી લચકાઈ બેસવું નહીં અક્કડ બેસવું નહીં પણ ટટાર બેસવું. નાકની અણી આગળ નજર સ્થિર રાખવી. આડાઅવળાં આમતેમ જોવું નહીં ચિત્ત શાન્ત રાખવું ભય રાખવો નહીં બ્રહ્મચર્ય પાળવું ખાવાનો નિયમ રાખવો ફરવાનો પણ નિયમ રાખવો. વધારે ખાવાથી ધ્યાન થતું નથી અને વધારે ફરવાથી થાકી જવાય ત્યારે પણ ધ્યાન થતું નથી. કામકાજનો પણ નિયમ રાખવો કે જેથી થાક ન લાગે નિયમિત સમયે સુવું નિયમિત સમયે જાગવું જ્યારે આવા નિયમો પાળી અભ્યાસ કરવામાં આવે ત્યારે ચિત્ત એકાગ્ર બને પરમાત્મામાં સ્થિર થાય અને ક્રમે ક્રમે અભ્યાસ આગળ વધે છે તે વખતે ચિત્ત પરમાત્મામાં એટલું બધું લીન થાય કે શરીરનું પણ ભાન રહે નહીં અને આગળ અભ્યાસ વધતા તો આખરે ચિત્ત એટલું બધું નિરોધ અવસ્થામાં આવે કે જે પ્રમાણે વાયુ વગરના પ્રદેશમાં દીવાની જોત હાલતી નથી પણ સ્થિર હોય છે તેમ ચિત્ત પ્રભુમાં તદાકાર બને છે બીલકુલ ત્યાંથી ચલિત થતું નથી એવો યોગી સમાધિમાં એટલો બધો ગરક થાય છે કે ઉપરથી વજ્રપાત થાય તોપણ ચિત્ત ચલિત થાયજ નહીં તેને આત્મલાભ થયો આત્મલાભના આનંદસાગરમાં ડુબી ગયો એ આનંદ કરતાં વિશેષ આનંદ તેની દૃષ્ટિએ નથી એટલે સંસારમાંથી મુક્ત થયો અભ્યાસથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે અભ્યાસ વિના થતી નથી અભ્યાસ કરતાં શરૂઆતમાં મન કદાચ

આમતેમ જાય તો ધીમે ધીમે તેને પાછુ લાવી પ્રભુના ચરણુમાં સ્થિર કરતાં જવું આ પ્રમાણે પ્રયત્નથી અભ્યાસથી ચિત્ત યોગ પ્રભુમાં લય પામે છે. તે યોગી સર્વત્ર મને જુએ છે. અને મારામાં સર્વને જુએ છે. આવો યોગ અથવા ધ્યાન કઠીન છે સહેલાઈથી પ્રાપ્ત થાય નહીં આવો યોગ અથવા ધ્યાન મેળવવા બે સાધનની જરૂર છે. આ પ્રમાણે ધ્યાનના બે સાધન એક અભ્યાસ અને બીજું વૈરાગ્ય. અભ્યાસ એટલે પ્રભુના ચરણુમાં ચિત્તને સ્થિર કરવા વારંવાર પ્રયત્ન અને સંસાર તરફ વૈરાગ્ય અપ્રિતિ આ બે સાધનથી ધ્યાનયોગ સિદ્ધ થઈ શકે છે. હે અર્જુન ધ્યાનયોગ સિદ્ધ કરવામાં જેને શ્રદ્ધા છે પ્રયત્ન ચાલુ કર્યો પણુ ખરોબર પ્રયત્ન પૂરો ન થયો વચમાં મરણુ નીપજ્યું અને ફળસિદ્ધિ ન મળી તો તેથી ધ્યાનયોગ કરનાર મનુષ્યની દુર્ગતિ થતી નથી. ઉત્તમ લોકમાં જાય છે ત્યાંના વૈભવસુખ ભોગવી છેવટે સંસારમાં પવિત્ર શ્રીમાન્ ધનવાન કુટુંબમાં જન્મ પામે છે અથવા કોઈ જ્ઞાની બ્રાહ્મણુને ત્યાં ઉત્તમ જન્મ પામે છે અને ત્યાં પણુ પૂર્વના સંસ્કાર બળથી આગળ વધવા પ્રયત્ન ચાલુ કરે છે અને છેવટે મોક્ષરૂપી પુરૂષાર્થ મેળવી સંસારમાંથી છુટે છે હે અર્જુન આવો ઉત્તમ જન્મ થવો દુર્લભ છે હે અર્જુન વિશેષ શું કહું ધ્યાનયોગી તપસ્વીથી શ્રેષ્ઠ છે ધ્યાનયોગી શાસ્ત્રજ્ઞાન મેળવનાર જ્ઞાનીથી પણુ શ્રેષ્ઠ છે. અને ધ્યાનયોગી વાવ, કુવા, તળાવ ખોદાવી આ સંસારના સામાજીક કાર્ય કરનાર કર્મયોગીથી પણુ શ્રેષ્ઠ છે માટે તું ધ્યાનયોગી થા.

# ફળ ૬ ઠું.

## બ્રહ્મતેજની પ્રાપ્તિ

શ્રી નારાયણુ ભગવાને લક્ષ્મીજીને કહ્યું કે લક્ષ્મી હવે તમને ગીતાના છઠ્ઠા અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો હે દેવિ ગોદાવરીના કીનારા ઉપર પ્રતિષ્ઠાન નામનું એક નગર જે તે નગર રાજધાની છે. આ નગરમાં જ્ઞાન શ્રુતિ નામનો રાજા હતો. તે દાતા હતો ધાર્મિક હતો યજ્ઞયાગાદિ કાર્યો કરતો હતો. તેના રાજ્યમાં કોઇપણુ પ્રકારનો ઉપદ્રવ દુઃખ હતું નહિં. સદા સુખાકારી હતી. તે રાજા એક સમયે મહેલના ઉપરના ભાગમાં અગાસીમાં બેઠા હતા. હુંસના ટોળેટોળાં આકાશમાર્ગે ઉડતાં ઉડતાં જતાં હતા. પાછળ જતાં હુંસના ટોળાંએ આગળ જતાં હુંસનાં ટોળાંઓને કહ્યું કે હે હુંસો ઉતાવળા કેમ જાઓ છો? આપણે બધા સાથે મળીને જઈએ હે હુંસો પવિત્ર મુર્તિ જ્ઞાનશ્રુતિ રાજાના રાજ તેજને તમે જોતા નથી. આ રાજતેજ કેવું પ્રકાશી રહ્યું છે. એ સાંભળી આગળ જતા હુંસોના ટોળાંએ તિરસ્કાર ભરેલી રીતથી કહ્યું. હે હુંસો જ્ઞાનશ્રુતિ રાજાના રાજતેજ કરતાં બ્રહ્મજ્ઞાની રૈકવ મુનિનું બ્રહ્મતેજ ઘણુંજ ઉત્તમ છે.

જ્ઞાનશ્રુતિ રાજાએ હુંસની આ વાણી સાંભળી, અગાસીમાંથી નીચે ઉતર્યા. સુખપૂર્વક થોડો સમય બેઠા. વિચાર કર્યો. સારથિને બોલાવ્યો અને કહ્યું કે હે સારથે રૈકવ નામના મુનિને ગમે ત્યાંથી પણુ લાવો. સારથિએ રાજાની આજ્ઞા માથે ચઢાવી રૈકવ મુનિની શોધ કરવા લાગ્યા. પૃથ્વીપરના તમામ તીર્થ ઉપર ફરતા ફરતા ગયા. કાશી, પ્રયાગ, કોલ્હાપુર, ઉજ્જેન, ગયા, મથુરા, વૃન્દાવન, અયોધ્યા વગેરે તમામ પવિત્ર ક્ષેત્રમાં

ફર્યા પણ સારથિને રૈકવમુનિ જોવામાં આવ્યા નહિં. છેવટે સારથિ બદરીકાશ્રમ તરફ ગયા ત્યાંથી કાશ્મીર દેશમાં આવ્યા ત્યાં માણિકયેશ્વર નામના મહાદેવનું દેવળ છે ત્યાં આવ્યા. કાશ્મીર નરેશે દિગ્વિજય કરતી વેળા અનેક પ્રકારના માણિકય રત્નોથી પૂજા કરી હતી ત્યારથી તે મહાદેવનું નામ માણિકયેશ્વર પ્રસિદ્ધ થયું. તે દેવળના દ્વારમાં એક વિશાળ ઝાડ હતું તેની છાયામાં એક ગાડું હતું તેમાં રૈકવમુનિ બેઠા હતા તે મુનિ પોતાના અંગોને ખજવાળતા હતા. સારથિએ તે મુનિને જોયા. સારથિએ તે મુનિને નમસ્કાર કરી પુછયું કે હે મુને આપનું નામ શું છે? આપનું સ્થાન કયું છે આપ અહીં વિશ્રામ લઈ આનંદથી બેઠા છો એનું કારણ શું છે? આપની શું ઇચ્છા છે? આ સાંભળી રૈકવ મુનિએ જવાબ આપ્યો હે મનુષ્ય હમને કોઈપણ પ્રકારની ઇચ્છા નથી. પણ હમારી ઈચ્છા પ્રમાણે સેવા કરનાર માણુસ મળવો જોઈએ. સારથિએ રૈકવ મુનિનો અભિપ્રાય જાણ્યો અને રાજા પાસે ગયો. રાજાને પ્રણામ કરી સઘળું વૃત્તાન્ત કહ્યું. રાજાએ મુનિનો અભિપ્રાય જાણ્યો. એક ગાડું જોડાવ્યું. તેમાં હીરા, માણેક, મોતીના હારો અલંકારોથી ભરેલી પેટીઓ મુકાવી. સાથે એકહજાર ગાયો લીધી અને રાજા પોતે કાશ્મીર દેશમાં ગયા રૈકવ મુનિના દર્શન કર્યા તેના ચરણમાં નમસ્કાર કર્યા અને બધી ભેટ અર્પણ કરી. તે જોઈ મુનિ રૈકવ ગુસ્સે થયા. ભક્તિથી આવેલા રાજાનો તિરસ્કાર કર્યો અને કહ્યું હે રાજન આ બધું જે લાવ્યો છે તે બધું તું પાછો લઈજા. નહિ તો શાપ આપીશ. શાપના ભયથી રાજા નમી પડયા દંડવત્ નમસ્કાર કર્યા અને પૂછયું હે મહારાજ, આપને ઉત્તમ પ્રકારનું આ તેજ કેવી રીતે

પ્રાપ્ત થયું છે? એ મને કૃપા કરીને કહો. ત્યારે મુનિએ કહ્યું હે રાજન્ હું રોજ ગીતાના છઠ્ઠા અધ્યાયનો પાઠ કરૂં છું તેથી મને આ ઉત્તમ પ્રકારનું બ્રહ્મતેજ પ્રાપ્ત થયું છે. દેવતાઓ પણ જે તેજને સહન કરી શકતા નથી એવું આ બ્રહ્મ-તેજ છે. આ સાંભળી જ્ઞાનશ્રુતિ રાજાએ રૈકવમુનિ પાસેથી ગીતાના છઠ્ઠા અધ્યાયનો ઉપદેશ લીધો અને તેનો પાઠ કર-વાનો શરૂ કર્યો, તેથી તેને પણ ઉત્તમ તેજ પ્રાપ્ત થયું અને છેવટે મુકત થયાં, રૈકવ મુનિ પણ માણિકયેશ્વર મહાદેવના દેવાલયમાં બેસી સદા ગીતાના છઠ્ઠા અધ્યાયનો પાઠ કરતા હતા તેથી બ્રહ્મતેજની પ્રાપ્તિ થઈ અને આખરે મોક્ષ પદવી પામ્યા. હે દેવિ, જે માણુસ ભકિત અને શ્રદ્ધાથી ગીતાના છઠ્ઠા અધ્યાયનો પાઠ કરે તો તેને ઉત્તમ બ્રહ્મતેજની પ્રાપ્તિ થાય અને છેવટે મોક્ષ પદવી મળે.

## અધ્યાય ૭

### શ્રી ભગવાનુવાચ ।

મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુંજન્મદાશ્રયઃ ।
અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ ॥૧॥
જ્ઞાનં તેહં સવિજ્ઞાનમઇદં વક્ષ્યામ્યશેષતઃ ।
યજ્જ્ઞાત્વા નેહ ભૂયોન્યદ્દ્ જ્ઞાતવ્યમવશિષ્યતે ॥૨॥
મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ॥૩॥
ભૂમિરાપોનલો વાયુ : ખં મનો બુદ્ધિરેવ ચ ।
અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥૪॥

અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।
જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્ ॥૫॥
એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય ।
અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવ : પ્રલયસ્તથા ॥૬॥
મત્ત : પરતરં નાન્યત્ કિંચિદસ્તિ ધનંજય ।
મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ ॥૭॥
રસોઽહમપ્સુ કૌંતેય પ્રભાસ્મિ શશિસૂર્યયો : ।
પ્રણવ : સર્વવેદેષુ શબ્દ : ખે પૌરુષં નૃષુ ॥૮॥
પુણ્યો ગંધ : પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ ।
જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥૯॥
બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્ ।
બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ॥૧૦॥
બલં બલવતામસ્મિ કામરાગવિવર્જિતમ્ ।
ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોસ્મિ ભરતર્ષભ ॥૧૧॥
યે ચૈવ સાત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે ।
મત્ત એવેતિ તાન્ વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ ॥૧૨॥
ત્રિભિર્ગુણમયૈર્ભાવૈર્ એભિ: સર્વમિદં જગત્ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્ય : પરમવ્યયમ્ ॥૧૩॥
દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરંતિ તે ॥૧૪॥
ન માં દુષ્કૃતિનો મૂઢા : પ્રપદ્યન્તે નરાધમા : ।
માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમાશ્રિતા : ॥૧૫॥
ચતુર્વિધા ભજંતે માં જના : સુકૃતિનોર્જુન ।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥૧૬॥

તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિ વિશિષ્યતે
પ્રિયો હિ જ્ઞાનિનોત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ ॥૧૭॥
ઉદારા : સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ।
આસ્થિતઃ સહિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્ ॥૧૮॥

બહૂનાં જન્મનામંતે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે ।
વાસુદેવ : સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભ : ॥૧૯॥
કામૈસ્તૈસ્તૈ હૃતજ્ઞાના : પ્રપદ્યંતેન્યદેવતા : ।
તં તં નિયમથાસ્થાય પ્રકૃત્યા નિયતા : સ્વયા ॥૨૦॥

યો યો યાં યાં તનું ભક્ત : શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ ।
તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્ ॥૨૧॥
સ તયા શ્રદ્ધયા યુક્તસ્ તસ્યારાધનમીહતે ।
લભતે ચ તતઃ કામાન્ મયૈવ વિહિતાન્હિતાન્ ॥૨૨॥

અંતવત્તુ ફલં તેષાં તદ્ભવત્યલ્પમેધસામ્ ।
દેવાન્ દેવયજો યાન્તિ મદ્ભકતા યાન્તિ મામપિ ॥૨૩॥
અવ્યકતં વ્યકિતમાપન્ન મન્યન્તે મામબુદ્ધયઃ
પરંભાવમજાનંતો મમાવ્યયમનુત્તમમ્ ॥૨૪॥

નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃત્તઃ ।
મૂઢોયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥૨૫॥
વેદાહું સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ।
ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન ॥૨૬॥

ઇચ્છાદ્વેષસમુત્થેન દ્વંદ્વમોહેન ભારત ।
સર્વભૂતાનિ સંમોહું સર્ગે યાન્તિ પરંતપ ॥૨૭॥
યેષાં ત્વંતગતં પાપં જનાનાં પુણ્યકર્માણામ્ ।
તે દ્વંદ્વમોહનિર્મુકતા ભજંતે માં દૃઢવ્રતાઃ ॥૨૮॥

જરામરણ મોક્ષાય મામાશ્રિત્ય યતંતિ યે।
તે બ્રહ્મવિદુઃ કૃત્સ્નમ્ અધ્યામં કર્મ ચાખિલમ્ ॥૨૯॥
સાધિભૂતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ।
પ્રયાણકાલેપિ ચ માં તે વિદુર્યુકતચેતસઃ ॥૩૦॥

ઇતિ શ્રીમદ્‌૦ ઉ૦ બ્ર૦ યોગ૦ શ્રીકૃષ્ણ૦ જ્ઞાનવિજ્ઞાન
યોગો નામ સપ્તમોધ્યાયઃ ॥૭॥

## બોધ પાઠ ૬ ઠો જ્ઞાન વિજ્ઞાનયોગ.

જ્ઞાન વિજ્ઞાનયોગ એટલે શું? જ્ઞાન એટલે જાણવું. વિજ્ઞાન એટલે અધિક વિશેષ જાણવું અર્થાત્ અનુભવ થવો તેને વિજ્ઞાન કહે છે. એક માણસે દુધનું નામ સાંભળ્યું છે દુધ જોયું નથી તેમ ચાખ્યું નથી. બીજા માણસે દુધનું નામ સાંભળ્યું તે દુધ જોયું. દુધ રંગે સફેદ અને પ્રવાહી છે એમ જાણે છે. ત્રીજાએ દુધનું નામ સાંભળ્યું. નજરે જોયું. અને ચાખ્યું તેમજ પીધું છે તેને અનુભવ થયો કે દુધ મીઠુ અમૃત-સમાન સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક છે. પહેલા માણસને પુછવામાં આવે કે દૂધ કેવું હોય? તો તે તરત કહેશે કે હું જાણતો નથી. બીજા નંબરના માણસને પુછીયે કે દૂધ કેવું હોય? તો તરત કહેશે કે દૂધ રંગે સફેદ અને પ્રવાહી હોય છે. કેમકે તે માણસે નજરે જોયું છે, એજ માણસને પૂછીયે કે તેનો સ્વાદ કેવો, તરત ના કહેશે કે હું તે જાણતો નથી કારણ કે મેં હજી દૂધ ચાખ્યું નથી. હવે ત્રીજા નંબરના માણસને પૂછીયે કે તમે દૂધ પીધું છે? તરત તે કહેશે કે હા, મેં દૂધ પીધું છે. દૂધ સ્વાદે મીઠું છે અને શરીરને પુષ્ટિકારક

છે. મગજને શાન્ત કરનારૂં અને ફાયદાકારક છે. આ પ્રમાણે ત્રીજો નંબર બરોબર અનુભવી છે એમ ખાત્રી થાય છે. પહેલો નંબર બીલકુલ અજાણ્યો માટે તે અજ્ઞાની બીજો નંબર કંઈક જાણે છે. માટે તેને જ્ઞાન છે અને અને ત્રીજો નંબર અનુભવી છે, માટે તેને વિજ્ઞાન છે એમ કહેવામાં આવે છે. જ્ઞાન એટલે જાણવું તે, અને વિજ્ઞાન એટલે અનુભવ થવો તે. શ્રીકૃષ્ણ ભગવાને પાંચમાં પાઠમાં અર્જુનને ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવા કહ્યું. જે ઈશ્વરને આપણે અર્પણ કરીયે તે ઇશ્વરનું સ્વરૂપ જાણવું જોઈએ. તેથી હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ઉપદેશ આપી ઈશ્વરનું સ્વરૂપ સમજાવે છે. હે અર્જુન આ સંસારમાં જાણવા લાયક વસ્તુ ઈશ્વર છે. ઈશ્વરને ઓળખ્યા ઈશ્વરનો પ્રત્યક્ષ અનુભવ થયો એટલે ઈશ્વરના રચેલા સંસારનું જ્ઞાન થયું પછી જાણવાનું કંઈ બાકી રહેતું નથી. ઈશ્વર સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ છે. જેને જાણવાને અનેક ઋષિમુનિઓ સતત પ્રયત્ન કરે છે તોપણ જાણી શકાતા નથી. પ્રભુદર્શન માટે અનેકનાં પ્રયત્ન છે તોપણ તેમાંથી કોઈક પાર પામે છે. ઈશ્વર દર્શનનો લાભ મેળવે છે. ઈશ્વરને જાણવાથી મોક્ષ મળે છે. પ્રકૃતિને જાણવાથી મોક્ષ મળતો નથી. ઈશ્વર પ્રકૃતિથી પર છે. આ સંસારનું કારણ પ્રકૃતિ છે. પ્રકૃતિ એટલે શું ? સૃષ્ટિ શરૂ થવા અગાઉ કેવળ નિર્ગુણ નિરાકાર બ્રહ્મ વસ્તુ હતી. તેમાં અહં બ્રહ્માસ્મિ. હું બ્રહ્મ છું. એવું પ્રથમ સ્ફુરણ થયું, જે સ્ફુરણ થયું, તેનેજ મૂળ માયા અવ્યકત, પ્રકૃતિ, આદિ શકિત, વિદ્યા, શુદ્ધ સત્વ કહે છે. પ્રથમ જે સ્ફૂરણ થયું તેને જાણવાવાળો ચૈતન્યદેવ તેને સગુણ બ્રહ્મ કહે છે. અથવા ઈશ્વર કહે છે, આદિ શકિત માયા અને

ઈશ્વર એ બેના સમાગમમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા એકોહું બહુ શ્યામ. હું એક બહુરૂપે થાઉં એવું બીજું સ્ફૂરણુ થયું. જે આ બીજું સ્ફૂરણુ તેને ગુણુમયી માયા, અવિદ્યા અથવા પ્રકૃતિ કહે છે. પ્રકૃતિ બે પ્રકારની અપરા અને પરા, અપરા એટલે કનિષ્ટા અને પરા એટલે શ્રેષ્ઠા. અપરા પ્રકૃતિ આઠ પ્રકારની છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, મન, બુદ્ધિ, અહંકાર. પરા પ્રકૃતિ જીવરૂપા, સ્થાવર અને જંગમ તમામ પ્રાણીમાત્ર આ બે પ્રકારની પ્રકૃતિથી ઉત્પન્ન થયા છે, તમામ પ્રાણીમાત્રના જે શરીર તે પ્રકૃતિનું પરિણામ છે. પ્રકૃતિ જડ છે. અને તેમાં જીવરૂપા જે પરાપ્રકૃતિ તે મારો અંશ ચેતન છે, ભોકતારૂપે શરીરમાં પ્રવેશ કરી પોતાના કર્મ પ્રમાણે શરીરોને ધારણુ કરે છે, પ્રકૃતિમાં મારો ચિદાભાસ મુકું છું તેથી તે સત્તાવાળી છે તેથી તે તમામ સંસારને સરજે છે. ચૈતન્ય સત્તા મુખ્ય હોવાથી હું જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયનો કર્તા છું. આ સંસારની ઉત્પત્તિ સ્થિતિ અને લયનું સ્વતંત્ર કારણુ મારાથી બીજું શ્રેષ્ઠ નથી. સુતરમાં જેમ મણુકા પરોવાયલા છે તે પ્રમાણે મારામાં આ સંપૂર્ણ જગત પરોવાઈ રહ્યું છે. જળમાં રસરૂપે હું છું ચંદ્ર સૂર્યમાં પ્રકાશરૂપે હું રહ્યો છું. વેદમાં પ્રણુવરૂપે રહ્યો છું. આકાશમાં શબ્દરૂપે હું રહ્યો છું, પૃથ્વીમાં ગન્ધરૂપે રહ્યો છું. આ પ્રમાણે વિચાર કરતાં હે અર્જુન સર્વમાં હુંજ રહ્યો છું. સંસારના તમામ પદાર્થો ત્રિગુણાત્મક છે. નાશવંત છે. મારી માયાના પ્રભાવે આ સંપૂર્ણ જગત સંસારના નાશવંત પદાર્થોના રૂપ, આકારમાં મોહ પામે છે. અને અવનવા દેખાતા પદાર્થોને લેવા માટે પ્રયત્ન કરે છે, અને મારી માયાના પ્રભાવે સંસારમાંજ રચ્યાપચ્યા રહે છે. પણ સર્વમાં રહેલા

અવિનાશી ઇશ્વર તત્વને કોઈ જાણતું નથી. અને મને ઇશ્વરને જાણવા પ્રયત્ન કરતા નથી. આ સંસારમાં મને ભજનારા છે. તેમાં કોઈ સ્વાર્થી છે. દુઃખી માણસો પોતાના દુઃખો નાશ થવા અને સુખી થવા મારૂં ભજન કરે છે, તે સ્વાર્થી. ધન મેળવવાની ઈચ્છાથી મારૂં ભજન કરે તે પણ સ્વાર્થી. આ બે સ્વાર્થી. ત્રીજો મને ઈશ્વર જાણવાની ઇચ્છાથી મારૂં ભજન કરે છે તે ઉત્તમ છે. અને ચોથો જ્ઞાની માણસ મારા ઈશ્વરના યથાર્થ સ્વરૂપને જાણી નિશ્ચયથી સદા સર્વ કાલ મને ભજે છે તે સર્વોત્તમ છે. તે મને તજતો નથી, તેમ હું તેને તજતો નથી. અને મને ઈશ્વરને ભજનારો જ્ઞાની સદા મનેજ પામે છે. આ સંપૂર્ણ જગત ઇશ્વર છે આ પ્રમાણે જાણનાર જ્ઞાની મનુષ્ય દુર્લભ છે. આ સંસારમાં જુદા જુદા સ્વભાવના મનુષ્યો પોતાના સ્વભાવ પ્રમાણે પોતાના મનોરથો પૂર્ણ કરવા જુદા જુદા દેવોને ભજે છે, તેમાં શ્રદ્ધા રાખે છે, અને ફળ મેળવે છે. દેવોના જુદા જુદા સ્વરૂપો હોવા છતાં પણ તેમાં હુંજ છું. મનુષ્યની શ્રદ્ધા વધારનારો અને મનુષ્યને ફળ આપનારો હુંજ છું. પણ મને યથાર્થ રીતે કોઈ જાણતું નથી. હે અર્જુન જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે જેના પાપો નાશ પામ્યા છે અને સદા મને પામવાને પ્રયત્ન કરે છે. તેઓ સદા મરણ કાળ પાસે આવ્યો હોય તો પણ મને વિસરતા નથી સદા મારૂં ભજન કરે છે તો તેઓ મને પામે છે. જેઓ અધિભૂત અધિદૈવ અધિયત સહિત મારા સ્વરૂપને જાણે તે પુરૂષો મારામાં ચિત્ત પરોવી મને ભજે છે, મરણકાળમાં પણ મને વિસરતા નથી તેઓની દુર્ગતિ થતી નથી, તેઓ મનેજ પામે છે. માટે હે અર્જુન, પ્રકૃતિના અનન્ત આકાર રૂપને

જોઈ મોક્ષ ન પામવો. અવિનાશી ઇશ્વરદર્શનના લાભને માટે સદા સ્વધર્મ પાલન કરી અંતઃકરણ શુદ્ધ સ્વચ્છ કરવા પ્રયત્ન કરવો.

## ફળ ૭ મું

## દુર્ગતિમાંથી ઉદ્ધાર

શ્રી નારાયણે લક્ષ્મીજીને કહ્યું કે હે લક્ષ્મી હવે તમને સાતમા અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ પટના નામનું એક શહેર પ્રસિદ્ધ છે. ગંગાના કીનારા પર આવ્યું છે. તેમાં શંકુકર્ણ નામે બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણે પોતાનો ધર્મ તજ્યો તેણે દેવોનું પૂજન કર્યું નહોતું. તેમજ પિતૃઓનું તર્પણ પણ કર્યું નહોતું, અને વેપાર ધંધો કરી પૈસો મેળવ્યો ધનવાન બન્યો તેણે લગ્ન કર્યું હતું. તે સ્ત્રી મરી જવાથી બીજી વખત લગ્ન કર્યું અને એ પ્રમાણે તેણે ચાર વખત લગ્ન કર્યાં એક વખતે પોતાની છોકરી તથા ભાઈઓની સાથે રાતના સમયમાં બહાર ફરવા ગયા. ઉંઘ-વાનો સ્વભાવ હોવાથી તે શંકુકર્ણે પોતાના હાથ ઉપર માથુ મૂકી સૂતા અને ઉંઘ્યા ત્યાં તો એક સાપે આવી શંકુકર્ણને દંખ દીધો એટલે મરણ પામ્યા. છોકરાઓ તથા ભાઈઓએ તેને સજીવન કરવા મણિ મંત્ર ઔષધાદિ અનેક ઉપાયો કર્યા પણ બધા ઉપાયો નિષ્ફળ ગયા છોકરાઓ તથા ભાઈઓએ વિચાર કરી લીમડાની લીલી પાંતરીઓ વડે શંકુકર્ણના શરી-રને ઢાંક્યું અને તેને બાંધ્યું પછીથી તે પોટલું લીમડાના ઝાડ સાથે લટકાવ્યું અને ચાલી નીકળ્યા શંકુકર્ણે કઈક જાતિના

દુઃખો ભોગવ્યાં છેવટે સર્પ જાતિમાં જન્મ લીધો. પૂર્વજન્મની ધન સંચયની જે વાસના હતી તેને લઈ તે સાપ ધન જે ઠેકાણે દાટેલું હતું તે ઠેકાણે આવી રહેવા લાગ્યો, તે સાપ કોઇને પણ તે ધન લેવા દેતો નથી. તેની છોકરાઓએ શ્રદ્ધાથી નારાયણ બલિ શ્રાદ્ધ પણ કર્યું તો પણ તે નિષ્ફળ ગયું. એક વખતે સાપ પોતાની જાતિમાં ઘણો વખત રહેવાથી ગભરાયો. જેથી છોકરાઓને સ્વપ્નુ આપ્યું. સાથે છોકરાઓને સ્વપ્નામાં કહ્યું કે હે છોકરાઓ હું તમારો પિતા છું મારા પાપને લઈ સર્પ જાતિમાં આવ્યો છું તેમાંથી મારો ઉદ્ધાર કરો અને ત્યારપછી એક કરોડ રૂપીઆ તમે સરખે ભાગે વહેંચી લો. સવારના ઉઠ્યા બાદ છોકરા આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યા. એકને એવી ઈચ્છા થઈ કે હું પિતાના ઉદ્ધાર માટે નારાયણ બલિ કરૂં બીજા છોકરાને એવી ઈચ્છા થઈ કે હું એ સર્પને મારી સઘળું ધન લઈ લઉં ત્યારે ત્રીજા છોકરાને વિચાર ઉત્પન્ન થયો કે પિતાજીએ એવું શું કામ કર્યું કે તેઓ સર્પ જાતિમાં ગયા. ત્રણ છોકરાઓમાંથી મધ્યમ છોકરાએ પોતાના ભાઈઓને ઠગી ધન લેવાની ઈચ્છા કરી. એક દિવસે સવારના વહેલો ઉઠ્યો, પોતાની સ્ત્રીને બોલાવી, છોકરાએ પોતાના હાથમાં કોદાળી લીધી અને તેની સ્ત્રીએ ટોપલો લીધો અને જે પ્રમાણે ચિહ્ન કહેલું હતું તે પ્રમાણે જોઈ તે ઠેકાણે છોકરાએ ખોદવાનું શરૂ કર્યું, તેની સ્ત્રી ટોપલા વડે માટી લઈ દૂર ફેંકતી હતી. જ્યારે ખોદતાં ખોદતાં ઉંડાણુ થયું એટલે તેમાંથી એક ભયંકર સાપ બહાર આવ્યો ફુંફાડા મારવા લાગ્યો અને બોલ્યો કે તું કોણ છે? કેમ આવ્યો? અને શા માટે ખોદે છે? કોણે તને મોકલ્યો? હે દુષ્ટ તું

બોલ ત્યારે છોકરાએ કહ્યું કે હે પિતાજી હું શિવ નામનો તમારો પુત્ર છું રાત્રે તમે સ્વપ્નામાં કહ્યું. તેથી ધન લેવા આવ્યો છું. સાપે કહ્યું હે પુત્ર પહેલા મારો આ સાપ જાતિમાંથી ઉદ્ધાર કર અને પછીથી આ ધન લે પુત્રએ કહ્યું કે તમારો ઉદ્ધાર કેવી રીતે થાય તે ઉપાય બતાવો સાપે કહ્યું તીર્થદાન તપયજ્ઞ ગયા શ્રાદ્ધ વગેરે કરો તો પણ મારો ઉદ્ધાર થવાનો નથી હે પુત્ર ગીતાનો સાતમો અધ્યાય જન્મ જરા મરણ વગેરે દુઃખો દૂર કરે છે. તે ગીતાના સાતમા અધ્યાયનો પાઠ કરનાર જ્ઞાની બ્રાહ્મણ હોય અને તેને જો શ્રાદ્ધને દિવસે ભોજન આપે તેની સાથે બીજા પણ જ્ઞાની બ્રાહ્મણોને ભોજન આપે તેઓ જમે અને તૃપ્ત થાય તોજ હે પુત્ર આ સાપ જાતિમાંથી મારો ઉદ્ધાર થાય. નહિ તો નહિ. આ પ્રમાણે પીતાનું વાકય સાંભળ્યું તમામ છોકરાઓએ વિચાર કર્યો અને ગીતાના સાતમા અધ્યાયનો પાઠ કરનાર જ્ઞાની બ્રાહ્મણોની સાથે બીજા બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા તેથી શંકુકર્ણનો સર્વ જાતિમાંથી ઉદ્ધાર થયો દિવ્ય શરીર ધારણ કર્યું. વિમાનમાં બેસી સ્વર્ગ તરફ ગયા બધા છોકરાઓએ પિતાનું ધન સરખે ભાગે વહેંચી લીધું અને ધાર્મિક થયા. વાવ કુવા તળાવ સરોવર યજ્ઞ યાગાદિ એટલે દેવાલય વગેરે કાર્યો કીધાં. અન્નક્ષેત્ર ખુલ્લાં મુકયાં અને સદ્ગતિ પામ્યા. હે દેવિ જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના સાતમા અધ્યાયનો પાઠ કરે છે તો તેની દુર્ગતિ થતી નથી. ગીતાના સાતમા અધ્યાયનો પાઠ કરનાર મનુષ્યને ભોજન આપવાથી પણ ભોજન આપનાર મનુષ્યના દુર્ગતિમાં ગયેલા પિતૃઓનો ઉદ્ધાર થાય છે.

## અધ્યાય ૮

### અર્જુન ઉવાચ ।

કિં તદ્બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।
અધિભૂતં ચ કિં પ્રોક્તમ્ અધિદૈવં કિમુચ્યતે ॥૧॥
અધિયજ્ઞઃ કથં કોત્ર દેહેસ્મિનન્મધુસૂદન ।
પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોસિ નિયતાત્મભિઃ ॥૨॥

### શ્રી ભગવાનુવાચ ।

અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોધ્યાત્મમુચ્યતે ।
ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ॥૩॥
અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।
અધિયજ્ઞોહમેવાત્ર દેહે દેહભૃતાંવર ॥૪॥
અંતકાલે ચ મામેવ સ્મરન્ મુકત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશય ॥૫॥
યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યંતે કલેવરમ્ ।
તં તમેવૈતિ કૌંતેય સદા તદ્ભાવ ભાવિતઃ ॥૬॥
તસ્માત્ સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।
મય્યર્પિતમનોબુદ્ધિર્ મામેવૈષ્યસ્યસંશયમ્ ॥૭॥
અભ્યાસયોગયુકતેન ચેતસા નાન્યગામિના ।
પરમં પુરુષં દિવ્યં યાતિ પાર્થાનુચિંતયન્ ॥૮॥
કવિં પુરાણમનુશાસિતારમ્ અણોરણીયાંસમનુસ્મરેદ્યઃ ।
સર્વસ્ય ધાતારમચિંત્યરૂપમ્ આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥૯॥
પ્રયાણકાલે મનસા ચલેન ભકત્યા યુકતો યોગબલેન ચૈવ ।
ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્
સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥૧૦॥

યદક્ષરં વેદવિદો વદંતિ વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ તત્તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥૧૧॥
સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુધ્ય ચ ।
મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્ ॥૧૨॥
ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥૧૩॥
અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥૧૪॥
મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમશાશ્વતમ્ ।
નાપ્નુવંતિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥૧૫॥
આબ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્તિનોઽર્જુન ।
મામુપેત્ય તુ કૌંતેય પુનર્જન્મ ન વિદ્યતે ॥૧૬॥
સહસ્રયુગપર્યન્તમહર્યદ્ બ્રહ્મણો વિદુઃ ।
રાત્રિં યુગસહસ્રાં તાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥૧૭॥
અવ્યક્તાદ્વ્યક્તયઃ સર્વાઃ પ્રભવંત્યહરાગમે ।
રાત્ર્યાગમે પ્રલીયંતે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે ॥૧૮॥
ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।
રાત્ર્યાગમેવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે ॥૧૯॥
પરસ્તસ્માતુ ભાવોન્યો વ્યક્તોવ્યક્તાત્સનાતનઃ ।
ય સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥૨૦॥
અવ્યક્તોક્ષર ઈત્યુક્તસ્ તમાહુઃ પરમા ગતિમ ।
યં પ્રાપ્ય ન નિવર્તંતે તદ્ધામ પરમં મમ ॥૨૧॥
પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।
યસ્યાંતઃસ્થાનિ ભૂતાનિ યેમ સર્વમિદં તતમ્ ॥૨૨॥

યત્ર કાલે ત્વનાવૃત્તિમ્આવૃત્તિં ચૈવ યોગિનઃ ।
પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ॥૨૩॥
અગ્નિર્જ્યોતિરહઃશુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।
તત્ર પ્રયાતા ગચ્છંતિ બ્રહ્મ બ્રહ્મવિદોજનાઃ ॥૨૪॥
ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।
તત્રચાંદ્રમસં જ્યોતિર્યોગી પ્રાપ્ય નિવર્તતે ॥૨૫॥
શુક્લકૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।
એકયા યાત્યનાવૃત્તિમ્ અન્યયા વર્તતે પુનઃ ॥૨૬॥
નૈતે સૃતી પાર્થ જાનન્ યોગી મુહ્યતિ કશ્ચન ।
તસ્માત્સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥૨૭॥
વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ દાનેષુ યત્પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।
અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્॥૨૮॥

ઇતિ શ્રીમદ્ ભ૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦
અક્ષરબ્રહ્મયોગો નામાષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

## બોધ પાઠ ૭મો અક્ષરબ્રહ્મયોગ

અક્ષર બ્રહ્મ એટલે શું? અક્ષર એટલે અવિનાશી. બ્રહ્મ એટલે ચૈતન્યદેવ. આત્મા. અક્ષરબ્રહ્મ એટલે અવિનાશી ચૈતન્યદેવ. આત્મા. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને છઠ્ઠા પાઠમાં ઈશ્વરના યથાર્થ અનુભવ માટે જ્ઞાન વિજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું અવિનાશી ઈશ્વરતત્વનું પ્રતિપાદન કર્યું. તેની સાથે અધિયજ્ઞ અધિદેવ અધ્યાત્મ સહિત ઈશ્વરના સ્વરૂપને જાણવા માટે કહ્યું ત્યારે અર્જુનના અન્તઃકરણમાં સંશય ઉત્પન્ન થયો કે અધિયજ્ઞ અધ્યાત્મ, અધિદૈવ એ શું હશે? એવી ઈચ્છા થઈ તેથી

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને અધ્યાત્મ, અધિદેવ, અધિયજ્ઞ વગેરેનું સ્વરૂપ સમજાવે છે.

પ્રશ્ન ૧લો. બ્રહ્મ એટલે શું ? અક્ષર, અવિનાશી જે તત્ત્વ તે બ્રહ્મ. જગતનું મૂળ અવિનાશી કારણ તે બ્રહ્મ કહેવાય છે.

પ્રશ્ન ૨જો અધ્યાત્મ એટલે શું ? જીવાત્મા, જે અવિનાશી આત્મા આ શરીરમાં દાખલ થઇ ભોક્તારૂપે રહ્યો જેને જીવ કહેવામાં આવે છે તે અધ્યાત્મ કહેવાય છે.

પ્રશ્ન ૩જો કર્મ એટલે શું ? ઇન્દ્રાદિ દેવોને જેમાં આહુતિ આપવામાં આવે છે તે યાગાદિ તમામ ધાર્મિક ક્રિયાને કર્મ કહેવામાં આવે છે કે જેથી હમેશાં પ્રાણીઓની ઉત્પત્તિ વૃદ્ધિ થાય છે.

પ્રશ્ન ૪થો અધિભૂત એટલે શું ? નાશવંત તમામ પદાર્થો અધિભૂત કહેવાય છે.

પ્રશ્ન ૫મો અધિદૈવ એટલે શું ? સર્વ દેવતાઓનો અધિપતિ હિરણ્યગર્ભ વિરાટપુરૂષને આધદૈવ કહે છે.

પ્રશ્ન ૬ઠો અધિયજ્ઞ એટલે શું ? તમામ પ્રાણી માત્રના શરીરમાં અન્તર્યામિ રૂપે રહેલો જે હું તેને અધિયજ્ઞ કહે છે. જે અધિયજ્ઞ અન્તર્યામિ તે અસંગ છે તેનું સ્વરૂપ જીવથી નીરાળું છે.

પ્રશ્ન ૭મો અન્તકાલમાં યોગિઓ તમારા સ્વરૂપને કેવી રીતે જાણે ? શરીમાં રહેલા અન્તર્યામિ પરમેશ્વરનું અન્તકાળમાં સ્મરણ કરી આ દેહને તજી અર્ચિમાર્ગથી જે જાય છે તે મને પામે છે.

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું, હે અર્જુન અન્તે યા મતિઃ સાગતિઃ મનુષ્ય અન્તકાળમાં જેનું સ્મરણ કરી દેહ

તજે છે તે મનુષ્ય છેવટે તે સ્વરૂપને પામે છે. આ સંસારમાં મનુષ્ય સદા સર્વકાલ જેનું ચિન્તન વિશેષ કરે છે તે મનુષ્યના અન્તઃકરણમાં તેના સંસ્કાર દઢ થાય છે, અને તેથી છેવટે તેનું સ્મરણ થાય છે તેવી ગતિ પામે છે માટે શાસ્ત્રકારોએ મનુષ્યનો અન્તકાળ સુધરે એ હેતુથી સદા ભજન કરવાને કહ્યું. ભજન કરવાથી મનમાં સંસ્કાર દઢ થાય છેવટે ઈશ્વરનું સ્મરણ થાય અને મનુષ્ય સંસારમાંથી મુક્ત થાય. યોગી લોકોએ સંસારની નાશવંત સ્થિતિ જાણી લીધી. તેથી તેઓ સંસારમાં આસક્ત થતા નથી અને સદા ઈશ્વરનું જ ચિન્તન કરી પોતાનું જીવન ગુજારે છે, જ્યારે તેઓ પોતાનો દેહ તજે છે તે પહેલાં યોગ માર્ગના નિયમ પ્રમાણે ધારણા સ્થિર કરે છે મન સ્થિર કરે છે પ્રાણાયામ ક્રિયાથી પ્રાણને ધીમે ધીમે મૂર્ધા સ્થાનમાં લાવી સ્થિર કરે છે પરમેશ્વરનો વાચક પ્રણવ ૐકાર મંત્રનું ચિન્તન કરે છે અને પોતાના સ્થૂલ દેહને તજે છે તેથી તેઓ પરમપદને પામે છે યોગીઓ પરમપદને મને પામ્યા એટલે તેનો પુનઃ જન્મ થતો નથી જન્મ મરણના ફેરામાંથી યોગીઓ છૂટે છે બ્રહ્મલોક સૂધીના તમામ લોકો એકથી એક ઉત્તમ પ્રકારના છે. એકથી એક ચઢીયાતા છે. પુણ્ય પ્રમાણે ઉત્તમ લોકોના ઉત્તમ વૈભવો ભોગવી શકાય છે. પણ જ્યાં સૂધી પૂણ્ય પહોંચે ત્યાં સૂધી તે તે લોકોમાં સ્થાન મળે પણ જયાં પૂણ્ય પુરૂં થયું એટલે પાછા સંસારમાં આવવું પડે છે. મોક્ષ મળતો નથી ઈશ્વરનેજ પામવાથી મોક્ષ મળે છે તેથી બ્રહ્મલોક સૂધીના લોકો પુનરાવૃત્તિ ધર્મવાળા છે. પુનરાવૃત્તિ ધર્મ એટલે પુણ્યથી ઉત્તમ લોકમાં ગયાં પણ પુણ્ય પૂરૂં થતાં ત્યાંથી પણ પાછા આવી

જન્મ લેવો પડે છે તેથી તે સે લોકોને પુનરાવૃત્તિ ધર્મવાળા કહેવામાં આવે છે જ્યાં જવાથી પાછું આવવું પડતું નથી. જન્મ ધારણુ કરવાં પડતા નથી તેને પરમપદ કહે છે. આ સંસારની સ્થિતિ સદા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય ધર્મવાળી છે. પણુ ઈશ્વર એથી પર છે અને તે ભક્તિથી પ્રાપ્ત થઈ શકે છે સદા તેને પામવાથીજ મનુષ્ય કૃતકૃત્ય થાય છે. સૃષ્ટિ સરજનહારે મનુષ્યના કલ્યાણુ માટે સૃષ્ટિ શરૂઆતકાળથી બે પ્રકારના માર્ગ રચ્યા છે એક માર્ગને શુકલ માર્ગ એવું નામ આપ્યું છે. શુકલ માર્ગને કોઈ દેવયાન. અર્ચિમાર્ગ, અથવા ઉત્તરાયણુકાળ પણુ કહે છે અને કૃષ્ણુમાર્ગને પિતૃયાન, ધુમમાર્ગ અથવા દક્ષિણુાયનકાળ એમ કહે છે જ્યારે ઉપાસક યોગિઓ શુકલમાર્ગનો આશ્રય લે છે પ્રાણુાયામ ક્રિયાદ્વારા પ્રાણુને મૂર્ધસ્થાનમાં સ્થિર કરે છે; મસ્તક ભેદી આ સ્થૂલ શરીરને તજે છે સૂક્ષ્મ શરીરદ્વારા તેને લોકમાં જાય છે અને છેવટે ક્રમથી મુક્ત થાય છે તેઓ જન્મ મરણુ પામતાં નથી પણુ જે ઉપાસક યોગીઓ કૃષ્ણુમાર્ગનો આશ્રય લે છે ત્યારે તેઓ તે તે લોકમાં જઈ પુણ્ય ભોગવે છે અને પુણ્ય પુરૂં થતાં પાછા જન્મ ધારણુ કરે છે અર્થાત શુકલમાર્ગ અથવા દેવયાન ક્રમથી મોક્ષ આપનારો છે જ્યારે કૃષ્ણુમાર્ગ અથવા પિતૃયાન પુનર્જન્મ આપનારો છે આ બે માર્ગ શરૂઆતથી છે પણુ ધ્યાન પરાયણુ રહેનાર અર્થાત ઈશ્વરનું સદા ધ્યાન કરનાર માણુસ મોહ પામતો નથી તે તો ઈશ્વરના ચરણુનું શરણુ લઈ સદા કાર્ય કરે છે અને છેવટે આ સંસાર બન્ધનમાંથી છુટે છે માટે હે અર્જુન તું પણુ સદા ઈશ્વરને વિષે ધ્યાન પરાયણુ થા અને સ્વધર્મનું પાલન કર.

## ફળ ૮ મું.

## દુર્ગતિમાંથી છુટકારો અને મોક્ષપ્રાપ્તિ

મહાદેવે પાર્વતીને કહ્યું હે પાર્વતી હવે તમે ગીતાના આઠમા અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો હે દેવિ દક્ષિણ દિશામાં આમર્દક નામનું એક પ્રસિદ્ધ નગર છે તેમાં ભાવશર્મા નામનો એક બ્રાહ્મણ ત્યાં રહેતો હતો. તે વેશ્યાના સંગથી અનાચારી થયો પોતાનું પવિત્ર જીવન ભ્રષ્ટ કર્યું વ્યભિચારી થયો મદ્યમાંસ વગેરે ખાવા લાગ્યો તે બ્રાહ્મણે એક સમયે પીઠામાં જઈ તાડી પીધી. તાડી ખૂબ પીવાથી મદ ચઢયો, થોડા વખતમાં મરણ પામ્યો અને તાડના ઝાડરૂપે ઉત્પન્ન થયો એક સમયે બ્રહ્મરાક્ષસ થયેલા સ્ત્રીપુરૂષનું દંપતિ તાડની છાયામાં આવ્યું હે દેવિ તેની પૂર્વજન્મની કથા સાંભળો. હું કહું છું પૂર્વમાં કુશીબલ નામનો બ્રાહ્મણ હતો. વેદ વેદાંગાદિ શાસ્ત્રને જાણતો હતો તેની સ્ત્રી કુમતિ નામની હતી, આ બે જણા અત્યંત લોભી હતા. લોભને લઈ સદા દાન લેતાં. ભેંસ, ઘોડા, ગાય, કાળપુરૂષ વગેરે મહાદાનો પણ લેતા હતા. એક પાઇ પણ કોઇને આપતા નહીં. કાળે કરીને તે દંપતિ મરણ પામ્યા, તેથી બ્રહ્મરાક્ષસ થયા. તેઓ ભૂખ તરસથી દુઃખી થતા ચારે તરફ ભટકવા લાગ્યા. અને છેવટે દુઃખી થઈ તાડના ઝાડ નીચે વિશ્રામ લેવાને આવી પહોંચ્યા, એક બીજા સાથે વાતો કરવા લાગ્યા, સ્ત્રીએ કહ્યું આપણું આ દુઃખ કયારે મટશે? બ્રહ્મરાક્ષસની યોનીમાંથી આપણો કયારે છુટકારો થશે? ત્યારે પુરૂષે કહ્યું બ્રહ્મવિદ્યા વિના, અધ્યાત્મજ્ઞાન વિના, અને કર્મ વિધિના જ્ઞાન વિના આ સંકટમાંથી મુક્ત થવાના નથી.

સ્ત્રીએ કહ્યું બ્રહ્મ શું? અધ્યાત્મ શું? અને કર્મવિધિ શું?" આ પ્રમાણે સ્ત્રીએ બ્રહ્મરાક્ષસ પુરૂષને કહ્યું તેટલામાં તો ત્યાં આશ્ચર્ય થયું, ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકને સાંભળતાંજ તાડના ઝાડમાંથી મુક્ત થઈ કુશીબલ બ્રાહ્મણે દિવ્યરૂપ ધારણ કર્યું. પવિત્ર થયો. તાડના ઝાડમાંથી મુક્ત થયો. અને આ ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકના ઉચ્ચારથી બ્રહ્મરાક્ષસ દંપતિ પણ પવિત્ર થયા દુર્ગતિમાંથી મુક્ત થયા. ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકના ઉચ્ચારથી અંતરીક્ષમાંથી ખણુ ખણુ કરતું વિમાન આવ્યું તેમાં દંપતિ સ્ત્રી પુરૂષ બેઠા અને સ્વર્ગમાં ગયા. ભાવશર્મા બ્રાહ્મણે તે ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકને ઘણા માનથી લખ્યો અને તપ કરવા કાશી તરફ ગયાં. ભાવશર્મા તે અર્ધા શ્લોકથી ભગવાનની આરાધના કરવા લાગ્યો, તેથી શેષશાયી ભગવાન નીદ્રામાંથી જાગ્યા. તે જોઈ લક્ષ્મી પ્રાર્થના કરવા લાગ્યા કે 'હે ભગવાન આજે આમ કેમ બેઠા છો ત્યારે ભગવાને કહ્યું કે હે લક્ષ્મી ભાવશર્મા નામનો બ્રાહ્મણ કાશીમાં ગંગા કીનારે ભક્તિ શ્રદ્ધા સાથે તપ કરે છે અને ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકનો જપ કરે છે તેની તપશ્ચર્યાથી હું પ્રસન્ન થયો છું અને તેના તપ પ્રમાણે ફળ આપવા વિચાર કરૂં છું. પાર્વતીએ શંકરને કહ્યું કે હે શંકર, ભગવાને ભાવશર્માને શું ફળ આપ્યું? મહાદેવે કહ્યું કે હે પાર્વતી, શ્રી નારાયણ શેષશાયી ભગવાને ભાવશર્માને આત્યંતિક સુખ એટલે મોક્ષ સુખરૂપી ફળ આપ્યું અને તેના પ્રભાવે તેના પૂર્વજો વગેરે તમામ યાતના દુઃખોમાંથી છુટા થયા અને મુકિત પામ્યા. હે દેવિ જ્યારે ગીતાના

આઠમા અધ્યાયના અર્ધા શ્લોકનું આવું ઉત્તમ ફળ છે તો પછી આખા અધ્યાયનું કેટલું બધું ફળ હશે તેનો વિચાર કરો.

હે દેવિ જે માણસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના આઠમા અધ્યાયનો પાઠ કરે છે તો તેને મોક્ષફળ પ્રાપ્ત થાય છે.

આ ગીતાના આઠમા અધ્યાયના અર્ધા શ્લોકનો પાઠ કરવાથી દુર્ગતિમાં પડેલા જીવોનો ઉદ્ધાર થાય છે તો પછી સંપૂર્ણ અધ્યાયના પાઠથી જીવોનો ઉદ્ધાર થઈ મોક્ષ પામે તેમાં આશ્ચર્ય નથી.

## અધ્યાય ૯

### શ્રી ભગવાનુવાચ ।

ઇદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।
જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧॥
રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ॥૨॥
અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરંતપ ।
અપ્રાપ્ય માં નિવર્તંતે મૃત્યુસંસારવર્ત્મનિ ॥૩॥
મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥૪॥
ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।
ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ॥૫॥
યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥૬॥

સર્વભૂતાનિ કૌંતેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥૭॥
પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ।
ભૂતગ્રામમિમં કૃત્સ્નમ્અવશં પ્રકૃતેર્વશાત્ ॥૮॥
ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નંતિ ધનંજય ।
ઉદાસીનવદાસીનમ્અસક્તં તેષુ કર્મસુ ॥૯॥
મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।
હેતુનાનેન કૌંતેય જગદ્વિપરિવર્તતે ॥૧૦॥
અવજાનંતિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનંતો મમ ભૂતમહેશ્વરમ્ ॥૧૧॥
મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।
રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ॥૧૨॥
મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજંત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥૧૩॥
સતતં કીર્તયંતો માં યતંતશ્ચ દૃઢવ્રતાઃ ।
નમસ્યંતશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥૧૪॥
જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજંતો મામુપાસતે ।
એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ॥૧૫॥
અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્ ।
મંત્રોહમહમેવાજ્યમ્અહમગ્નિરહં હુતમ્ ॥૧૬॥
પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।
વેદ્યં પવિત્રમોંકાર ઋક્સામ યજુરેવ ચ ॥૧૭॥
ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥૧૮॥

તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।
અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥૧૯॥
ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા
યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયંતે ।
તે પુણ્યમાસાદ્ય સુરેંદ્રલોકમ્ ।
અશ્નંતિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્ ॥૨૦॥
તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં
ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશાંતિ ।
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના ગતાગતં કામકામા લભંતે ॥૨૧॥
અનન્યાશ્ચિતયંતો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥૨૨॥
યેપ્યન્યદેવતાભક્તા યજંતે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેપિ મામેવ કૌંતેય યજંત્યવિધિપૂર્વકમ્ ॥૨૩॥
અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામભિજાનંતિ તત્ત્વેનાતશ્ચ્યવંતિ તે ॥૨૪॥
યાંતિ દેવવ્રતા દેવાન્પિતૄન્યાંતિ પિતૃવ્રતાઃ ।
ભૂતાનિયાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોપિ મામ્ ॥૨૫॥
પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતમ્અશ્નામિ પ્રયતાત્મનઃ ॥૨૬॥
યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌંતેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥૨૭॥
શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબંધનૈઃ ।
સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥૨૮॥
સમોહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ ।
યે ભજંતિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મંતવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥૩૦॥
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિં નિગચ્છતિ ।
કૌંતય પ્રતિજાનીહિ ન મે ભકતઃ પ્રણશ્યતિ ॥૩૧॥
માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેપિસ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેપિયાન્તિ પરાં ગતિમ્ ॥૩૨॥
કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભકતા રાજર્ષયસ્તથા ।
અનિત્યમસુખં લોકમૂર્ઈમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥૩૩॥
મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમ્ આત્માનં મત્પરાયણઃ ॥૩૪॥

ઇતિ શ્રીમદ૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦ રાજવિદ્યા-
રાજગુહ્યયોગો નામ નવમોધ્યાયઃ ॥૯॥

## બોધ પાઠ ૮મો રાજવિદ્યા રાજગૃહ્યયોગ

રાજવિદ્યા રાજગૃહ્ય એટલે શું ? રાજવિદ્યા એટલે તમામ .કારની વિદ્યામાં રાજા (રાજા એટલે શ્રેષ્ઠ) વિદ્યા અનેક પ્રકારની ), તોપણ મુખ્યત્વે કરીને બે પ્રકારની. લૌકિક વિદ્યા અને ાસ્ત્રીય વિદ્યા ગુજરાતી, અંગ્રેજી, મરાઠી વગેરે ભાષાનું જ્ઞાન ાળવી નોકરી કરી ધન મેળવી શકાય તેમજ વેપાર, ધંધો, ાજગાર, વગેરેનું જ્ઞાન મેળવી ધન મેળવી શકાય ત્યારે આ ાધી વિદ્યા લૌકિક વિદ્યા અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવી ાસ્ત્રીનો અભ્યાસ કરવો તે શાસ્ત્રવિદ્યા. વિદ્યાનો અન્ત .થી. આયુષ્ય પુરૂં થાય પણ વિદ્યાનો પાર પામે નહિ. આયુ- ય થોડું અને ભણતર ઘણું. ભણવું શું ? લૌકિક વિદ્યા ભણિએ

તો ધન કમાય વ્યવહાર ચલાવી શકાય. પણ જન્મ મરણમાંથી છુટી શકાય નહિ. અને શાસ્ત્રવિદ્યા ભણીએ તો પણ વરૂણી દ્વારા પુરાણ વાંચન વગેરેથી ધન મેળવી શકાય છે. અહંતા મમતા વધે છે અને તેથી જન્મ મરણમાંથી છુટી શકાય નહી. ત્યારે ઉત્તમ વિદ્યા આત્મજ્ઞાન વિદ્યા શ્રેષ્ઠ વિદ્યા છે. જન્મ મરણમાંથી મુક્ત કરનારી છે. જે જાણવાથી કંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી. તેથી તમામ પ્રકારની વિદ્યામાં આત્મજ્ઞાન આપનારી વિદ્યા શ્રેષ્ઠ છે. માટે એને રાજવિદ્યા કહે છે, તેજ પ્રમાણે રાજગુહ્ય એટલે ગુપ્ત રાખી શકાય એવી વસ્તુઓમાં પણ જે રાજા. રાજા એટલે શ્રેષ્ઠ ગુપ્ત રાખવા લાયક જે આત્મજ્ઞાન તેને રાજગુહ્ય કહે છે. મંત્ર તંત્ર ઔાષધરત્ન સુવર્ણ વગેરે વસ્તુ ગુપ્ત રાખવાની છે તીજોરીમાં મૂકવાની છે. જેમ તેમ ગમે ત્યાં રાખી શકાય નહીં. જવાહીર ને મખમલના અસ્તરવાળી દાબડીમાં કે પેટીમાં મૂકીયે તોજ શોભે છે અને તીજોરીમાં મૂકવાથી તેનું રક્ષણ થાય છે. તેમજ સુવર્ણના અલંકારોને પણ તીજોરીમાં મૂકીયે તોજ તેની શોભા છે. અને તેનું રક્ષણ પણ થઇ શકે તે પ્રમાણે આત્મજ્ઞાન પણ બધા કરતા ગુપ્ત રાખવ:ની વસ્તુ છે. એને માટે ઉત્તમ પાત્ર જ્ઞાનનો અધિકારી ન હોય અને જો આત્મજ્ઞાન આપવામાં આવે તો તે જ્ઞાન શોભતું નથી અને અનર્થ ઉત્પન્ન કરે છે. આત્મજ્ઞાનનો અધિકારી શાન્તિગુણવાળો જીતેન્દ્રિય વિવેકી અને સંસાર તરફ વૈરાગ્યવાળો હોવો જોઈએ. જેમ જવાહીર મખમલની ડબીમાં શોભે તેમ ઉપર જણાવેલા ઉત્તમ અધિકારી પાત્રમાં આત્મજ્ઞાન શોભે છે. માટે બધી વસ્તુ કરતાં આત્મજ્ઞાનવિદ્યા ગુપ્ત રાખવાની

છે માટે એને રાજગુહ્ય કહેવામાં આવી છે. રાજવિદ્યા રાજગુહ્ય એટલે આત્મજ્ઞાન વિદ્યા. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને સાતમા પાઠમાં અધિયજ્ઞ અધિભૂત વગેરેના સ્વરૂપ કહ્યા. તેની સાથે યોગીની ગતિ કહી. હવે ઈશ્વરનું ઐશ્વર્ય અચિન્ત્ય છે. સહેલાઇથી જાણી શકાય તેમ નથી. એને જાણવાને માટે જ્ઞાન એજ ઉત્તમ સાધન છે. ભકિત વિના જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. માટે શ્રીકૃષ્ણભગવાન અર્જુનને આઠમા પાઠમાં જ્ઞાનની સાથે ભકિતનો ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન આત્મજ્ઞાન એ સર્વ વિદ્યામાં શ્રેષ્ઠ છે. અને ગુપ્ત રાખવા લાયક વસ્તુમાં પણ આત્મજ્ઞાન વિશેષ ગુપ્ત રાખવા લાયક વસ્તુ છે. આત્મજ્ઞાન એ પવિત્ર છે, અને અજ્ઞાન દૂર કરી આત્મલાભરૂપી પ્રત્યક્ષ ફળ આપનારૂં છે. પ્રાપ્ત થઈ શકે એવું અને અવિનાશી છે. આત્મજ્ઞાન મેળવવામાં શ્રદ્ધા એ મુખ્ય કારણ છે. જેને શ્રદ્ધા નથી તેને જ્ઞાન પ્રાપ્ત થઈ શકે નહીં. શ્રદ્ધા વગરનો મનુષ્ય વારેઘડીએ જન્મમરણ પામે છે. મુકત થતો નથી. આ સંસાર પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે અને પ્રકૃતિમાં લય પામે છે. મારી સત્તાથી પ્રકૃતિ સત્તાવાળી છે અને સૃષ્ટિ સરજે છે. હું પ્રકૃતિનો આશ્રય લઈ લીન થયેલા તમામ પ્રાણીઓને તેઓના પ્રાચીન કર્મ સ્વભાવને અનુસરી વિવિધરૂપે ઉત્પન્ન કરૂં છું. મને ઉત્પન્ન કરવાનું અભિમાન નથી તેમ હું તે કાર્ય કરવામાં આસકત નથી કારણકે હું અસંગ અને ઉદાસીન છું જેથી સૃષ્ટિ સરજવાનું કાર્ય મને બંધનકર્તા નથી. મારા પ્રકાશથી પ્રકાશિત થયેલી પ્રકૃતિ સચરાચર જગતને ઉત્પન્ન કરે છે. હું સર્વમાં રહ્યો છું, તોપણ અજ્ઞાનિ મનુષ્ય તમામ પ્રાણિમાત્રમાં રહેલા મને ઈશ્વરને જાણતા નથી.

અને તેથી મનુષ્યરૂપમાં રહેલા ઈશ્વરનોજ અનાદર કરે છે. જેઓ દૈવી સ્વભાવના છે તેઓ તો મને સદા સર્વકાળ ભજે છે. મારૂં કીર્તન કરે છે, સર્વત્ર મારા સ્વરૂપને નમન કરે છે, જેઓ ઉત્તમ અધિકારી છે, તેઓ જ્ઞાનયજ્ઞથી બ્રહ્મભાવથી સર્વત્ર મારા સ્વરૂપનું ચિન્તન કરે છે, જેઓ મધ્યમ અધિકારી છે તેઓ ભેદદૃષ્ટિથી આદિત્યરૂપ બ્રહ્મ છે એમ સમજી અથવા મનરૂપ બ્રહ્મ છે એમ સમજી મારી ઉપાસના કરે છે અને જેઓ મંદ અધિકારી છે તેઓ કર્મ માર્ગથી યજ્ઞાદિ કાર્ય કરે અને ઈન્દ્રવરૂણાદિરૂપે મારૂં વિશ્વરૂપનું પૂજન કરે છે. કોઈ વૈદિક તંત્રથી બ્રહ્મા વિષ્ણુ રૂદ્રરૂપ મારૂં વિશ્વરૂપનું પૂજન કરે છે. કંઈ કેટલાઓ ફળની ઈચ્છા ન રાખી મારૂં પૂજન કરે છે જયારે કેટલાક મનુષ્યો ફળની ઈચ્છાથી યજ્ઞાદિ કાર્યો કરે છે સ્વર્ગાદિ ફળ મેળવે છે અને પુણ્ય પુરૂં થતાં પાછા સંસારમાં જન્મ લે છે એ પ્રમાણે સકામ પુરૂષ જન્મમરણ ભોગવે છે. જેઓ મારા ભકત છે તેઓ મને કદાપિ છોડતા નથી તેઓ મારૂં અનન્ય શરણ લઇ મને ભજે છે તેશી તેના યોગક્ષેમને હું ચલાઉં છું. જેઓ શ્રદ્ધાથી બીજા દેવોનું પૂજન કરે તોપણ તેઓ મારૂં પૂજન કરે છે. પણ તેઓ મારા યથાર્થ સ્વરૂપને જાણતા નથી. યજ્ઞનો ભોકતા પણ હું છું. ફળદાતા પણ હું છું મારી સત્તા સર્વત્ર વ્યાપક છે. જેઓ જે દેવને ભજે છે તેઓ તે દેવને પામે છે. જેઓ મને ભજે છે તેઓ મને પામે છે. સૃષ્ટિ શરૂઆતકાળથી સૃષ્ટિની વ્યવસ્થા જાળવવાને માટે મુખ્ય ચાર પ્રકારની દૈવી સત્તા રચાયલી છે. જેમ મુખ્ય પાર્લામેન્ટ છે તેના હાથ નીચે રાજસત્તા તથા જુદી જુદી સત્તાઓ રચા-યલી છે. તે પ્રમાણે સર્વોપરિ મુખ્ય ઈશ્વરસત્તા બ્રહ્મા વિષ્ણુ

રૂદ્રરૂપા છે તેના હાથ નીચે ત્રણુ પ્રકારની દૈવીસત્તા છે. દેવ સત્તા, પિતૃસત્તા, ભૂતસત્તા, દેવસત્તામાં ઈન્દ્રાદિ તમામ દેવોનો સમાવેશ થાય છે. પિતૃસત્તામાં તમામ પિતૃગણુનો સમાવેશ થાય છે અને ભૂતસત્તામાં વિનાયક, વેતાલ, દુર્ગા, ક્ષેત્રપાલ, યક્ષિણી વગેરેનો સમાવેશ થાય છે. જેઓ ઈન્દ્રાદિ દેવોનું યજનપૂજન યાગાદિ કાર્યોથી પૂજન કરે છે તો તેઓ તે તે લોકમાં જાય છે. જેઓ પિતૃગણુનું શ્રાદ્ધાદિથી પૂજન કરે છે તો તેઓ પિતૃલોકને પામે છે અને જેઓ વિનાયકાદિ દેવોનું જપ હોમ બલિ વગેરેથી પૂજન કરે છે તો તે પણુ તે તે લોકને પામે છે. અને જેઓ મારૂં નિર્ગુણનું અથવા સગુણનું પૂજનયજન ઉપાસના કરે તો મારા સ્વરૂપને પામે છે. હે અર્જુન આ સંસારમાં મને કોઈ પ્રિય નથી. મારો કોઇ દ્વેષિ નથી. મારો કોઈ મિત્ર નથી. હું સર્વત્ર સમાનદૃષ્ટિથી છું. જેઓ જેવી ભકિત કરે છે તેને તેવું ફળ પ્રાપ્ત થાય છે. હું પૂર્ણકામ છું. મને કોઈપણુ પ્રકારની કામના ઈચ્છા નથી. મને ભકિતપ્રિય છે. હું શ્રદ્ધા અને ભકિતથી જે પ્રમાણે વશ થાઉં છું તે પ્રમાણે વૈભવાદિથી વશ થતો નથી. જેઓ શ્રદ્ધા ભકિતથી એક પુષ્પ અર્પણ કરે અથવા એક પાંદડું અર્પણ કરે અથવા તો માત્ર પાણી પણ અર્પણ કરે તો હું પ્રેમથી સ્વીકારૂં છું. હીરા, માણેક, મોતીના હારો મને અર્પણ કરે પણુ જો ભકિત વગરના હોય તો તેને હું સ્વીકારતો નથી. મારી ભકિત કરનાર મારૂં અનન્ય શરણુ લેનાર ગમેતેવો દુરાચારી હોય, પાપી હોય, સ્ત્રી હોય, વૈશ્ય હોય કે શુદ્ર હોય તોપણુ તે પવિત્ર છે. તે સાધુ પુરૂષ છે તે પણ પરમપદને પામે છે તો ઉત્તમ બ્રાહ્મણુ અથવા ક્ષત્રિય હોઈ મારૂં અનન્ય શરણુ લઈ

મને ભજે તો તે ઉત્તમ ગતિ પામે એમાં કંઈ સંશય નથી માટે હે અર્જુન સદા સર્વકાળ મારૂં આરાધન કર તું જે કંઈ કાર્ય કરે છે ભોજન, હોમ, દાન, તપ વગેરે જે કરે છે તે મને પરમેશ્વરને અર્પણ કર. મારૂં પરમેશ્વરનું અનન્ય શરણ લે. તારૂં મન મારે વિષે ઈશ્વરમાં પોરવ. જો એમ ન બને તો તું મારો ઈશ્વરનો ભક્ત થા. જો તેમ ન બને તો તું યજ્ઞયાગાદિ કાર્યોથી સદા મારૂં ઈશ્વરનું પૂજન કર અને જો એ ત્રણમાંથી એક ઉપાય ન બને તો હે અર્જુન સર્વત્ર ઈશ્વરજ છે એમ નિશ્ચયથી સર્વત્ર મને ઇશ્વરને નમસ્કાર કર એ પ્રમાણે પણ તું મનેજ પ્રાપ્ત થઈશ. આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઈશ્વરનું અનન્ય શરણ લેવાને ઉપદેશ આપ્યો.

## ફળ ૯ મું

## કાળપુરૂષ જેવા મહાદાનના ઉગ્રપાપમાંથી રક્ષણ

શંકરે પાર્વતીને કહ્યું હે પાર્વતી હવે તમને ગીતાના નવમાં અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો. હે દેવિ નર્મદા નદીને કીનારે માહિષ્મતિ નામે નગરી છે તેમાં એક માધવ નામના બ્રાહ્મણ રહેતા હતા. તે બ્રાહ્મણ વેદ વેદાંગાદિ શાસ્ત્રને જાણતા હતા તેની બુદ્ધિ શુદ્ધ હતી. વિદ્યાથી તેણે ધન પેદા કર્યું હતું. એક દિવસે તે બ્રાહ્મણને યજ્ઞ કરવાની ઇચ્છા થઈ તેથી તેણે યજ્ઞ આરંભ્યો. ઘણા ઋત્વિજોની વરૂણી કીધી યજ્ઞમાં બલિદાન આપવા માટે એક બકરો લાવ્યા હતા તેનું પૂજન કર્યું ત્યારે બકરો હસીને કહેવા લાગ્યો હે બ્રહ્મદેવ વિધિ પ્રમાણે ઘણા યાગો કરો તો પણ તેથી ફળ શું ? જે ફળ મળે છે તે

તો નાશવંત ફળ છે તેથી જન્મમરણુ ટળતાં નથી અને યજ્ઞ કરનારને મોક્ષ મળતો નથી. બકરાની આ વાણી સાંભળી મંડપમાં બેઠેલા તમામ બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા. માધવે બકરાને પૂછયું તમે કોણુ છો? તમે આ દશાને કેવી રીતે પામ્યા છો? પૂર્વમાં કોણુ હતા? તે બધુ વૃત્તાન્ત કહી સંભળાવો. બકરાએ કહ્યું હું પૂર્વમાં બ્રાહ્મણુ હતો. સારા કુળમાં મારો જન્મ હતો. વેદાદિ શાસ્ત્રને જાણુતો હતો યજ્ઞયાગાદિ કાર્યો કરતો હતો. ગૃહસ્થાશ્રમી હતો. પુત્રનું સુખ હતું નહીં. તેથી સ્ત્રીને સંતાપ થતો તેના સંતાપને દૂર કરવા મેં દેવીયાગ શરૂ કર્યો તેમાં બકરાને લાવી બલિદાન આપવાની તૈયારી કરી તે સમયે બકરાની મા પણુ ત્યાં હતી તેણે જોયું કે આ લોકો મારા છોકરાને મારી નાંખવા માગે છે તેથી તેણે મને શ્રાપ આપ્યો. રે પાપી તું મારા પુત્રનો નાશ કરવા માંગે છે તો તું પણુ બકરાની યોનીમાં જઈ પડીશ. તેનો મેં વિચાર ન કર્યો અને એ બકરાનું બલિદાન આપ્યું. કાળે કરીને હું મરણુ પામ્યો અનેક પ્રકારની જાતિના દુઃખો ભોગવ્યા અને આ વખતે બકરાપણાને પામ્યો છું. પશુ જાતિમાં પણુ મને પૂર્વની જાતિનું સ્મરણુ છે. માધવે પૂછયું તમે બીજી જાતિનો શું શું અનુભવ લીધો તે પણુ વર્ણવો ત્યારે બકરાએ કહ્યું પહેલાં હું બકરો થયો ત્યાર પછી વાંદર જન્મ્યો તે વખતે ઝાડ ઉપર ઘર ઉપર કુદકા મારતો ફરતો હતો પછી કુતરાની જાતિમાં જન્મ્યો ટુકડા માટે ઘર ઘર ભટકતો એક વખત મારા સ્વામીની રસોઇ બગાડી તેથી દંડુકાનો ખુબ માર પણુ પડયો તે વખતે બેભાન થઈ પૃથ્વી પર પણુ પડયો અને મરણુ પામ્યો ત્યારબાદ ઘોડાનો જન્મ પામ્યો તે વખતે ભાર વહન કરતો અનેક દુઃખો ભોગવ્યાં

અને મરણ પામ્યો પછી વળી ઘોડાનો જન્મ પ્રાપ્ત થયો. મારો માલિક તીર્થ યાત્રા કરવા મને સાથે લઇ ગયો મને વેચી નાખ્યો ત્યાં પેટભર ખાવાનું પણ ન મળ્યું મારો ધણી મને પાણી પાવાને એક તળાવમાં લઈ ગયો ત્યાં કાદવમાં ફસાઈ ગયો નીકળી શકાયું નહિં મારા ધણીએ પણ મને બહાર ખેંચી કાઢવા ઘણો પ્રયત્ન કર્યો પણ કંઈ વળ્યું નહીં અને છેવટે મરણ પામ્યો. આ પ્રમાણે અનેક જન્મોમાં દુઃખો ભોગવ્યા અને હવે બકરાનો જન્મ લઇ આવ્યો છું. તમે મારૂં બલિદાન કરો તો મારો છુટકારો થશે. માધવે કહ્યું એવી વાતોથી કંઈ ફાયદો નથી મને મોક્ષ પ્રાપ્તિ થાય એવો ઉપદેશ આપો ત્યારે બકરાએ કહ્યું હે માધવ કુરૂક્ષેત્ર નામના નગરમાં સૂર્યવંશી ચંદ્રશર્મા નામે રાજા હતા એક વખતે સૂર્ય-ગ્રહણનો પ્રસંગ હતો તેથી રાજાને કાળ પુરૂષનું દાન આપવાની ઈચ્છા થઇ. વેદ વેદાંગાદિ શાસ્ત્રને જાણનારા બ્રાહ્મણને બોલાવવામાં આવ્યો. સ્નાન કરી રાજાએ દાન આપવાની તૈયારી કરી તે વખતે કાળપુરૂષ હસીને બોલ્યો હે બ્રાહ્મણ ધનલોભથી સૂર્યગ્રહણ સમયે તું કાળપુરૂષનું દાન શા માટે લે છે, આ મહાન પાતક શા માટે ગ્રહણ કરે છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું એવા મહાદાનોના ભયથી શું થવાનું છે એવા અનેક મહાદાનોના પાતકોને તરવાને ઉપાય જાણું છું. રાજાએ સ્નાન કર્યું સ્વચ્છ વસ્ત્રો પહેર્યા પવિત્ર થયો આચાર્યનો હાથ પકડી આગળ આવ્યા અને ગ્રહણ સમયે વિધિ પ્રમાણે બ્રાહ્મણને કાળપુરૂષનું દાન આપ્યું તે વખતે કાળપુરૂષનું હૃદય ભેદી એક ચાણ્ડાલ નીકળ્યો થોડા સમય પછી તે કાળપુરૂષના શરીરમાંથી એક ચાણ્ડાલિકા ઉત્પન્ન થઈ. આ બે ચાણ્ડાલ અને ચાણ્ડાલિકા

તે બ્રાહ્મણના શરીરને પકડવાને આમતેમ ફરવા લાગ્યા. આ બ્રાહ્મણ ગીતાના નવમાં અધ્યાયનો મનમાં પાઠ કરતા હતા જરા જરા ધ્રુજતા હતા વાણી બન્ધ હતી. રાજા તેના તરફ જોતા હતા આ બ્રાહ્મણના મનમાં ગીતાના નવમાં અધ્યાયના અક્ષરો જેમ જેમ નીકળવા લાગ્યા તેમ તેમ તે ઠેકાણે વિષ્ણુના દૂતો ઉત્પન્ન થયા અને ચાણ્ડાલ દંપતીને પીડવા લાગ્યા. તે દંપતી નાશભાગ કરવા લાગ્યું અને બ્રાહ્મણના શરીરને તજી ચાલી નીકળ્યું. તે બ્રાહ્મણ કાળપુરૂષના ભયમાંથી છૂટા થયા. આ વૃત્તાંત જ્યારે રાજાએ જોયું ત્યારે રાજા આશ્ચર્ય પામ્યા અને બ્રાહ્મણને પૂછ્યું કે હે બ્રાહ્મણ તમે આ ચાણ્ડાલ દંપતીની પીડાથી કેવી રીતે છૂટયા? કયો મંત્ર જપતા હતા? કોનું સ્મરણ કર્યું હતું તે બધું મને કહો પુરૂષ કોણ હતો? સ્ત્રી કોણ હતી? કયાંથી આવ્યા? અને કેવી રીતે તેના દુઃખમાંથી શાન્ત થયા? તે બધું કહો ત્યારે બ્રાહ્મણે કહ્યું જે ચાણ્ડાલ હતો તે મહાન ભયંકર મૂર્તિમાન્ ઉગ્ર પાપ હતું અને જે સ્ત્રી હતી તે મૂર્તિમતી નીન્દા હતી. મેં ગીતાના નવમા અધ્યાયના મંત્રોનો પાઠ શરૂ કર્યો તેથી હું તેના ભયમાંથી છૂટયો તે બ્રાહ્મણ પાસેથી રાજાએ ગીતાના નવમા અધ્યાયનો ઉપદેશ લીધો અને પાઠ કરવા લાગ્યા તેથી તે બ્રાહ્મણ અને રાજા કાળે કરી મુક્ત થયા. બકરાએ કહ્યું હે માધવ તે વખતે મેં ગીતાના નવમા અધ્યાયને સાંભળ્યો હતો એનું સદા ધ્યાન કરતો હતો સ્મરણ કરતો હતો તેથી મને યાદ રહી ગયો અને તેથી મારૂં દુઃખ દૂર થતું હતું હવે મોક્ષનો સમય આવ્યો છે. માધવે ગીતાના નવમા અધ્યાયને સાંભળ્યો. બકરો સમય આવતાં મરણ પામ્યો તેથી

વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો. માધવ પણ ગીતાના નવમા અધ્યાયનો પાઠ કરવા લાગ્યા તેથી કાળે કરી મુક્તિ પામ્યા. હે દેવિ જે મનુષ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના નવમા અધ્યાયનો સદા પાઠ કરે છે તો તે કાળપુરૂષ જેવા મહાદાનના ઉગ્ર પાપમાંથી છુટે છે અને મુક્તિ પામે છે.

## અધ્યાય ૧૦

### શ્રી ભગવાનુવાચ ।

ભૂય એવ મહાબાહો શૃણુ મે પરમં વચઃ ।
યત્તેહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા ॥૧॥
ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ ।
અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાંચ સર્વશઃ ॥૨॥
યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।
અસંમૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૩॥
બુદ્ધિર્જ્ઞાનમસંમોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ ।
સુખંદુઃખં ભવો ભાવો ભયં ચાભયમેવ ચ ॥૪॥
અહિંસા સમતા તુષ્ટિસ્તપો દાનં યશોયશઃ ।
ભવંતિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ ॥૫॥
મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા ।
મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઈમાઃ પ્રજાઃ ॥૬॥
એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ ।
સોવિકંપેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ ॥૭॥
અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।
ઈતિ મત્વા ભજંતે માં બુધા ભાવસમન્વિતાઃ ॥૮॥

મચ્ચિત્તામદ્ગતપ્રાણા બોધયંતઃ પરસ્પરમ્ ।
કથયંતશ્ચ માં નિત્યં તુષ્યંતિ ચ રમંતિ ચ ॥૯॥
તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥૧૦॥
તેષામેવાનુકંપાર્થમ્અહમજ્ઞાનજં તમઃ ।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥૧૧॥

અર્જુન ઉવાચ ।

પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ।
પુરુષં શાશ્વતં દિવ્યમ્આદિદેવમજં વિભુમ્ ॥૧૨॥
આહુસ્ત્વામૃષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।
અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ॥૧૩॥
સર્વમેતદૃતં મન્યે યન્માં વદસિ કેશવ ।
ન હિ તે ભગવન્વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ॥૧૪॥
સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ ।
ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે ॥૧૫॥
વક્તુમર્હસ્યશેષેણ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।
યાભિર્વિભૂતિભિર્લોકાનઈમાંસ્ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ ॥૧૬॥
કથં વિદ્યામહં યોગિંસ્ત્વાં સદા પરિચિંતયન્ ।
કેષુ કેષુ ચ ભાવેષુ ચિંત્યોઽસિ ભગવન્મયા ॥૧૭॥
વિસ્તરેણાત્મનો યોગં વિભૂતિં ચ જનાર્દન ।
ભૂયઃ કથય તૃપ્તિર્હિ શ્રૃણ્વતો નાસ્તિ મેઽમૃતમ્ ॥૧૮॥

શ્રી ભગવાનુવાચ ।

હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।
પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ નાસ્ત્યંતો વિસ્તરસ્ય મે ॥૧૯॥

અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ।
અહમાદિશ્ચ મધ્યં ચ ભૂતાનામંત એવ ચ ॥૨૦॥
આદિત્યાનામહં વિષ્ણુર્જ્યોતિષાં રવિરંશુમાન્।
મરીચિર્મરુતાસ્મિ નક્ષત્રાણામહં શશી ॥૨૧॥
વેદાનાં સામવેદોસ્મિ દેવાનામસ્મિ વાસવઃ।
ઇંદ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામસ્મિ ચેતના ॥૨૨॥
રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ્।
વસૂનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામહમ્। ॥૨૩॥
પુરોધસાં ચ મુખ્યં માં વિદ્ધિ પાર્થ બ્રહ્સ્પતિમ્।
સેનાનીનામહં સ્કંદઃ સરસામસ્મિ સાગરઃ ॥૨૪॥
મહર્ષીણાં ભૃગુરહં ગિરામસ્મ્યેકમક્ષરમ્।
યજ્ઞાનાં જપયજ્ઞોસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ॥૨૫॥
અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ।
ગંધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ॥૨૬॥
ઉચ્ચૈઃશ્રવસમશ્વાનાં વિદ્ધિ મામમૃતોદ્ભવમ્।
ઐરાવતં ગજેંદ્રાણાં નરાણાં ચ નરાધિપમ્ ॥૨૭॥
આયુધાનામહં વજ્રં ધેનુનામસ્મિ કામધુક્।
પ્રજનશ્ચાસ્મિ કંદર્પઃ સર્પાણામસ્મિ વાસુકિઃ ॥૨૮॥
અનંતશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામહમ્।
પિતૃણામર્યમા ચાસ્મિ યમઃ સંયમતામહમ્ ॥૨૯॥
પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામહમ્।
મૃગાણાં ચ મૃગેંદ્રોહં વૈનતેયશ્ચ પક્ષિણામ્। ॥૩૦॥
પવનઃ પવતામસ્મિ રામઃ શસ્ત્રભૃતામહમ્।
ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામસ્મિ જાહ્નવી ॥૩૧॥

સર્ગાણામાદિરંતશ્ચ મધ્યં ચૈવાહમર્જુન ।
અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામહમ્ ॥૩૨॥
અક્ષરાણામકારોસ્મિ દ્વંદ્વઃ સામાસિકસ્ય ચ ।
અહમેવાક્ષયઃ કાલો ધાતાહં વિશ્વતોમુખઃ ॥૩૩॥
મૃત્યુઃ સર્વહરશ્ચાહમુદ્ભવશ્ચ ભવિષ્યતામ્ ।
કીર્તિઃ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃક્ષમા ॥૩૪॥
બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છંદસામહમ્ ।
માસાનાં માર્ગશીર્ષોહં ઋતુનાં કુસુમાકરઃ ॥૩૫॥
દ્યૂતં છલયતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ।
જયોસ્મિ વ્યવસાયોસ્મિ સત્ત્વં સત્ત્વવતામહમ્ ॥૩૬॥
વૃષ્ણીનાં વાસુદેવોસ્મિ પાંડવાનાં ધનંજય ।
મુનીનામપ્યહં વ્યાસઃ કવીનામુશના કવિઃ ॥૩૭॥
દંડો દમયતામસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્ ।
મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામહમ્ ॥૩૮॥
યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદહમર્જુન ।
ન તદસ્તિ વિના યત્સ્યાન્મયા ભૂતં ચરાચરમ્ ॥૩૯॥
નાંતોસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરંતપ ।
એષ તૂદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા ॥૪૦॥
યદ્યદ્વિભૂતિમત્સત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।
તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંશસંભવમ્ ॥૪૧॥
અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન ।
વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમ્એકાંશેન સ્થિતો જગત્ ॥૪૨॥

ઇતિ શ્રીમદ્ભ૦ ઉ૦ બ્ર૦ યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણ૦ વિભૂતિયોગો
નામ દશમોધ્યાયઃ ॥૧૦॥

## બોધ પાઠ ૯મો વિભૂતિયોગ

વિભૂતિ એટલે શું ? જુદા જુદા અધિકારીઓને ધ્યાન કરવાને જુદા જુદા ઐશ્વર્યવાળા ભગવાનના સ્વરૂપોને વિભૂતિ કહે છે, અન્તઃકરણ શુદ્ધ થવાથી જ્ઞાનની પ્રાપ્તિ, જ્ઞાનથી મોક્ષ પુરૂષાર્થની સિદ્ધિ મળે છે. ત્યારે જેમ બને તેમ અન્તઃકરણ મનને શુદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઇએ. મનની શુદ્ધતા મનની સ્થિરતા એકાગ્રતા ઉપર આધાર રાખે છે. દુનિયાના અવનવા પદાર્થને જોઈ તેને મેળવવા અજ્ઞાનિ મનુષ્યનું મન ચંચળ થાય છે. ચંચળ થતા મનને જેમ બને તેમ રોકવાની સ્થિર કરવાની જરૂર છે. એને સ્થિર કરવા માટે આધાર આલંબન જરૂરનું છે. આધાર અથવા આલંબન અથવા આશ્રયરૂપે ભગવાનની વિભૂતિઓ છે. મંદ અજ્ઞાની મનુષ્યો પણ ભગવાનની વિભૂતિઓને વિષે પોતાનું ચિત્ત સ્થિર કરી મોક્ષ પુરૂષાર્થ મેળવે એ હેતુથી શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને આ નવમાં પાઠમાં વિભૂતિઓનો ઉપદેશ આપ્યો છે. શ્રીકૃષ્ણે આઠમાં પાઠમાં અર્જુનને ભગવાનનું અનન્ય શરણ લેવાને ઉપદેશ આપ્યો. ભગવાનનું સ્વરૂપ કેવા પ્રકારનું છે અથવા કયા સ્વરૂપનું શરણ લેવાથી ચિત્ત સ્થિર થાય એ જાણવું જોઈએ. તેથી ભગવાને આ નવમાં પાઠમાં વિભૂતિઓનું વર્ણન કર્યું. ચિત્ત ચંચળ છે. તેને જેમ બને તેમ સ્થિર કરવું જોઇએ. ભગવાનની જણાવેલી વિભૂતિઓમાંથી મનુષ્યને જે સ્વરૂપ પ્રિય હોય તે સ્વરૂપનો આશ્રય લેવો અને પૂજન વિધિ દ્વારા ચિત્તને સ્થિર કરવાને પ્રયત્ન કરતા રહેવું, પૂજન વિધિ એ ચંચળ ચિત્તને સ્થિર કરવાને માટે એક

પ્રકારનો અભ્યાસ છે. નિશાળે જનાર શિષ્ય પોતાનો હમેશનો પાઠ તૈયાર કરવાને વારે ઘડીએ ગોખે છે યાદ કરે છે અને સદા યાદ રહે તે પ્રમાણે પ્રયત્ન કરે છે. તે પ્રમાણે આ સંસાર એ પ્રભુની નીશાળ મનુષ્ય જીવન સાર્થક થવું એ મુળ હેતુ પ્રભુ ચિન્તનથી પ્રભુના અનન્ય શરણથી તે હેતુ પાર થઈ શકે તેને માટે સદા પૂજન વિધિ દ્વારા પ્રભુમાં ચિત્ત સ્થિર કરવા અભ્યાસ કરવો અને સદા અભ્યાસ કરતાં ચિત્તમાં પ્રભુનું નામ પ્રભુની છબી પ્રતિબિંબિત કરવી કે મરણકાલે આ સંસારને તજતાં પ્રભુનું નામ યાદ આવે પ્રભુની છબી નીરખીયે અને આનંદથી મોક્ષને માટે સર્ટિફિકેટ મેળવી શકાય ચિત્ત અભ્યાસથીજ સ્થિર થઈ શકે છે. ઇશ્વરનું ઐશ્વર્ય અચિન્ત્ય છે. દેવ ઋષિ મહર્ષિઓ પણ તેના ઐશ્વર્યનો પાર પામ્યા નથી. જાણી શકયા નથી. તો મનુષ્ય કેવી રીતે જાણી શકે ? શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન જેમનાથી આ બધી પ્રજા થઈ છે તે સપ્તરૂષિઓ અને મનુઓ મારાથી ઉત્પન્ન થયા છે. મારા માનસ પુત્રો છે. મનના સંકલ્પ માત્રથી ઉત્પન્ન થયા છે. આ જગત મારાથી ઉત્પન્ન થયું છે. સર્વમાં હુંનો હુંજ છું. મૂઢ મનુષ્યો મને જાણતા નથી. જેઓ મારામાં પરમેશ્વરમાં ચિત્ત પરોવે છે જેઓ પોતાના પ્રાણ મને ઈશ્વરને અર્પણ કરે છે જેઓ મારૂં ઈશ્વરનું અનન્ય શરણ લે છે જેઓ સદા પરસ્પર બેસી મારા ગુણાનુંવાદ ગાય છે કથા વાર્તા કરી આનંદ માને છે સંતોષવૃત્તિ ધારણ કરે છે તેઓ સદા સુખ પામે છે. આ પ્રમાણે સદા મારૂં ઇશ્વરનું અનન્ય શરણ લેનાર મારા ભક્તને હું ભક્તિયોગ આપું છું અને જ્ઞાનરૂપી દીવો પ્રગટાવી તેના અજ્ઞાનરૂપી અન્ધકારને દૂર કરૂં છું. તેથી તેઓ

જ્ઞાનદ્વારા મારા સ્વરૂપને જાણે છે અને સંસારબન્ધનમાંથી મુક્ત થાય છે. સર્વમાં હુંનો હુંજ છું. પણ મારી કૃપાથી જ્ઞાનીઓ સર્વત્ર મને જાણે છે અને અજ્ઞાનીઓ જાણતા નથી અને સંસારમાં મોહ પામે છે. મને જાણવા માટે ચિત્તને સ્થિર કરવું જોઇએ. સંસારના પદાર્થો નાશવંત છે એમ સમજી તેના તરફનો મોહ તજવો જોઇએ અને મારી વિભૂતિઓનું પૂજન કરી ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરવો જોઇએ. એ પૂજનવિધિ પણ બે પ્રકારની છે. આન્તરપૂજન અને બાહ્યપૂજન આન્તરપૂજન એટલે શરીરમાં રહેલા હૃદયાદિ સ્થાનમાં ભગવાનની મૂર્તિ પધરાવી ધ્યાનથી મનથી કલ્પેલી સામગ્રીદ્વારા જે પૂજન કરવું તે. અને બાહ્યપૂજન એટલે બહાર સિંહાસન ઉપર સ્થાપેલી ભગવાનની મૂર્તિ અથવા છબીમાં બહારની તૈયાર કરેલી ચંદન, પુષ્પ, ધુપ, દીપ વગેરે સામગ્રીથી મંત્રોચ્ચાર કરી જે પુજન કરવું તે. આન્તર્પુજનમાં બધી ક્રિયા માનસિક થાય છે જયારે બાહ્યપુજનમાં મંત્રોચ્ચારની સાથે ચંદન, પુષ્પ, વગેરે સામગ્રી અર્પણ કરવાની બહારની ક્રિયા થાય છે. બાહ્યપુજનની સાધના કર્યા સિવાય આન્તરપુજન કઠિન છે. પહેલાં બાહ્યપુજનદ્વારા ચિત્ત સ્થિર કરવાને પ્રયત્ન શરૂ કરવો અને તે પુજનવિધિ સમાપ્ત થયા બાદ હમેશાં બહારના પુજન પ્રમાણે આન્તરપુજન કરવાની પણ શરૂઆત કરવી. ધીમે ધીમે અભ્યાસથી કાર્ય સિદ્ધ થાય છે. બાહ્યપુજનના પાંચ અંગ છે તે પોતાની શકિત પ્રમાણે કરવા.

૧ જપ ૨ હોમ ૩ તર્પણ ૪ માર્જન ૫ બ્રહ્મભોજન.

૧ જે દેવનું પૂજન ઉપાસના કરતા હોઈએ તે દેવના સ્વરૂપને બોધન કરનારા મંત્રનો નિયમ પૂર્વક જપ કરવો તે.

૨ મંત્ર જપની દશાંશ સંખ્યાનો ઘી તલ વગેરે યોગ્ય વસ્તુથી અગ્નિમાં આહુતિ આપી હોમ કરવો તે. ૩ પાણીમાં પાણીથી અંજલીદ્વારા અર્ધ્ય પ્રદાન કરી તર્પણ કરવું તે. ૪ સ્તુતિદ્વારા પ્રભુ કૃપા માંગી મનમાંથી સંસારના સંસ્કારોને દૂર કરતા જવું તે. ૫ અને ન્યાય પૂર્વક કમાયલા ધનમાંથી ઈષ્ટદેવની પ્રસન્નતા માટે સુપાત્ર બ્રાહ્મણોને ભોજન આપવું તે. આ પ્રમાણે શરીર વાણીથી પૂજન વિધિનો અભ્યાસ કરતાં આન્તર પૂજનનો અધિકારી બને છે આન્તર પૂજનના પાંચ અંગ છે. ૧ પટલ ૨ પદ્ધતિ ૩ વર્મ ૪ સ્તોત્ર ૫ નામ સહસ્ત્ર. ૧ મૂલાધાર ૨ સ્વાધિષ્ઠાન ૩ મણિપૂરક ૪ અનાહત ૫ વિશુદ્ધ ૬ આજ્ઞા, અને સહસ્ત્રદળ આ ચક્રોમાં ઈષ્ટદેવના સ્વરૂપની આસન ભાવના સ્થિર કરી ચિત્તને શકિત સંપન્ન બનાવવું તે પટલ અથવા આસન ભાવના પીઠ ભાવના ઉપર કહેલા સ્થાનો ચક્રોમાં યોગીઓ પ્રાણાયામદ્વાર પ્રાણને સ્થિર કરે છે અને ક્રમે ક્રમે ઉપર લઈ જાય છે.

પૂજનવિધિ કરનાર માણસે આ સ્થાનોમાંથી મુખ્ય હૃદય સ્થાન લેવું અને તે હૃદયને ઇષ્ટદેવનું આસન માનવું તેમાં પ્રભુને પધરાવવા. આ અંગો સમજવા માટે છે યોગીઓ સિવાય અનુભવમાં આવી શકે તેમ નથી) હૃદયાદિ સ્થાનમાં પાંચ અથવા સોળ ઉપચારોથી ઈષ્ટદેવનું જે પુજન કરવું તે પદ્ધતિ અથવા પુજન પ્રકાર. વર્મ એટલે કવચ શરીર રક્ષણની ભાવના કરવી. ન્યાસ કરવા તે વર્મ ઈષ્ટદેવના સ્વરૂપની ભાવના સદા જાગૃત રહે માટે સ્તોત્ર પાઠદ્વારા ઇષ્ટદેવોના ગુણગાન સ્મરણ કરવા તે સ્તોત્ર અને ઈષ્ટદેવના સ્વરૂપ બોધક ઈષ્ટ-

દેવના નામ સ્મરણદ્વારા નમસ્કાર કરી સહસ્ત્ર જપ કરવા તે નામ સહસ્ત્ર કહેવાય છે.

૧ મૂલાધારચક્ર ગુદા અને લિંગના મધ્ય ભાગમાં આવ્યું છે એ ચક્ર ચાર દલ (પાંખડી) વાળું છે એનો વર્ણ લાલ છે.

૨ સ્વાધિષ્ઠાનચક્ર લીંગની સામેના ભાગમાં આવેલું છે એ ચક્ર છ દલ (પાંખડી) વાળું છે એનો વર્ણ સિન્દુર જેવો છે.

૩ મણિપૂરચક્ર નાભિ પ્રદેશની સામે આવ્યું છે એ ચક્ર દશ દલનું છે એનો વર્ણ નીલ છે.

૪ અનાહતચક્ર હૃદયપ્રદેશની સામે આવ્યું છે. એ ચક્ર બાર દલનું છે એનો વર્ણ અરૂણ છે પ્રભાત સમયના આકાશ જેવો છે.

૫ વિશુદ્ધ ચક્ર કણ્ઠપ્રદેશમાં છે એ ચક્ર સોળ દળનું છે. એનો વર્ણ ધૂમાડાના જેવો છે.

૬ આજ્ઞા ચક્ર બે ભવાની મધ્યમાં છે. એ ચક્ર બે દળનું છે. એનો વર્ણ સફેદ છે.

૭ સહસ્ત્ર દળ મસ્તક ભાગમાં આવેલું છે એ ચક્ર હજાર દળનું છે. એનો વર્ણ પ્રકાશમય છે.

આ સ્થાનો યોગીઓને અનુભવમાં આવે છે માટે મનુષ્યે તો હૃદય સ્થાનમાં અન્તર પૂજન કરવાનો અભ્યાસ કરવો અને બહાર જે પ્રમાણે પૂજન કરીએ તે પ્રમાણે મનથી પૂજન કરવું કે જેથી મન એકાગ્ર બને અને શુદ્ધ થાય. કામાદિ વિકાર નાશ પામે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે મારી વિભૂતિઓનો પાર નથી, ગણાવી શકાય તેમ નથી એટલે આ અધ્યાયમાં મુખ્ય મુખ્ય વિભુતિઓ કહી અને છેવટે ઉપદેશ

આપ્યો કે હે અર્જુન, જેઓ ઐશ્વર્ય સંપન્ન હોય શકિત સંપન્ન હોય ગુણ સંપન્ન હોય તપોબળ સંપન્ન હોય ધન સંપન્ન હોય બુદ્ધિ સંપન્ન હોય આવા ઉત્તમ ગુણ સંપન્ન જો હોય તો તેને મારા અંશથી ઉત્પન્ન છે એમ સમજવું. વિદ્યા, તપ, શૂરતા શાન્તિ ધીરજ વગેરે ગુણવાળુ પ્રાણી મારી વિભૂતિ છે એમ જાણ. આ પ્રમાણે વિભુતિઓનું વર્ણન કરી તેની પૂજા ઉપાસના દ્વારા મંદ અધિકારીઓને ચિત્ત સ્થિર કરવા ઉપદેશ આપ્યો.

---

## ફળ ૧૦ મું.

## સ્વસ્વરૂપની પ્રાપ્તિ અથવા જીવન્મુક્તિ

મહાદેવે પાર્વતિને કહ્યું કે હે પાર્વતિ હવે તમને ગીતાના દશમા અધ્યાયનું ફળ કહું છું તે સાંભળો ગીતાના દશમા અધ્યાયનું ફળ ઘણુંજ ઉત્તમ છે. હે દેવિ પૂર્વકાળમાં કાશી ક્ષેત્રમાં એક બ્રાહ્મણ રહેતા હતા, તે પવિત્ર હતા, પ્રસન્ન હતા તેનું ચિત્ત શાન્ત હતું તેણે તમામ ઈન્દ્રિયોને જીતી હતી મન વાણી અને શરીરથી કોઈની પણ હિંસા કરતા નહી અને જ્ઞાની હતા. એક સમયે તે બ્રાહ્મણ પવિત્ર થઈ આચમન કર્યું નાકના અગ્રભાગ ઉપર નજર સ્થિર કરી અને પરમાનન્દ પરમાત્માનું ભજન કરવા લાગ્યા અને દ્વારના ઉંબરા ઉપર માથું મૂકી નિશ્ચિંત થઈ સૂતા તે વખતે ભૃંગી નામના ગણે મારા ચરણમાં નમસ્કાર કરી પુછયું હે પ્રભો આ બ્રાહ્મણે આપનું દર્શન કેવી રીતે કર્યું ? એ બ્રાહ્મણે જપ તપાદિ શુપુણ્ય કર્યાં? કે જેથી આપ એને આશ્રય આપો છો. એ મને

કહો હે દેવિ ભૃંગીનું એ વચન સાંભળી મેં ભૃંગીને કહ્યું હે ભૃંગી કૈલાસ પર્વત ઉપર પુંન્નાગ નામના વનમાં હું બેઠો હતો તે વન અત્યંત રમણીય હતું ક્ષણમાત્ર હું ત્યાં બેઠો એટલામાં પ્રચંડ વાયુવાવા લાગ્યો અને મહાન ભયંકર અવાજ થયો તે વખ્તે આકાશમાંથી એક પક્ષી ઉતરતું જોયું. તેનું સ્વરૂપ કાજળના પર્વત સમાન કાળું હતું. તે પક્ષી મારી પાસે આવ્યું મારા ચરણમાં નમસ્કાર કર્યા અને મારા ચરણમાં એક કમળ અર્પણ કર્યું અને હાથ જોડી સ્તુતિ કરી હે ભૃંગી મેં તે સ્તોત્ર સાંભળ્યું પછી મેં એ પક્ષીને પૂછયું તમે કોણ છો? કયાંથી આવ્યા છો? તમારો દેહ હંસ સમાન જોવામાં આવે છે પણ વર્ણકાળો છે તો તે વર્ણકાળો કેવી રીતે થયો? એ બધું મને કહો. પક્ષીએ હાથ જોડી મને કહ્યું હે શંકર હું બ્રહ્માનું વાહન હંસ છું. એક સમયે હું માનસરો-વરથી પૃથ્વી પર આવ્યો તે વખતે મારા પર એક સંકટ આવી પડયું. હું પૃથ્વી પર આવતો હતો તે વખતે સૌરાષ્ટ્ર દેશમાં મેં એક તળાવ જોયું તેમાં ભરપુર કમળ હતાં, કમળ તોડી જલદીથી આકાશમાં ઉડવા લાગ્યો પણ ઉડી શકાયું નહીં, અને એકદમ પૃથ્વી પર પડયો, બેભાન થયો મારૂં શરીર કંપવા લાગ્યું. થોડા સમય બાદ મને ભાન આવ્યું અને મારા શરીરને કાળુ પડેલું જોયું તેથી મને ઘણું આશ્ચર્ય થયું હું વિચાર કરવા લાગ્યો કે મારા શરીરનો વર્ણ કાળો કેમ થયો કારણ શું હશે? તેટલામાં તો મને શબ્દ સંભળાયો કે હે હંસ સચેત થા. વિચાર શું કરે છે અહીં આવ, તારા પડ-વાનું અને કાળા વર્ણનું કારણ કહું છું. જ્યાંથી અવાજ આવતો હતો ત્યાં ગયો. ત્યાં જોઉં છું તો જ્યાંથી અવાજ

આવતો હતો ત્યાં પાંચ કમળની સાથે એક કમલિનીને મેં જોઈ. આશ્ચર્ય પામ્યો મેં તેમને મારા પડવાનું અને કાળા વર્ણનું કારણ પુછયું. તે વખતે આકાશમાં સાઠ હજાર દેવતા પિતાંબર ધારી ચતુર્ભુજ રૂપે મને જોવામાં આવ્યા. ત્યારે હું ઘણો આશ્ચર્ય પામ્યો તેઓ કોણ હતા તે પણ મેં કમલિનીને પ્રણામ કરી પુછયું. ત્યારે કમલિનીએ કહ્યું હે હુંસ તું મને ઓળંગીને ગયો તેથી તું આકાશમાંથી નીચે પડયો અને એકદમ કાળો થયો. આ સાઠહજાર દેવતા તને જોવાને અને કમળ સુગન્ધના અનુભવ માટે આકાશમાં આવી સ્થીર થયા. આ દેવતા ગયા સાતમા જન્મમાં મુનિપુત્ર હતા. આ તળાવની પાળ ઉપર બેસી તપ કરતા હતા, એક યુવતી સ્રી આવી નૃત્ય કરવા લાગી ગાયન શરૂ કર્યું હાવભાવ કટાક્ષ ફેંકવા લાગી તેથી આ દેવતા હરણની માફક સ્થિર થયા અને જોવા લાગ્યા. તે સ્રીને માટે વિવાદ શરૂ થયો પહેલા મેં જોઈ તેથી એ મારી સ્રી આ પ્રમાણે બોલતા વિવાદ કરવા લાગ્યા અને પરસ્પર મુષ્ટિયુદ્ધ શરૂ કર્યું. પરસ્પર ખૂબ લડયા અને મરણ પામ્યા તેઓએ ઘોર નરકના અનેક દુઃખો ભોગવ્યા પક્ષિજાતિ ભોગવી પશુજાતિ ભોગવી ભ્રમર થઈ છેવટે આ તળાવ ઉપર આવ્યા અને કમળ પરાગને સુંઘવા લાગ્યા તેથી તેઓ પવિત્ર થયા અને મરણ પામ્યાબાદ વૈષ્ણવ-પદને પ્રાપ્ત કર્યું તે દેવતાઓ આકાશમાં આવ્યા તમે તેમને જુઓ છો, તેઓ તમને જુએ છે, હે હુંસ હવે મારૂં વૃત્તાન્ત સાંભળો ગયા ત્રીજા જન્મમાં હું સરોજવદની નામની બ્રાહ્મણ કન્યા હતી સદા પતિવ્રતાધર્મ પાળતી અને વડીલજનની સેવા કરતી હતી કોઈએક સમયે મેં સારિકાને પાળી હતી

અને તેને ભણાવતી હતી એક દીવસે ગુસ્સે થઈ મને શાપ આપ્યો કે તું પણ છેવટે સારિકા થશે કાળે કરી હું મરણ પામી અને સારિકાનો જન્મપામી પતિવ્રતા ધર્મના પ્રભાવથી મને મુનિઓના આશ્રમમાં રહેવાનું મળ્યું એક મુનિકન્યાએ મારૂં પાલન કર્યું મુનિઓ સવારના ઉઠી ગીતાના દશમાં અધ્યાયનો પાઠ કરતા હતા તે હું નિત્ય સાંભળતી હતી કાળે કરી મારૂં સારિકાનું શરીર છુટયું. મેં પૂર્વમાં ગીતાનો દશમો અધ્યાય સાંભળ્યો હતો તેનો અભ્યાસ હતો તેના પ્રભાવથી હું પદ્માવતિ નામની અપ્સરા થઈ એક વખત વિમાનમાં બેસી આકાશમાં ફરતી હતી. મેં એક સુન્દર તળાવ જોયું. વિમાન-દ્વારા નીચે ઉતરી. અને તળાવમાં નગ્ન સ્વરૂપે જળક્રીડા કરવા લાગી તે સમયે દુર્વાસામુનિ ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા મેં તેને જોયા. મને સાપનો ભય લાગ્યો તેથી કમલિનીનું સ્વરૂપ ધારણ કરી બે કમળો પગથી બે કમળો હાથથી અને એક કમળ મુખથી એમ પાંચ કમલો ધારણ કરી છુપાઈ ગઈ પણ દુર્વાસાએ મને જોઈ લીધી અને સાપ આપ્યો કે હે સ્ત્રી તું પાંચ કમળોથી છુપાઈ તારૂ નગ્ન સ્વરૂપ છુપાવ્યું તેથી સો વર્ષ સૂધી તું આવી રીતે સ્થિતિ પામશે એમ સાપ આપી દુર્વાસા ગયા મેં ગીતાનો દશમો અધ્યાય સાંભળ્યો હતો તે પ્રભાવથી મારી વાણી નષ્ટ થઈ નથી આ મારા પૂર્વજન્મની કથા છે હે હંસ તું મને ઓળંગીને ગયો તેથી તું પૃથ્વી પર પડ્યો અને તારો વર્ણ કાળો થયો હવે તું ગીતાના દશમાં અધ્યાયને સાંભળ જેથી તારી પણ મુક્તિ થાય અને હું પણ દુર્વાસાના શાંપમાંથી છુટું એમ કહી કમલિનીએ ગીતાના દશમા અધ્યાયનો પાઠ શરૂ કર્યો.

હંસે ગીતાના દશમા અધ્યાયનો પાઠ સાંભળ્યો તેથી તે પવિત્ર બન્યો તેનો વર્ણ સફેદ થયો. ઉડવાની ગતિ પ્રાપ્ત થઇ અને કાળે કરીને મુક્ત થયો.

ભૃંગીએ મહાદેવને પુછયું કે હે મહાદેવ એ હંસ પૂર્વ જન્મનો કોણ હતો ? એ બ્રહ્માજીનો હંસ કેવી રીતે થયો ત્યારે મહાદેવે કહ્યું હે ભૃંગી તે પૂર્વમાં બ્રાહ્મણ જાતિનો હતો તેનું નામ સુતપા હતું તેણે બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું હતું અને ગુરૂની સેવા કરતો હતો એક દિવસ ઉંઘમાંથી જાગી ઉઠ્યો અને ગુરૂના બિછાના પર પગ મૂકી ચાલી નીકળ્યો તે એક પાપ થયું તેથી કાળે કરી મરણ પામ્યો અને પક્ષિ જાતિમાં પદ્મયોનિ હંસ થયો તેણે કમલિની પાસેથી ગીતાના દશમા અધ્યાયનો પાઠ સાંભળી જ્ઞાન મેળવ્યું અને મુક્ત થયો જે આ બ્રાહ્મણ મારા દ્વારમાં સ્થિત છે તેણે પણ સદા ગીતાના દશમા અધ્યાયનો પાઠ કરી દુર્લભ તત્વજ્ઞાન મેળવ્યું છે જીવન મુક્તિ પ્રાપ્ત કરી છે. હે પાર્વતિ જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના દશમા અધ્યાયનો પાઠ કરે છે તો તેના બધા પાપ નાશ પામે છે અને છેવટે જ્ઞાની થઇ જીવન મુક્ત થાય છે.

## અધ્યાય ૧૧

### અર્જુન ઉવાચ ।

મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ ।
યત્ત્વયોક્તં વચસ્તેન મોહોયં વિગતો મમ ॥૧॥
ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।
ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥૨॥

એવમેતદ્યથાત્થ ત્વમ્ આત્માનં પરમેશ્વર ।
દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમ્ ઐશ્વરં પુરુષોત્તમ ॥૩॥
મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।
યોગેશ્વર તતો મે ત્વં દર્શયાત્માનમવ્યમ્ ॥૪॥

શ્રી ભગવાનુવાચ ।

પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોથ સહસ્રઃ ।
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥
પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાન્અશ્વિનૌ મરુતસ્તથા ।
બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ॥૬॥
ઈહૈકસ્થં જગતકૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।
મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યતદ્રષ્ટુમિચ્છસિ ॥૭॥
ન તુ માં શક્યસે દ્રષ્ટુમ્અનેનૈવ સ્વચક્ષુષા ।
દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥૮॥

સંજય ઉવાચ ।

એવમુક્ત્વા તતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ ।
દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥૯॥
અનેકવક્ત્રનયનમ્અનેકાદ્ભુતદર્શનમ્ ।
અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ॥૧૦॥
દિવ્યમાલ્યાંબરધરં દિવ્યગંધાનુલેપનમ્ ।
સર્વાશ્ચર્યમયં દેવમ્અનંતં વિશ્વતોમુખમ્ ॥૧૧॥
દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।
યદિ ભાઃસદૃશીસાસ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ ॥૧૨॥
તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।
અપશ્યદ્દેવદેવસ્ય શરીરે પાંડવસ્તદા ॥૧૩॥

તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનંજય ।
પ્રણમ્ય શિરસાદેવં કૃતાંજાલિરભાષત ॥૧૪॥
પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે સર્વાંસ્તથા ભૂતવિશેષસંઘાન્ ।
બ્રહ્માણમીશં કમલાસનસ્થમ્ ઋષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ॥૧૫॥
અનેકબાહૂદરવક્ત્રનેત્રમ્ પશ્યામિ ત્વાં સર્વતોનંતરૂપમ્ ।
નાંતં ન મધ્યં ન પુનસ્તવાદિં પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપમ્ ॥
કિરીટિનં ગદિનં ચક્રિણં ચ તેજોરાશિ સર્વતો દીપ્તિમન્તમ્ ।
પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તાદ્ દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥
ત્વમક્ષરં પરમં વેદિતવ્યં ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥૧૮॥
અનાદિમધ્યાન્તમનંતવીર્યમ્ અનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રમ્ સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥
દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।
દૃષ્ટ્વાદ્ભુતં રૂપમુગ્રં તવેદં લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ॥૨૦॥
અમી હિ ત્વાં સુરસંઘા વિશન્તિ કેચિદ્ ભીતાઃ પ્રાંજલયો ગૃણન્તિ ।
સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસંઘાઃ
સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ॥૨૧॥
રુદ્રાદિત્યાવસવો યે ચ સાધ્યા વિશ્વેશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।
ગંધર્વયક્ષાસુરસિદ્ધસંઘા વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥૨૨॥
રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રમ્ મહાબાહો બહુબાહુરુપાદમ્ ।
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાહમ્ ॥૨૩॥
નભઃ સ્પૃશં દીપ્તમનેકવર્ણમ્ વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।
દૃટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા
ધૃતિ ન વિંદામિ શમં ચ વિષ્ણો ॥૨૪॥

દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ દૃષ્ટ્વૈવ કાલાનલસંનિભાનિ।
દિશો ન જાને ન લભે ચ શર્મ પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૨૫॥
અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ।
ભીષ્મો દ્રોણઃ સુતપુત્રસ્તથાસૌ સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥૨૬॥
વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ।
કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ સંદૃશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાંગૈઃ ॥૨૭॥
યથા નદીનાં બહવોંબુવેગાઃ સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ।
તથા તવામી નરલોક વીરા વિશન્તિ વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ ॥
યથા પ્રદીપ્તં જ્વલનં પતંગા વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ।
તથૈવ નાશાય વિશન્તિ લોકા સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ।૨૯।
લેલિહ્યસે ગ્રસમાનઃ સમંતા લ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ।
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રમ્ ભાસસ્તવોગ્રા : પ્રતપન્તિ વિષ્ણો ॥
આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો નમોસ્તુ તે દેવવર પ્રસીદ।
વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યમ્ ન હિ પ્રજાનામિ તવ પ્રવૃતિમ્ ॥

શ્રી ભગવાનુવાચ।

કાલોસ્મિ લોકક્ષયકૃતૂ પ્રવૃદ્ધો લોકાન્ સમાહર્તુમિહ પ્રવૃત્ત :।
ઋતેપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે યેવસ્થિતા : પ્રત્યનીકેષુ યોધા : ॥
તસ્માત્ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ જિત્વા શત્રૂન્ ભુંક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્।
મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ॥૩૩॥
દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્।
મયા હતાસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા યુધ્વસ્વ જેતાસિ રણે સપત્નાન્॥

સંજય ઉવાચ।

એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય કૃતાંજલિર્વેપમાનઃ કિરીટી।
નમસ્કૃત્વા ભૂય એવાહ કૃષ્ણં સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥૩૫॥

### અર્જુન ઉવાચ ।

સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા જગત્ પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ
રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ ॥
કસ્માચ્ચ તે ન નમેરન્ મહાત્મન્ ગરીયસે બ્રહ્મણોપ્યાદિકર્ત્રે ।
અનન્ત દેવેશ જગન્નિવાસ ત્વમક્ષરં સદસતત્પરં યત્ ॥૩૭॥
ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણસ્ ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ ત્વયા તતં વિશ્વમનંત રૂપ ॥૩૮॥
વાયુર્યમોગ્નિર્વરુણઃ શશાંકઃ પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેસ્તુસહસ્રકૃત્વઃ પુનશ્ચ ભૂયોપિ નમો નમસ્તે ॥૩૯॥
નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે નમોસ્તુ તે સર્વત એવ સર્વ ।
અનત વીર્યામિતવિક્રમસ્ત્વં સર્વં સમાપ્નોષિ તતોસિ સર્વઃ ॥૪૦॥
સખેતિ મત્વા પ્રસંભ યદુક્તમ્ હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ ।
અજાનતા મહિમાનં તવેદમ્ મયા પ્રમાદાત્ પ્રણયેન વાપિ ॥૪૧॥
યચ્ચાવહાસાર્થમસત્કૃતોસિ વિહારશય્યાસનભોજનેષુ ।
એકોથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥૪૨॥
પિતાસિ લોકસ્ય ચરાચરસ્ય ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।
ન ત્વત્સમોસ્ત્યભ્યધિકઃ કુતોન્યો લોકત્રયેપ્યપ્રતિમ પ્રભાવઃ ॥૪૩॥
તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયમ્ પ્રસાદયે ત્વામહમીશમીડ્યમ્ ।
પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ ॥૪૪॥
અદૃષ્ટપૂર્વં હૃષિતોસ્મિ દૃષ્ટ્વા ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।
તદેવ મે દર્શય દેવ રૂપં પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૪૫॥
કિરીટિનં ગદિનં ચક્રહસ્ત-મિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।
તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે ॥૪૬॥

### શ્રી ભગવાનુવાચ ।

મયા પ્રસન્નેન તવાર્જુનેદમ્ રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।
તેજોમયં વિશ્વમનંતમાદ્યં યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ ॥૪૭॥

ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈર્ ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।
એવં રૂપઃ શક્ય અહં નૃલોકે દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ॥૪૮॥
મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ ।
વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ॥૪૯॥

સંજય ઉવાચ ।

ઇત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ ।
આશ્વાસયામાસ ચ ભીતમેનં ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ॥૫૦॥

અર્જુન ઉવાચ ।

દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।
ઇદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥૫૧॥

શ્રી ભગવાનુવાચ ।

સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ।
દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ ॥૫૨॥
નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા ।
શક્ય એવંવિધો દૃષ્ટું દૃષ્ટવાનસિ માં યથા ॥૫૩॥
ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દૃષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ॥૫૪॥
મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાંડવ ॥૫૫॥

ઇતિ શ્રીમદ્ ભ૦ ઉ૦ બ્ર૦ યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણ૦ વિશ્વરૂપ-
દર્શનયોગો નામ એકાદશોધ્યાયઃ ॥૧૧॥

## બોધપાઠ ૧૦મો વિશ્વરૂપ દર્શનયોગ

વિશ્વરૂપ એટલે શું? વિશ્વ એટલે જગત્ સંસાર. રૂપ એટલે રૂપ, સ્વરૂપ પરમેશ્વરનું સ્વરૂપ શું? સંસાર, સંસાર

એજ પરમેશ્વરનું સ્વરૂપ છે. એ પ્રમાણે જે જ્ઞાન થવું, પ્રત્યક્ષ અનુભવ થવો, તેને વિશ્વરૂપ દર્શન કહે છે. અજ્ઞાનીઓ સંસારને સંસાર જુએ છે. જ્યારે જ્ઞાનીઓ સંસાર એજ ઈશ્વરનું સ્વરૂપ છે એ પ્રમાણે અનુભવે છે. અજ્ઞાનીઓનું અન્તકરણ શુદ્ધ થવું જોઇએ. જો અન્તઃકરણ શુદ્ધ થાય તો જ્ઞાનથી મોક્ષ પુરૂષાર્થ સિદ્ધ થાય છે માટે અજ્ઞાનીઓને હમેશાં વિભૂતિઓની ઉપાસના કરવી જોઇએ જ્યારે જ્ઞાનીઓનું અન્તકરણ શુદ્ધ થયું છે. જ્ઞાનીઓને જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તેથી સંસાર એજ ઈશ્વર છે એમ સમજી વિશ્વાત્મક પરમેશ્વરના સ્વરૂપની ઉપાસના કરે છે. અજ્ઞાનીઓની ભાવના સંકુચિત છે. જ્યારે જ્ઞાનીઓની ભાવના વિશાળ વ્યાપક છે. ભકતોએ સર્વત્ર પ્રભુ દૃષ્ટિ પ્રાપ્ત કરી હતી. જ્ઞાનીઓ સર્વત્ર આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી હતી. તેથી તેઓ મુક્ત હતા. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને "ઈશ્વર સર્વત્ર વ્યાપક છે." એ પ્રમાણે ઉપદેશ આપ્યો. જેથી અર્જુનના અન્તઃકરણમાં પ્રભુનું વિશ્વાત્મક સ્વરૂપ જોવાની ઇચ્છા થઈ, અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરી. અર્જુને કહ્યું હે ભગવન્ તમે વિભૂતિઓનું વર્ણન કર્યું. સંસારની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયનું સ્વરૂપ તથા તેનું કારણ વગેરે કહ્યું. તેમજ વ્યાપક ઈશ્વરનું અવિનાશી ઐશ્વર્યવાળુ સ્વરૂપ વર્ણવ્યું તે મેં સાંભળ્યું હે ભગવન્ હું આપના વિશ્વરૂપના દર્શનની ઈચ્છા રાખું છું. મને વિશ્વરૂપનું દર્શન કરાવો. હે ભગવન્ જો હું અધિકારી હોઉં અને મારાથી જોઈ શકાય એવું હોય તો મારા ઉપર કૃપા કરી મને આપનું ઐશ્વર્યવાળુ વિશ્વરૂપનું દર્શન કરાવો. જ્યારે આ પ્રમાણે અર્જુને પ્રાર્થના કરી. ત્યારે શ્રીકૃષ્ણભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન મારૂં વિશ્વરૂપ

આશ્ચર્યકારક છે. હું ઈશ્વર સર્વવ્યાપક છું. તેના એક વિભાગમાં સચરાચર જગત સમાયલું છે હે અર્જુન આ ચર્મચક્ષુથી લૌકિકનેત્રથી મારૂં વિશ્વરૂપ જોઈ શકાય એમ નથી. તેને જોવાને દિવ્યદૃષ્ટિ જ્ઞાનદષ્ટિની જરૂર છે. હે અર્જુન મારી કૃપા સિવાય જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત થઈ શકે નહિ. ભક્તિ સિવાય મારી કૃપા પ્રાપ્ત થતી નથી. હે અર્જુન તું મારો ભક્ત છે. તું મને ભક્તિથી જીતિ ચુકયો છે. તું મારા વિશ્વરૂપને જોવા માટે અધિકારી છે, હું તારા ઉપર કૃપા કરી તને દિવ્યદૃષ્ટિ જ્ઞાનદષ્ટિ આપું છું. જે જ્ઞાનદૃષ્ટિથી મારા વિશ્વાત્મક સ્વરૂપને જોઈ શકીસ. શ્રીકૃષ્ણ ભગવાને આ પ્રમાણે કહી અર્જુનને આશિર્વાદ આપ્યો. અર્જુનને જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ અજ્ઞાનીઓ જેને સંસાર જુએ છે, અર્જુન તે સંસારને સાક્ષાત ઇશ્વરરૂપ જુએ છે ઈશ્વરના વિશ્વાત્મક શરીરનાં એક વિભાગમાં સંસારને સમાયેલો જુએ છે જયારે અર્જુને પ્રભુના વિશ્વરૂપને જોયું. અર્જુને ભગવાનને કહ્યું. હે ભગવાન્ આપના વિશ્વરૂપમાં હું સર્વ દેવોને તમામ પ્રાણીઓને બ્રહ્મદેવ ઋષિ મહર્ષિ સર્વ નાગદેવતા વગેરેને જોઉં છું. હે પ્રભો આ તમારૂં અનેક અવયવોવાળું છે મુકુટ ધારણ કરનારૂં તથા ગદાચક્ર વગેરે આયુધો ધારણ કરનારૂં છે. આપનું સ્વરૂપ તેજોમય હોવાથી સહેલાઈથી જોઈ શકાય તેવું નથી. હે પ્રભો તમે અવિનાશી છો, તમેજ ધર્મના રક્ષણ કરનારા છો. તમે સનાતન છો. તેમ આદિ મધ્ય અન્ત રહિત છો. તમારૂં આ સ્વરૂપ સર્વ દિશામાં વ્યાપ્ત છે. આપનું સ્વરૂપ આશ્ચર્યવાળું છે પણ ઉગ્ર છે, ભયંકર છે. આ ભયંકર સ્વરૂપને જોઈ ત્રણે લોકોની સ્થિતિમાં ખળભળાટ થાય છે હું ત્રણ લોકોની સ્થિતિ જુદી જુદી જોઉં છું.

હે પ્રભો હું કંઈ કેટલાક દેવોને ધ્યાનદૃષ્ટિવાળા જોઉં છું. નિર્બળ લોકોને ભય પામેલા જોઉં છું સિદ્ધ ઋષિગણને ત્રણ લોકોના કલ્યાણ માટે આશિર્વાદ આપતાં જોઉં છું. જ્યારે રૂદ્રાદિ દેવગણને આશ્ચર્ય પામતાં જોઉં છું. આપના ભયંકર સ્વરૂપને જોતાં મને પણ ભય ઉત્પન્ન થયો, મારૂં ધીરજ નાશ પામ્યું. મનમાં શાન્તિ નથી. હું દિશાઓને ભૂલી ગયો મને ચેન પડતું નથી. હે પ્રભો આ સ્વરૂપ દુષ્ટોને કાળરૂપ છે, જે પ્રમાણે પતંગીઉ બળતા અગ્નિમાં પ્રવેશી નાશ પામે છે, તેમ દુર્યોધનાદિ દુષ્ટો ભયંકર કાળસ્વરૂપમાં પ્રવેશી નાશ પામી રહ્યા છે હે પ્રભો હું આ સમયે આપના ભયંકર સ્વરૂપને જોઈ ભય પામ્યો છું. આપને ભૂલી ગયો છું. હે પ્રભો ઉગ્ર સ્વરૂપ ધારણ કરનાર આપ કોણ છો? આપે આ ભયંકર સ્વરૂપ શા માટે ધારણ કર્યું? આપ શું કરવા માગો છો? અર્જુનની આ સ્થિતિ જોઈ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું. હે અર્જુન ગભરાઈશ નહિં. ધીરજ ધારણ કર ચિત્ત શાન્ત કર. સંસારનો ભાર ઉતારવા મારૂં સ્વરૂપ કાળરૂપી છે. લોકોનો નાશ કરવા કાળસ્વરૂપ ધારણ કર્યું છે હે અર્જુન તું યુદ્ધ ન કરે તો પણ બે પક્ષના યોદ્ધાઓ જીવવાના નથી માટે હે અર્જુન તું ઉભો થા. ભય તજી દે ધીરજ ધારણ કર હાથમાં શસ્ત્ર પકડ યુદ્ધ કરવા તૈયાર થા અને શત્રુને જીતિ યશ મેળવ અને સમૃદ્ધિવાળા રાજ્ય વૈભવ ભોગવ. હે અર્જુન આ દુષ્ટો પહેલેથીજ મરી ચુકયા છે. પણ તું એક નિમિત્ત માત્ર છે. માટે ક્ષત્રિય ધર્મને તજ નહિ લડવાને તૈયાર થા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું ત્યારે અર્જુનને ધીરજ આવી. અર્જુનનું મન શાન્ત થયું. અને સર્વરૂપે ઇશ્વરની સ્તુતિ કરી. સર્વ દિશામાં નમસ્કાર

કર્યા. અને કહ્યું હે ભગવન્ આપના આશ્ચર્યવાળા સ્વરૂપને જાણુતો ન હતો. આપને ઇશ્વરને સંબન્ધી અથવા મિત્ર તરીકે ગણી સર્વ વ્યવહારમાં સાથે હોવાથી હે પ્રભો મેં આપનું અપમાન પણ કર્યું હશે હે પ્રભો આપે મને ક્ષમા આપવી જોઈએ. હે પ્રભો આપના ચરણુમાં દંડવત્ નમસ્કાર કરી હું મારા અપરાધની ક્ષમા યાચુ છું આપના અલૌકિકરૂપને જોઈ આનંદ થયો. પૂર્વમાં ન જોએલું આપનું વ્યાપક સ્વરૂપ જોતાં જ મનમાં ભય ઉત્પન્ન થયો ચિત્ત ગભરાયું પણ આપ પ્રસન્ન થાઓ અને આ વિશ્વસ્વરૂપને સંકોચી લો. પહેલાનું શાંત શંખચક્ર ગદાધારી ચતુર્ભુજ સ્વરૂપના મને દર્શન આપો જ્યારે અર્જુને પાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણુ ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ ધારણુ કર્યું અને અર્જુનને કહ્યું હે અર્જુન મેં તારા પર પ્રસન્ન થઈ કૃપા કરી ન જોએલું અદ્ભૂત વિશ્વરૂપ બતાવ્યું. હે અર્જુન આ વિશ્વરૂપ વેદ યજ્ઞ તપ યોગ દાન હોમ વગેરે ધાર્મિક ક્રિયાઓથી જોઈ શકાય તેમ નથી આ મનુષ્ય લોકમાં હે અર્જુન તારાસિવાય બીજા કોઇ મનુષ્યે વિશ્વરૂપનું દર્શન કર્યું નથી હે અર્જુનભય દૂર કર, મોહ તજી દે, ચિત્તને સ્વસ્થ કર મન શાન્ત કર અને મારા રૂપનું દર્શન કર. અર્જુને શાન્ત મનુષ્ય આકારમાં ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ જોયું અને અર્જુન સ્વસ્થ, શાંત નિર્ભય થયો. શ્રીકૃષ્ણુ ભગવાને કહ્યું હે અર્જુન ન જોઈ શકાય તેવા વિશ્વ-રૂપનું દર્શન કર્યું દેવો પણ આ વિશ્વરૂપના દર્શન માટે ઇચ્છા રાખે છે. તોપણુ વિશ્વરૂપ દર્શનનો લાભ તેઓને મળ્યો નથી. હે અર્જુન તપ કરવાથી દાન આપવાથી જપ કરવાથી કે હોમ કરવાથી આ વિશ્વરૂપનું દર્શન થઈ શકે તેમ નથી, આ વિશ્વરૂપ દર્શન માટે અનન્ય ભક્તિ એજ ઉત્તમ સાધન

છે. અનન્ય ભક્તિ સિવાય બીજું ઉત્તમ સાધન નથી. જે મનુષ્ય મારી અનન્ય ભક્તિ કરે છે જે મનુષ્ય મારૂં અનન્ય શરણુ લઈ ભક્તિ કરે છે તે મનુષ્ય મારા સ્વરૂપને પામે છે. શ્રીકૃષ્ણુ ભગવાને અર્જુનને આ નવમા પાઠમાં અનન્ય ભક્તિ એજ વિશ્વરૂપ દર્શનનું મુખ્ય સાધન છે એ ઉપદેશ આપ્યો.

## ફળ ૧૧ મું

## મૃત સંજીવન અને વૈકુણ્ઠગમન

મહાદેવે પાર્વતીને કહ્યું હે પાર્વતી હવે તમને ગીતાના અગીયારમાં અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ પ્રણિતા નામની નદીને કીનારે મેઘંકર નામનું નગર છે, જેની શોભા અવર્ણનીય છે. તે નગરમાં સુનન્દ નામનો એક બ્રાહ્મણુ રહેતો હતો તે સદા ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરતો હતો જીતેન્દ્રિય હતો ગીતાના પાઠ પ્રભાવથી સુનન્દ મુનીએ બ્રહ્મજ્ઞાન મેળવ્યું હતું.

એક વખતે સિંહસ્થના વર્ષમાં સુનન્દ મુનિ તીર્થયાત્રા કરવા માટે નીકળ્યા. સર્વ તીર્થમાં સ્નાન તર્પણુ પૂજન વગેરે ધર્મ કરતા હતા. એક દીવસ સાંજ પડવાથી કોઈ એક ગામમાં નિવાસ કરવાની ઈચ્છા થઈ તેથી એક ગામમાં ગયા ત્યાંના રહેવાસી લોકોએ તેમને રહેવા માટે ના કહી લાચાર થઈ તે પાછા જતા હતા, એટલામાં ગામના મુખીપટેલે તેમને જોયા. સુનન્દની દીવ્ય આકૃતિ જોઈ તેમને પુછ્યું ત્યારે સુનન્દે ગામમાં એક દિવસ રહેવાની ઈચ્છા બતાવી ગામના મુખીપટેલે દયા કરી ગામમાં રહેવાને માટે કહ્યું તેથી સુનન્દ ગામમાં રહ્યા.

સવારનું પહોર થતાંજ જવા નીકળ્યા ત્યાં તો ગામના મુખી પટેલે રહેવાને માટે આગ્રહ કર્યો તેથી બ્રાહ્મણ લોકની સાથે સુનન્દ સાત દિવસ સુધી ત્યાં રહ્યા. એક દિવસ ગામના મુખી પટેલના પુત્રનો મિત્ર બહારથી આવ્યો. રાત્રી હતી તેથી ગામના દરવાજા બંધ હતા ગામમાં આવી શક્યો નહીં ગામની બહારજ રહ્યો. કોઈના કહેવાથી પટેલના પુત્રને ખબર મળી કે તમારો મિત્ર ગામ બહાર રહ્યો છે તેથી પટેલનો પુત્ર પોતાના મિત્રને લેવા માટે ગયો તો ત્યાં જાણવામાં આવ્યું કે તેને તો રાક્ષસ ખાઈ ગયો. પટેલનો પુત્ર પોતાના મિત્રને ગામ બહાર શોધવા લાગ્યો. રાક્ષસે પટેલના પુત્રને જોયો તેથી તેને પણ ખાધો. સવારના મુખીપટેલને ખબર થવાથી રડતો છાતી કુટતો સુનન્દ બ્રાહ્મણ પાસે આવ્યો. પોતાનું દુઃખ કહી સંભળાવ્યું. હે બ્રાહ્મણ મારા દુઃખને દૂર કરવાનો ઉપાય જાણતા હોય તો કહો. રાક્ષસ મારા પુત્રને ખાઈ ગયો છે તે દુઃખમાંથી મને ઉગારો ત્યારે સુનન્દે કહ્યું કે હે પટેલ રાક્ષસ આવો અત્યાચાર કેમ કરે છે તેનું કંઈ કારણ જાણતા હોય તો કહી સંભળાવો ત્યારે પટેલે કહ્યુ઼ કે હે બ્રહ્મદેવ આ ગામમાં એક ખેડુત રહેતો હતો તે પોતાના ખેતરની રક્ષા કરતો હતો અને પાળ ઉપર બેઠો હતો એટલામાં એક વટેમાર્ગુને જોયો તે વટેમાર્ગુને ગીધે પકડયો અને મારવા લાગ્યો એક તરફથી એક મુનિ આવતા હતા તેણે બુમ પાડી કહ્યું હે ખેડુત તું જલદી દોડ અને વટેમાર્ગુને ગીધથી બચાવ. પરંતુ તે ખેડુત થાકેલો હોવાથી વટેમાર્ગુને બચાવી શક્યો નહીં અને ગીધે તેને મારી નાંખ્યો તેટલામાં મુનિ આવ્યા અને ગુસ્સે થઇ ખેડુતને શાપ આપ્યો કે તું રાક્ષસ થા. તે સાંભળી ખેડુતે

વિનંતી કરી અને મારો ઉદ્ધાર ક્યારે થશે ? એ પ્રમાણે પૂછયું ત્યારે મુનિએ કહ્યું કે ગીતાના પાઠ કરનાર કોઈ પણ બ્રાહ્મણ ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરી તારા ઉપર પાણી છાંટશે ત્યારે તું મુક્ત થઈશ એમ કહી મુનિ ગયો. ખેડુત કાળે કરી મરણ પામ્યો અને રાક્ષસ થયો. ગામના લોકોને મારી ખાવા લાગ્યો, તેથી બધા ગભરાયા અને રાક્ષસની પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે રાક્ષસે કહ્યું કે જે કોઈ રાતના ગામબહાર રહેશે તેને હું ખાઈશ, ગામની અન્દર રહેશે તેને હું ખાઈશ નહીં. એવો નિયમ કર્યો આ પ્રમાણે રાક્ષસ કથા છે આજે મેં સાંભળ્યું કે રાક્ષસે મારા છોકરાને ખાધો છે તેથી દુઃખી થઈ રાક્ષસના સ્થાન પર ગયો અને રાક્ષસની ઘણી આજીજી કરી હે બ્રહ્મદેવ રાક્ષસે કહ્યું કે કોઈપણ ઉત્તમ બ્રાહ્મણ ગીતાના અગીયારમાં અધ્યાયનો સદા પાઠ કરતો હોય તો તેને બોલાવ તે આવી ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરી મારા ઉપર પાણી છાંટશે તો મેં ખાધેલા તમામ જીવો મુક્ત થશે તેથી આપનો પુત્ર પણ મુક્ત થશે અને હું પણ રાક્ષસ જાતિમાંથી મુક્ત થઈશ એ પ્રમાણે સાંભળી મેં રાક્ષસને પુછયું તમને એ કેવી રીતે માલમ પડયું ? ત્યારે રાક્ષસે કહ્યું કે એક સમયે એક ગીધ હાડકું લઈ આકાશમાં ઉડતું જતું હતું. આકાશમાર્ગે જતાં તેની ચાંચમાંથી હાડકું તળાવમાં પડયું. એક મુનિ રસ્તે જતા હતા તેણે તે જોયું અને પોતાના સાથીઓને કહ્યું કે આ તળાવ આજથી પવિત્ર તીર્થ થયું છે કારણ કે એ તળાવમાં ગીતાના અગીઆરમાં અધ્યાયનો પાઠ કરનાર એક પવિત્ર બ્રાહ્મણની હાડકી પડી છે તે બ્રાહ્મણ ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરતા મરણ પામ્યા

તેની હાડકી અહીં તળાવમાં પડી છે તેથી આ તળાવ પવિત્ર તીર્થ થયું છે જો કોઈ આ પવિત્ર તીર્થમાંથી જળ લઈ મરેલા પિતૃઓને અંજલીદાન આપે તો તે પિતૃઓ તરી જશે એ પ્રમાણે કહી મુનિએ પણ તર્પણ કાર્ય કર્યું આ વાત મેં સારી રીતે સાંભળી છે હે મુખી પટેલ ગીતાના અગીયારમાં અધ્યાયનો સદા પાઠ કરનાર જો પવિત્ર બ્રાહ્મણ મળે તો તેને લાવ. તે જો ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરી મારા ઉપર સાત વાર પાણી છાંટે અથવા પાણીથી અભિષેક કરે તો મેં ખાધેલા તમામ જીવો મુકત થાય અને હું પણ મુકત થાઉં રાક્ષસનું આ વર્ણન સાંભળી આપની પાસે આવ્યો છું આપ ચાલો મારા પુત્રને જીવાડો આ સાંભળી સુનન્દ તમામ યાત્રાળુ બ્રાહ્મણ સાથે અને પટેલની સાથે રાક્ષસના સ્થાનમાં ગયા. રાક્ષસની મુલાકાત કરી ગીતાના અગીયારમાં અધ્યાયનો સાત વાર પાઠ કર્યો અને રાક્ષસના ઉપર સાત વાર અભિષેક કર્યો તેથી જે જે જીવોને ખાધા હતા તે બધા જીવ મુકત થયા ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ઉભા દિવ્ય વિમાનમાં બેસી જવા તૈયાર થયા ત્યારે પટેલે પૂછયું કે મારો પુત્ર કયાં છે ? ત્યારે રાક્ષસે કહ્યું કે ચાતુર્ભુજ દિવ્ય સ્વરૂપ ધારણ કરી પેલા વિમાનમાં બેસી જાય છે ત્યારે પટેલે પુત્રને કહ્યું કે હે પુત્ર ઘર આગળ ચાલો પુત્રએ પટેલને કહ્યું કે હે પિતાજી ગીતાનાં અગીયારમાં અધ્યાયનો પાઠ સાંભળી હું મુક્ત થયો છું અને હું વૈકુંઠમાં જાઉં છું હે પિતાજી તમે પણ ગીતાના અગીયારમાં અધ્યાયનો ઉપદેશ સાંભળો પાઠ કરો અભ્યાસ કરો તો જરૂર તમે પણ મુકત થશો રાક્ષસ પણ મુક્ત થયો અને બધા જીવો સાથે ચતુર્ભુજ દીવ્યસ્વરૂપ ધારણ કરી વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો પટેલે પણ તે સુનન્દની પાસેથી ગીતાના

અગીયારમાં અધ્યાયનો ઉપદેશ લીધો અને તેનો પાઠ શરૂ કર્યો સદા તેનુ અનુષ્ઠાન શરૂ કર્યું જ્યારે પટેલનું આયુષ્ય પૂર્ણ થયું મરણ પામ્યા ત્યારે તે પટેલ પણ મુકત થયા સુનન્દાદિ બ્રાહ્મણ પણ પોતાની તીર્થયાત્રા પુરી કરી પોતાના સ્થાનમાં ગયા અને ગીતાના અગીયારમાં અધ્યાયનો પાઠ કરવા લાગ્યા અને છેવટે મુક્ત થયા વૈકુંઠમાં ગયા હે દેવિ જે મનુષ્ય ભકિત અને શ્રદ્ધાથી ગીતાના અગીયારમાં અધ્યાયનો સદા પાઠ કરે અનુષ્ઠાન કરે તો તેના પ્રભાવે મરેલાને પણ સજીવન કરે મુકત કરે. અને પોતે પણ મુકત થાય.

## અધ્યાય ૧૨

### અર્જુન ઉવાચ ।

એવં સતતયુકતા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।
એ ચાપ્યક્ષરમવ્યકતં તેષાં કે યોગવિત્તમા : ॥૧॥

### શ્રી ભગવાનુવાચ ।

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુકતા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતા : ॥૨॥
યે ત્વક્ષરમનિર્દેશ્યમ્ અવ્યકતં પર્યુપાસતે ।
સર્વત્રગમચિંત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥૩॥
સંનિયમ્યેંદ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધય : ।
તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતા : ॥૪॥
ક્લેશોધિકતરસ્તેષામ્ અવ્યક્તાસકતચેતસામ્ ।
અવ્યકતા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ॥૫॥
યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયંત ઉપાસતે ॥૬॥

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ ન ચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥૭॥
મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥
અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ॥૯॥
અભ્યાસેપ્યસમર્થોસિ મત્કર્મપરમો ભવ ।
મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ ॥૧૦॥
અથૈતદપ્યશક્તોસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।
સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥૧૧॥
શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાદ્ જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે ।
ધ્યાનાત્કર્મફલત્યાગસ્ ત્યાગાચ્છાન્તિરનંતરમ્ ॥૧૨॥
અદ્વેષ્ટાઃ સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥૧૩॥
સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।
મય્યર્પિતમનો બુદ્ધિર્ યો મે ભકત સ મે પ્રિયઃ ॥૧૪॥
યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।
હર્ષામર્ષભયોદ્વેગૈર્ મુકતો યઃ સ ચ મે પ્રિયઃ ॥૧૫॥
અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારંભપરિત્યાગી યો મે ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥
યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભપરિત્યાગી ભકિતમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥
સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।
શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ॥૧૮॥

તુલ્યનિંદાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત્ ।
અનિકેતઃ સ્થિરમતિર્ ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥
યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।
શ્રદ્દધાના મત્પરમાં ભક્તાસ્તેતીવ મે પ્રિયાઃ ॥૨૦॥

ઇતિ શ્રીમદ્૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦ ભક્તિયોગો
નામ દ્વાદશોધ્યાયઃ ॥૧૨॥

## બોધપાઠ ૧૧મો ભક્તિયોગ

ભકિત એટલે શું? ભકિત એટલે પ્રભુનું ભજન, ભજન એટલે ભયમાંથી જે બચાવે, ભયમાંથી જે રક્ષણ કરે, ભયમાંથી જે તારે, ભયમાંથી જે મુકત કરે તેનું નામ ભજન કહેવાય છે. ભય કયો? આ સંસારમાં વારંવાર જન્મ મરણ એજ મોટામાં મોટો ભય, તેમાંથી જે મુકત કરે તે ભજન કહેવાય, તેનેજ ભકિત કહે છે. એક પાત્રમાંથી બીજા પાત્રમાં દૂધ, તેલ વગેરે પ્રવાહી પદાર્થો રેડતાં જે પ્રમાણે એક સરખી ધારા પડે છે તેજ પ્રમાણે મનની ધારા પ્રભુના ચરણમાં એક સરખી જોડાઈ રહેવી તે ભકિત કહેવાય છે. મુખમાંથી રામ શબ્દનો ઉચ્ચાર થાય છે અને મન જો ચારે તરફ ભટકતું હોય તો તે ભકિત ન કહેવાય. તે ભજન પણ ન કહેવાય. મન પ્રભુના ચરણમાં એક સરખુ જોડાય એકાગ્ર બને તેનેજ ભકિત કહે છે. શ્રીકૃષ્ણ ભગવાને દશમાં પાઠમાં વિશ્વરૂપ દર્શનનો ઉપદેશ આપી વિશ્વરૂપ દર્શનનું સાધન ભકિત છે તે સિવાય બીજું નથી એ પ્રમાણે કહ્યું ત્યારે ભકિત શું? એવી ઈચ્છા થઈ તેથી શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને અગિયારમાં

પાઠમાં ભકિતનો ઉપદેશ આપે છે. શ્રી ભગવાને કહ્યું, હે અર્જુન જે મનુષ્યે શ્રદ્ધાથી પોતાનું મન મારા સ્વરૂપમાં જોડી એકાગ્ર કર્યું તે મારો ઉત્તમ ભકત છે. હે અર્જુન મારા સ્વરૂપ બે પ્રકારના છે, એક વ્યકત અને બીજું અવ્યકત. વ્યકત એટલે સ્પષ્ટ સગુણ સાકાર અને અવ્યકત એટલે જે સ્પષ્ટ નહિ નિર્ગુણ નિરાકાર. હે અર્જુન ચિત્ત ચંચળ છે એ કોઈ પણ દિવસ સ્થિર રહે નહિ. સદા સંકલ્પ વિકલ્પ મનોરાજ્ય કરે છે. કંઈ પણ કામ કરે છે. કામ કર્યા સિવાય એક ક્ષણ માત્ર પણ સ્થિર થઇ બેસતું નથી. આ સંસારમાં તમને મનના વેગનો શું પરિચય નથી? મન વેગવાળું છે એનો વેગ વિજળી કરતાં પણ વધારે છે. એવા વેગવાળા મનને વશ કરવું એ મહાન્ પુરૂષાર્થ છે. જો એ મન સંસારના કામમાં રોકાય તો સંસારના કામનો વિચાર કરે અને પ્રભુના કામમાં રોકીયે તો એ મન પ્રભુનો વિચાર કરે. મનને કોઈપણ પ્રકારનું કામ તો જોઇએ. સંસારી મનુષ્ય સંસાર તજી પ્રભુનુંજ કામ કરે અને પ્રભુના વિચાર ચલાવે એ આ કલિયુગમાં બનવું અશકય છે. માટે સંસારમાં રહી મનને પ્રભુપરાયણ બનાવવું જોઇએ ત્યારે શુ કરવું? હે અર્જુન આ મનને અભ્યાસ ખંત અને પ્રયત્નથી વશ કરવું જોઈએ. આ સંસારમાં મનુષ્ય મહાન વિકાળ ભયંકર હિંસક વાઘ સિંહ પ્રાણીઓને પણ યુક્તિથી કળાથી વશ કરે છે અને કેળવે છે. તેના કરતાં આ મનને વશ કરવું એ કઠીન છે. તોપણ અભ્યાસથી યુકિત પ્રયત્નથી વશ કરી શકાય તેવું છે. મનને વશ કરવાને કેવી રીતનો અભ્યાસ કરવો? જયારે સંસારના કામ વેપાર ધંધોરોજગાર વગેરે કરીયે ત્યારે મનથી તેનો વિચાર કરવો પણ જયારે સંધ્યાવંદન ઈશ્વરપૂજન વગેરે

પ્રભુનું કામ કરીયે ત્યારે મનથી પ્રભુનો વિચાર કરવો તે વખતે મન આમતેમ સંસારના કામમાં જો જાય તો ત્યાંથી પાછું લાવી પ્રભુના ચરણમાં મનને પરોવવું. મનનો એ સ્વભાવ છે કે જ્યારે આપણે સંસારના કામકાજ કરતા હોઈએ તે વખતે આ મન સંસારના કામકાજમાં એકાગ્ર બને છે પણ તેવી રીતે આ મન પ્રભુના કામમાં એકાગ્ર બનતું નથી. જો ફુરસદ મળે અને ક્ષણમાત્ર જો એકલા બેસી જરા વિચાર કરીયે ત્યાં તો મનોરાજ્યમાં એવા ડુબી જઈએ છીયે કે તમામ સંસારનો વિચાર મનમાં આવી ઉભો રહે છે. એટલે તેવી સ્થીતિ મનની ન થવા દેતાં પ્રભુના નામસ્મરણની કે પ્રભુના ધ્યાનની ટેવ જો રાખી હોય તો મન પ્રભુના કાર્યમાં ગુંથાય છે. જ્યારે જ્યારે વખત મળે તે સમયે મનને પ્રભુના ચરણમાં જોડી નામસ્મરણની કે ધ્યાનની ટેવ પાડવી જોઈએ. આ પ્રમાણે સદા અભ્યાસનીજ જરૂર છે. મનને પ્રભુના સ્મરણનો રંગ લાગ્યો મન પ્રભુના આકારથી રંગાયું પછી આ મન સંસારના કાર્યમાં ગૌણવૃત્તિથી રહે તોપણ મુખ્ય વૃત્તિથી પ્રભુનું નામસ્મરણ કરે છે. પ્રભુના નામસ્મરણને તજતું નથી. અભ્યાસ ખંત પ્રયત્નથી મન કેળવી શકાય છે. જ્યારે છોકરા અથવા છોકરીઓ હારમોનીયમ શીખે છે ત્યારે પહેલાં તો કાળી ધોળી પટીઓ ઉપર તપાસી તપાસી સંભાળીને આંગળીઓ મુકે છે જેમજેમ અભ્યાસ વધે છે તેમતેમ આંગળીઓને પણ ટેવ પડે છે અને જ્યાં પરિપૂર્ણ અભ્યાસ થયો એટલે પછી તેતે સૂર ઉપર હેવાયલી આંગળીઓ તેતે ઠેકાણે ચાલ્યાજ કરે છે પછી તો અભ્યાસથી એવી ટેવ પડે છે કે હારમોનીયમ બજાવતાં તબલા ગાયક વગેરેની સાથે એક સુરમાં રહેતાં જો કદાચ જરા કોઈ પુછ-

પરછ કરવા આવે તો તેને પણ જવાબ આપે છે પણ સુરતાલમાંથી ને બજાવવાથી જરા ભૂલથાપ કરતા નથી એનું કારણ શું ? તો અભ્યાસ એજ આપણે કહીશું તેમ અભ્યાસથી મનને પ્રભુના કાર્યની ઊંડી ટેવ પાડી પછી સાથે સંસારના કાર્ય પણ કરીયે તો પણ સંસારમાં ભૂલથાપ થતી નથી અને મનથી પ્રભુનું નામ સ્મરણ અથવા ધ્યાન ચાલે છે પણ તેવી સ્થિતિનો અભ્યાસ હોવો જોઈએ અભ્યાસ સિવાય મન વશ થઈ શકે તેમ નથી. પહેલા એ મનને પ્રભુના સાકાર સ્વરૂપમાં જોડવું. પ્રભુનાસાકાર સ્વરૂપનું ધ્યાન કરવું પુજન કરવું જો ત્યાંથી મન જરાપણ ખસી જાય સંસારના પદાર્થનું સ્મરણ કરે તો તરત સમજાવી પાછું વાળી પ્રભુના સાકાર સ્વરૂપમાં જોડતાં રહેવું જયારે આ પ્રમાણે સ્થિર થાય ત્યારબાદ નિર્ગુણના ધ્યાન માટે પ્રયત્ન કરવો. જો અભ્યાસ કર્યા સિવાય એકદમ નિરાકાર સ્વરૂપમાં જોડવા પ્રયત્ન કરીયે તો મન એકાગ્ર થતું નથી. આ મનને આકારવાળા પદાર્થો જોવાની ટેવ જન્મ જન્માન્તરની છે માટે પ્રભુના સાકાર સ્વરૂપમાં એ મન જલદી જોડાય છે અને તેનો વિચાર કરે છે. જેનો આકાર નહિ એવા પ્રભુના નિરાકાર સ્વરૂપમાં એ મન જલદી જોડાય નહિ. માટે અભ્યાસથી જેમ બને તેમ પ્રભુના સાકાર સ્વરૂપનું ધ્યાન કરવું પુજન કરવું અને મનને એકાગ્ર કરવું હે અર્જુન જેઓ આ પ્રમાણે શ્રદ્ધાથી મારૂં અનન્ય શરણ લઈ મારૂં ધ્યાન પૂજન કરે છે મારી ઉપાસના કરે છે તેઓને આ સંસાર ભયમાંથી હું બચાવું છું માટે હે અર્જુન તારૂં મન મારા સ્વરૂપમાં જોડી દે બુદ્ધિથી નિશ્ચય ધારણકર અને તારી બુદ્ધિને મારા સ્વરૂપમાં જોડી દે હે અર્જુન એ પ્રમાણે જો તું પ્રયત્ન કરીશ તો તું અન્તે

મનેજ પામીશ. હે અર્જુન મન અને બુદ્ધિ મારા સ્વરૂપથી જરા પણ ચલિત થાય. ખસી જાય, તો પાછા વાળી મારા સ્વરૂપમાં સ્થિર કરવા અભ્યાસ કરવો આ પ્રમાણે વારેઘડીયે અભ્યાસ કરવાથી મન બુદ્ધિ સ્થિર થશે.

હે અર્જુન આ પ્રમાણે મનના નિગ્રહને માટે અભ્યાસ એજ ઉત્તમ ઉપાય છે. આ પ્રમાણે પ્રભુના સાકાર સ્વરૂપમાં મન સ્થિર થવા લાગ્યું ત્યારે સાધક મનુષ્યને પ્રભુ તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે. પ્રભુ તરફ પ્રેમ ઉત્પન્ન થાય છે. ધીમે ધીમે પ્રભુદર્શનની લાલસા ઉત્પન્ન થાય છે અને સાધક મનુષ્ય પ્રભુદર્શન માટે પ્રયત્ન કરે છે, પ્રભુદર્શનની ઇચ્છાથી સાધક મનુષ્યનું મન પ્રભુના સાકાર સ્વરૂપમાં બીલકુલ એકાગ્ર થયું એકતાન થયું ત્યાંથી જરાપણ બીજી તરફ જતું નથી એવી મનની સ્થિતિ થાય છે તેજ ભકિત તેજ પ્રભુ તરફનો અનન્ય પ્રેમ કહેવાય છે અને તેજ ઉત્તમ ભજન કહેવાય છે. આ પ્રમાણે સદા ભકિતનો અભ્યાસ કરવાથી સાક્ષાત્ પ્રભુદર્શનનો લાભ મળે છે. પ્રભુદર્શનનો લાભ થવો એજ ભકિતનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રભુદર્શનનો લાભ થવો એજ પરાશાન્તિ છે. ભકિતના અભ્યાસથી પરાશાન્તિ પ્રાપ્ત થાય એને માટે હે અર્જુન હું તને છ પ્રકારના મુખ્ય સાધન બતાવું છું. હે અર્જુન ૧ કર્મફલાર્પણ કર્મના ફળને અર્પણ કરવું. ૨ કર્માર્પણ કર્મને અર્પણ કરવું. ૩ અભ્યાસ. ૪ જ્ઞાન. ૫ ધ્યાન. ૬ કર્મફલત્યાગ. અન્તે પરાશાન્તિ.

૧ કર્મફલાર્પણ—કર્મના ફળને પ્રભુના ચરણમાં અર્પણ કરવાં તે. કર્મયોગનું જે કર્મ તે ચિત્તની શુદ્ધિ કરનારૂં છે અને ભકિતયોગનું જે કર્મ પૂજન અર્ચન સ્મરણ વન્દન વગેરે

તે ભગવત્ પ્રેમનો વિકાસ કરનારૂં છે. ભકિતમાર્ગના કર્મમાં સાધક ભગવાનનું સ્મરણ કરે છે. અને તે કર્મથી પ્રાપ્ત થતા ફળને પણ ભગવાનના ચરણમાં અર્પણ કરે છે.

૨ કર્માર્પણ કર્મનું ફળ અર્પણ કરવું એટલુંજ નહીં. પણ કરેલાં કર્મ પણ ભગવાનને અર્પણ કરવાં. ભગવાનનું દાસત્વ સ્વીકારવું ઘર પરિવાર વભવ શરીર મન બુદ્ધિ વગેરે સમગ્રને ભગવાનની વસ્તુ છે એમ માની સાધક મનુષ્ય વ્યવહાર માત્ર કરે છે અને તે વ્યવહાર પણ સ્વાર્થે માટે નહિં પણ દરેક કાર્યમાં ભગવત્ સ્મરણ કરી કાર્ય પ્રભુના છે એમ સમજી કરે છે. પોતે નિમિત્તમાત્ર રહે છે સર્વ વ્યવહાર પ્રભુના છે એમ સમજી કરેલાં કર્મ પણ ભગવાનના ચરણમાં અર્પણ કરે છે. લોકના હિતને માટે કર્મ કરવાં એ ભગવાનનું મુખ્ય પ્રિય કાર્ય છે એમ સમજી કર્મ કરે છે.

૩ અભ્યાસ—અભ્યાસ યોગનો અભ્યાસ અને ભકિતનો અભ્યાસ એ બેમાં ફરક છે. પહેલા અભ્યાસનો ઉદ્દેશ ચિત્તની એકાગ્રતા છે જ્યારે ભકિતયોગના અભ્યાસનો ઉદ્દેશ ભગવત્ પ્રાપ્તિ છે. હૃદયકમલમાં બીરાજમાન ભગવાનના ચરણમાં ચિત્ત પરોવી શ્રદ્ધા અને અનન્યભાવથી ઉપસના કરવી એ ભકિતયોગનો અભ્યાસ છે. આ અભ્યાસમાં ચિત્તને ભગવદાકારથી રંગવાનું છે. ચિત્ત ભગવદાકારથી રંગાયું એટલે ભગવાન સાધક મનુષ્યનો ઉદ્ધાર કરે છે એમાં સંશય નથી જો ચિત્ત આમતેમ જતું હોય તો પાછું લાવી ભગવદાકારમાં સ્થિર કરવું એજ ભકિતયોગનો અભ્યાસ છે.

૪ જ્ઞાન–અભ્યાસ કરતાં પણ જ્ઞાન શ્રેષ્ઠ છે કેમકે અભ્યાસ ચાલુ થતાં જ્ઞાનની જાગ્રતિ થાય છે એટલે જ્ઞાનના સાધન સદ્‌ગુણો અમાનિત્વ અદંભિત્વાદિ ઉત્પન્ન થાય છે તેથી સાધક મનુષ્ય વિશેષ આગળ વધે છે જ્ઞાન પ્રકાશ વિશેષ અનુભવમાં આવે છે.

૫ ધ્યાન—ભગવદાકારમાં ચિત્ત એકતાન થવું એ ધ્યાન છે જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે ધ્યાનાવસ્થા સિદ્ધ થઈ ત્યારે સાધક મનુષ્ય પોતાના હૃદય કમળમાં બીરાજ્યમાન પ્રભુના સાક્ષાત્ દર્શન કરે છે, સાધક મનુષ્ય ભગવાનના ચરણકમળમાં પ્રવેશે છે.

૬ કર્મફળ ત્યાગ. આ કક્ષા ધ્યાનથી પણ શ્રેષ્ઠ છે. કર્મફળ એટલે સામાન્ય સ્વર્ગાદિ ફળ નહિ. પણ મોક્ષરૂપી ફળ તેનો પણ ત્યાગ. ધીમે ધીમે અભ્યાસ કરતાં કરતાં સાધક મનુષ્ય જેમ ધ્યાનની ઉંચી કક્ષા પર પહોંચે છે પરાભકિત પ્રાપ્ત કરે છે તે વખતે ભકત સાયુજ્યાદિ મુકિતફળ મોક્ષફળને પણ તુચ્છ ગણે છે મોક્ષફળની પણ ઈચ્છા રાખતો નથી તે ફળને પણ હર્ષની સાથે તજે છે સ્વરૂપાનન્દમાં એક રસ થાય છે ત્યારે કર્મફળ ત્યાગ એટલે પરાભકિત પ્રાપ્ત થતાં ભકત મોક્ષરૂપી પુરૂષાર્થને પણ તુચ્છ ગણે છે તેનો પણ ત્યાગ કરે છે અને એ ત્યાગ સિદ્ધ થયો એટલે છેવટે શાન્તિ પ્રાપ્ત થાય છે આત્મ સમર્પણ થતાં પૂર્ણ શાન્તિ પામે છે. ત્યાગથી શાન્તિ સુખ પ્રાપ્ત થાય છે. પછી તે સંસારમાંથી મુકત થાય છે જન્મમરણ ભોગવતો નથી.

અર્જુન જો એ પ્રમાણે અભ્યાસ ન થઈ શકે તો મારી કૃપા મેળવવા ઈશ્વરાપર્ણ બુદ્ધિથી કર્મ કર ભગવાનની કથા સાંભળવી નામ સ્મરણ કરવું એ ભાગવત ધર્મનો આશ્રય લે જે કર્મ કરે તે મને અર્પણકર એ પ્રમાણે મારી કૃપા મેળવવા માટે જો કર્મ કરીશ તો પણ અન્તે તું મને પામીશ. હે અર્જુન જો એ પ્રમાણે પણ કર્મ ન કરી શકે તો તને બીજો ઉપાય બતાવું છું તારે સર્વ કર્મના ફળને તજી દેવા ફળની ઈચ્છા ન રાખવી અને મારૂં ઇશ્વરનું શરણ લઈ કાર્ય કરવું આ પ્રમાણે કાર્ય કરવાથી પણ તું અન્તે મને ઇશ્વરને પામીશ. હે અર્જુન, ચિંત્તને સ્થિર કરવાને અભ્યાસ કરીયે તેના કરતાં શાસ્ત્રનું જ્ઞાન મેળવવું એ શ્રેષ્ટ છે હે અર્જુન શબ્દજ્ઞાન કરતાં વિભૂતિઓની ઉપાસના કરી ધ્યાન કરવું એ શ્રેષ્ટ છે એ ધ્યાન કરતાં પણ ઈશ્વરનું અનન્ય શરણ લઈ કરેલા કર્મના ફળની ઈચ્છા તજી દેવી અને કરેલા કર્મો ભગવાનના ચરણમાં અર્પણ કરવાં એ વિશેષ શ્રેષ્ટ છે કર્મના ફળનો ત્યાગ કરવો એજ ઉત્તમ શાન્તિનો ઉપાય છે ત્યાગ વૃત્તિથી મારા સ્વરૂપને પામે છે પછી તે સંસારમાં જન્મમરણ ભોગવતો નથી.

શ્રીકૃષ્ણભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન જેને દ્વેષ નથી જેના અન્તઃકરણમાં દયા છે તે તમામની સાથે મૈત્રીવાળો છે. જેને અહંકાર નથી જેને મમતા નથી જેને સુખદુઃખ સમાન છે જે સંતોષી છે જે સહનશીલ છે અને જેણે મન-બુદ્ધિ મને અર્પણ કરી મારૂં અનન્ય શરણ લીધું છે અને સર્વ કર્મના ફળ તજ્યાં છે તે મારો ઉત્તમ પ્રકારનો ભકત છે અને તે મને પ્રિય છે. હે અર્જુન આ પ્રમાણે જે ઉત્તમ પ્રકારે ભકિત કરે છે તે મારા સ્વરૂપને પામે છે આ સંસાર

બન્ધનમાંથી મુકત થાય છે. માટે જેમ બને તેમ મારી ભક્તિ કરવી જોઈએ આ પ્રમાણે :શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આ પાઠમાં ભકિતનો ઉપદેશ આપ્યો.

## ફળ ૧૨ મું

## મૃત સંજીવન અને સદ્ગતિ પ્રાપ્તિ

મહાદેવે પાર્વતીને કહ્યું કે પાર્વતિ હવે તમને ગીતાના બારમા અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ દક્ષિણમાં કોલ્હાપુર નામનું રમણીય નગર છે તેની શોભા સ્વર્ગના જેવી છે. તે નગરના રહેવાશી મનુષ્યો દેવ દેવી સમાન ગણાય છે તે નગરમાં દેવોના અનેક મંદિરો પણ છે તે નગરમાં એક યુવાન રાજકુમાર આવ્યા. નગરની શોભા જોઈ પ્રસન્ન થયા, આમ તેમ ફર્યા, મહાલક્ષ્મીના મંદિરમાં ગયા, પૂજા કરી અને મહાલક્ષ્મીની સ્તુતિ કરવા લાગ્યા સ્તુતિથી મહાલક્ષ્મી પ્રસન્ન થયા અને દર્શન આપ્યું અને કહ્યું હે રાજકુમાર તારી શું ઈચ્છા છે? રાજકુમારે દેવીના ચરણમાં નમી કહ્યું મારા પિતાએ અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો. યજ્ઞ પૂરો થયો નથી તે પહેલા મારા પિતા મરણ પામ્યા. તેથી તેના શરીરને તેલની કટાહમાં રાખી દુ:ખી થઈ અહીં આવ્યો છું હે દેવિ અશ્વમેધનો ઘોડો કોઈ ચોરી ગયું મેં ચારે તરફ શોધ્યો પણ મળ્યો નહી માટે હે દેવિ મારા પિતાનું કાર્ય પરિપૂર્ણ થાય તે પ્રમાણે કૃપા કરો. એ સાંભળી દેવીએ કહ્યું મારા દ્વાર પર સિદ્ધ લોકો રહે છે. હે રાજકુમાર તેને જઇ તમે કહો તમારૂં કાર્ય પૂર્ણ થશે. એ પ્રમાણે કહી મહાલક્ષ્મી

અન્તર્ધાન થયા. રાજકુમાર દ્વાર તરફ ગયા સિદ્ધ લોકોને જોયા અને મહાલક્ષ્મીએ જે પ્રમાણે કહ્યું હતું તે કહી સંભળાવ્યું સિદ્ધ લોકોએ ધ્યાનથી તપાસ્યું, ઇન્દ્ર અશ્વમેધયજ્ઞનો ઘોડો ચોરી લઇ ગયો છે એમ જાણ્યું. મંત્ર ભણી અભિમંત્રણ ક્રિયા કરી દેવોને બોલાવ્યા. દેવો આવ્યા. સિદ્ધની સાથે મુલાકાત કરી. સિદ્ધોની આજ્ઞાથી અશ્વમેધનો ઘોડો લાવી રાજકુમારને આપ્યો. એ જોઈ રાજકુમારને શ્રદ્ધા વધી. રાજકુમારે સિદ્ધોના ચરણમાં નમી પિતાને સજીવન કરવાને પ્રાર્થના કરી ત્યારે સિદ્ધ લોકો રાજકુમાર સાથે રાજમહેલમાં ગયા. રાજાનું મૃત શરીર માગ્યું. સિદ્ધ લોકોએ ગીતાના બારમા અધ્યાયનો પાઠ શરૂ કર્યો અને શબ ઉપર પાણી છાંટવાનું શરૂ કર્યું. ગીતાના બારમા અધ્યાયના પાઠના પ્રભાવે રાજા બૃહદ્રથ સજીવન થયા ઉઠી બેઠા થયા અને કહ્યું કોના પ્રભાવથી મને સજીવન કર્યો તે કહો ત્યારે રાજકુમારે બધુ વૃત્તાંત કહી સંભળાવ્યું. રાજા એ સાંભળી ખુશી થયા સિદ્ધલોકોને પ્રણામ કર્યા તેની સ્તુતિ કરી અને કહ્યું હે સિદ્ધ લોકો આપે મને કયા મંત્રથી સજીવન કર્યો છે? તે કહો. ત્યારે સિદ્ધ લોકોએ કહ્યું ગીતાના બારમાં અધ્યાયનો પાઠ કરી પાણી છાંટયું જેથી આપ સજીવન થયા છો. હમો સદા ગીતાના બારમા અધ્યાયનું પાઠ કરીએ છીયે. તે સાંભળી રાજા બૃહદ્રથે તે સિદ્ધોની પાસેથી ગીતાના બારમા અધ્યાયનો ઉપદેશ લીધો અને પાઠ કરવા લાગ્યા. રાજાએ સિદ્ધ લોકોને સાથે લઈ અશ્વમેધ યજ્ઞ પણ પૂર્ણ કર્યો અને રાજા પણ પુત્રની સાથે સદા ગીતાના બારમા અધ્યાયનો પાઠ પારાયણ કરવા લાગ્યા અને સદ્‌ગતિ પામ્યા હે દેવિ જે માણુસ ભકિત

અને શ્રદ્ધાથી ગીતાના બારમા અધ્યાયનો પાઠ પારાયણુ હમેશાં કરે છે તો તેના પ્રભાવે મૃતસબને પણુ સજીવન કરે છે અને પોતે પણુ સદ્‌ગતિ પામે છે.

## અધ્યાય ૧૩

અર્જુન ઉવાચ ।

પ્રકૃતિં પુરુષં ચૈવ ક્ષેત્રં ક્ષેત્રજ્ઞમેવ ચ ।
એતદ્વેદિતુમિચ્છામિ જ્ઞાનં જ્ઞેયં ચ કેશવ ॥૧॥

શ્રી ભગવાનુવાચ ।

ઇદં શરીરં કૌંતેય ક્ષેત્રમિત્યભિધીયતે ।
એતદ્યો વેત્તિ તં પ્રાહુઃક્ષેત્રજ્ઞ ઇતિ તદ્વિદઃ ॥૨॥
ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમ ॥૩॥
તત્ક્ષેત્રં યચ્ચ યાદૃક્ ચ યદ્વિકારી યતશ્ચ યત્ ।
સ ચ યો યત્પ્રભાવશ્ચ તત્સમાસેન મે શૃણુ ॥૪॥
ઋષિભિર્બહુધા ગીતં છંદોભિર્વિવિધૈઃ પૃથક્ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ ॥૫॥
મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।
ઇંદ્રિયાણિ દશૈકં ચ પંચ ચેંદ્રિયગોચરાઃ ॥૬॥
ઇચ્છા દ્વેષઃ સુખં દુઃખં સંઘાતશ્ચેતના ધૃતિઃ ।
એતત્ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ॥૭॥
અમાનિત્વમદંભિત્વમ્અહિંસા ક્ષાંતિરાર્જવમ્ ।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ॥૮॥
ઇંદ્રિયાર્થેષુ વૈરાગ્યમ્ અનહંકાર એવ ચ ।
જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્ ॥૯॥

અસક્તિરનભિષ્વંગઃ પુત્રદારગૃહાદિષુ ।
નિત્યં ચ સમચિત્તત્વમ્ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૧૦॥
મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।
વિવિક્તદેશસેવિત્વમ્ અરતિર્જનસંસદિ ॥૧૧॥

અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ ।
એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તમ્અજ્ઞાનં યદતોન્યથા ॥૧૨॥
જ્ઞેયં યત્તત્પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે ।
અનાદિમત્પરં બ્રહ્મ ન સત્તન્નાસદુચ્યતે ॥૧૩॥

સર્વત્રઃ પાણિપાદં તત્ સર્વતોક્ષિશિરોમુખમ્ ।
સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥૧૪॥
સર્વેંદ્રિયગુણાભાસં સર્વેંદ્રિયવિવર્જિતમ્ ।
અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃચ ॥૧૫॥

બહિરન્તશ્ચ ભૂતાનામ્ અચરં ચરમેવ ચ ।
સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥૧૬॥
અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।
ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥૧૭॥

જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્ તમસઃ પરમુચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય ધિષ્ઠિતમ્ ॥૧૮॥
ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥૧૯॥

પ્રકૃતિ પુરુષં ચૈવ વિદ્ધયનાદી ઉભાવપિ ।
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્ ॥૨૦॥
કાર્યકારણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।
પુરુષઃ સુખદુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ॥૨૧॥

પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્ ।
કારણું ગુણસંગોસ્ય સદસદ્યોનિ જન્મસુ ॥૨૨॥
ઉપદ્રષ્ટાનુમંતા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેસ્મિન્ પુરુષઃ પરઃ ॥૨૩॥
ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।
સર્વથા વર્તમાનોપિ ન સ ભૂયોભિજાયતે ॥૨૪॥
ધ્યાનેનાત્મનિ પશ્યંતિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥૨૫॥
અન્યે ત્વેવમજાનંતઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે ।
તેપિ ચાતિતરંત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥૨૬॥
યાવત્સંજાયતે કિંચિત્સત્વં સ્થાવરજંગમ્ ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞસયોગાત્ તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥૨૭॥
સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠંતં પરમેશ્વરમ્ ।
વિનશ્યત્સ્વવિનશ્યંતં યઃ પશ્યતિ સઃ પશ્યતિ ॥૨૮॥
સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।
ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ॥૨૯॥
પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।
યઃ પશ્યતિ તથાત્માનમ્ અકર્તારં સ પશ્યતિ ॥૩૦॥
યદા ભૂતપૃથગ્ભાવમ્ એકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સંપદ્યતે તદા ॥૩૧॥
અનાદિત્વાન્નિર્ગુણત્વાત્ પરમાત્માયમવ્યયઃ ।
શરીરસ્થોપિ કૌંતેય ન કરોતિ ન લિપ્યતે ॥૩૨॥
યથા સર્વગતં સૌક્ષ્મ્યાદ્ આકાશં નોપલિપ્યતે ।
સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે ॥૩૩॥

યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ॥૩૪॥
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમ્ અંતરં જ્ઞાનચક્ષુષા ।
ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાંતિ તે પરમ્ ॥૩૫॥

ઇતિ શ્રી૦ ભ૦ ઉ૦ બ્ર૦ યોગ૦ શ્રીકૃષ્ણ૦ ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગ યોગો નામ ત્રયોદશોધ્યાયઃ ॥૧૩॥

---

## બોધપાઠ ૧૨ મો ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગયોગ.

ક્ષેત્ર ક્ષેત્રવિભાગ એટલે શું? ક્ષેત્ર એટલે શરીર ક્ષેત્રજ્ઞ એટલે શરીરનો જાણનારો જીવાત્મા એ બેનો વિભાગ એટલે એ બેનું વિવેકથી જુદાપણું. તેને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞવિભાગ કહે છે. શ્રીકૃષ્ણભગવાને અર્જુનને અગીયારમાં પાઠમાં ભક્તિનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ અર્જુને શ્રીકૃષ્ણભગવાનને ૭ પ્રશ્ન પુછયા ૧ ક્ષેત્ર એટલે શું? ૨ ક્ષેત્રજ્ઞ એટલે શું? ૩ પ્રકૃતિ એટલે શું? ૪ પુરૂષ એટલે શું? ૫ જ્ઞાન એટલે શું? ૬ જ્ઞેય એટલે શું? ત્યારે શ્રીકૃષ્ણભગવાને બારમા પાઠમાં અર્જુનના પ્રશ્નોનો ઉત્તર આપ્યો. શ્રીકૃષ્ણભગવાને કહ્યું હે અર્જુન શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ. આ પાંચ વિષયો કહેવાય છે, આ શરીરથી વિષયો ભોગવાય છે માટે શરીરને ભોગાયતન કહે છે. ભોગાયતન એટલે ભોગ અને આયતન ભોગ એટલે વિષયભોગો અને આયતન એટલે સ્થાન વિષયભોગ ભોગવવાનું સ્થાન તે આ શરીર આ શરીરને ક્ષેત્ર કહે છે. ક્ષેત્ર એટલે શરીર ક્ષેત્ર એટલે ખેતર ખેતરમાં બીજ વાવવાથી તેમાં ઝાડ વગેરે વનસ્પતિ ઉગી નીકળે છે. તે પ્રમાણે આ શરીરથી ભોગો

ભોગવાય છે. ભોગો ભોગવતા તેના સંસ્કાર વાસના બીજરૂપે અન્તઃકરણમાં દૃઢ થાય છે તેમ પરિણામે પુનઃ જન્મ અને પુનઃ નવો સંસાર આ પ્રમાણે રેંટમાળ ચાલ્યાજ કરે છે તેથી આ શરીરને પણ ઉત્પન્ન કરવાનું ક્ષેત્ર કહેવામાં આવ્યું. માટે હે અર્જુન, ક્ષેત્ર એટલે આ શરીર, ક્ષેત્રજ્ઞ એટલે જીવાત્મા. ક્ષેત્રને શરીરને જાણનારો અનુભવનારો જીવાત્મા. જે શરીરમાં રહી હું અને આ મારૂં એવી રીતે સદા અહંતા મમતા બાંધી કાર્ય કરે છે. તેને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે. જેમ સૂર્ય ચંદ્રનું પ્રતિબિંબ પાણીમાં પડે છે તે પ્રમાણે આ શરીરમાં જે અન્તઃકરણ છે તેમાં આત્માનું પ્રતિબિંબ છે. તેને ચિદાભાસ કહે છે. ચિદાભાસ એટલે ચૈતન્ય પ્રકાશ. તેનેજ જીવાત્મા કહે છે. ક્ષેત્રજ્ઞ એટલે જીવાત્મા. પ્રકૃતિ એટલે સત્વરજ. અને તમ એ ત્રણ ગુણની જે સમાન અવસ્થા તેને પ્રકૃતિ કહે છે. તેનેજ પ્રધાન અવ્યક્ત માયા એવા નામો પણ આપેલાં છે. એ પ્રકૃતિમાં જે આત્માનું પ્રતિબિંબ પડે છે તેને પુરૂષ ઈશ્વર કહે છે. જેમ લોહચુંમક પાસે રહેતાં લોઢાના કટકામાં જેમ ચલનશક્તિ પેદા થાય છે, તે પ્રમાણે આત્માનો પ્રકાશ પ્રકૃતિમાં પડે છે એટલે પ્રકૃતિ જડ છે તો પણ કાર્ય કરવાને સમર્થ બને છે અને કાર્ય કરતી અનેક તત્વો પેદા કરે છે, પ્રકૃતિ જડ છે વિકારી છે, મર્યાદિત છે, પરાધીન છે. જયારે આત્મા ચેતન નિર્વિકાર અને અમર્યાદિત સ્વતંત્ર છે. આત્માનો પ્રકાશ પ્રકૃતિમાં પડે છે તેથી પ્રકૃતિમાંથી ચોવીસ તત્વ ઉત્પન્ન થાય છે. અને તેનાજ વિસ્તારને સંસાર કહે છે. મૂળ પ્રકૃતિ તેમાંથી મહતત્વ એટલે બુદ્ધિતત્વ. તેમાંથી અહંકાર તેમાંથી શબ્દ

સ્પર્શરૂપ રસ અને ગન્ધ. એને પંચતન્માત્રા પણ કહે છે તેમાંથી પૃથ્વી ૫, પાણી ૪, તેજ ૩, વાયુ ૨, આકાશ ૧, પાંચજ્ઞાનેદ્રિય શ્રોત્ર (કાન) ત્વક્ (ત્વચા) ચક્ષુ (આંખ, નેત્ર) રસના (જીભ) ઘ્રાણુ (નાસિકાનો અગ્ર) પાંચકર્મેન્દ્રિય વાક (વાણી) પાણિ (હાથ) પાદ (પગ) પાયુ (ગુદા) ઉપસ્થ (ગુહ્ય-ઇન્દ્રિય લિઙ્ગ) અને સંકલ્પ વિકલ્પ કરનારૂં મન (બધી ઇન્દ્રિયો મળી અગીયાર ઈન્દ્રિયો) આ બધા મળી ચોવીસ તત્વો. પ્રકૃતિ એ તમામ તત્વને ઉત્પન્ન કરનારૂં એક મોટું ક્ષેત્ર કહેવાય છે. નાના મોટા ઉંચા નીચા. જુદા જુદા જે શરીરો તે બધા પ્રકૃતિનાજ પરિણામ છે. તે પણ ક્ષેત્ર કહેવાય છે. એ ક્ષેત્ર વિકારી છે. ઇચ્છા, દ્વેસ, સુખ, દુઃખ, સંઘાત (સંઘાત એટલે ઇન્દ્રિય સહિત પાંચ મહાભૂતનું બરિણામ શરીર તેને સંઘાત કહે છે, સંઘાત એટલે સમુદાય ઇન્દ્રિય પાંચ મહાભૂતનો સમુદાય તે સંઘાત કહેવાય છે.) ચેતના એટલે જ્ઞાન શક્તિ, ધૃતિ એટલે ધૈર્ય. આ સાત ક્ષેત્રના ધર્મ વિકાર છે. એથી આ શરીરરૂપી ક્ષેત્ર એ ચોવીસ તત્વનું બનેલું પરિણામ છે અને વિકારવાળું છે. શરીરરૂપી ક્ષેત્ર જડ છે દૃશ્ય છે વિકારી છે જયારે ક્ષેત્રજ્ઞ ચેતન છે. અદ્રશ્ય છે નિર્વિકાર છે હવે આ ક્ષેત્રજ્ઞ આત્માને કેવી રીતે જાણવો એના સચ્ચિદાનન્દ સ્વયં પ્રકાશ સ્વરૂપને કેવી રીતે અનુભવમાં લેવું એને માટે સાધનો કયાં છે? શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને વીશ સાધનો ઉપદેશ આપી અને સમજાવ્યાં.

૧ અમાનિત્વ પોતાની તથા પોતામાં રહેલા ગુણુની પ્રખ્યાતિની અનિચ્છા. ૨ અદંભિત્વ લાભ પૂજા પ્રખ્યાતિ માટે ડોળ દેખાવ અથવા ઢોંગ ન કરવા તે. ૩ અહિંસા શરીર

મન વાણીથી કોઈને પીડા ન કરવી. ૪ ક્ષાન્તિ. કોઈએ કરેલા અપરાધને નિર્વિકારપણે સહન કરવા. ૫ આર્જવ સરલતા અંદર તથા બહારનો એક વ્યવહાર. ૬ આચાર્યો પાસન. જ્ઞાનોપદેશક સદ્‌ગુરૂની સેવા. ૭ શૌચ બહારની અને અંદરની એટલે શરીર અને મનની પવિત્રતા. ૮ સ્થૈર્ય. મનની સ્થિરતા અનેક વિઘ્નો આવ્યાં છતાં કાર્ય કરવામાં મનની દૃઢતા. ૯ આત્મ વિનિગ્રહ શરીર અને ઈન્દ્રિયોને અવળે માર્ગે ન જવા દેતાં મુક્તિના સાધનો પર જોડવાં. ૧૦ ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્ય વિષયભોગ તરફ અપ્રીતિ. ૧૧ અનહંકાર નિરભિમાનતા. ૧૨ જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ દોષાનુદર્શન જન્મ મરણ વૃદ્ધાવસ્થાને રોગના દુઃખો અને દોષોનો વારંવાર વિચાર કરવો. ૧૩ અસક્તિ પુત્ર સ્ત્રી ઘર વગેરેમાં મમતાથી રહિત થવું. અનભિષ્વંગ પુત્ર સ્ત્રી વગેરેમાં સ્નેહ રહિત થવું. ૧૫ સમચિત્તત્વ ઈષ્ટ વસ્તુ અથવા અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં ચિત્તનું સરખાપણું. ૧૬ મયિચાનન્ય યોગેન ભક્તિરવ્યભિચારિણી ઈશ્વરમાં ચિત્તની એકતાનતા ભક્તિ. ૧૭ વિવિક્ત દેશ સેવિત્વ સદા એકાન્ત પ્રદેશનું સેવન. ૧૮ અરતિ ર્જનસંસદિ વિષયી અથવા સાધારણ મનુષ્યોના સમાજમાં અપ્રીતિ થવી. ૧૯ અધ્યાત્મ જ્ઞાન નિત્યત્વ આત્મ જ્ઞાન માટે સદા એકનિષ્ટ થઈ પ્રયત્ન કરવો. ૨૦ તત્વજ્ઞાનાર્થ દર્શન આત્મ સાક્ષાતકારના મોક્ષરૂપી પ્રયોજનનો વારંવાર વિચાર આ વીશ પ્રકારના સદ્‌ગુણોને આત્મજ્ઞાન પ્રાપ્તિના સાધન હોવાથી જ્ઞાન કહે છે. આ વીસ પ્રકારના સદ્‌ગુણો પ્રાપ્ત થયા એજ જ્ઞાન કહેવાય છે અને એનાથી વિપરીત ગુણો હોય તો તે જ અજ્ઞાન કહેવાય છે. જે દુર્ગુણો જ્ઞાનના વિરોધી છે તેને તજવા જોઈએ.

અને જેનાથી જ્ઞાનપ્રાપ્તિ થાય તેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. હે અર્જુન આ સંસારમાં જ્ઞેય વસ્તુ કઈ છે? તે હું તને કહું છું. જ્ઞેય એટલે જાણવા લાયક વસ્તુ. આ સંસારમાં અનેક પદાર્થો છે અને તેને જાણવા માટે અનેક મનુષ્યો પ્રયત્ન કરે છે. પણ તે જાણવાથી મોક્ષનો લાભ થતો નથી. ત્યારે જાણવા લાયક તે વસ્તુ કહેવાય કે જેને જાણવાથી મોક્ષ લાભ થાય અને જાણવાનું બાકી રહે નહિ ત્યારે એવી વસ્તુ કઈ છે? પરબ્રહ્મ, પરમાત્મા, ઈશ્વર એ જાણવા લાયક જ્ઞેય પદાર્થ છે જે સદા નિર્વિકાર છે. વિકારી નાશવંત પદાર્થને જાણવાથી મોક્ષ લાભ નથી. નિર્વિકાર અવિનાશી પરબ્રહ્મને જાણવાથી મોક્ષ લાભ થાય છે માટે પરબ્રહ્મ એ જ્ઞેય કહેવાય છે. પરબ્રહ્મ પરમાત્મા પ્રાણીમાત્રમાં અંદરબહાર સર્વત્ર વ્યાપક છે. એ સહેલાઈથી જાણી શકાય તેમ નથી. એક અદ્વિતીય હોવા છતાં જુદા જુદા પદાર્થરૂપ ઉપાધિથી અનેક રૂપ જોવામાં આવે છે. નિર્ગુણ નિરવયવ હોવા છતાં ઉપાધિથી સગુણ અને અનેક અવયવવાળા દેખાય છે. એ પરબ્રહ્મ પરમાત્માથી તમામ પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે અને સંહાર પામે છે એ પરબ્રહ્મ અવર્ણનીય છે. સૂર્ય ચંદ્રાદિના પ્રકાશના પણ પ્રકાશરૂપ છે. તમામ પ્રાણીમાત્રના હૃદયમાં વીરાજમાન છે. અને જ્ઞાનથી જાણી શકાય છે. હે અર્જુન પ્રકૃતિ ક્ષેત્ર નામની અપરા પ્રકૃતિ અને પુરૂષ ક્ષેત્રજ્ઞ નામની પરાપ્રકૃતિ એ બે અનાદિ છે, પાંચ મહાભૂત અને મનસહિત અગીયાર ઇન્દ્રિયો એ વિકાર અને સત્વ રજ તમ એ ત્રણ ગુણ પ્રકૃતિથી ઉત્પન્ન થયા છે. શરીર અને ઇન્દ્રિયોના આકારમાં જે પરિણામ નીપજ્યું તેનું મૂળ કારણ પ્રકૃતિ છે, આત્મા આનંદરૂપ હોવા છતાં પ્રકૃતિરૂપ

[illegible]ના સંબંધથી પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી જાય છે. પ્રકૃતિ સાથે અભિન્ન બને છે અને પ્રકૃતિના સુખદુ:ખાદિ વિકારને પોતાને વિષે આરોપી સુખી દુ:ખી બને છે. અને વારંવાર જન્મમરણરૂપ દુ:ખને અનુભવે છે. ઉંચીનીચી જાતીઓમાં જન્મમરણ ધારણ કરે છે. વાસ્તવીક રીતે તપાસીયે તો આત્માને સંસારની સાથે લેવાદેવા નથી. એ તો કેવળ સાક્ષી છે. આ શરીરમાં કેવળ સાક્ષીરૂપે રહ્યો છે. શરીર અને તેના ગુણધર્મથી બીલકુલ નીરાળો છે. હે અર્જુન કોઈ અધિકારી મનુષ્ય આ પ્રમાણે વિવેકથી સ્વયંપ્રકાશ સાક્ષી આત્માને જાણી અનુભવે છે તો તે આ સંસારમાં રહેવા છતા મુકત છે તે પુન: જન્મ ધારણ કરતો નથી. પ્રકૃતિ એજ સર્વ કાર્ય કરે છે. પરમાત્મા નિર્ગુણ નિર્વિકાર અવિનાશી અનાદિ હોવાથી આ શરીરમાં સ્થિત હોવા છતાં કંઈજ કરતો નથી એમ જે સારી રીતે અનુભવે છે તો તે આ સંસારમાં રહ્યા છતાં પણ મુકત છે.

## ફળ ૧૩ મું.

## સર્વ પાપનાશ અને દિવ્યદેહની પ્રાપ્તિ.

મહાદેવે પાર્વતીને કહ્યું કે હે પાર્વતિ હવે તમને ગીતાના તેરમા અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો હે દેવિ દક્ષિણ દેશમાં તુંગભદ્રા નામની નદી છે તે નદીના કીનારે હરિહર નામનું એક નગર છે તે નગરમાં ભગવાન હરિહર સ્વયં બીરાજે છે જેના દર્શનથી મનુષ્યને કલ્યાણની પ્રાપ્તિ થાય છે તે નગરમાં હરિ દિક્ષિત બ્રાહ્મણ રહેતા હતા. વેદ પાઠી હતા કર્મકાંડી હતા તેની સ્રી ઘણીજ દુષ્ટ અને વ્યભિચારણી

હતી તે સ્ત્રી પતિને મધુરી વાણીથી પ્રસંન્ન કરતી નહીં પણ સદા કઠોર વચનથી સંતાપ આપતી તે સ્ત્રી કામુકચારના સંબન્ધમાં આનંદ માનતી રાતે નિયમિત સમયે સંકેત સ્થાનમાં જતી અને ચારની રાહ જોતી વસંતરૂતુનો સમય આવ્યો રાત્રી સુશોભિત હતી એટલે કામાતુર થઈ અને સંકેત સ્થાનમાં જઈ ચારની રાહ જોવા લાગી પોતાના જાર પતિ આવ્યા નહીં આમંતેમ ફરવા લાગી વસન્તરૂતુ હોવાથી ઝાડ ઉપરના પાંદડા ખરી પડતાં હતાં તે પાંદડા ઉપર ચાલવાથી ખડખડાટ થતો હતો ખડખડાટ સાંભળી ઝાડીમાં સૂતેલો વાઘ ઝટ જાગી ઉઠ્યો ક્રોધે ભરાયો બગાસા ખાવા લાગ્યો અને આ સ્ત્રીને ફરતી જોઈ તેથી ઘુરઘુર શબ્દ કરવા લાગ્યો. કામાતુર સ્ત્રી વાઘને કહેવા લાગી હે વાઘ, તું મને મારવાને શા માટે વિચાર કરે છે, બળવાન લોક સ્ત્રી કૃપણ અને દુઃખીને મારતા નથી આ સાંભળી વાઘ બોલ્યો હે દુષ્ટ સ્ત્રી દક્ષિણદેશમાં એક મલાપહા નામની નદી છે અને તે નદીના કીનારા પર મુનિપર્ણા નામની નગરી છે તે નગરીમાં પંચલિંગ નામનું મહાદેવનું સ્થાન છે ત્યાં હું પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો સદા પ્રતિગ્રહ દાન લેતો અને મારૂં જીવન ગુજારતો એમ કરતાં કંઈ દિવસો વિત્યા મરણ આવ્યું ત્યાંસૂધી દાન લેવાનું છોડયું નહીં એક દિવસે મને એક કુતરૂં કરડયું અને હું મરણ પામ્યો પછી વાઘ જાતિમાં જન્મ થયો આ વાઘ જાતિમાં પણ પૂર્વના પાપનું સ્મરણ કરૂં છું હું ધર્મિષ્ટને યતિને સાધુજનને પતિવ્રતા સ્ત્રીને ખાતો નથી પણ અધર્મી દુર્જન પાપી અને દુષ્ટા સ્ત્રીને અવશ્ય ખાઉં છું. તું દુષ્ટા છે માટે હું તને ખાઈ જઈશ એ પ્રમાણે કહી સ્ત્રીને મારી ખાઈ ગયો. પાપકર્મને લઇ તે

સ્ત્રીને વિષ્ટામૂત્રરક્તથી ભરપૂર નરકમાં નાંખી. તે સ્ત્રીએ રૌરવાદિ નરકોના અનેક દુઃખો ભોગવ્યાં છેવટે ચાણ્ડાલને ત્યાં સ્ત્રી તરીકે આવી. પૂર્વના ભોગવેલા દુઃખોને ભૂલી ગઈ અને વેશ્યાપણું કરવા લાગી. એક દીવસે રસ્તે જતી હતી. રસ્તામાં મહાદેવનું મંદિર આવ્યું તેની પાસે જૂભકાદેવીનું મંદિર હતું. તેમાં વાસુદેવ નામના બ્રાહ્મણ ગીતાના તેરમા અધ્યાયનું અનુષ્ઠાન કરતા હતા પાઠ પારાયણ કરતા હતા. તે યુવાન રૂપવાન અને ધની હતા. વેશ્યાએ તેને જોયા. તે વેશ્યાનું મન તે યુવાન પર આસક્ત થયું તેને લલચાવવા પાસે આવી હાવભાવ કટાક્ષથી તેને લલચાવવા શરૂ કર્યું. વાસુદેવ બ્રહ્મણે સ્ત્રીની મલીન ભાવના જોઈ ગીતાના તેરમા અધ્યાયનો પાઠ ચાલુ હતો આચમનીમાં જલ લીધું અને તે વેશ્યાના શરીર ઉપર છાંટયું અને ઈશારો કર્યો કે હે સ્ત્રી તું અહીંથી ચાલી જા. તે પાણી તેના શરીર ઉપર પડતાંજ અને ગીતાના તેરમા અધ્યાયનો પાઠ સાંભળતાંજ પવિત્ર થઈ તે વેશ્યાના પાપ નાશ પામ્યા. પોતાનું શરીર તજ્યું દીવ્યદેહ ધારણ કર્યો વિમાનમાં બેસી વૈકુણ્ઠમાં ગઈ. હે દેવિ જે મનુષ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના તેરમા અધ્યાયનો સદા પાઠ અનુષ્ઠાન પારાયણ કરે તો તેના સર્વ પાપ નાશ પામે અને દિવ્યદેહ ધારણ કરી વૈકુણ્ઠમાં જાય છે.

## અધ્યાય ૧૪

### શ્રી ભગવાનુવાચ ।

પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।
યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥૧॥
ઇદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।

સર્ગેપિ નોપજાયંતે પ્રલયે ન વ્યથંતિ ચ ॥૨॥
મમ યોનિર્મહદ્ બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ ।
સંભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥૩॥
સર્વયોનિષુ કૌંતેય મૂર્તયઃ સંભવંતિ યાઃ ।
તાસાં બ્રહ્મ મહદ્યોનિર્ અહં બીજપ્રદઃ પિતા ॥૪॥
સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાઃ પ્રકૃતિસંભવાઃ ।
નિબધ્નંતિ મહાબાહો દેહે દેહિનમવ્યયમ્ ॥૫॥
તત્ર સત્ત્વં નિર્મલત્વાત્ પ્રકાશકમનામયમ્ ।
સુખસંઘેન બધ્નાતિ જ્ઞાનસંગેન ચાનઘ ॥૬॥
રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસંગસમુદ્ભવમ્ ।
તન્નિબધ્નાતિ કૌંતેય કર્મસંગેન દેહિનમ્ ॥૭॥
તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।
પ્રમાદાલસ્યનિદ્રાભિસ્ તન્નિબધ્નાતિ ભારત ॥૮॥
સત્વં સુખે સંજયતિ રજ : કર્મણી ભારત ।
જ્ઞાનમાવૃત્ય તુ તમ : પ્રમાદે સંજયત્યુત ॥૯॥
રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત ।
રજઃસત્ત્વં તમશ્ચૈવ તમ : સત્ત્વં રજસ્તથા ॥૧૦॥
સર્વદ્વારેષુ દેહેસ્મિન્ પ્રકાશ ઉપજાયતે ।
જ્ઞાનં યદા તદા વિદ્યાદ્ વિવૃદ્ધં સત્ત્વમિત્યુત ॥૧૧॥
લોભઃ પ્રવૃત્તિરારંભઃ કર્મણામશમઃ સ્પૃહા ।
રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ॥૧૨॥
અપ્રકાશો પ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।
તમસ્યેતાનિ જાયંતે વિવૃદ્ધે કુરુનંદન ॥૧૩॥
યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।
તદોત્તમવિદાન્ લોકાન્ અમલાનૂપ્રતિપદ્યતે ॥૧૪॥

રજસિ પ્રલયં ગત્વા કર્મસંગિષુ જાયતે ।
તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥૧૫॥
કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્વિકં નિર્મલં ફલમ્ ।
રજસસ્તુ ફલં દુઃખમ્ અજ્ઞાનં તમસઃફલમ્ ॥૧૬॥
સત્ત્વાત્સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।
પ્રમાદમોહૌ તમસો ભવતો જ્ઞાનમેવ ચ ॥૧૭॥
ઊર્ધ્વં ગચ્છંતિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠંતિ રાજસાઃ ।
જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છંતિ તામસાઃ ॥૧૮॥
નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાનુપશ્યતિ ।
ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોધિગચ્છતિ ॥૧૯॥
ગુણાનેતાનતીત્ય ત્રીન્ દેહી દેહસમુદ્ભવાન્ ।
જન્મમૃત્યુજરાદુઃખૈર્ વિમુક્તોમૃતમશ્નુતે ॥૨૦॥

અર્જુન ઉવાચ ।

કૈર્લિંગૈસ્ત્રીન્ગુણાનેતાન્ અતીતો ભવતિ પ્રભો ।
કિમાચારઃ કથં ચૈતાંસ્ ત્રીન્ ગુણાનતિવર્તતે ॥૨૧।

શ્રી ભગવાનુવાચ ।

પ્રકાશં ચ પ્રવૃતિં ચ મોહમેવ ચ પાંડવ ।
ન દ્વેષ્ટિ સંપ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાંક્ષતિ ॥૨૨
ઉદાસીનવાદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।
ગુણા વર્તન્ત ઈત્યેવ યોવતિષ્ઠતિ નેંગતે ॥૨૩॥
સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાંચનઃ ।
તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્ તુલ્ય નિંદાત્મસંસ્તુતિઃ ॥૨૪॥
માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।
સર્વારંભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥૨૫॥
માં ચ યોવ્યભિચારેણ ભકિતયોગેન સેવતે ।

સ ગુણાન્સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે ॥૨૬॥
બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાંતિકસ્ય ચ ॥૨૭॥
ઇતિ શ્રીમદ્ ભ૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦ ગુણત્રયવિભાગયોગો
નામ ચતુર્દશોઽધ્યાય: ॥૧૪॥

## બોધપાઠ ૧૩મો ગુણત્રય વિભાગયોગ

ગુણત્રય વિભાગ એટલે શું? ગુણત્રય એટલે ત્રણ ગુણ. સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનો જે વિભાગ તેને ગુણત્રય વિભાગ કહે છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને બારમા પાઠમાં ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો ભેદ સમજાવ્યો. ક્ષેત્ર એટલે પ્રકૃતિ. ત્રણ ગુણની સરખી અવસ્થાને પ્રકૃતિ કહે છે, ત્રણ ગુણના સ્વરૂપ શું? ગુણ કેવી રીતે બન્ધનકારક છે? ગુણના બન્ધનમાંથી કેવી રીતે છુટી શકાય? અને મુકિતનું લક્ષણ શું? એ સમજાવવાને માટે શ્રીકૃષ્ણ પરમાત્મા અર્જુનને આ તેરમાં પાઠમાં પ્રકૃતિના ત્રણ ગુણ સંબંધી વિચાર દર્શાવી ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હે અર્જુન, પુરૂષ અને સ્ત્રી એ બેના સંયોગથી સંતાન પેદા થાય છે. એકલા પુરૂષથી સંતાન પેદા થતું નથી. તેમજ એકલી સ્ત્રીથી પણ સંતાન પેદા થતું નથી. ઇશ્વરને આધીન રહેલા પુરૂષ અને પ્રકૃતિ એ બેના સમાગમથી સંસારની ઉત્પત્તિ છે. હવે પુરૂષ તે કોણ? અને સ્ત્રી તે કઈ? એ સમજવું જોઇએ.

અવ્યકત, પ્રકૃતિ, માયા તે સ્ત્રી. ગીતામાં માયાને મહત્-બ્રહ્મ એવું નામ આપ્યું છે. અખીલ સંસારનું કારણ હોવાથી મહત્ કહેવાય છે અને વધ્યા કરે છે તેથી તેને બ્રહ્મ પણ

કહે છે. જે પ્રમાણે પુરૂષને ગર્ભધારણ કરવાનું સ્થાન સ્ત્રી છે તે પ્રમાણે ઈશ્વરને ગર્ભધારણ કરવાનું સ્થાન એટલે સંસારના બીજનું સ્થાન પ્રકૃતિ માયા હે અર્જુન હું પ્રકૃતિમાં (માયામાં) સંસારનું બીજ વાવું છું અર્થાત્ એકોહં બહુસ્યામ હું એક છું તોપણ બહુરૂપે થાઉં એવા ઈક્ષણરૂપ સંકલ્પને ધારણ કરૂં છું હે અર્જુન પ્રકૃતિમાં માયામાં ચિદાભાસરૂપી (ચૈતન્ય પ્રકાશ) રેતઃ સિંચનપૂર્વક ગર્ભધારણ કરૂં છું. હે અર્જુન જે પ્રમાણે અરીસો અથવા જલાશયમાં સૂર્યચન્દ્રનું પ્રતિબિંબ પડે છે તે પ્રમાણે પ્રકૃતિમાં માયામાં ચિદાભાસ ચૈતન્ય પ્રકાશ પડે છે. જેથી પ્રકૃતિ જે સત્વ, રજ, તમની સમાન અવસ્થારૂપા હતી, તેમાં ચિદાભાસ ચૈતન્ય પ્રકાશ પડતાં ગુણની વિષમતા એટલે ઓછાવત્તાપણાનો ભાવ થાય છે. અને આકાશ, વાયુ, તેજ વગેરે તત્ત્વો ક્રમથી ઉત્પન્ન થાય છે અને ક્રમે કરી હિરણ્યગર્ભાદિ સર્વ પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે. ઈશ્વરની સત્તા સિવાય આ સંસાર ઉત્પન્ન થતો નથી. હે અર્જુન દેવપિતૃ મનુષ્ય પશુ પક્ષિ મૃગાદિ તમામ યોનિમાં સ્થાવર જંગમાત્મક જે જે શરીર ઉત્પન્ન થાય છે તે સર્વ શરીરોની માતા પ્રકૃતિ છે. અને હે અર્જુન હું ગર્ભાધાન કરનાર સર્વનો પિતા છું. ત્યારે પુરૂષને જે સંસાર બન્ધન પ્રાપ્ત થયું તેનું મૂળ કારણ પ્રકૃતિનો સંયોગ છે પ્રકૃતિનાં ત્રણ ગુણ છે સત્વ રજ અને તમ સત્વ ગુણનો સ્વભાવ નિર્મલ સ્વચ્છ પ્રકાશરૂપ શાન્ત આનંદરૂપ રજોગુણનો સ્વભાવ ચંચલતા કાર્યમાં ઉત્સાહ શક્તિ ઉત્પન્ન થવી આસક્તિ ઈચ્છા તમોગુણનો સ્વભાવ અજ્ઞાન અંધારૂં મોહ ભ્રાન્તિ ભ્રમ ઉત્પન્ન થવો. મનુષ્યને આ ત્રણ ગુણનો અનુભવ સદા થાય છે. જયારે મનુષ્યનું મન બીલકુલ

પ્રસન્ન હોય છે બુદ્ધિમાં પ્રકાશ માલમ પડે અવનવા વિચારો આવે છે અને ધર્મ તરફ પ્રભુ તરફ મન વળે છે ત્યારે સમજવું કે આ વખતે સત્વગુણ છે જ્યારે મનુષ્યનું મન સંસારના કામકાજ કરવામાં ગુંથાયલું હોય છે કંઈ મુકવું, વસ્તુઓ આઘી પાછી કરવી એવા કામકાજમાં મન રહે છે. ઘડીભર નકામુ બેસી રહેવાતું નથી તેમ ધર્મ કામમાં પ્રીતિ થતી નથી પણ કંઈ ન કંઈ કાર્ય કરવામાં મન પરોવાય છે ત્યારે સમજવું કે આ ચિત્ત ચંચળ થયું છે અને આ વખતે રજોગુણ વધ્યો છે. જ્યારે મનુષ્યનું મન બીલકુલ કામ કરવામાં ઉત્સાહી નથી. શરીરમાં આળસ ઉત્પન્ન થાય છે. ઉંઘણુસીની માફક કેવળ પડી રહેવાય મનોરાજ્ય ચાલ્યા કરે છે અથવા કંઈ સુજતુંજ નથી. કોઈ બોલાવે તો જરા ઉઠી ખસવાનું પણ મન થતું નથી ત્યારે તમોગુણ વધ્યો છે એમ સમજવું. આ લક્ષણોથી સાત્વિક પુરૂષ રાજસ પુરૂષ તામસ પુરૂષ પણ ઓળખાય છે.

સત્વગુણ સુખ અને જ્ઞાનમાં આસક્તિ ઉત્પન્ન કરે છે અને હું સુખી છું. હું જ્ઞાની છું હું ધર્માત્મા છું એ પ્રમાણે અભિમાન ઉત્પન્ન કરે છે. અને સુખપણાના જ્ઞાનીપણાના તથા ધાર્મિકપણાના અભિમાનથી સત્વગુણ જીવાત્માને બંધનમાં નાખે છે. રજોગુણ ન મેળવેલી વસ્તુ મેળવવાની ઈચ્છા ઉત્પન્ન કરે છે. પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ કરવાને પ્રીતિ ઉત્પન્ન કરે છે, તેથી હું આ પ્રમાણે યજ્ઞ કરૂં છું. એથી હું જરૂર સ્વર્ગ ફળ મેળવીશ અને સુખ વૈભવ ભોગવીશ. એવું અભિમાન ઉત્પન્ન કરી રજોગુણ જીવાત્માને બાંધે છે. તમોગુણ આલસ્ય ઉત્પન્ન કરે છે ઉંઘણુસીપણું પેદા થાય છે તમોગુણ મનુષ્યને પ્રમાદી બનાવે છે તેથી અનેકને મરતાં જોવા છતાં પણ

અનુષ્ય પોતાના કલ્યાણને માટે સાવધ રહેતો નથી અને ઈશ્વરનું સ્મરણ પણ ભૂલે છે. ત્યારે આળસ પ્રમાદ ભ્રમ ઉંઘ- ણસીપણું ઉત્પન્ન કરી તમોગુણ જીવાત્માને સંસારમાં બાંધે છે. આ પ્રમાણે ત્રણે ગુણો બન્ધનકારક છે. જ્યારે મરણકાળમાં સત્વગુણ વધે છે ત્યારે છેવટની ઘડીયે પણ મનુષ્ય મુખમાંથી પ્રભુના નામ સ્મરણ કરે છે. મનથી ઈશ્વર સ્મરણ કરે છે. આખરે ગીતા પાઠ સાંભળે છે. દાન કરે છે જ્ઞાન ચર્ચા કરે છે. કુટુમ્બને આશ્વાસન આપે છે અને સુખ પૂર્વક આનંદથી પ્રભુ ગુણાનુવાદ ગાતો દેહ છોડી દે છે ત્યારે તે ઉત્તમ પ્રકારના દેવલોકમાં જાય છે અને દિવ્યભોગ ભોગવે છે. જ્યારે મરણકાળમાં રજોગુણ વધે છે. ત્યારે મનુષ્યનું મન સંસારના કાર્યોમાં આસક્ત રહે છે. અને સંસારના કાર્યોનીજ વ્યવસ્થા ઘડવામાં તૈયારી કરે છે અને તેવી સ્થિતિમાં આખરે મરણ પામે છે ત્યારે દેહ તજે છે. ત્યારે વિવિધ પ્રકારના સાંસારિક ફળોની ઇચ્છાથી પુનઃ મનુષ્યજાતિમાં આવી તેવાં તેવાં કાર્યો કરે છે.

જ્યારે મરણ કાળમાં તમોગુણ વધે છે ત્યારે ભયંકર સન્નિપાતાદિ રોગોથી સપડાય છે ઈશ્વર સ્મરણ પણ ભૂલાય છે બેભાન સ્થિતિમાં રહે છે મળમૂત્ર પણ તજે છે અને એવી ગંભીર હાલતમાં રહી મનુષ્ય પ્રાણ તજે છે શરીર તજે છે ત્યારે મૂઢ પશુપક્ષિ વૃક્ષાદિ જાતિમાં જન્મ ધારણ કરે છે દુઃખો ભોગવે છે. સાત્વિક કર્મનું પરિણામ સાત્વિક દૈવસુખ મનુષ્ય ગંધર્વપિતૃ દેવાદિના વૈભવી સુખ. રાજસ કર્મનું પરિ- ણામ રાજસ દુઃખ અથવા દુઃખ મિશ્રિત સંસારમાં મનુષ્ય જાતિનું સુખદુઃખ. તામસ કર્મનું પરિણામ તામસ. અજ્ઞાન

મૂઢતા પશુપક્ષિ વૃક્ષાદિ જાતિના દુઃખો સત્વ ગુણથી જ્ઞા
વધે છે રજોગુણથી લોભ વધે છે. તમોગુણથી પ્રમાદ અજ્ઞા
ભ્રમ વધે છે. ત્રણે ગુણોમાં સત્વ ગુણ શ્રેષ્ઠ છે જેમ બ
તેમ મનુષ્યે સત્વ ગુણ વધારવાને પ્રયત્ન કરવો જોઇએ સ
ગુણથી ધર્મ તરફ પ્રીતિ વધે છે. જ્ઞાન વધે છે. મન ઉ
તરફ વળે છે. મનુષ્ય વૈરાગ્યવૃત્તિ ધારણ કરે છે. ભકિત કરે
અને અભિમાન તજે છે ત્યારે આ સંસારમાંથી મુકત થ
છે જે મનુષ્ય ગુરૂ પાસે જઈ અભ્યાસ કરે છે શાસ્ત્ર
સિદ્ધાન્તને જાણે છે સંસારમાં વરાગ્ય વૃત્તિ ધારણ કરે
અને પોતાના મનમાં નિશ્ચય કરે છે કે હું કર્તા ભોકતા ન
હું સ્વતંત્ર મુકત ચેતનસ્વરૂપ સર્વથી નિરાળો છું અને સા
રૂપે છુ. આ ત્રણ પ્રકારના ગુણો અથવા તેના પરિણામ:
બુદ્ધિ વગેરે તત્વો શરીર ઇન્દ્રિયો સ્વભાવિક રીતે પોતા
કાર્ય કરે છે. મને તે કાર્યોથી કોઈપણ પ્રકારનો સંબન્ધ ન
તે બધાથી હું ચેતન આત્મા જુદો છું સાક્ષિ છું એ પ્રમા
સમજે છે અને અનુભવે છે તો તે આ સંસારમાં રહેવા છ
પણ મુકત છે સંસારમાં બન્ધાતો નથી. એવા જ્ઞાની મનુષ્ય
જન્મ મરણ જરા વ્યાધિ વગેરે દુઃખો બાધ કરતા નથી. એ
જ્ઞાનીઓ અનન્ય ભકિતયોગથી મને ઈશ્વરને સેવે છે ઈશ્વ
શરણ લે છે હે અર્જુન એવા જ્ઞાનીઓ ગુણાતીતમુકત કહેવાય

## ફળ ૧૪ મું.

## સર્વ પાપ નાશ અને દિવ્ય દેહ પ્રાપ્તિ

મહાદેવે પાર્વતીને કહ્યું કે હે પાર્વતી હવે તમને ગીતા
ચૌદમા અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ :

ભૂમંડળના એક પ્રદેશમાં કાશ્મીર નામનો એક દેશ છે એ કાશ્મીર સરસ્વતી દેવીની રાજધાની છે જ્યાં સરસ્વતી હંસ ઉપર બેસી સદા સર્વકાલ નિવાસ કરે છે. સરસ્વતીનાં આશીર્વાદથી ત્યાંના રહેવાસી સદા પંડિત થાય છે. પૂર્વમાં તે દેશનો રાજા શૌર્યવર્મા નામે હતો તે મહાન પરાક્રમી હતો સિંહલદ્વિપનો રાજા નામે વિક્રમવેતાલ હતો. તે પણ સિંહસમાન પરાક્રમી હતો. શાર્યવર્મા અને વિક્રમવેતાલ આ બે રાજાઓ પરસ્પર મિત્ર હતા. દિવસે દિવસે તેઓનો સ્નેહ વધતો જતો હતો. એક વખતે રાજા શૌર્યવર્માએ બે સુન્દર કુતરી પોતાના મિત્ર વિક્રમવેતાલ રાજાને ત્યાં ભેટ મોકલી ત્યારે વિક્રમવેતાલ રાજાએ તેના બદલામાં હાથિ ઘોડા મણિ અલંકાર ચામર ભેટ મોકલ્યાં. એક વખતે વિક્રમવેતાલ રાજા રાજકુમારો તથા બે કુતરી સાથે લઈ પાલખીમાં બેસી શિકાર માટે અરણ્યમાં ગયા અને ત્યાં જઈ શરત રમ્યા એક કુતરી રાજાની અને બીજી રાજકુમારોની. ત્યાં એક હરણ જોવામાં આવ્યું તે જોઇ શરત નક્કી કરી. રાજાએ અને રાજકુમારે પોતાની કુતરીને હરણ પાછળ દોડાવી. હરણ નાસી ગયું. કુતરીઓ પાછળ પડી હરણ દોડતાં દોડતાં ગભરાયું. અને એક ખાડામાં પડયું. ત્યાંથી ઉઠીને નાઠું. તે કુતરીઓથી પકડાયું નહીં તો પણ હરણ જીવ લઇ નાશવા જાય તેટલામાં રાજાની કુતરીએ તેને પકડયું તેના મુખમાંથી પણ છુટું થઈ નાસવા જાય છે. ત્યાં તો રાજકુમારોની કુતરીએ તે હરણને ગળામાંથી પકડયું, હમો જીત્યા હમો જીત્યા એ પ્રમાણે રાજકુમારો બૂમ પાડી ઉઠયા. એ કોલાહલ થતાં જ તે કુતરીના મુખમાંથી પણ હરણ છુટી નાશી ગયું. તેના ગળામાંથી લોહીના

ટીપાં પડતા હતા પણ નાહું અને પૃથ્વીની ભેખડમાં છુપાયું. રાજાની કુતરી જમીન સુંઘતી સુંઘતી ગઈ અને તે હરણને જોયું એટલે ભય પામી ત્યાંથી નીકળી ગયું. દોડતું દોડતું રૂષિના આશ્રમ તરફ ગયું. તે આશ્રમ વત્સરૂષિનો હતો. વત્સરૂષિને એક શિષ્ય હતો તેનું નામ મેધાવી હતું. વત્સરૂષિ આશ્રમમાં બેસી સદા ગીતાના ચૌદમા અધ્યાયનો પાઠ પારાયણ કરતા હતા. મેધાવી શિષ્ય પણ ગીતાના ચૌદમા અધ્યાયનો પાઠ અભ્યાસ કરતા. શિષ્યે આશ્રમમાંથી બહાર આવી હાથપગ ધોઈ કોગળા કર્યા હતા પાણી પડવાથી તે ઠેકાણે કાદવ થયો હતો હરણ તે ઠેકાણે દોડતું આવી એકદમ પડયું. બેભાન થયું અને છેવટે મરણ પામ્યું. તે કાદવનો સ્પર્શ થતાંજ તે હરણ સંસારસાગરમાંથી પાર થયું. તેના પાપ નાશ પામ્યા તે હરણ પવિત્ર થયું દિવ્ય વિમાનમાં બેસી વૈકુણ્ઠમાં ગયું. કુતરી પણ તેની પાછળ દોડતી આવી હતી તે પણ કાદવમાં પડી અને મરણ પામી. દિવ્ય દેહ ધારણ કરી સંસારમાંથી મુક્ત થઈ વિમાનમાં બેસી સ્વર્ગમાં ગઈ. આ જોઈ મેધાવી શિષ્ય હસ્યા. વિચારમાં પડ્યા તેઓના પૂર્વજન્મનું કારણ તપાસ્યું અને આશ્ચર્ય પામ્યા એટલામાં રાજા આવી પહોંચ્યા. વિનયી રાજાએ તે ઋષિને નમસ્કાર કર્યા. કુતરી અને હરણની મુકિતનું કારણ પુછયું. મેધાવીએ કહ્યું હે રાજન્ આ આશ્રમમાં વત્સમુનિ રહે છે તે રૂષિએ ઇન્દ્રિયો જીતી છે. સદા ગીતાના ચૌદમા અધ્યાયનું પાઠ પારાયણ અનુષ્ઠાન કરે છે. હું તેનો શિષ્ય છું. બ્રહ્મ વિદ્યા જાણું છું અને ગીતાના ચૌદમા અધ્યાયનો સદા પાઠ કરૂં છું મેં મારા હાથપગ ધોયા કોગળા કર્યા તેથી પાણી પડયું તે ઠેકાણે આવીને પડતાં અને પાણીનો સ્પર્શ થતાંજ આ કુતરી

અને હરણ પવિત્ર થયાં. વિમાનમાં બેસી દીવ્યલોકમાં ગયા. ત્યારે રાજાએ કહ્યું કે આપ બે જણને જોઈ હસતા હતા તેનું કારણ શું એ પણ કહો મેધાવીએ કહ્યું હે રાજન્ મહારાષ્ટ્ર દેશમાં પ્રત્યુદક્ નામે મોટું નગર હતું કેશવ નામે એક બ્રાહ્મણ હતો તેની સ્ત્રી વિલોભના હતી તે વ્યભિચારિણી હતી. કેશવ બ્રાહ્મણે ગુસ્સે થઈ તે વ્યભિચારિણી સ્ત્રીને મારી નાંખી. સ્ત્રી-હત્યાના પાપથી કેશવ બ્રાહ્મણ હરણ થઈ જન્મ્યો અને સ્ત્રી પોતાના પાપથી કુતરી થઈ જન્મી. અનેક જન્મોમાં ગયા હતાં પણ પૂર્વનું વેર ભૂલ્યા ન હતા. આ જન્મમાં પણ કુતરીને પૂર્વનું વેર યાદ આવ્યું તેથી હરણને મારવા દોડી પણ આ પવિત્ર પાણીનો સ્પર્શ થતાંજ પશુજાતિમાંથી છુટા થયા અને તેઓના પાપ નાશ થવાથી પવિત્ર થયા અને દિવ્યદેહ ધારણ કરી દીવ્યલોકમાં ગયા. આ સાંભળી રાજાને શ્રદ્ધા થઈ અને તે રૂષિ પાસેથી ગીતાના ચૌદમા અધ્યાયનો ઉપદેશ લીધો અને તે રાજા પણ સદા ગીતાના ચૌદમા અધ્યાયનો સદા પાઠ કરવા લાગ્યા. તેથી છેવટે તે પણ મુકત થયા. હે દેવિ જે મનુષ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના ચૌદમા અધ્યાયનો સદા પાઠ કરે છે અનુષ્ઠાન કરે છે તો તે પોતે પવિત્ર થઈ સંસાર-માંથી મુકત થાય છે અને હીનજાતિના જીવોને પણ સંસાર-બન્ધનમાંથી છુટા કરે છે.

## અધ્યાય ૧૫

### શ્રી ભગવાનુવાચ ।

ઊર્ધ્વં મૂલમધઃશાખમ્ અશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છંદાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥

અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।
અધશ્ચ મુલાન્યનુસંતતાનિ કર્માનુબંધીનિ મનુષ્યલોકે ॥૨॥
ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાંતો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્ અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્વા ॥૩॥

તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યમ્ યસ્મિન્ ગતા ન નિવર્તંતિ ભૂયઃ ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિ પ્રસૃતા પુરાણી ॥૪॥
નિર્માનમોહા જિતસંગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વંદ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ ગચ્છંત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥૫॥

ન તદ્ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવર્તંતે તદ્ધામ પરમં મમ ॥૬॥
મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
મનઃ ષષ્ઠાનીંદ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગંધાનિવાશયાત્ ॥૮॥
શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥૯॥

ઉત્ક્રામંતં સ્થિતં વાપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યંતિ પશ્યંતિ જ્ઞાનચક્ષુષઃ ॥૧૦॥
યતંતો યોગિનશ્ચૈનં પશ્યંત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતંતોપ્યકૃતાત્માનો નૈનં પશ્યંત્યચેતસઃ ॥૧૧॥

યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેખિલમ્ ।
યચ્ચંદ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥
ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥૧૪॥
સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાંતકૃત્ વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥
દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષરમેવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોક્ષર ઉચ્યતે ॥૧૬॥
ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥
યસ્માત્ક્ષરમતીતોહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥
યો મામેવમસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥૧૯॥
ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમ્ ઈદમુક્તં મયાનઘ ।
એતદ્ બુદ્ધ્વા બુદ્ધિમાનસ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત ॥૨૦॥

ઇતિ શ્રીમદ્‌૦ ઉ૦ બ્રહ્મ૦ યો૦ શ્રીકૃષ્ણ૦ પુરુષોત્તમ
યોગો નામ પંચદશોઽધ્યાયઃ ॥૧૫॥

## બોધપાઠ ૧૪મો પુરૂષોત્તમયોગ

પુરૂષોત્તમ એટલે શું? પુરૂષ અને ઉત્તમ એ શબ્દ મળી પુરૂષોત્તમ શબ્દ બન્યો છે. પુરૂષોમાં જે ઉત્તમ હોય તે પુરૂષોત્તમ કહેવાય છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને તેરમાં પાઠમાં ત્રણ ગુણ સંબન્ધી ઉપદેશ આપ્યો. હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને આ ચૌદમાં પાઠમાં પુરૂષ અને પુરૂષોત્તમ એ બેના સ્વરૂપ સમજાવી ઉપદેશ આપે છે. જ્ઞાન એ મોક્ષનું ઉત્તમ સાધન છે વૈરાગ્ય સિવાય જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

ભક્તિથી પ્રભુ દર્શનનો લાભ મળે છે પણ વૈરાગ્ય સિવાય ભક્તિ પણ પ્રાપ્ત થતી નથી અર્થાત ભક્તિ અને જ્ઞાન વૈરાગ્ય સિવાય મળતાં નથી વૈરાગ્ય એટલે સંસાર તરફ અપ્રીતિ. સંસાર તરફ અપ્રીતિ ઉત્પન્ન થાય એ માટે પહેલાં સંસાર વૃક્ષનું સ્વરૂપ વર્ણવે છે. હે અર્જુન આ સંસારને અશ્વત્થ વૃક્ષ કહે છે. અશ્વત્થ એટલે શું? અ એટલે નહિ. શ્વ એટલે આવતી કાલે ત્થ એટલે રહેવું તે. જે આવતી કાલે રહેનારૂં નથી તેને અશ્વત્થ કહે છે અર્થાત્ નાશવંત. આ સંસારવૃક્ષનું મૂળ ઉર્ધ્વ એટલે ઉત્તમમાં ઉત્તમ પુરૂષોત્તમ પરમાત્મા છે. એ વૃક્ષની શાખા હિરણ્યગર્ભ બ્રહ્માદિ દેવો જીવો રૂપે ચોતરફ ફેલાયલી છે. આ સંસાર વૃક્ષ નાશવંત હોવા છતાં પણ આત્મજ્ઞાન સિવાય એ સંસારવૃક્ષનો નાશ નથી માટે એને અનાદિ અનન્ત કહે છે. સાક્ષાત્ વેદો એ સંસારવૃક્ષના રક્ષણ કરનારા પાંદડા છે. પરબ્રહ્મ પુરૂષોત્તમ એ સંસારવૃક્ષનું મૂળ છે. હિરણ્યગર્ભાદિ તમામ જીવો એ સંસારવૃક્ષની શાખા છે. આ સંસારવૃક્ષનું સ્વરૂપ નાશવંત છે. પણ પ્રવાહરૂપે એવો સદા ચાલ્યો આવે છે કે એની ઉત્પત્તિ અને વિનાશ માલમ પડતાં નથી. માટે અનાદિ અનન્ત છે વેદોક્ત કર્મ કરવાથી સંસાર-વૃક્ષને પોષણ મળે છે. જ્યારે બ્રહ્મજ્ઞાનથી સંસારવૃક્ષ નાશ પામે છે. જે માણુસ સંસારવૃક્ષના મૂળને સારી રીતે જાણે છે તો તેજ મનુષ્ય સર્વને જાણે છે. સર્વવિત્ કહેવાય છે. હિરણ્યગર્ભાદિ જીવો એ શાખારૂપે છે. સંસારવૃક્ષની શાખા ઉપરનીચે ચારેતરફ ફેલાયલી છે. જે પાપી માણુસો તે પશુ પક્ષિ વગેરે જાતિમાં જન્મ લે છે. જેઓ પુણ્યાત્મા છે તેઓ સ્વર્ગાદિ ઉપરના લોકોમાં દેવાદિ જાતિમાં જન્મ લે છે. મનુષ્ય-

લોકથી લઈ બ્રહ્મલોક અને સત્યલોક સુધી ઉપરની શાખાઓ ફેલાયલી છે. તેમજ પાતાળલોક સુધી નીચે પણ શાખાઓ ફેલાયલી છે તેજ પ્રમાણે પાપીઓની શાખા પશ્વાદિજાતિમાં જન્મ લઈ પસરેલી છે. આ શાખાઓ સત્વ, રજ, તમ એ ત્રણ ગુણથી વધેલી છે. શબ્દ સ્પર્શરૂપ રસ અને ગન્ધ એ પાંચ વિષયો ઉપર બતાવેલી શાખાઓના ફણગા છે. આ સંસારવૃક્ષના અવાન્તર બીજા નાના નાના મુળીયાં એ ભોગ વાસનારૂપે છે. અને તે ઉપરનીચે ચારેતરફ ફેલાયલા છે. અને તે મૂળીયાં આ મનુષ્યલોકમાં કર્મ ઉત્પન્ન કરનારાં છે. કર્મમાં પ્રવૃત્તિ કરાવનારાં છે. કેમકે આ મનુષ્યલોક સિવાય બીજા તમામ લોકો ભોગભૂમિ કહેવાય છે. તે તે લોકમાં જે ભોગો ભોગવ્યા તેની વ સના સ્થિર થાય છે. પુણ્ય પુરૂ થવાથી પુનઃ મનુષ્યલોકમાં જન્મ ધારણ કરે છે અને વળી પુનઃ કર્મમાં પ્રવૃત્ત થાય છે. હે અર્જુન જે પ્રમાણે ઉત્તમ મૂળવાળું આ સંસારવૃક્ષનું જે સ્વરૂપ વર્ણવ્યું તે સ્વરૂપ સંસારમાં રહેલા પ્રાણીઓથી જાણી શકાય તેવું નથી. તે પ્રમાણે સંસારવૃક્ષના આદિ તથા અન્ત તથા સ્થિતિને પણ જાણી શકાય તેમ નથી. આ સંસારવૃક્ષના મૂળ ઘણાંજ દૃઢ અને ઉંડા છે તો પછી એ સંસારવૃક્ષને કેવી રીતે ઉખેડવું ? એનો કેવી રીતે નાશ કરવો ? હે અર્જુન ઝાડને કાપવા માટે ધારવાળા કુહાડાની જરૂર છે તેજ પ્રમાણે આ સંસારવૃક્ષની વાસનાને મૂળમાંથી ઉખેડી નાંખવા માટે અસંગ એટલે વૈરાગ્યરૂપી શસ્ત્રનીજ જરૂર છે. વિવેક અને અભ્યાસથી વૈરાગ્યરૂપી શસ્ત્રને તીક્ષ્ણ ધારવાળું બનાવવું જોઈએ. મજબુત અને તીક્ષ્ણ ધારવાળા વૈરાગ્યરૂપી શસ્ત્રને મજબૂતાઇથી પકડી સંસાર વૃક્ષને છેદી

નાંખવું અને વૈષ્ણુપદને પરમાત્માને શોધવાને પ્રયત્ન કરવો. એ વૈષ્ણુવપદ ઉત્તમ છે એ પરમાત્મપદ શ્રેષ્ઠ છે જ્ઞાનીઓ એ પદને મેળવે છે જે પદને પામ્યા પછી જ્ઞાનીઓ આ સંસારમાં જન્મ મરણુ ધારણુ કરતા નથી. એવા ઉત્તમ પરમાત્મપદને ખરા અન્તઃકરણુથી શોધવાને પ્રયત્ન કરવો અને વારંવાર પ્રાર્થના કરવી. જે પરબ્રહ્મ પરમાત્માથી આ અનાદિ પ્રવાહરૂપે સંસાર પ્રવાહ ચાલ્યો આવે છે તે આદિ પરબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમ નારાયણુને હું શરણે જાઉં છું.

એ પ્રમાણે પ્રાર્થના કરી અનન્ય ભકિતથી નારાયણુ પરમાત્માને શોધવાને માટે પ્રયત્ન કરવો જે લોકોના અભિમાન ભ્રમ દૂર થયા છે પુત્ર સ્ત્રી વગેરેમાંથી જેની આસકિત દૂર થઈ છે જેઓએ સદા આત્મજ્ઞાનમાં નિષ્ઠા રાખી છે. જેની તમામ કામનાઓ શાન્ત થઈ છે જેઓએ સુખદુઃખ માન અપમાન વગેરેને જીત્યા છે જેની અવિદ્યા નાશ પામી છે. એવા જ્ઞાની લોકો નારાયણુ પરમાત્માને પામે છે. હે અર્જુન સૂર્ય ચંદ્ર અગ્નિ પણુ જેને પ્રકાશ કરી શકતા નથી અને જેને મેળવી યોગીઓ જ્ઞાનીઓ પાછા આ સંસારમાં આવતા નથી એવું ઉત્તમ પ્રકારનું મારૂ ઈશ્વરનું સ્વરૂપ છે. હે અર્જુન આ જીવ એ પણુ મારો અંશ છે. સનાતન છે, જે પ્રમાણે પવન પુષ્પમાંથી સુગન્ધને લઇ ચાલ્યો જાય છે તે પ્રમાણે મરણુ કાળમાં જીવાત્મા એક શરીરમાંથી મન સહિત ઇન્દ્રિયોને લઈ નીકળે છે અને મનસહિત ઇન્દ્રિયને લઈને જ બીજા નવા શરીરમાં દાખલ થાય છે અને તે શરીરદ્વારા જીવાત્મા મનસહિત ઈન્દ્રિયની સહાયતાથી તમામ વિષયોને ભોગવે છે? જીવાત્મા કેવી રીતે શરીર તજે છે. કેવી રીતે

બીજા શરીરમાં પ્રવેશ કરે છે? અને કેવી રીતે વિષયો ભોગવે છે? આ બાબત અજ્ઞાનીઓ જાણતા નથી પણ જ્ઞાન દૃષ્ટિવાળા જ્ઞાનિઓ સારી રીતે જાણે છે. હે અર્જુન સૂર્ય ચંદ્ર અગ્નિમાં તેજ છે તે મારૂં છે. પૃથ્વીમાં પ્રવેશ કરી મારા બળથી હું ઈશ્વર તમામ ચરાચર પ્રજાને ધારણ કરૂં છું. હું અમૃતમય ચંદ્રરૂપે તમામ ઔષધીને ઉછેરૂં છું. પ્રાણીઓના શરીરમાં હું વૈશ્વાનર જઠરાગ્નિરૂપે રહી. પ્રાણ અપાન વાયુની મદદથી ખાધેલા તમામ અન્નને પચાઉં છું. હું તમામ પ્રાણીમાત્રના હૃદયમાં બીરાજેલો છું. હે અર્જુન આ પ્રમાણે હું સર્વત્ર છું. તો પણ પ્રાણીઓ મારા સ્વરૂપને જાણતા નથી. સંસારમાં બે પ્રકારના પુરૂષ પસિદ્ધ છે. એક ક્ષર કહેવાય અને બીજો અક્ષર કહેવાય છે. બ્રહ્માદિ સ્થાવર સૂધીના જે તમામ શરીરો એ ક્ષર પુરૂષ કહેવાય છે. ક્ષર એટલે નાશવંત કહેવાય છે. અર્થાત કાર્યરૂપી તમામ શરીરનો જે સમુદાય તે ક્ષર પુરૂષ કહેવાય છે અક્ષર એટલે અવિનાશી તમામ પ્રાણી માત્રનું ઉત્પત્તિ સ્થાન ઉત્પત્તિ બીજ માયા શકિત તે અક્ષર કહેવાય છે. ક્ષર પુરૂષ અને અક્ષર પુરૂષ એ બેથી જે ઉત્તમ પુરૂષ તે બીજો છે ક્ષર અને અક્ષર એ બે જડ છે ત્યારે તેનાથી ઉત્તમ ત્રીજો જે પુરૂષ તે ચેતન અને સ્વયં પ્રકાશ છે. તેને પરમાત્મા કહે છે તે સર્વ પ્રાણીમાત્રના અન્તર્યામિ કહેવાય છે તે અવ્યય નિર્વિકાર અને સર્વના નિયન્તા છે. સર્વમાં પ્રવેશ કરી સર્વને સત્તા અને સ્ફુર્તિ આપનારા ઈશ્વર કહેવાય છે. હું ઈશ્વર ક્ષર અને અક્ષરથી વિલક્ષણ ઉત્તમ છું જેથી મને ઈશ્વરને લોકમાં અને વેદમાં પુરૂષોત્તમ કહે છે. જે મને ઈશ્વરને પુરૂષોત્તમને જાણે છે, જે મને સર્વભાવથી ભજે છે. મારૂં

ઈશ્વરનું અનન્ય શરણુ લે છે. તે સર્વવિત્ત સર્વજ્ઞ છે અને આખરે તે મને પામે છે. સંસારમાંથી મુકત થાય છે.

## ફળ ૧૫ મું

### સમગ્ર પાપનો નાશ અને દિવ્યલોકની પ્રાપ્તિ

મહાદેવે પાર્વતીને કહ્યું હે પાર્વતિ હવે હું તમને ગીતાના પંદરમા અધ્યાયનું ફળ કહુ છું તે સાંભળો. હે દેવિ ગૌડ દેશમાં નરસિંહ નામે રાજા હતા તે અતિ પરાક્રમી હતા. દેવો પણુ તેના પરાક્રમથી વિસ્મય પામ્યા હતા તેના એક મંત્રી હતા. તેનું નામ શરભ ભેરૂણ્ડ હતું. તે મંત્રી બધી કળાઓ જાણુતા હતા રાજ્યકારભારમાં પણુ ચતુર હતા. એક વખતે મંત્રીના મનમાં પાપી વિચાર ઉત્પન્ન થયો સ્વયં રાજા થઈ રાજ્ય ભોગવવાની ઈચ્છા થઈ કોઈ પણુ બહાનાથી રાજાને મારી પોતે રાજગાદી ભોગવવી રાજા થવું આવો હલકો વિચાર મંત્રીના મનમાં દાખલ થયો. મંત્રી રાજાને મારવા માટે તક જોવા લાગ્યા એટલામાં તો પોતાનું મરણુ પાસે આવી પહોંચ્યું થોડા સમયમાં મંત્રી મરણુ પામ્યા અને પોતે કરેલા માનસ પાપને લીધે ઘોડાની જાતિમાં જન્મ પામ્યા મંત્રીએ સિન્ધુ દેશમાં ઘોડાનો જન્મ લીધો. ઘોડો સુન્દર કદાવર તેજી અને ઉંચી જાતનો દેખાતો હતો ઘોડાને જોતાંજ મોહ ઉત્પન્ન થયા વિના રહે નહીં ઘોડાના માલિકે ઘોડાને એક ધનવાન વૈસ્યગૃહસ્થને વેચ્યો. તે ધની ગૃહસ્થએ ઘોડાને રાખ્યો પાળ્યો થોડા દિવસ વિત્યાબાદ તે ગૃહસ્થને વિચાર થયો કે આ ઘોડો રાજાને ત્યાંજ શોભે એવો છે.

એવો વિચાર થવાથી ઘોડો લઈ તે ગૃહસ્થ રાજ્યદ્વારમાં આવ્યા રાજા વૃદ્ધ હતા ધર્મથી રાજ્યનું પાલન કરતા દ્વારપાલે વૈશ્યધનિકના આવવાની ખબર રાજાને કહી. રાજાએ તે ગૃહસ્થને બોલાવ્યા ધનિક ગૃહસ્થ મહેલમાં દાખલ થયા. રાજાની મુલાકાત લીધી. રાજાએ તેના આવવાનું કારણ પુછયું ત્યારે ધનિકે કહ્યું કે રાજન્ મારી પાસે સિન્ધુ દેશનો એક ઘોડો છે તે ત્રૈલોકયમાં એક રત્ન છે એમ સમજી આપને આપવા માટે આવ્યો છું. રાજાએ ઘોડાને અંદરના મેદાનમાં લાવવા માટે કહ્યું. ઘોડો અંદર મેદાનમાં લાવવામાં આવ્યો રાજાએ તે ઘોડાને જોયો. અશ્વપરીક્ષકોએ તેના તમામ સારા લક્ષણો તપાસ્યા. બધાએ ઘોડાની પ્રસંસા કરી ધનિક ગૃહસ્થને તેની ઇચ્છા પ્રમાણે કિંમત આપી રાજાએ તે ઘોડો ખરીદયો અને ઘોડારમાં રાખવાને અશ્વપાલને ફરમાવ્યું અને સભા વિખરાઈ સૌ પોતાના સ્થાનમાં ગયા. એક વખતે રાજાને મૃગયા રમવાની ઇચ્છા થઇ તેથી સિન્ધુ દેશના ઘોડા ઉપર સ્વાર થઈ સૈનિકો સાથે અરણ્યમાં ગયા. રાજાએ એક હરણ જોયું તેના શિકાર માટે હરણની પૂઠ લીધી ઘણાં આગળ નીકળી ગયા બધા સૈનિકો પાછળ રહ્યા. હરણ આમતેમ ઘાટા અરણ્યમાં દૂર છુપાયું અન્તે રાજા થાકી ગયા પાણીની તરસ લાગી એક ઝાડ નીચે આવ્યા ઘોડા ઉપરથી ઉતર્યા ઝાડની ડાળી સાથે ઘોડાને બાંધ્યો અને પાણીની શોધ માટે આમતેમ ફરવા લાગ્યા. કયાંએ પાણી મળ્યું નહીં. તેથી ઝાડ નીચે એક શીલાતલ ઉપર બેઠા તેટલામાં પવનના જોરથી ઉડતો એક કાગળ આવી તેની સામે પડયો. રાજાએ તે લીધો તે કાગળમાં ગીતાના પંદરમાં અધ્યાયનો અર્ધો શ્લોક લખેલો

હતો રાજાએ તે શ્લોકના અક્ષરો વાંચ્યા ઘોડાએ તે સાંભળ્યા તેથી ઘોડો એકદમ પડયો તરફડીયા માર્યા અને મરણ પામ્યો. રાજાએ ઘોડાને પડેલા જોઈ લગામ કાપી નાંખી જીન છોડયું. ઘોડાને ઉઠાડવાને પ્રયત્ન કર્યો પણ ઉઠ્યો નહીં ચાબુકો મારી પણ નકામી થઈ તેટલામાં પોતાનો મંત્રી સરભ ભેરૂણ્ડ દિવ્ય શરીર ધારણ કરી ત્યાં આવ્યો અને રાજાના ચરણમાં નમ્યો વિમાનમાં બેસી આકાશમાર્ગે ગયો ઘોડો મરણ પામવાથી રાજા ખીન્ન થયા અને વિમાન જોવાથી આશ્ચર્ય પામ્યા ત્યાંથી ચાલી નીકળ્યા સામે પર્વત ઉપર એક આશ્રમ જોયો ત્યાં ગયા પાણી પીધુ આશ્રમમાં બેઠેલા મુનિને જોઇ રાજાએ પ્રશ્ન કર્યો હે મુનિ મારો ઘોડો સ્વર્ગમાં ગયો તેનું કારણ શું આ સાંભળી વિષ્ણુશર્મા મુનિ બોલ્યા આ ઘોડો પૂર્વ જન્મનો તમારો ભેરૂણ્ડ નામનો મંત્રી હતો. તમને મારી નાંખી પોતાના પુત્ર સાથે રાજ્ય ભોગવવાની તેની ઈચ્છા હતી પણ કાળે કરી રાજ રોગથી સપડાયા અને અન્તે મરણ પામ્યા છેવટે અનેક દુઃખ ભોગવી ઘોડાનો જન્મ પામ્યા અને ગીતાના પંદરમાં અધ્યાયનો અર્ધો શ્લોક સાંભળતાં જ મુકત થયા. જે કાગળ તમને મળ્યો તે મારા શિષ્યએ લખેલો તેમાં અર્ધો શ્લોક લખ્યો હતો શિષ્ય વનમાં ગયો હતો કાગળ તેના હાથમાંથી પડી ગયો પવનથી ઉડતો તમારી પાસે આવી પહોચ્યો તમે તે વાંચ્યો અને ઘોડાએ સાંભળ્યો તેથી જન્મ જન્માન્તરના પાપ નાશ પામ્યા અને તે પશુ જાતિમાંથી મુકત થયો. આ વાત સાંભળી રાજા મુનિના ચરણમાં નમ્યા આનંદ પામ્યા અને ગીતાના પંદરમા અધ્યાયના અર્ધા શ્લોકવાળો કાગળ સાથે લીધો અને ત્યાંથી

ચાલી નીકળ્યા રાજા ગીતાંના પંદરમાં અધ્યાયના અર્ધા શ્લોકને સદા વાંચવા લાગ્યા પાઠ કરવા લાગ્યા જાપ કરવા લાગ્યા અને પોતાના છોકરાને ગાદી આપી મંત્રી વર્ગને કહ્યું અને ગીતાના પંદરમાં અધ્યાયના અર્ધા શ્લોકનો પાઠ કરતાં કરતા ત્યાંથી ચાલી નીકળ્યા અને છેવટે સંસારબન્ધનમાંથી મુક્ત થયા હે દેવિ જે માણુસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના પંદરમાં અધ્યાયના અર્ધા શ્લોકનો સદા પાઠ કરે તો પણ તે પવિત્ર થઈ મુક્ત થાય છે અને તેના શ્રવણથી પશુજાતિના જીવોનો પણ ઉદ્ધાર થાય છે જ્યારે અર્ધા શ્લોકનું આ પ્રમાણે ફળ છે તો હે દેવિ સંપૂર્ણ અધ્યાયનુ શું ફળ છે તે વર્ણન કરી શકાય તેમ નથી.

## અધ્યાય ૧૬

### શ્રી ભગવાનુવાચ ।

અભયં સત્ત્વસંશુદ્ધિર્ જ્ઞાનયોગવ્યવસ્થિતિ : ।
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥૧॥
અહિંસા સત્યમક્રોધસ્ ત્યાગ : શાંતિરપૈશુનમ્ ।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ॥૨॥
તેજ : ક્ષમા ધૃતિ : શૌચ મદ્રોહો નાતિમાનિતા ।
ભવંતિ સંપદં દૈવમ્ અભિજાતસ્ય ભારત ॥૩॥
દંભો દર્પોભિમાનશ્ચ ક્રોધ : પારુષ્યમેવ ચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્ ॥૪॥
દૈવી સંપદ્વિમોક્ષાય નિબંધાયાસુરી મતા ।
મા શુચ : સંપદં દૈવીમ્ અભિજાતોસિ પાંડવ ॥૫॥

દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્ દૈવ આસુર એવ ચ ।
દૈવો વિસ્તરશ : પ્રોક્ત આસુરં પાર્થ મે શૃણુ ॥૬॥
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરા : ।
ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ॥૭॥
અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।
અપરસ્પરસંભૂતં કિમન્યત્કામહૈતુકમ્ ॥૮॥
એતાં દૃષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધય : ।
પ્રભવંત્યુગ્રકર્માણ : ક્ષયાય જગતોઽહિતા ॥૯॥
કામમાશ્રિત્ય દુષ્પૂરં દંભમાનમદાન્વિતા : ।
મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્ પ્રવર્તંતેઽશુચિવ્રતાઃ ॥૧૦॥
ચિંતામપરિમેયાં ચ પ્રલયાંતામુપાશ્રિતા : ।
કામોપભોગપરમા એતાવદિતિ નિશ્ચિતા : ॥૧૧॥
આશાપાશશતૈર્બદ્ધા : કામક્રોધપરાયણા : ।
ઈહંતે કામભોગાર્થમ્ અન્યાયેનાર્થસંચયાન્ ॥૧૨॥
ઈદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।
ઇદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્ ॥૧૩॥
અસૌ મયા હત : શત્રુર્ હનિષ્યે ચાપરાનપિ ।
ઇશ્વરોઽહમહં ભોગી સિદ્ધોઽહં બલવાન્સુખી ॥૧૪॥
આઢ્યોઽભિજનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદૃશો મયા ।
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતા ॥૧૫॥
અનેકચિત્તવિભ્રાંતા મોહજાલસમાવૃતા : ।
પ્રસક્તા : કામભોગેષુ પતંતિ નરકેઽશુચૌ ॥૧૬॥
આત્મસંભાવિતા : સ્તબ્ધા ધનમાનમદાન્વિતા : ।
યજંતે નામયજ્ઞૈસ્તે દંભેનાવિધિપૂર્વકમ્ ॥૧૭॥
અહંકારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતા : ।

મામાત્મપરદેહેષુ પ્રદ્વિષંતોભ્યસૂયકા : ॥૧૮॥
તાનહં દ્વિષતઃ ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્ ।
ક્ષિપામ્યજસ્રમશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ ॥૧૯॥
આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।
મામપ્રાપ્યૈવ કૌંતેય તતો યાંત્યધમાંગતિમ્ ॥૨૦॥
ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્ તસ્માદેતત્ ત્રયં ત્યજેત્ ॥૨૧॥
એતૈર્વિમુક્તઃ કૌંતેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।
આચરત્યાત્મનઃ શ્રેયસ્ તતો યાતિ પરાં ગતિમ્ ॥૨૨॥
યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥૨૩॥
તસ્માચ્છાસ્ત્ર પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥૨૪॥

ઇતિશ્રો૦ ભ૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦ દૈવાસુરસંપદ્વિભાગ યોગો નામ ષોડશોધ્યાયઃ ॥૧૬॥

## બોધપાઠ ૧૫ મો દૈવાસુર સંપત્ વિભાગ યોગ

દૈવાસુર સંપત્ વિભાગ એટલે શું? દૈવ-અસુર-સંપત્ -ત્રણ શબ્દો છે દૈવી સંપત્ અને આસુરી સંપત્ એ બેનો વિભાગ તેને દૈવાસુર સંપત્ વિભાગ કહે છે. દૈવીસંપત્ એટલે દૈવીગુણ અને આસુરી સંપત્ એટલે આસુરીગુણ દૈવી સંપત્ એટલે સદ્ગુણ અને આસુરી સંપત્ એટલે દુર્ગુણ એ બેનો વિભ ગ શ્રીકૃષ્ણપરમાત્માએ અર્જુનને ચૌદમાં પાઠમાં પુરૂષો-ત્તમનું સ્વરૂપ સમજાવ્યું પુરૂષોત્તમ પરમાત્માને જાણવાને અધિકાર હોવો જોઈએ. આ અધિકાર કેવા ગુણો મેળવવાથી

પ્રાપ્ત થાય છે? એવી આકાંક્ષા થઈ તેથી શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને પંદરમાં પાઠમાં સદ્‌ગુણ દુર્ગુણ, એ બેનો ભેદ અને તેના ફળો સમજાવી ઉપદેશ આપે છે. જે મનુષ્યજન્મથી સાત્વિક પ્રકૃતિનો હોય છે. તે મનુષ્યમાં છવીશ સદ્‌ગુણો હોય છે, તેથી ભવિષ્યમાં પણ તે મોક્ષ કલ્યાણને માટે પ્રયત્ન કરે છે અને અન્તે મોક્ષ પામે છે. આ છવીસ ગુણો મોક્ષ મેળવવામાં સાધન હોવાથી દૈવીગુણ અથવા દૈવી સંપત્ કહેવાય છે. ૧ અભય-નિર્ભયતા. ૨ સત્વસંશુદ્ધિ-અંતઃકરણની શુદ્ધિ ૩ જ્ઞાનયોગ વ્યવસ્થિતિ-આત્માના અનુભવ માટે જ્ઞાન અને યોગમાં તત્પરતા. ૪ દાન-સત્પાત્રને દાન આપવું. ૫ દમ-જીતેન્દ્રિય થવું. ૬ યજ્ઞ-અગ્નિહોત્ર. વગેરે તથા દેવ-પિતૃ-મનુષ્ય યજ્ઞો કરવા તે. ૭ સ્વાધ્યાય વેદવેદાન્તાદિ શાસ્ત્રગ્રન્થનું અધ્યયન કરવું તે. ૮ તપ-શરીર-મન-વાણીના ઉપર કાબુ રાખવો તે. ૯ આર્જવમ-સ્વભાવની સરલતા. ૧૦ અહિંસા. મન-વાણી. શરીરથી કોઇને પીડા ન કરવી. ૧૧ સત્ય-સાચું બોલવું. ૧૨ અક્રોધ-ગુસ્સે ન થવું. ૧૩ ત્યાગ કર્મના ફળને ઈશ્વરના ચરણમાં અર્પણ કરવા. કર્મના ફળની ઇચ્છા ન રાખવી તે. ૧૪ શાન્તિ. ચિત્તની સ્વસ્થતા. ૧૫ અપૈશુન-ચાડી ચુગલી ન કરવી. ૧૬ ભૂતેષુ દયઃ-સર્વ પ્રાણી ઉપર દયા રાખવી. ૧૭ અલોલુપ્ત લુલુતા ન રાખવી. લોભ વૃત્તિ ન રાખવી. ૧૮ માર્દવ-સ્વભાવની કોમળતા. ક્રૂરતા ન રાખવી તે. ૧૯ હ્રી લજ્જા રાખવી તે. ૨૦ અચાપલ ચંચલતા ન રાખવી તે. ૨૧ તેજ-મૂઢજનોથી પરાજીત ન થવાનું સામર્થ્ય હોવું તે કોઈથી અંજાઈ ન જવું તે. ૨૨ ક્ષમા-સહનશીલ થવું તે. ૨૩ ધતિ-ધીરજ ૨૪ શૌચ. મનવાણી અને શરીરની પવિત્રતા.

૨૫ અદ્રોહ. કોઈનો દ્રોહ ન કરવો તે. ૨૬ નાતિમાનિતા–પોતાને વિષે પૂજ્યપણાની ભાવના ન રાખવી તે. આ છવીસ ગુણો દૈવીસંપત્ કહેવાય છે. આ દૈવીગુણો મેળવવા જોઈએ. આસુરીસંપત્ દુર્ગુણ છ પ્રકારના દુર્ગુણ છે. ૧ દંભ–ડોળ દેખાડવો તે. ૨ દર્પ–ગર્વ ગર્વથી શ્રેષ્ઠ પુરૂષોનો પણ તિરસ્કાર કરવો તે. ૩ અભિમાન–અહંકાર. ૪ ક્રોધ–ગુસ્સે થવું તે. ૫ પારૂષ્ય–ચિત્તની કઠોરતા. કોઈને પણ તેને મોઢા ઉપર કઠણ વચન કહી સંભળાવવા તે. ૬ અજ્ઞાન–અજ્ઞાન. આ છ દુર્ગુણ છે એને આસુરી સંપત્ કહે છે. એ આસુરી સંપત્ અથવા દુર્ગુણો તજવા જોઈએ. આ દુર્ગુણો રજ અને તમસ્ પ્રકૃતિના માણુસોમાં જન્મથી હોય છે તેથી તેઓ પોતાનું કલ્યાણ કરી શકતા નથી. દૈવી સંપત્ મોક્ષ આપનારી છે. આસુરી સંપત્ બન્ધન કરનારી છે. આ અખિલ સંસારમાં પ્રાણીસૃષ્ટિ બે પ્રકારની છે. એક દૈવીસૃષ્ટિ અને બીજી આસુરીસૃષ્ટિ. જ્યારે મનુષ્ય સારા સંસ્કારને લઈ રાગદ્વેષરહિત હોય અને ધર્મપરાયણ થાય છે ત્યારે જગત તેનેજ દેવસમાન ગણે છે. અને કહે છે કે "આ દેવ દૈવીસૃષ્ટિનો માણુસ," જ્યારે મનુષ્ય અસંસ્કારી હોય છે રાગ અને દ્વેષથી અધર્મ પરાયણ થઈ જીવન ગુજારે છે ત્યારે જગત તેનેજ અસુર સમાન ગણે છે અને કહે છે કે "કેવો અસુર છે?" આસુરી સ્વભાવવાળા મનુષ્યોમાં પવિત્રતા નથી. આચાર-વિચાર નથી સત્ય ભાષણ નથી. આસુરી સ્વભાવવાળા મનુષ્યો પ્રવૃત્તિમાર્ગ અથવા નિવૃત્તિમાર્ગ અથવા ધર્મ અધર્મને જાણુતા નથી. જગતના કારણ ઈશ્વરને માનતા નથી. અને તેઓ "સ્ત્રી પુરૂષના સમાગમથી પ્રવાહરૂપે આ જગત થાય છે." એમ સમજી વિષયભોગ ભોગવી જીવન ગુજારે છે. ભયંકર

કર્મો કરે છે જગતના અહિતને માટે ઉત્પન્ન થયા હોય છે. મોટી મોટી આશાઓ બાંધે છે. દંભ, ડોળ કરે છે. કામરૂપી પુરૂષાર્થનેજ શ્રેષ્ઠ માને છે. અન્યાયથી ધન પેદા કરે છે અને અભિમાનથી ગર્વિષ્ટ બને છે. વાતવાતમાં બીજાનો તિરસ્કાર કરે છે અને પોતાનેજ સર્વ કરતાં શ્રેષ્ઠ માને છે. જે કંઈ કાર્ય કરે છે તે કેવળ ઈશ્વર પ્રીત્યર્થ નહિ પણ કેવળ મોટાઈ માટે કીર્તિ માટેજ કરે છે. મોટા મોટા મનોરથો બાંધી સંસારમાંજ રચ્યાપચ્યા રહે છે એવા આસુરી સંપત્તિના મનુષ્યોના તમામ કાર્યોમાં મોટાઈ સિવાય બીજું કંઈજ રહસ્ય હોતું નથી. તેવા મનુષ્યોને ધર્મ ઉપર શ્રદ્ધા હોતી નથી. તેઓના કાર્યોમાં શાસ્ત્રવિધિ હોતી નથી. પણ માત્ર કેવળ દેખાવ ડોળ હોય છે. એવા આસુરી સંપત્તિવાળા માણસોને હે અર્જુન હું નરકમાંજ નાખું છું. એ આસુરી સંપત્તિના માણસોમાં નમ્રતા હોતી નથી. તેઓને ધનનો ગર્વ હોય છે. તેઓ અભિમાની હોય છે. પોતાનું નામ જગતમાં પ્રસિદ્ધ થાય એવી ઇચ્છાથી દાન વગેરે કરે છે હે અર્જુન આ જગતમાં કીર્તિ દાન કીર્તિ ધર્મ ચાલે છે. ધર્મ કરવો દાન કરવું તે કીર્તિને જ માટે. તેઓમાનાં કેટલાક લજ્જાદાન લજ્જાધર્મ કરે છે (કોઈની શરમથી દાન વગેરે કાર્ય કરવા તે અર્થાત પોતાને આપવાની ઈચ્છા બિલકુલ નથી. પણ અમુક માણસની ચિઠ્ઠી લઈ આવ્યા હોય તો શરમથી જે કંઈ આપવું થાય છે. તે લજ્જાધર્મ લજ્જાદાન કહેવાય છે) આ પ્રમાણે જગતમાં આસુરી સંપત્તિના માણસો વાતવાતમાં બીજાનું અપમાન કરે છે અને સર્વમાં રહેલા ઈશ્વરને જાણતા નથી અને સર્વમાં રહેલા મારો ઈશ્વરનો દ્વેષ કરે છે તિરસ્કાર કરે છે નિન્દા કરે છે. એવા અજ્ઞાની

૨૧૪

અસંસ્કારી અને સર્વમાં રહેલા મારા ઈશ્વરનો દ્વેષ કરનારા મનુષ્યને હું ક્રૂર આસુરી વ્યાઘ્રાદિ જાતિમાં નાંખું છું તેના પાપ પ્રમાણે ફળ આપું છું. અસુર સ્વભાવના મનુષ્યો દુષ્ટ જાતિમાં વારંવાર જન્મે છે. દુઃખી થાય છે ધીમે ધીમે કૃમી કીટ પતંગાદિ જાતિમાં જન્મે છે દુઃખ ભોગવે છે. પણ હે અર્જુન તેઓ મને પામતા નથી. હે અર્જુન કામ ક્રોધ અને લોભ એ ત્રણ નરકના દ્વાર છે એ ત્રણ કોઈ પણ દીવસ આત્મજ્ઞાન થવા દેતા નથી. એ અવનતિમાં નાંખે છે નીચ જાતિમાં લઈ જાય છે માટે જેમ બને તેમ ઉન્નતિની ઈચ્છા-વાળા મનુષ્યોએ તો એ ત્રણને તજી દેવા જોઈએ જે મનુષ્યો કામ ક્રોધ લોભને તજે છે સદા પોતાના કલ્યાણ માટે સારા ધર્માચરણ કરે છે. સદ્ગુણ મેળવે છે તો તેમનું મન શુદ્ધ થાય છે અન્તે મોક્ષ મેળવે છે. જે મનુષ્યો શાસ્ત્રની વિધિ તજે છે. શાસ્ત્રનો તિરસ્કાર કરે છે મન માન્યુ આચરણ કરે છે અને ધર્મ પાલન કરતા નથી તો તેઓને સિદ્ધિ સુખ શાન્તિ મળતાં નથી અને સદા આ સંસારમાં વારે ઘડીએ જન્મ મરણ ધારણ કરે છે અને દુઃખી થાય છે હે અર્જુન પોતાના કલ્યાણની ઈચ્છાવાળા મનુષ્યોએ તો શુ કરવું ? અથવા શું ન કરવું ? એ બાબતમાં શાસ્ત્રનેજ પ્રમાણ માનવું જોઈએ શાસ્ત્ર પ્રમાણે ધર્મ કર્મ કરવાં જોઈએ તો તેથી અવશ્ય શ્રેય પ્રાપ્તિ થાય છે શાસ્ત્ર વિધિ પ્રમાણે કામ કરવાથી કામ ક્રોધ વગેરે વિકારો દૂર થાય છે દુર્ગુણ નાશ પામે છે. સદ્ગુણ સંપત્તિ વધે છે મન શુદ્ધ થાય છે અને મોક્ષ મળે છે માટે હે અર્જુન સદા ધર્મ પાળવો જોઈએ.

# ફળ ૧૬ મું.

## નિર્ભયતા

મહાદેવે પાર્વતીને કહ્યું કે હે પાર્વતિ હવે હું તમને ગીતાના શોળમાં અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો હે દેવિ ગુજરાત પ્રદેશમાં એક સૌરાર્ષ્ટ્રક નામનું પ્રસિદ્ધ નગર છે તેમાં પૂર્વે ખડ્ગબાહુ રાજા હતો તેની કીર્તિ સ્વર્ગ સૂધી પ્રસિદ્ધ હતી તેને ત્યાં એક હાથી હતો તેનું નામ અરિમર્દન હતું હાથી મદોન્મત્ત હતો એક સમયે તે હાથી ગાંડો થયો. ગુસ્સે ભરાયો લોઢાની મજબૂત સાંકળો તોડી નાંખી બાંધવાનો લોઢાનો થાંભલો ઉખેડી નાંખ્યો હાથીશાલામાંથી બહાર નીકળ્યો અને હાથીશાળાને પણ ભાંગી નાંખી ક્રોધે ભરાઈ તે હાથી આમતેમ દોડવા લાગ્યો ઉપદ્રવ કરવા લાગ્યો માવધોએ તેને શાન્ત કરવા વશ કરવા ઘણાં ઉપાયો કર્યા પણ બધા નિષ્ફળ ગયા અને તે હાથી શાન્ત થયો નહી. શહરમાં ચારે તરફ હાહાકાર ફેલાયો લોકો ગભરાયા અને બૂમ પાડવા લાગ્યા કે રાજાનો હાથી ગાંડો થઈ ગયો છે. સંભાળજો રાજા ખડ્ગબાહુએ આ વાત સાંભળી. રાજમહેલમાંથી બહાર આવ્યા તેની સાથે રાજકુમારો પણ હતા. બધા લોકો ચારે તરફથી દૂર ઉભા રહી હાથીને જોતા હતા લોકોની આમતેમ દોડધામ હતી બધા રસ્તાઓ ચારે તરફથી ઘેરાયા હતા લોકોની ભીડને લઈ ગુસ્સે થયેલો હાથી એક ઠેકાણે ઉભો હતો. કોઈ એક બ્રાહ્મણ તળાવમાંથી સ્નાન કરી ગીતાનો સોળમાં અધ્યાયનો પાઠ કરતા ત્યાં આવી પહોચ્યા ઘણા લોકોએ તે રસ્તે જવાની ના કહી તો પણ માન્યું નહી. એ હાથી જે ઠેકાણે ઉભો

હતો ત્યાંથી ગીતાના સોળમાં અધ્યાયનો પાઠ કરતા કરતા પસાર થયા. તે બ્રાહ્મણ ગાંડા હાથીથી ભય પામ્યા નહી. તેમ ગભરાયા પણ નહી. અને આનંદથી ચાલી નીકળ્યા. તેની આ હીંમતથી રાજાને આશ્ચર્ય થયું. તમામ મનુષ્યોના જોતાંજ રાજાએ બ્રાહ્મણને બોલાવ્યા. તેના ચરણમાં નમ્યા અને કહ્યું હે બ્રાહ્મદેવ તમે એવું શું પુણ્ય કર્યું છે કે જેથી નિડરતાથી આ ગાંડા હાથી પાસેથી તમો પસાર થયા. આપ કયા મંત્રનો જપ કરો છો? આપની પાસે કઈ સિદ્ધિ છે? આપ કેવી રીતે નિર્ભય થયા છે? ત્યારે બ્રાહ્મણે કહ્યું, હે રાજન્ હું હમેશાં ગીતાના સોળમાં અધ્યાયનો પાઠ કરૂં છું તેથી હું નિર્ભય થયો છું મને એ સિદ્ધિ મળી છે. એ સાંભળી તરત તે બ્રાહ્મણને મહેલમાં લઈ ગયા બેસાડ્યા તેને અનેક ભેટ અર્પણ કરી અને તેમની પાસેથી ગીતાના સોળમા અધ્યાયનો ઉપદેશ લીધો અને રાજા સદા તેનો પાઠ કરવા લાગ્યા અને નિર્ભય થયા. ગીતાના સોળમા અધ્યાયના અક્ષરો સાંભળવાથી હાથી પણ શાન્ત થયો. એક વખતે રાજા સૈનિકો સાથે બહાર નીકળ્યા અને મદોન્મત્ત હાથીને છુટો મુકાવ્યો. ભય તજ્યો રાજ્યસુખનો તિરસ્કાર કર્યો જીવન ક્ષણભંગુર છે એ સમજી વૈરાગ્ય પામ્યા અને ગીતાના સોળમા અધ્યાયનો પાઠ કરતા હાથી પાસે આવ્યા તેના ગંડસ્થલ પકડી હુલાવ્યા પણ હાથી કંઈ કરી શકયો નહીં શાંત ઉભો રહ્યો. જેમ ચંદ્ર રાહુના મુખમાંથી છુટે ધાર્મિક મનુષ્ય કાળના મુખમાંથી છુટે સાધુ પુરૂષ લુચ્ચા મનુષ્યના મુખમાંથી છુટે તેમ મૃત્યુ સમાન હાથીના મુખમાંથી રાજા નીકળી આવ્યા અને સદાને માટે નિર્ભય થયા. રાજાએ રાજકુમારને ગાદીએ બેસાડી

અભિષેક કર્યો અને નિવૃત્ત થયાં અને રાજા સદા ગીતાના સોળમાં અધ્યાયનો પાઠ કરવા લાગ્યા તેથી સંસારમાંથી મુક્ત થયા અને નિર્ભય સ્થિતિને પામ્યા હે દેવિ જે મનુષ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના સોળમાં અધ્યાયનો સદા પાઠ કરે તો તે નિર્ભય સ્થિતિને પામે છે.

## અધ્યાય ૧૭

### અર્જુન ઉવાચ ।

યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ સત્ત્વમાહો રજસ્તમઃ ॥૧॥

### શ્રી ભગવાનુવાચ ।

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ ॥૨॥
સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોયં પુરૂષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥૩॥
યજંતે સાત્ત્વિકા દેવાન્ યક્ષરક્ષાંસિ રાજસાઃ ।
પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે યજંતે તામસા જનાઃ ॥૪॥
અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ ।
દંભાહંકારસંયુક્તાઃ કામરાગબલાન્વિતાઃ ॥૫॥
કર્ષયંતઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।
માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્વિદ્ધ્યાસુરનિશ્ચયાન્ ॥૬॥
આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।
યજ્ઞસ્તપસ્તથા દાનં તેષાં ભેદમિમં શૃણુ ॥૭॥
આયુઃ સત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ ।
રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ ॥૮॥

કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।
આહારા રાજસસ્યેષ્ટા દુઃખશોકામયપ્રદાઃ ॥૯॥
યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥૧૦॥

અફલાકાંક્ષિભિર્યજ્ઞો વિધિદૃષ્ટો ચ ઈજ્યતે ।
યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિક : ॥૧૧॥
અભિસંધાય તુ ફલં દંભાર્થમપિ ચૈવ યત્ ।
ઈજ્યતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥૧૨॥

વિધિહીનમસૃષ્ટાન્નં મંત્રહીનમદક્ષિણમ્ ।
શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥૧૩॥
દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥૧૪॥
અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥૧૫॥
મનઃપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહ : ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્ તપો માનસમુચ્યતે ॥૧૬॥

શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્તત્ત્રિવિધ નરૈઃ ।
અફલાકાંક્ષિભિર્યુક્તૈ : સાત્ત્વિકં પરિચક્ષતે ॥૧૭॥
સત્કારમાનપૂજાર્થં તપો દંભેન ચૈવ યત્ ।
ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમધ્રુવમ્ ॥૧૮॥
મૂઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ ।
પરસ્યોત્સાદનાર્થં વા તત્તામસમુદાહૃતમ્ ॥૧૯॥
દાતવ્યમિતિ યદ્દાનં દીયતેનુપકારિણે ।
દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્વિકં સ્મૃતમ્ ॥૨૦॥

યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।
દીયતે ચ પરિક્લિષ્ટં તદ્રાજસમુદાહૃતમ્ ॥૨૧॥
અદેશકાલે યદ્દાનમ્ અપાત્રેભ્યશ્ચ દીયતે ।
અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥
ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણુસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥૨૩॥
તસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાનતપક્રિયાઃ ।
પ્રવર્તંતે વિધાનોક્તા : સતતં બ્રહ્મવાદિનામ્ ॥૨૪॥
તદિત્યનભિસંધાય ફલં યજ્ઞતપઃ ક્રિયાઃ ।
દાનક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયંતે મોક્ષકાંક્ષિભિ ॥૨૫॥
સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્પ્રયુજ્યતે ।
પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥૨૬॥
યજ્ઞે તપસિ દાને ચ સ્થિતઃ સદિતિ ચોચ્યતે ।
કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥૨૭॥
અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥૨૮॥

ઇતિ શ્રીમદ્ ભ૦ ઉ૦ બ્ર૦ યો૦ શ્રીકૃષ્ણ૦ શ્રદ્ધાત્રય-
વિભાગયોગો નામ સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥

## બોધ પાઠ ૧૬ મો શ્રદ્ધાત્રય વિભાગયોગ

શ્રદ્ધાત્રય વિભાગ એટલે શું? શ્રદ્ધા એટલે વિશ્વાસ. ગુરૂના વાકય ઉપર અને શાસ્ત્રના વાકય ઉપર દૃઢ જે વિશ્વાસ તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા ત્રણ પ્રકારની છે. સાત્વિકી, રાજસી, તામસી. ત્રણ પ્રકારની શ્રદ્ધાનો વિભાગ, તેને શ્રદ્ધત્રય વિભાગ

કહે છે. શ્રીકૃષ્ણભગવાને અર્જુનને પંદરના પાઠમાં જ્ઞાનના અધિકાર માટે દૈવીગુણ શ્રેષ્ઠ છે અને તે ગુણો મેળવવા જોઈએ અને દુર્ગુણ તજી દેવા જોઈએ એ પ્રમાણે કહ્યું હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને શ્રદ્ધા સિવાય કાર્યની સિદ્ધિ નથી. ગુરૂ તથા શાસ્ત્રના વચન ઉપર વિશ્વાસ રાખવાથીજ કાર્ય સિદ્ધ થાય છે. એ હેતુ સમજાવવા શ્રદ્ધાનું સ્વરૂપ અને તેના વિભાગ બતાવી ઉપદેશ આપે છે.

આ સંસારમાં જુદા જુદા સ્વભાવના મનુષ્યો જોવામાં આવે છે. મનુષ્યોના સ્વભાવ પ્રમાણે તેની શ્રદ્ધાનું સ્વરૂપ બન્ધાય છે. મનુષ્યોના સ્વભાવની પરીક્ષા તેના આચરણ ઉપરથી થાય છે. અને શ્રદ્ધાનું સ્વરૂપ તેના કર્મ ઉપરથી થાય છે. કેટલાક મનુષ્યો શાસ્ત્રવિધિ જાણે છે. સમજે છે. તો પણ તેઓને શાસ્ત્રના વચન ઉપર શ્રદ્ધા (વિશ્વાસ) નથી. અને તેથી તેઓ શાસ્ત્રવિધિને બાજુએ મુકે છે. અને પોતાની ઈચ્છા પૂર્વક કંઈક ધર્મ કર્મ કરે છે. ત્યારે તેઓ આસુરી સ્વભાવના છે. તેઓની મન માનેલી કલ્પેલી ધાર્મિક વિધિથી કોઈ પણ પ્રકારનો પુરૂષાર્થ સિદ્ધ કરી શકતા નથી કેટલાક માણસો શાસ્ત્રવિધિને જાણે છે. તેને માન આપે છે શાસ્ત્ર વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. અને શાસ્ત્રમાં કહેવા પ્રમાણે જેનો નિષેધ કર્યો હોય તેને તજે છે. શાસ્ત્રમાં જે પ્રમાણે કરવાને કહ્યું તે પ્રમાણે કાર્ય કરે છે ત્યારે તેઓ દૈવી સ્વભાવના છે. શાસ્ત્ર વિધિ પ્રમાણે શ્રદ્ધાથી કાર્ય કરે છે તેથી તેઓ પુરૂષાર્થ સિદ્ધ કરી શકે છે. ત્યારે કેટલાક લોકો શાસ્ત્ર વિધિ જાણે છે. પણ આલસ્ય નિદ્રા વગેરે દોષથી શાસ્ત્ર વિધિની ઉપેક્ષા કરે છે. તેના તરફ ધ્યાન આપતા નથી. તેઓને પરિપૂર્ણ

શ્રદ્ધા છે. પરંપરાથી કુલાચાર પ્રમાણુ અથવા રૂઢિ પ્રમાણુ કાર્ય કરે છે. અને જેને માટે રૂઢી નથી તે કાર્ય તજે છે. તો શાસ્ત્ર વિધિની ઉપેક્ષા કરવાથી તેઓને આસુરી સ્વભાવના સમજવા? કે શ્રદ્ધાથી કાર્ય કર્યું તેથી દૈવી સ્વભાવના સમજવા? આ સંદેહ થવાથી શ્રદ્ધાનો વિભાગ દર્શાવી શ્રીભગવાન્ અર્જુનને ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણુ ભગવાને અર્જુનને કહ્યું. હે અર્જુન જે મનુષ્ય શાસ્ત્રવિધિ તજી શ્રદ્ધાથી કાર્ય કરે છે તે શ્રદ્ધા સ્વાભાવિકી છે. શ્રદ્ધા ત્રણુ પ્રકારની છે. સાત્વિકી રાજસી તામસી જેવું અન્તઃકરણુ જેવો સ્વભાવ તેવી શ્રદ્ધા. જો મનુષ્ય સાત્વિક ગુણુવાળો હોય તો તેની શ્રદ્ધા સાત્વિકી શ્રદ્ધા સમજવી. જો મનુષ્ય રાજસગુણુવાળો હોય તો તેની શ્રદ્ધા રાજસી શ્રદ્ધા સમજવી, ને જો મનુષ્ય તામસગુણુવાળો હોય તો તેની શ્રદ્ધા તામસી સમજવી. સાત્વિક શ્રદ્ધાવાળા માણુસો હમેશા સાત્વિક દેવોને પૂજે છે. રાજસ શ્રદ્ધાવાળા મનુષ્યો સદા રાજસ ભાવવાળા યક્ષ વિનાયક દુર્ગા વગેરે દેવોને પૂજે છે. અને તામસ શ્રદ્ધાવાળા મનુષ્યો સદા ભૂત પ્રેત પિશાચ વગેરે તમોગુણી દેવોને પૂજે છે. અર્થાત તેઓના કર્મો ઉપરથી તેની શ્રદ્ધાનું સ્વરૂપ સમજાય છે. કેટલાક લોકો શાસ્ત્રવિધિને જાણુતા નથી તોપણુ પૂર્વના પુણ્યસંસ્કારથી સાત્વિક હોય છે તો તે દૈવીસંપતવાળા સમજવા અને કેટલાક અસંસ્કારી મનુષ્યો રાજસ પ્રકૃતિના તામસ પ્રકૃતિના હોય છે. તેઓ ભયંકર તપશ્ચર્યા કરે છે. શાસ્ત્રમાં જેનું નામ પણુ ન હોય વિધિ પણુ ન હોય તોપણુ દંભથી ડોળ દેખાડી કાર્ય કરે છે એવા કાર્યમાં ધન વગેરે વસ્તુની અભિલાષા સંસારના વિષયોમાં પ્રેમ મનનો આગ્રહ અને દંભ એ ચાર કારણો છે તેઓ આસુરી સ્વભાવના છે

એમ સમજવું જોઈએ. જે પ્રમાણે શ્રદ્ધા ત્રણ પ્રકારની છે તેજ પ્રમાણે આહાર-યજ્ઞ-તપ-દાન એ પણ ત્રણ પ્રકારના છે. સાત્વિક આહાર-રાજસ આહાર-તામસ આહાર આહાર એટલે ખોરાક. ખાવાની વસ્તુ. ખાવાની વસ્તુ ચાર પ્રકારની છે. ચર્વ્ય-ચોષ્ય-લેહ્ય-પેય ચર્વ્ય એટલે દાંતથી કરડીને ચાવીને ખાઈ શકાય એવી વસ્તુ તે ચર્વ્ય રોટલી, પુરી, રોટલો વગેરે કઠીન પદાર્થો એ ચર્વ્ય કહેવાય છે. ચોષ્ય એટલે જે વસ્તુ ચુસીને ખાઈ શકાય એવી હોય તો તે ચોષ્ય કહેવાય. કેરી એ ચુસીને ખાઈ શકાય છે માટે ચોષ્ય એવા રસવાળા ચુસવાના પદાર્થો ચોષ્ય કહેવાય છે. લેહ્ય એટલે ચાટીને ખાઈ શકાય એવી વસ્તુ તે લેહ્ય. ઘાડીદાળ-રાઈતાંઓ-બેસનના આલણો જે બધાં ચાટીને ખાઈ શકાય છે તેથી તે બધા લેહ્ય કહેવાય છે. પેય એટલે જે વસ્તુ પી શકાય એવી છે તે પેય કહેવાય છે. ઓસામણ-દૂધ-કઢી-પાણી આવા પદાર્થો પેય કહેવાય છે.

જે ખોરાક શરીરને તન્દુરસ્ત રાખે છે. શક્તિ વધારે છે. આયુષ્યમાં વધારો કરે છે. ખાવાને અભિરૂચી ઉત્પન્ન કરે છે. ચીત્તને પ્રસન્ન કરે છે. શરીરમાં પોષણ આપે છે. જોતાંજ આનંદ ઉપજાવે છે. જે રસાળ અને ઘી અથવા તેલથી તરબોળ છે તે ખોરાક સાત્વિક છે. સાત્વિક માણસોનો આહાર સાત્વિક હોય છે.

જે ખોરાક ઘણા કડવા ઘણા ખાટા ઘણા ખારા ઘણા મસાલાવાળા હોય છે. ઘણા તીખા હોય છે. તેમજ ઘણાંજ ઉન્હા ઉન્હા હોય છે. સૂકા તેલ ઘી વિનાના હોય છે અંદર પેટમાં જતાં દાહ બળતરા ઉપજાવે છે અને ચાવતાં પણ

મોઢામાં બળતરા ઉપજાવે છે. મનમાં દુઃખ ઉપજાવે છે અને શરીરમાં અનેક વિકારરોગ ઉત્પન્ન કરે છે તે ખોરાક રાજસ છે. રાજસ માણસોનો આહાર રાજસ હોય છે.

જે ખોરાક ઘણાં વખત થયા રાંધ્યો હોય છે અર્થાત્ ટાઢો બીલકુલ નીરસ છે. દુર્ગન્ધવાળો બગડેલો છે વાસી છે. બીજાનો ખાધેલો ઉચ્છિષ્ટ અપવિત્ર છે, જેનો શાસ્ત્રમાં નિષેધ કર્યો હોય એવા કાંદાલસણુવાળો છે તે ખોરાક તામસ છે. (તામસ માણસોનો આહાર તામસ હોય છે. યજ્ઞ પણ ત્રણ પ્રકારના સાત્વિકયજ્ઞ–રાજસયજ્ઞ–તામસયજ્ઞ કોઈપણ પ્રકારના સ્વર્ગાદિ ફળોની ઈચ્છા ન રાખી યજ્ઞ કરવો એ મારૂં કર્તવ્ય છે એમ સમજી શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે જે યજ્ઞ કરવામાં આવે છે તે સાત્વિક યજ્ઞ કહેવાય છે સ્વર્ગાદિ ફળની ઇચ્છાથી જે યજ્ઞ કરવામાં આવે છે. આ લોકના પુત્ર, સ્ત્રી, ધન વગેરેવી ઇચ્છાથી જે યજ્ઞ કરવામાં આવે છે તે યજ્ઞ રાજસયજ્ઞ કહેવાય છે જે યજ્ઞમાં કોઈ પણ પ્રકારની શાસ્ત્રની વિધિ હોતી નથી જે યજ્ઞ કેવળ પોતાની મનમાની વિધિથી કરવામાં આવે છે. જે યજ્ઞમાં કોઇને પણ અન્નદાન આપવામાં આવતું નથી. જે યજ્ઞમાં દક્ષણા પણ આપવામાં આવતી નથી જેમાં વેદોના મંત્રોનો ઉચ્ચાર પણ કરવામાં આવતો નથી અને જે યજ્ઞ શ્રદ્ધા વગરનો છે તો તે યજ્ઞ તામસ યજ્ઞ કહેવાય છે.

તપ ત્રણ પ્રકારના છે શારીરતપ વાઙમયતપ માનસતપ શરીરથી કરેલી તપશ્ચર્યા તે શારીરતપ વાણીથી કરેલી તપશ્ચર્યા વાઙ્મયતપ મનથી કરેલી તપશ્ચર્યા તે માનસતપ દેવોની પૂજા કરવી. બ્રાહ્મણોની ગુરૂની ગાયોની અગ્નિની વિદ્વાનોની

પૂજા કરવી એટલે તેઓને પ્રણામ કરવા નમસ્કાર કરવા સત્કાર કરવો માન આપવું. તે જ પ્રમાણે પોતાના શરીરને સ્વચ્છ અને પ્રવિત્ર રાખવું. બ્રહ્મચર્ય પાળવું કોઈપણ પ્રાણીને પીડા ન કરવી. સ્વભાવ સરલ રાખવો. એ શારીરતપ કહેવાય છે. કોઈની પણ લાગણી ન દુભાય એવું બોલવું. અને જે બોલવું તે પણ સાચું પ્રિય અને હીતકારક બોલવું. જ્ઞાન ઉત્પન્ન કરે એવા શાસ્ત્રોના ગ્રન્થોનો અભ્યાસ કરવો વાંચવા તેની ચર્ચા કરવી પાઠ પરાયણ કરવાં એ વાઙ્મય તપ કહેવાય છે.

મનની શાન્તિ જાળવવી સમભાવ રાખવો. મૌન રાખવું એટલે કામ પુરતું જ બોલવું. મનને એકાગ્ર કરવું મનનો નિગ્રહ કરવો હૃદયની શુદ્ધિ રાખવી. વ્યવહારમાં પણ છળકપટ પ્રપંચ ન કરવો કામ ક્રોધ વગેરે વિકારને જીતવા. મનમાં વિકાર ઉત્પન્ન થવા દેવા નહિ એવી રીતે મનને જે કેળવણી આપવી તે માનસતપ કહેવાય છે.

આ ત્રણ પ્રકારના તપ પણ સાત્વિક ભેદથી ત્રણ પ્રકારના છે. સાત્વિકતપ માનસતપ તામસતપ કોઈપણ પ્રકારના સ્વર્ગાદિ ફળની ઈચ્છા ન રાખી નિર્વિકાર સ્થિતિમાં રહી શ્રદ્ધા અને આસ્તિક બુદ્ધિથી જે તપ કરવામાં આવે છે તે સાત્વિકતપ કહેવાય છે.

બધા મારા વખાણ કરે બધા મને માન આપે બધા મને નમે બધા મારા ચરણ સ્પર્શ કરે મારી પૂજા કરે સત્કાર કરે એવી ઈચ્છાથી શ્રદ્ધા વગર અને આસ્તિક બુદ્ધિ વગર કેવળ ડોળ આડંબરથી જે તપ કરે છે તે રાજસતપ કહેવાય છે દુરાગ્રહથી હઠથી

શરીર ઈન્દ્રિય મન બુદ્ધિને દમી ઘણું કષ્ટથી જે તપ કરે છે મારણ પ્રયોગોથી પારકાના નાશને માટે જેતપ કરે છે તે તામસ તપ કહેવાય છે. દાન ત્રણ પ્રકારના છે. સાત્વિકદાન રાજસદાન તામસદાન શાસ્ત્રની આજ્ઞા છે અને મારે આપવું જ જોઇએ એમ સમજી જેને દાન આપીયે તેનાથી બદલાની આશા ન રાખી. સ્વર્ગાદિ ફળની ઇચ્છા ન રાખી પવિત્ર દેશમાં પવિત્ર સમયમાં સારા સુપાત્ર વિદ્વાન તપસ્વી ભક્ત જ્ઞાનીને જે દાન આપવામાં આવે છે તે સાત્વિક દાન કહેવાય છે. જેને દાન આપીયે તેનાથી વળી બદલાની ઈચ્છા રાખી. સ્વર્ગાદિ ફળની ઈચ્છા રાખી. શું આટલું બધું આપી શકાય નહી. આટલું બધું ન આપવું એવા કલેશ અને સંતાપ આપનારા વિચાર સાથે જે દાન આપવામાં આવે છે તે દાન રાજસદાન કહેવાય છે. જેમાં દેશકાળ અને સુપાત્રનો પણ વિચાર નથી ગમે તેવા અપવિત્ર સ્થાનમાં અપવિત્ર સમયમાં પાત્ર અપાત્રનો વિચાર કર્યા સિવાય વખાણ કરનારાને ખુશ કરનારાને મરજી સાચવનારાને ઘરકામમાં મદદ કરનારાને મશ્કાપાલીસ કરનારાને માનપાન વગર ગાળીપ્રદાન તીરસ્કારની સાથે જે દાન આપવામાં આવે છે તે દાન તામસદાન કહેવાય છે. સાત્વિક કાર્યોનું ફળ ઉત્તમ દૈવી સુખ. રાજસ કાર્યોનું ફળ ઉત્તમ મનુષ્યના સુખ. કે જેમાં થોડો દુઃખનો પણ અનુભવ હોય છે અને તામસ કાર્યોનું ફળ કેવળ દુઃખ હે અર્જુન આ કલિયુગમાં સાત્વિકભાવ રહ્યો નથી. અને રાજસ તામસ ભાવવાળા કાર્યો યજ્ઞ દાન તપ વગેરે નકામા થાય. જે કાર્યો કરવાથી કલ્યાણની પ્રાપ્તિ ન થાય તો શું કરવું? હે અર્જુન એવી શંકા ન રાખવી. પણ હે અર્જુન યજ્ઞદાન તપ વગેરે કાર્યોમાં સાત્વિકભાવ જોવામાં

ા આવે તો મનુષ્યે તે યજ્ઞ યાગદાન વગેરે ધાર્મિક કાર્યોમાં
ારૂઆતથી પવિત્ર ॐ तत्सत् એવો ઉચ્ચાર કરી કાર્ય શરૂ
રવાં અને અંતે છેડે પણ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु એ પ્રમાણે
ઉચ્ચાર કરી કાર્ય સમાપ્ત કરવાં એ પ્રમાણે કરવાથી તે કાર્ય
ામે તેવું અપૂર્ણ હોય તો પણ પરિપૂર્ણ થાય છે અને તે
ાાત્વિક કહેવાય છે એ પ્રમાણે સમજવું. હે અર્જુન મોક્ષની
ઇચ્છાવાળા બ્રહ્મવાદી જ્ઞાની લોકોની સર્વ ધાર્મિક યજ્ઞદાનાદિ
ીયા ॐ तत्सत् परमात्मने नमः। એવા પવિત્ર ઉચ્ચારની
ાાથે શરૂ થાય છે અને અન્તે ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु એવા
ઉચ્ચારથી પૂર્ણ કરવામાં આવે છે એવી પરાપૂર્વથી ચાલી
આવેલી રીતી છે કારણ કે ॐ तत्सत् એ પરબ્રહ્મ પરમાત્માનો
ાાચક શબ્દ છે અને પરાપૂર્વથી દેવઋષિ મુનિ વગેરે એ
ॐ तत्सत् એ પરમાત્માના વાચક શબ્દનું પવિત્ર કાર્યોની શરૂ-
આતમાં સ્મરણ કર્યું હતું અને અન્તે પણ ॐ तत्सत्
ब्रह्मार्पणमस्तु એવો ઉચ્ચાર કરી કાર્યો સમાપ્ત કર્યા હતાં
તેથી પરિપૂર્ણ સાત્વિક કહેવાતા હતાં અને અન્તે તેઓ
મુકતાત્મા કહેવાતા હે અર્જુન પરબ્રહ્મ પરમાત્માના વાચક
શબ્દ ॐ तत्सत् પરમાત્મને નમઃનું સ્મરણ ઉચ્ચારણ કરી કાર્ય
શરૂ કરવામાં આવે અને ॐ तत्सत् બ્રહ્માર્પણમસ્તુ એ પ્રમાણે
સ્મરણ ઉચ્ચારણ કરી કાર્ય સમાપ્ત કરવામાં આવે તો તે કાર્યો
નિર્દોષ કહેવાય છે. પરિપૂર્ણ થાય છે અને સાત્વિક કહેવાય
છે. એવા કાર્યને સત્કાર્ય કહેવામાં આવે છે. અને તેવા કાર્યોથી
મનુષ્ય મુકત થાય છે. જે કાર્યો શ્રદ્ધા વગરના છે જે કાર્યોમાં
પરમાત્માના વાચક શબ્દનું સ્મરણ ઉચ્ચારણ પણ થતું નથી
અને જેમાં શાસ્ત્રની વિધિ પણ નથી તો તેવા કાર્યને અસત્

કાર્ય કહેવામાં આવે છે એવા કાર્યોથી આલોકમાં કે પરલોકમાં કંઈપણ ફળ મળતું નથી. માટે જેમ બને તેમ કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યે તો સદા સાત્વિક કાર્યો કરવા જોઈએ.

## ફળ ૧૭ મું

## રોગ શાન્તિ અને દિવ્યલોકપ્રાપ્તિ

મહાદેવે પાર્વતીને કહ્યું કે હે પાર્વતિ હવે હું તમને ગીતાના સત્તરમા અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ ખડ્ગબાહુ રાજાનો પુત્ર ગાદીએ બેઠો અને રાજ્ય કરવા લાગ્યો. તેનો એક નોકર દુઃશાસન હતો તે વડાઈ મારતો હાથીને પકડવાને એક સમયે આવ્યો. પણ તે મદોન્મત્ત હાથીએ તેને ચગદી નાંખ્યો તેથી તે મરણ પામ્યો. અને હાથીજાતિમાં જન્મ્યો. તોપણ ગીતાના સત્તરમાં અધ્યાયનો પાઠ સાંભળવાથી તે મુકત થયો. પાર્વતીએ પુછયું કે તે કેવી રીતે મુકત થયો તે કહી સંભળાવો. ત્યારે મહાદેવે કહ્યું હે દેવિ જયારે તે નોકર દુઃશાસન હાથીથી મરણ પામ્યો. ક્રોધથી હાથીએ તેના તમામ હાડકાં છુટા કરી આમતેમ ફેંકી દીધા પછી તે દુઃખ ભોગવતા હાથીજાતિમાં આવ્યો અને સિંહલદ્વીપના રાજાને ત્યાં કેટલોક સમય રહ્યો. સિંહલદ્વીપના રાજાને ખડ્ગબાહુ રાજાની સાથે મૈત્રી હતી તેથી તે હાથીની ભેટ ખડ્ગબાહુ રાજાને ત્યાં મોકલી ખડ્ગબાહુ રાજાનો પુત્ર રાજ્ય કરતો હતો. તેનું નામ જયદેવ હતું. સિંહલદ્વિપના રાજાએ હાથીની ભેટ મોકલી તે જયદેવે સ્વીકારી હાથીખાનામાં તેને રાખવામાં આવ્યો. તે હાથીને તેની પૂર્વ જાતિનું

સારણુ હતું દુઃખી થઈ કંઈ દીવસ ગુજાર્યા. કોઈ એક બ્રાહ્મણ કવી હતો તે કવિ એક દિવસ રાજા પાસે આવ્યો અને સમશ્યા પૂર્તિના શ્લોકોથી રાજાને પ્રસન્ન કર્યા જયદેવ રાજાએ પ્રસન્ન થઈ તે કવિને હાથીની ભેટ આપી કવિ નિર્ધન હોવાથી તે હાથીને માલવ રાજાને ત્યાં વેચ્યો ત્યાં તે હાથીનું સારી રીતે પાલન કરવામાં આવતું હતું પણ કાળ આવતાં છેવટે તાવની પીડાથી હાથી દુઃખી થવા લાગ્યો હાથી કંઈપણ ખાઈ શકતો નથી પાણી પીતો નથી સુખથી સૂતો નથી આંખમાંથી આંશુ પાડે છે અર્થાત રડે છે ઝાડના ઠુંઠાની માફક બેભાન થઇ પડી રહ્યો છે જીવ નીકળતો નથી ગુંગળાયા કરે છે. માવધોએ આ સ્થિતિ જોઈ અને રાજાને ખબર આપી અને તે હાથીની સ્થિતિ કહી સંભળાવી. રાજા આ સાંભળી હાથી પાસે ગયા અને પશુઓને દવા આપવામાં કુશળ વૈદ્યોને બોલાવી દવા માટે કહ્યું પણ બધુ નિષ્ફળ ગયું. હાથીએ રાજા તરફ જોયું અને કહ્યું હે રાજન્ વૈદ્ય ડાકટરોને બોલાવો નહીં. કારણકે મને દવાથી ફાયદો થવાનો નથી. દાનાદિ ધર્મથી પણ મને ફાયદો થવાનો નથી પણ ગીતાના સત્તરમા અધ્યાયને જાણનાર જ્ઞાની બ્રાહ્મણને બોલાવો અને મને સંભળાવો તો તેથી મારો રોગ શાંત થશે. બીજા ઉપાયો કરવાની જરૂર નથી. રાજાએ આ સાંભળ્યું અને જે પ્રમાણે હાથીએ કહ્યું તેજ પ્રમાણે ગીતાના સત્તરમા અધ્યાયને જાણનાર જ્ઞાની બ્રાહ્મણને બોલાવી ગીતાના સત્તરમા અધ્યાયનો પાઠ શરૂ કરાવ્યો તેનું અનુષ્ઠાન શરૂ કરાવ્યું એટલે હાથીનો રોગ શાન્ત થયો અને હાથીજાતિમાંથી છુટી દુઃશાસનનું સ્વરૂપ ધારણ કર્યું ત્યારે બ્રાહ્મણે ગીતાના સત્તરમા અધ્યાયનો પાઠ કરી તેના

પર પાણી છાંટયું એટલે તરતજ ઇન્દ્ર સમાન તેજસ્વી દીવ્ય-રૂપ ધારણ કરી વિમાનમાં બેઠા. રાજાએ આશ્ચર્ય પામી તેને તેની પૂર્વની સ્થિતિ પૂછી ત્યારે બધું વૃત્તાંત કહ્યું અને આકાશ-માર્ગે ચાલી નીકળ્યા. હે દેવિ જે મનુષ્ય ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના સત્તરમા અધ્યાયનો સદા પાઠ પારાયણ અનુષ્ઠાન કરે તો રોગ શાન્ત થાય અને છેવટે સંસારબન્ધનમાંથી છુટે અને બીજા જીવોને છુટા કરે.

---

## અધ્યાય ૧૮

### અર્જુન ઉવાચ।

સંન્યાસસ્ય મહાબાહો તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।
ત્યાગસ્ય ચ હૃષીકેશ પૃથક્કેશિનિષૂદન ॥૧॥

### શ્રી ભગવાનુવાચ ।

કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।
સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥૨॥
ત્યાજ્યં દોષવદિત્યેકે કર્મ પ્રાહુર્મનીષિણઃ ।
યજ્ઞતપદાનતપઃ કર્મ ત્યાજ્યમિતિ ચાપરે ॥૩॥
નિશ્ચયં શૃણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ ।
ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સંપ્રકીર્તિતઃ ॥૪॥
યજ્ઞદાનતપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥૫॥
એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યક્ત્વા ફલાનિ ચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥૬॥
નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।
મોહાત્તસ્ય પરિત્યાગસ્તામસઃ પરિકીર્તિતઃ ॥૭॥

દુઃખમિત્યેવ યત્કર્મ કાયક્લેશભયાત્ત્યજેત્ ।
સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ । ॥૮॥
કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેર્જુન ।
સંગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥૯॥
ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।
ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥૧૦॥
ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ ।
યસ્તુ કર્મ ફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥૧૧॥
અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।
ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સંન્યાસિનાં ક્વચિત્ ॥૧૨॥
પંચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।
સાંખ્યે કૃતાંતે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ॥૧૩॥
અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।
વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્ ॥૧૪॥
શરીરવાઙ્મનોભિર્યત્ કર્મ પ્રારભતે નરઃ ।
ન્યાય્યં વા વિપરીતં વા પંચૈતે તસ્ય હેતવઃ ॥૧૫॥
તત્રૈવં સતિ કર્તારમ્ આત્માનં કેવલં તુ યઃ ।
પશ્યત્યકૃતબુદ્ધિત્વાત્ ન સ પશ્યતિ દુર્મતિઃ ॥૧૬॥
યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।
હત્વાપિ સ ઈમાંલ્લોકાન્ ન હંતિ ન નિબધ્યતે ॥૧૬॥
જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।
કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ ॥૧૮॥
જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।
પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ॥૧૯॥

સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે ।
અવિભક્તં વિભકતેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ॥૨૦॥
પૃથક્ત્વેન તુયજ્જ્ઞાનં નાનાભાવાન્પૃથગ્વિધાન્ ।
વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥૨૧॥
યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્ કાર્યે સક્તમહૈતુકમ્ ।
અતત્ત્વાર્થવદલ્પં ચ તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥
નિયતં સંગરહિતમ્ અરાગદ્વેષતઃ કૃતમ્ ।
અફલપ્રેપ્સુના કર્મ યત્તત્સાત્વિકમુચ્યતે ॥૨૩॥
યત્તુ કામેપ્સુના કર્મ સાહંકારેણ વા પુનઃ ।
ક્રિયતે બહુલાયાસં તદ્રાજસમુદાહૃતમ્ ॥૨૪॥
અનુબંધં ક્ષયં હિંસામ્ અનપેક્ષ્ય ચ પૌરુષમ્ ।
મોહાદારભ્યતે કર્મ યત્તત્તામસમુચ્યતે ॥૨૫॥
મુક્તસંગોનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ ।
સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ કર્ત્તા સાત્વિક ઉચ્યતે ॥૨૬॥
રાગી કર્મફલપ્રેપ્સુર્ લુબ્ધો હિંસાત્મકોશુચિઃ ।
હર્ષશોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ॥૨૭॥
અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકોલસઃ ।
વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામચ ઉચ્યતે ॥૨૮॥
બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શૃણુ ।
પ્રોચ્યમાનમશેષેણ પૃથક્ત્વેન ધનંજય ॥૨૯॥
પ્રવૃતિં ચ નિવૃતિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।
બંધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૦॥
યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।
અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥૩૧॥
અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા ।

સર્વાર્થાન્વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥૩૨॥
ધૃત્યા યયા ધારયતે મનઃ પ્રાણેંદ્રિયક્રિયાઃ ।
યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૩॥
યયા તુ ધર્મકામાર્થાન્ ધૃત્યા ધારયતેઽર્જુન ।
પ્રસંગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ॥૩૪॥
યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।
ન વિમુંચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ તામસી ॥૩૫॥
સુખં ત્વિદાનીં ત્રિવિધં શૃણુ મે ભરતર્ષભ ।
અભ્યાસાદ્રમતે યત્ર દુઃખાંતં ચ નિગચ્છતિ ॥૩૬॥
યત્તદગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્ ।
તત્સુખં સાત્ત્વિકં પ્રોકતમ્ આત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥૩૭॥
વિષયેંદ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥૩૮॥
યદગ્રે ચાનુબંધે ચ સુખં મોહનમાત્મનઃ ।
નિદ્રાલસ્ય પ્રમાદોત્થં તત્તામસમુદાહૃતમ્ ॥૩૯॥
ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।
સત્ત્વં પ્રકૃતિજૈર્મુકતં યદેભિઃ સ્યાત્ ત્રિભિર્ગુણૈઃ ॥૪૦॥
બ્રાહ્મણક્ષત્રિયવિશાં શૂદ્રાણાં ચ પરંતપ ।
કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ ॥૪૧॥
શમો દમસ્તપઃ શૌચં ક્ષાંતિરાર્જવમેવ ચ ।
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મસ્વભાવજમ્ ॥૪૨॥
શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।
દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ॥૪૩॥
કૃષિગોરક્ષવાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।
પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્ ॥૪૪॥

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।
સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિંદતિ તચ્છૃણુ ॥૪૫॥
યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિંદતિ માનવઃ ॥૪૬॥
શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૪૭॥
સહજં કર્મ કૌંતેય સદોષમપિ ન ત્યજેત્ ।
સર્વારંભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ ॥૪૮॥
અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ ।
નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સંન્યાસેનાધિગચ્છતિ ॥૪૯॥
સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાપ્નોતિ નિબોધ મે ।
સમાસેનૈવ કૌંતેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥૫૦॥
બુદ્ધયા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ ।
શબ્દાદીન્ વિષયાંસ્ત્યક્ત્વા રાગદ્વૈષૌવ્યુદસ્ય ચ ॥૫૧॥
વિવિક્તસેવી લઘ્વાશી યતવાક્કાયમાનસઃ ।
ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ॥૫૨॥
અહંકારં બલ દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।
વિમુચ્ય નિર્મમઃ શાંતો બ્રહ્મભૂયાય કલ્પતે ॥૫૩॥
બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥૫૩॥
ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ ।
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનંતરમ્ ॥૫૪॥
સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥૫૫॥
ચેતસા સર્વકર્માણિ મયિ સંન્યસ્ય મત્પરઃ ।

બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ॥૫૭॥
મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્તરિષ્યસિ ।
અથ ચેત્ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ ॥૫૮॥
યદહંકારમાશ્રિત્ય ન યોત્સ્ય ઇતિ મન્યસે ।
મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ॥૫૯॥
સ્વભાવજેન કૌંતેય નિબદ્ધઃ સ્વેન કર્મણા ।
કર્તું નેચ્છસિ યન્મોહાત્ કરિષ્યસ્યવશોઽપિ તત્ ॥૬૦॥
ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્સર્વભૂતાનિ યંત્રારૂઢાનિ માયયા ॥૬૧॥
તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।
તત્પ્રસાદાત્પરાં શાંતિંસ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥૬૨॥
ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા ।
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ ॥૬૩॥
સર્વગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ ।
ઇષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥૬૪॥
મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે ॥૬૫॥
સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥૬૬॥
ઇદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન ।
ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૂયતિ ॥૬૭॥
ય ઇદં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।
ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયમ્ ॥૬૮॥
ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ ।
ભવિતા ન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિ ॥૬૯

અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદમાવયોઃ ।
જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટ : સ્યામિતિ મે મતિઃ ॥૭૦॥
શ્રદ્ધાવાનનસૂયશ્ચ શૃણુયાદપિ યો નરઃ ।
સોઽપિમુક્તઃશુભાંલ્લોકાન્પ્રાપ્નુયાત્પુણ્યકર્મણામ્ ॥૭૧॥
કચ્ચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા ।
કચ્ચિદજ્ઞાનસંમોહઃ પ્રનષ્ટસ્તે ધનંજય ॥૭૨॥

અર્જુન ઉવાચ ।

નષ્ટો મોહ : સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોસ્મિ ગતસંદેહ : કરિષ્યે વચનં તવ ॥૭૩॥

સંજય ઉવાચ ।

ઇત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।
સંવાદમિમમશ્રૌષમ્ અદ્ભુતં રોમહર્ષણમ્ ॥૭૪॥
વ્યાસપ્રસાદચ્છ્રુતવાન્ એતદ્ગુહ્યમહં પરમ્ ।
યોગં યોગેશ્વરાત્કૃષ્ણાત્ સાક્ષાત્કથયતઃ સ્વયમ્॥૭૫॥
રાજન્સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિમમદ્ભુતમ્ ।
કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥૭૬॥
તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમત્યદ્ભુતં હરેઃ ।
વિસ્મયો મે મહાન્ રાજન્ હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥૭૭॥
યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥૭૮॥

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસૂપનિષત્સુ બ્રહ્મ-
વિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે
સંન્યાસયોગો નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥

( સંપૂર્ણોયં ગ્રંથઃ । )

## બોધપાઠ ૧૭ મો સંન્યાસયોગ

સન્યાસ એટલે શું? સન્યાસ એટલે તજવું. ત્યાગ કરવો. એવો અર્થ થાય છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને સોળમાં પાઠમાં શ્રદ્ધાના વિભાગ બતાવ્યા આ સત્તરમાં પાઠમાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ત્યાગ અને સન્યાસ એ બેનો અર્થ એક છે તો પણ તે બેનું સ્વરૂપ જુદુ છે. અને તે બેમાં તફાવત છે એ ઉપદેશ આપી સમજાવે છે. હે અર્જુન, સાવધ થઈ સાંભળ. કર્મ એટલે શું? કર્મ એટલે કરવું. શું કરવું? ખાવું. પીવું. સુવું. બેસવું એ બધા કર્મ કહેવાય. મનથી વિચાર કરીયે. મનોરથ કરીયે મનોરાજ્ય કરીયે તે પણ કર્મ છે. પણ એવાં કર્મ કરવાથી અન્તઃકરણ શુદ્ધિ તથા મોક્ષ સિદ્ધ થતો નથી. માટે કર્મ શબ્દનો વ્યાવહારિક અર્થ સંકુચિત છે. તે સંકુચિત અર્થ લેવાનો નથી. પારમાર્થિક કલ્યાણ કરનારી જે ક્રિયા તે કર્મ કહેવાય છે. શાસ્ત્રના નિયમ પ્રમાણે કર્મ છ પ્રકારના છે. નિત્યકર્મ નૈમિત્તિકકર્મ પ્રાયશ્ચિતકર્મ કામ્યકર્મ નિષિદ્ધકર્મ ઉપાસનાકર્મ નિત્યકર્મ એટલે જે હમેશાં ફરજ સમજી કરવાનાં જે કર્મ તે નિત્યકર્મ જેમકે સન્ધ્યાકર્મ જે કર્મ કર્યા વિના ચાલે નહિ. તે નિત્યકર્મ નૈમિત્તિકકર્મ એટલે કોઈ પણ પ્રકારના નિમિત્તને લઈ કરવામાં આવતું કાર્ય તેને નૈમિત્તિકકર્મ કહે છે. ગર્ભ રહ્યાબાદ સિમન્તકર્મ પુત્ર જન્મ થયા બાદ જાતકર્મ નામ કરણ વગેરે જે ક્રિયાઓ કરવામાં આવે છે તે નૈમિત્તિક કહેવાય છે કારણ કે તે કર્મ કરવામાં નિમિત્ત છે માટે પ્રાયશ્ચિતકર્મ એટલે પાપ દૂર કરવા માટે ચાન્દ્રાયણાદિ જે કરવા તે પ્રાયશ્ચિતકર્મ કહેવાય છે.

કામ્યકર્મ એટલે સ્વર્ગાદિ ફળ મેળવવાની ઈચ્છાથી જે કાર્યો કરવામાં આવે તેવા યજ્ઞ યાગાદિ કાર્યોને કામ્યકર્મ કહેવામાં આવે છે. નિષિદ્ધકર્મ એટલે જે કામને માટે શાસ્ત્રકારોએ મના કરી કે કાંદા લસણ વગેરે અભક્ષ્ય પદાર્થ ખાવા નહિ એવા નિષેધરૂપ કાર્યોને નિષિદ્ધકર્મ કહેવામાં આવે છે અને ઉપાસનાકર્મ એટલે ચિત્તને સ્થિર કરવા માટે સગુણસ્વરૂપની જે સેવા પૂજા ભક્તિ કરવી તે ઉપાસનાકર્મ કહેવાય છે. આ કર્મોમાં હે અર્જુન ફળસહિત સર્વ કર્મનો સારી રીતે ત્યાગ કરવો તેને સંન્યાસ કહે છે. એટલે સંન્યાસ શબ્દની વ્યાખ્યામાં ફળને પણ તજવાં અને ફળવાળાં કર્મને પણ તજી દેવા, હવે ત્યાગ એટલે શું ? કર્મ તજવાં નહીં પણ પોતાની ફરજ છે એમ સમજી કર્મ કરવાનાંજ પણ તે સર્વ કર્મના ફળનો ત્યાગ કરવો. અર્થાત કર્મના ફળની ઈચ્છા ન રાખવી એને ત્યાગ કહે છે. હે અર્જુન કયા કર્મ તજવાં ? કયા કર્મ ન તજવાં ? કયા કર્મના ફળને તજવાં ? આ બાબતમાં અનેકમત છે પણ હે અર્જુન હું તને કહું છું. સાંભળ. યજ્ઞ–દાન–તપ કર્મ એનો કોઈપણ દિવસ ત્યાગ કરવો જોઇએ નહીં કારણકે એ બધાં કર્મ અન્તઃકરણને શુદ્ધ કરનારાં છે. હું આ કાર્ય કરૂં છું એવું અભિમાન તજી દઈ અને ફળની પણ ઇચ્છા તજી દઈ કર્મ કરવા જોઈએ. નિત્ય કર્મનો તો કોઈપણ દિવસ ત્યાગ થઇ શકેજ નહીં. તે તો સદા ફરજ છે એમ સમજી કરવાનાંજ છે તે કર્મ અન્તઃકરણની શુદ્ધિ માટે આવશ્યક છે. જે કદાચ અજ્ઞાનથી નિત્ય કર્મને તજી દે તો તે ત્યાગ તામસત્યાગ કહેવાય છે. આ નિત્ય કર્મ દુઃખરૂપ છે. સવારના ઉઠી નિત્ય કર્મ કરવું તેથી શરીરને કલેશ થાય છે એવા ભયથી જો કદાચ

મનુષ્ય નિત્ય કર્મને તજે તો તે રાજસત્યાગ કહેવાય છે. નિત્ય કર્મ મારે અવશ્ય કરવું જોઇએ. નિત્ય કર્મ કરવું એ મારી ફરજ છે. ઈશ્વરની પવિત્ર આજ્ઞા છે એ માનવી જોઈએ. એ પ્રમાણે કર્તવ્ય સમજી નિરભિમાની થઈ ફળની ઈચ્છા સિવાય નિત્ય કર્મ કરે પણ ફળની ઈચ્છા માત્ર તજી દે તો તે ત્યાગ સાત્વિક કહેવાય છે. જો આ પ્રમાણે સાત્વિક ત્યાગ થાય તો તે અન્તઃકરણને શુદ્ધ કરે છે જ્ઞાન પ્રાપ્ત થાય છે અને મોક્ષ પુરૂષાર્થ સિદ્ધ થાય છે. કર્મના ફળને તજી સદા સર્વકાળ પોતાના કર્મમાર્ગમાં રહેનાર મનુષ્ય તો ખરો ત્યાગી છે. કર્મ પણ ત્રણ પ્રકારના અને કર્મના ફળ પણ ત્રણ પ્રકારના છે. પાપકર્મ–પુણ્યકર્મ–મિશ્રકર્મ પાપકર્મનું ફળ અનિષ્ટ નરકમાં જન્મ લઇ નરકના દુઃખો ભોગવવાનાં. પુણ્યકર્મનું ફળ ઇષ્ટ સ્વર્ગમાં જન્મ લઈ દેવજાતિનાં સુખો ભોગવવાનાં અને પાપ પુણ્ય એ બે મિશ્ર કર્મથી મિશ્રફળ મનુષ્યજાતિમાં આવી સુખ દુઃખો ભોગવવા ફળની ઈચ્છાથી કર્મ કરનારા મનુષ્યને ઉપર બતાવેલાં કર્મના ત્રણ પ્રકારના ફળો અવશ્ય ભોગવવાં પડે છે. પણ કર્મના ફળને તજી કર્મ કરનારા ત્યાગી અથવા સંન્યાસી મહાત્માઓને કર્મના ફળ ભોગવવાં પડતાં નથી. કર્મના કારણો પાંચ છે. પાંચ પ્રકારના કારણથી કર્મ થાય છે. ૧ અધિષ્ઠાન ૨ કર્તા. ૩ કરણ. ૪ વિવિધચેષ્ટા. ૫ દૈવ. અધિષ્ટાન એટલે આ શરીર કર્તા એટલે અહંકાર. કરણ એટલે તમામ ઇન્દ્રિયો વિવિધચેષ્ટા એટલે પ્રાણાદિ તમામની હીલચાલ અને દૈવ એટલે દેવતાઓ. અન્તર્યામિ. ત્રણ રીતે કર્મ થઇ શકે છે. શરીરથી–વાણીથી–મનથી શરીરથી જે કર્મ થાય છે તે શારીર વાણીથી જે કર્મ થાય છે તે વાચિક. મનથી જે કર્મ થાય છે તે

માનસિક શરીરવાણી અને મનથી મનુષ્ય ધર્મ અધર્મ કોઈપણ કાર્ય કરે છે તે કાર્યમાં આ પાંચ મુખ્ય કારણ છે. તેમાં જે મનુષ્ય અજ્ઞાનથી પાંચ પ્રકારના કારણો સાથે (અભિન્ન થઇ) જોડાઈ જઈ અભિમાન ધારણ કરી કર્મ કરે છે તો તે અજ્ઞાની મનુષ્યને કર્મનાં સારાં માઠાં મિશ્ર ફળ ભોગવવા પડે છે. જે મનુષ્ય પાંચ પ્રકારના કારણોને વિવેકથી જાણી આત્મા એ નિરાળો છે એમ નિશ્ચય કરી નિરભિમાન થઈ ફળની ઇચ્છા તજી દે છે. કર્મ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરે છે તો તેને કર્મફળ ભોગવવાં પડતાં નથી અને અન્તઃકરણ શુદ્ધ થાય છે અન્તે મોક્ષ મેળવે છે અર્થાત્ જે મનુષ્યને વિવેકજ્ઞાન થયું છે જેને પરોક્ષ અનુભવ થયો છે જેણે જ્ઞાતા જ્ઞેય જ્ઞાન એનો વિવેક જાણ્યો છે આત્માદેહાદિથી ભિન્ન છે અને આ શરીર એ પ્રકૃતિનું પરિણામ છે એ એના સ્વભાવ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તેમાં આત્માને લેશમાત્ર સંબન્ધ નથી એવો જેને નિશ્ચય છે તેને કર્મના ફળ ભોગવવાના નથી તેને કર્મબન્ધન પ્રાપ્ત થતું નથી.

જ્ઞાન કર્મ કર્તા વગેરે સત્વાદિ ભેદથી ત્રણ પ્રકારના છે. જેમકે સાત્વિકજ્ઞાન રાજસજ્ઞાન તામસજ્ઞાન–સાત્વિકકર્મ રાજસકર્મ–તામસકર્મ. સાત્વિકકર્તા તામસકર્તા વગેરે વગેરે.

તમામ પ્રાણીમાત્ર પરસ્પર જુદા છે, તોપણ તેમાં રહેલા આત્મદેવ એકજ છે એ પ્રમાણે સર્વપ્રાણીમાત્રમાં નિર્વિકાર આત્માને જે જ્ઞાનથી એકરૂપ જુએ છે એવું જે જ્ઞાન તે સાત્વિક જ્ઞાન કહેવાય છે. તમામ પ્રાણીમાત્રને જુદા સ્વરૂપે જુએ છે તે પ્રમાણે તેમાં રહેલા ક્ષેત્રજ્ઞને પણ જુદા જુદા સ્વરૂપે સુખી દુઃખી જે જ્ઞાનથી જુએ છે તે જ્ઞાન રાજસજ્ઞાન કહેવાય છે. એક શરીરમાં અથવા તો એકજ મૂર્તિમાં પ્રતિમાદિમાં "આજ મારા

ઈશ્વર છે–આ મારા પરમાત્મા છે એ સિવાય બીજે ઠેકાણે નથી. મારા આ દેવ સિવાય બીજા કોઈ દેવ નથી." આ પ્રમાણે સર્વત્ર વ્યાપક હોવા છતાં આત્માને એકજ ઠેકાણે સંકુચિત દૃષ્ટિથી માને છે. આ માન્યતા યુક્તિ વિનાની છે. એ માન્યતામાં કોઈ સત્ય વસ્તુનો આધાર નથી તોપણ દૃઢ આગ્રહથી જે જ્ઞાનવડે એક ઠેકાણે ઈશ્વરને માને અને અન્યત્ર તિરસ્કાર કરે છે તે જ્ઞાન તામસજ્ઞાન કહેવાય છે. રાગદ્વેષરહિત થઈ ફળની આશા તજી કેવળ મારી ફરજ છે એમ સમજી જે કર્મ ઈશ્વર પ્રીત્યર્થ કરવામાં આવે છે તે સાત્વિક કર્મ કહેવાય છે. ફળની ઇચ્છાથી અને આ ધર્મ કર્મ કરવામાં મારા જેવો બીજો કોઈ નથી હું આ ધર્મકાર્ય કરૂં છું એવા અભિમાનથી ઘણાં પ્રયત્ન અને દુ:ખવાળું જે કર્મ કરવામાં આવે છે તે રાજસ કર્મ કહેવાય છે. અન્તે સારૂં માઠું શું પરિણામ આવશે અથવા આ કાર્ય કરવાથી મારૂં સર્વ ધન ખર્ચાઈ જશે અને હું નિર્ધન બનીશ અથવા આ કાર્ય કરવાથી અનેક જીવો દુ:ખી થશે. આ કાર્ય કરવામાં મારી શકિત છે કે નહિં આ પ્રમાણે આગળથી કોઈપણ પ્રકારના વિચાર ન કરી કેવળ અજ્ઞાન અને મોહથી જે કર્મ કરવામાં આવે તે તામસ કર્મ કહેવાય છે. જે મનુષ્યને પોતાના કર્મ કરવામાં હઠ નથી, અભિમાન નથી, પોતાની ફરજ છે એમ સમજી કર્મ કરે છે. કર્મ કરવામાં ધીરજ અને ઉત્સાહ છે. સિદ્ધિ મળે અથવા ન મળે તોપણ જેને હર્ષશોક નથી. જેનું ચિત્ત નિર્વિકાર છે એવો જે કર્મ કરનાર હોય તે સાત્વિક કર્તા કહેવાય છે જે મનુષ્યને કર્મના ફળની ઈચ્છા છે. જેને લોભ છે પોતાના કુટુમ્બમાં પ્રેમ આસક્તિ છે જે અપવિત્ર છે. પારકાને પીડા આપવામાં જેને

શરમ નથી જેનું મન લાભ અથવા હાની થવાથી હર્ષશોક પામે છે. એવો જે કર્મ કરનાર હોય તે રાજસ કર્તા કહેવાય છે.

જેનું ચિત્ત સાવધ નથી જેને વિવેક વિચાર વિનય નથી. જેનું મન હર્ષ શોક કામ ક્રોધ વિકારવાળું છે જે શઠ છે વાતવાતમાં પારકાનું અપમાન કરે છે. આળસુ છે ઉદ્યમ કરતો નથી. કાર્ય કરવામાં વિલંબી છે, એવો જે કર્મ કરનારો હોય તે તામસકર્તા કહેવાય છે.

જે બુદ્ધિ સાર અસાર જાણી શકે છે કર્તવ્ય અકર્તવ્ય સમજે છે. ધર્મ અધર્મને જાણે છે હિત અહિત જાણે છે. બન્ધ મોક્ષના સ્વરૂપને સમજે છે એ સાત્વિક બુદ્ધિ કહેવાય છે જે બુદ્ધિ ધર્મ-અધર્મ કર્તવ્ય અકર્તવ્ય વગેરે બાબતમાં સંશયવાળી છે તે રાજસ બુદ્ધિ કહેવાય છે જે બુદ્ધિ અજ્ઞાનથી ઢંકાયલી છે અને તેથી ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ-હિતને અહિત. અને અહિતને હિત. સત્યને અસત્ય અને અસત્યને સત્ય આ પ્રમાણે ઉલટુંજ સમજે છે એવી રીતે ઉલટું સમજી નિશ્ચયથી કાર્ય કરે તે તામસી બુદ્ધિ કહેવાય છે.

જે ધારણા શકિતથી મન પ્રાણ ઇન્દ્રિયની તમામ ક્રિયાને સારી રીતે ધારણ કરી શકાય તો તે સાત્વિકી ધૃતિ કહેવાય છે. જે ધારણા શકિતથી ધર્મ અર્થ કામ પુરૂષાર્થને પ્રધાન ગણી બેસે છે પણ તેને તજતો નથી અને પ્રસંગોપાત તેના ફળની પણ ઇચ્છા રાખે છે તો તે રાજસી ધૃતિ કહેવાય છે જે ધારણા શકિતથી સ્વપ્ન ભય શોક ગ્લાની મદ વગેરે દુર્ગુણો ઉત્પન્ન થાય છે તો તે તામસીધૃતિ કહેવાય છે.

પ્રથમ ઝેર જેવું દુઃખ આપનારૂં હોય પણ આખરે અમૃત સ્વાદ સમાન આનંદ આપે તો તે સુખ સાત્વિક સુખ

કહેવાય છે. વિષય અને ઇન્દ્રિય એ બેના સમાગમથી આનંદ થાય છે તે આનંદ પહેલાં અમૃત જેવો ગણાય છે પણ છેવટે ઝેર જેવું દુઃખ કંટાળો આપે છે તો તે સુખ રાજસસુખ કહેવાય છે. નિદ્રા આલસ્ય પ્રમાદ ભૂલ મનોરાજ્ય વગેરેથી સુખ મળે છે પણ એ સુખ પહેલાં અને છેવટે મોહ ઉત્પન્ન કરે છે તેથી આવું સુખ તે તામસસુખ કહેવાય છે.

હે અર્જુન આ પ્રમાણે તમામ પદાર્થનો વિચાર કરતાં જણાય છે કે આ સંસારમાં તમામ પદાર્થો ત્રિગુણાત્મક છે. હે અર્જુન વર્ણ ચાર પ્રકારના છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર ચિત્તમાં શાન્તિ. સંતોષ, જીતેન્દ્રિયપણું, તપશ્ચર્યા કરવી. બાહ્ય આન્તર પવિત્રતા. સહનશીલતા, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન મેળવવું. આસ્તિકતા આ બ્રાહ્મણના સ્વભાવિક ધર્મ ગુણ છે. રણમાં શૂરવિરતા. બીજાથી અંજાઈ ન જવું એવી પ્રભુતા. ધીરજ યુદ્ધમાં કુશળતા. યુદ્ધમાં પાછી પાની ન કરવી. ઉદારતા પ્રજાને કાબુમાં રાખવાની શકિત આ ક્ષત્રિયના સ્વભાવિક ધર્મગુણ છે. ખેતીવાડી કરવી. ગાય બ્રાહ્મણનું રક્ષણ કરવું. પૈસાથી લેવડ દેવડ વ્યાજવટું વ્યાપાર ધંધો કરવો આ વૈશ્યના સ્વભાવિક ધર્મગુણ છે બધા વર્ણોની સેવા કરવી. સેવાભાવ રાખવો આ પ્રમાણે સેવા ધર્મ શૂદ્રનો સ્વાભાવિક ધર્મગુણ છે. હે અર્જુન મનુષ્ય પોત પોતાના ધર્મમાં રહી જીવન ગુજારે તો તે આલોકમાં સિદ્ધિ સુખ મેળવે છે અને પરલોકમાં પણ સિદ્ધિ મેળવે છે. જે અન્તર્યામિથી સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિ ચાલે છે અને જે ઈશ્વરથી આ બધું જગત વ્યાપી રહેલું છે. તે ઈશ્વરને મનુષ્ય પોતાના ધર્મ કર્મમાં રહી અર્ચન પૂજન કરે છે તો

જરૂર સિદ્ધિ પામે છે. બીજાનો ધર્મ ઉપરથી ગમે તેટલો સારો હોય તો પણ તે આપણે પોતાને કામનો નથી. પોતાનો ધર્મ એજ પોતાને માટે કલ્યાણકારી છે. હે અર્જુન પોતાના ધર્મનું પાલન કરતાં મનુષ્યનું કદાચ મરણ નીપજે તો પણ તેમાં અકલ્યાણ થતું નથી. મનુષ્ય પોતાના ધર્મનું પાલન કરવાથીજ સર્વ સિદ્ધિ જ્ઞાન વગેરે મેળવે છે. મોક્ષ પામે છે. તેથી જેમ બને તેમ મનુષ્યે સ્વધર્મ પાલન કરવો જોઈએ હે અર્જુન સ્વધર્મ પાલન કરવા તૈયાર થા મારામાં ચિત્ત પોરવ. કર્મના ફળને તજીદે નિષ્કામ કર્મ યોગને સ્વીકાર આ પ્રમાણે ઈશ્વરાર્પણ બુદ્ધિથી જો કાર્ય કરીશ તો તું મારા અનુગ્રહથી સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત થઈશ હે અર્જુન અભિમાનથી મારૂં ઈશ્વરનું વચન ન સાંભળીથી તે જરૂર તારો નાશ થશે હે અર્જુન અભિમાનથી તું કદાચ ન લડે તો પણ તારી પ્રકૃતિનું બન્ધારણ એવી સ્થિતનું છે કે તું લડ્યા સિવાય રહીશ નહી. આ સંસારચક્ર ઈશ્વરને આધીન છે ઈશ્વરની માયા સંસારચક્ર ચલાવે છે તે તારા પાસે યુદ્ધ કરાવશે જો તું કદાચ લડવાને ઈચ્છતો નહીં હો તો પણ ઈશ્વરને આધીન થઈ તું લડવાને તૈયાર થઈશ. અર્જુન તું વિચાર કર ઈશ્વરનું શરણ લે સ્વધર્મનું પાલન! અને નિષ્કામ સ્થિતિમાં લડવાને તૈયાર થા જેથી ઈશ્વરનો અનુગ્રહ મેળવીશ અને મોક્ષ પુરૂષાર્થ સિદ્ધ કરીશ. હે અર્જુન ગુપ્ત અને રહસ્યવાળું જ્ઞાન મેં તને ઉપદેશ આપી સ જાવ્યું. તારી જે પ્રમાણે ઈચ્છા હોય તે પ્રમાણે તું કાર્ય હવે હું તટસ્થ રહી જોઉં છું. તારી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરવો જોઈએ પોતાના પગ ઉપર ઉભા રહી સ્વતંત્ર રીતે!

કરવાને સામર્થ્ય મેળવવું જોઈએ કાયરતા તજી દે ઉત્સાહ શક્તિ કાયમ રાખ ક્ષત્રિય વીરતા પ્રગટ કર શસ્ત્ર લઈ લડવા તૈયાર થા ક્ષાત્ર ધર્મનું રક્ષણ કર હે અર્જુન. તું મારો પ્રિય ભક્ત છે. મિત્ર છે અને નિશ્ચયી છે તારા ઉપર પ્રેમ હોવાથી વળી પણ રહસ્યવાળો ઉપદેશ આપું છું. હે અર્જુન તારૂં મન મારામાં એકાગ્રકર જો તેમ ન બની શકે તો તું મારો ભક્ત થા. અને એ પ્રમાણે પણ ન બની શકે તો સદા યજ્ઞ યાગાદિથી મારૂં પૂજનકર યજનકર અને હે અર્જુન તે પ્રમાણે પણ ન બને તો હું ઈશ્વર સર્વત્ર છું એમ સમજી સર્વત્ર ઈશ્વરને નમસ્કારકર. તું મારો પ્રિય ભક્ત હોવાથી હું તને પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કે હે અર્જુન તું અવશ્ય મને ઈશ્વરને પામીશ એમાં સંશય નથી. હે અર્જુન અહુંતા મમતા તજી દઈ દૃઢ ભક્તિથી તું મારૂં શરણુ લે હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ હે અર્જુન નિર્ભય થા શોક ન કર મારૂં શરણુ લે સ્વધર્મને પાલનકર લડવાને તૈયાર થા. હે અર્જુન આ જ્ઞાન પવિત્ર છે. જે મનુષ્ય અધિકારી છે મારો ભક્ત છે મારૂં શરણુ લઈ મારી સેવા પૂજા ધર્મ કાર્ય કરે છે. તેનેજ ગીતાજ્ઞાન આપવું સંભળાવવું. જેઓ અધિકારી નથી તેઓને આ જ્ઞાનનો ઉપદેશ કરવો નહીં જે અધિકારી મનુષ્ય અધિકારીઓમાં જ્ઞાનનો ફેલાવો કરે છે તેઓ મને વિશેષ પ્રિય છે. તે સિવાય બીજો કોઈ મને અધિક પ્રિય નથી. જે મનુષ્યો આપણા બેમાં ચાલેલા આ સંવાદને સારી રીતે પાઠ કરે વાંચે વિચારે સાંભળે સંભળાવે તો તેઓએ સર્વશ્રેષ્ઠ જ્ઞાનયજ્ઞથી મારૂં ઈશ્વરનું યજનપુજન કર્યું છે એ પ્રમાણે હું માનીશ. તેઓના મનોરથો પૂર્ણ કરીશ. હે અર્જુન મેં તને જ્ઞાનોપદેશ

કર્યો, તમે તેનું એકચિત્તે શ્રવણ કર્યું તારો મોહ નાશ પામ્યો? અજ્ઞાન દૂર થયું? તું મને વર્ણન કરી સંભળાવ. અર્થાત મારા ઉપદેશની તને શું અસર થઈ છે? તે કહી સંભળાવ. અર્જુને કહ્યું હે ભગવન્ મારો મોહ નાશ પામ્યો અજ્ઞાન દૂર થયું તમારા અનુગ્રહથી ભૂલાયલું આત્મસ્વરૂપનું ભાન મને થયું. મારા તમામ સંશય દૂર થયા. હું સ્વધર્મને જાણી ચુકયો છું. તમારૂં વચન પાલન કરીશ. આ પ્રમાણે અર્જુને વચન કહી સંભળાવ્યા અને યુદ્ધને માટે તૈયાર થયો. અર્જુનના બહાનાથી શ્રીકૃષ્ણ ભગવાને સર્વ મનુષ્યને ઉપદેશ આપ્યો જેમ બને તેમ પોતાના વર્ણજાતિને યોગ્ય ધર્મ પાલન કરવા ફળની આશા ન રાખવી. ઈશ્વરનું શરણ લેવું. અન્તઃકરણ શુદ્ધ કરવું જ્ઞાન મેળવવું મોક્ષ પુરૂષાર્થ સિદ્ધ કરવો એજ મનુષ્યજાતિનું કર્તવ્ય છે.

## ફળ ૧૮ મું

## ઇન્દ્રાસનની પ્રાપ્તિ અને સાયુજ્ય મુક્તિ

મહાદેવે કહ્યું હે પાર્વતી હવે તમને હું ગીતાના અઢારમાં અધ્યાયનું ફળ કહું છું તે તમે સાંભળો. હે દેવિ. આ અઢારમાં અધ્યાયનું ફળ અલૌકિક છે તમામ શાસ્ત્રનું શાર છે સંસાર દુઃખનો નાશ કરનારૂં છે અવિદ્યાને દૂર કરે છે સનકાદિક રૂષિઓના મનને આનન્દ આપનારૂં છે અનેક વ્યાધિને દૂર કરનારૂં છે કાળનો ભય ટાળનારૂ ત્રિવિધતાપને હરનારૂં મહાન પાતકને બાળી નાંખનારૂં અને સંસાર બન્ધનમાંથી મુક્ત કરનારૂં છે એ સિવાય મોક્ષ આપનારૂં બીજું

એક પણ સાધન નથી. હે દેવિ મેરૂ પર્વત ઉપર અમરાવતી નામની નગરી છે વિશ્વકર્માએ મારી પ્રસન્નતા માટે રચી છે, જે નગરીમાં કરોડો દેવતાઓ વાસ કરી રહ્યા છે જે ઠેકાણે, ચિન્તામણિથી જડિત સુશોભિત અને કામનાને પૂર્ણ કરનાર, અનેક મહેલો છે જે નગરીમાં ઇન્દ્રાણી કલ્પવૃક્ષની છાયામાં, સુખપૂર્વક બેસી ગન્ધર્વ સ્ત્રીઓના ગાયનો સાંભળી આનન્દ અનુભવે છે જે નગરીમાં તરંગ ઉછળતી સ્વર્ગગંગા વહે છે અને નગરીને મોક્ષપૂરી કહે છે તેમાં સો અશ્વમેઘ યજ્ઞ કરનાર ઈન્દ્ર હતા ઇન્દ્રાણી સાથે સ્વર્ગના વૈભવ ભોગવતા એક સમયે તે ઈન્દ્રે ભગવાનના દૂતોની સાથે આવતા એક દીવ્ય પુરૂષને જોયા. તે પુરૂષને હજાર નેત્ર હતાં. તે પરમ તેજસ્વી હતા તે પુરૂષ સામે આવી પહોંચ્યા કે તરતજ પહેલા ઈન્દ્રનું તેજ નાશ પામ્યું અને ઈન્દ્ર મણિજડિતસિંહાસનથી એકદમ નીચે પડ્યા. પહેલા ઇન્દ્ર જયારે સિંહાસનથી નીચે પડ્યા કે તરતજ ભગવાનના દૂતોએ નવા ઇન્દ્રને દેવતાઓનું રાજય આપ્યું અને રાજયાભિષેક કર્યો તે વખતે ઇન્દ્રાણી આવ્યા અને તેની પાસે બીરાજયાં દેવતાઓએ વાજાં વગાડ્યાં. રૂષિઓએ વેદના મંત્રથી આશિર્વાદ આપ્યા રંભાદિ અપ્સરાઓએ નૃત્ય કર્યું ગન્ધર્વોએ ગાયન ગાયાં આ પ્રમાણે નવા ઈન્દ્રના રાજ્યાભિષેક સમયે ઉત્સવ ઉજવાયો. પહેલા ઈન્દ્રએ આ ઉત્સવ જોયો અને આશ્ચર્ય પામ્યા અને બોલ્યા હે પ્રભો શું મેં વાવ, કુવા, તળાવ, સરોવર, ખોદાવ્યા નથી? શું મેં રસ્તે જતા વટેમાર્ગુઓને આશ્રય લેવા માટે ઝાડો રોપાવ્યાં નથી? શું મેં પરબ મંડાવી નથી? શું મેં ધર્મશાળા બંધાવી નથી? શું મેં તીર્થયાત્રા કર્યા નથી? શું મેં દેવોની ઉપાસના કરી નથી? શું મેં જ્યોતિર્લિંગોના દર્શન

કર્યાં નથી. શું મેં પવિત્ર તીર્થોમાં સ્નાન કર્યું નથી? શું મેં અતિથિને દાન આપ્યું નથી? શું મેં બ્રાહ્મણોનો સત્કાર કર્યો નથી? શું મેં શરણાગતનું રક્ષણ કર્યું નથી? મારૂં એવું કયું પાપ હશે કે આ વૈભવ ભોગવાયો નહીં. મારે ભગવાનની પાસે જઈ પુછવું જોઇએ. આ પ્રમાણે ચિન્તા કરતા ક્ષીર-સાગરમાં સૂતેલા નારાયણ ભગવાન પાસે પહેલા ઈન્દ્ર ગયાઃ તેના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને પદભ્રષ્ટ થયેલા પહેલા ઈન્દ્રએ નારાયણ ભગવાનની સ્તુતિ કરી પ્રાર્થના કરી હે ભગવન્ મેં સો અશ્વમેધયજ્ઞ પૂર્ણ કર્યા અને ઈન્દ્રાસન મેળવ્યું પણ આ વખતે કોઈ નવીન ઇન્દ્ર આવ્યા તેણે તો કોઈ ધર્મ કર્યો નથી યજ્ઞો કર્યા નથી તોપછી હમારૂં ઈન્દ્રાસન તેણે કેવી રીતે લીધું? મહાદેવે પાર્વતીને કહ્યું કે હે પાર્વતિ, પદભ્રષ્ટ થયેલા ઈન્દ્રની વાણી સાંભળી જરા નેત્ર ઉઘાડી નારાયણ ભગવાન મધુરી વાણીથી બોલ્યા હે ઇન્દ્ર થોડા ફલ આપનારા દાન તપસ્યા યજ્ઞોથી શું થાય? અરે હે ઈન્દ્ર તમે કોઈપણ દીવસ મને પ્રસન્ન કરવાને પૃથ્વી ઉપર રહી કોઈપણ કાર્ય કર્યું? ત્યારે પદભ્રષ્ટ થયેલા ઈન્દ્રએ ભગવાનને કહ્યું હે ભગવન્ નવા ઈન્દ્રએ આપને કયા કર્મથી પ્રસન્ન કર્યા છે? ત્યારે નારાયણે કહ્યું તે નવા ઇન્દ્રએ તો ગીતાના અઢારમા અધ્યાયના પાંચ શ્લોકનો સદા જપ કર્યો હતો તેના પુણ્ય પ્રભાવે તમારૂં સ્વર્ગનું રાજ્ય પણ તેને પ્રાપ્ત થયું અને તમે પદભ્રષ્ટ થયા. નારાયણનું વચન સાંભળી ઈન્દ્ર લજ્જીત થયા અને ક્ષીરસાગરથી ચાલી નીકળ્યા. બ્રાહ્મણનો વેષ ધારણ કર્યો ગોદાવરીને કિનારે આવ્યા. તે નદીકિનારે કાલિકા ગામ હતું તેમાં કાલેશ્વર મહાદેવનું દેવળ હતું ત્યાં ગયા. ત્યાં વેદવેદાંગાદિ

શાસ્ત્રને જાણનાર બ્રાહ્મણને જોયા તે બ્રાહ્મણ દયાળુ હતા. તેણે ઈન્દ્રિયોને વશ કરી હતી. સદા તે બ્રાહ્મણ ગીતાના અઢારમા અધ્યાયનો પાઠ કરતા હતા અને પવિત્ર હતા. તેના ચરણમાં આવી ઈન્દ્રપદથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણે નમસ્કાર કર્યા અને ઉપદેશ માટે પ્રાર્થના કરી ત્યારે મુનિએ ઈન્દ્રપદથી ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણને ગીતાના અઢારમા અધ્યાયનો ઉપદેશ આપ્યો તેનો પાઠ સંભળાવ્યો. બ્રાહ્મણે તે પાઠ શીખ્યો. સદા સર્વકાલ વિધિપૂર્વક ગીતાના અઢારમા અધ્યાયનું અનુષ્ઠાન શરૂ કર્યું તેથી પ્રભાવશાલી થયા પછી ઈન્દ્રાદિ દેવોના નાના નાના વૈભવો ભોગવવાની ઇચ્છા તજી અને છેવટે ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના અઢારમાં અધ્યાયનો પાઠ કરતા વૈકુંઠ લોકને પામ્યા હે દેવિ જે માણસ ભક્તિ અને શ્રદ્ધાથી ગીતાના અઢારમા અધ્યાયનો સદા પાઠ કરે છે તો તે સ્વર્ગના વૈભવ મેળવી અન્તે વૈકુણ્ઠ લોકમાં જાય છે. અને સાયુજ્ય મુક્તિ મેળવે છે.

સમાપ્ત